
સાહસ

Courage



ઓશો

VISIT…

LANZAROTE
Caliente.COM

સાહસ

જોખમપૂર્વક જીવવાનો આનંદ

ઓશો

અનુવાદકઃ

બીરેન કોઠારી



SAHAS

Original Published in English under the title: **Courage** : The Joy of Living Dangerously

For more Information: www.osho.com

સાહસ

અનુવાદક : બીરેન કોઠારી

આવરણ : હુસેન ચૌહાણ

ટાઈપ સેટીંગ : સંવાદ

પ્રથમ આવૃત્તિ : મે - ૨૦૦૯

કિંમત : રૂા. ૧૨૦=૦૦

પ્રકાશક : દક્ષા પટેલ

ઉપનિષદ ચેરિટિબલ ટ્રસ્ટ

''તથાતા'', ૩૩/બી, નંદિગ્રામ સોસાયટી-૨,

સિંધવાઈ માતા રોડ, પ્રતાપનગર,

વડોદરા-૩૯૦૦૦૪ (ગુજરાત-ભારત)

ટેલિફોન: ૯૧:૨૬૫:૨૫૮૦૩૩૬/૨૬૩૮૨૬૯

E-mail : book@upnishad.org Website : www.upnishad.org

મુદ્રક : નમન પુજારા

સિગ્મા ઓફસેટ : એ/4, બંસીધર એસ્ટેટ, બારડોલ પુરા,

અમદાવાદ-04 ફોન નં : 9825231506,22162833

અનુક્રમ

પ્રાસ્તાવિક

એને અનિશ્ચિતતા નહીં, પણ અજાયબી કહો.
એને અસલામતી નહીં, પણ મુક્તિ યા સ્વતંત્રતા કહો.

મારે તમને કોઇ સિધ્ધાંત શીખવવાનો નથી. કેમ કે એનાથી તો મનુષ્ય નિશ્ચિત બની જાય છે. ભવિષ્ય માટે મારે તમને કોઇ વચન પણ આપવાનું નથી – કેમ કે તેનાથી મનુષ્ય સલામતી અનુભવે છે. હું તમને કેવળ સજાગ અને સચેત કરવા ઇચ્છું છું. સજાગ એ બાબતે કે વર્તમાનમાં રહેવું, ભલે ને જીવન ગમે તેટલું અસલામત, અનિશ્ચિત અને જોખમોથી ભરપૂર હોય.

હું જાણું છું કે અહીં તમે કશી નિશ્ચિતતા, કશીક માન્યતા યા કોઇ વાદને પ્રાપ્ત કરવા આવ્યા છો. તમે તેના પર આધારિત થવા, તેના મય થવા ઇચ્છો છો. અહીં તમે ડરના માર્યા આવો છો. તમને એવા સુંદર કેદખાનાની તલાશ છે, જેની અંદર તમે કોઇ પણ પ્રકારની સજાગતા વિના સુખેથી રહી શકો.

પણ હું તમને વધુ અસલામત, અનિશ્ચિત બનાવીશ. કેમ કે જીવન કે ઇશ્વર એવાં જ છે. જ્યારે જ્યારે વધુ અસલામતી કે વધુ ખતરો મહેસૂસ થાય ત્યારે તેના પ્રત્યેની જાગૃતિ થકી જ તેનો સામનો કરી શકાય.

આમ તો, બે પ્રકારની સંભાવનાઓ હોય છે. પહેલી સંભાવના એવી છે કે તમે તમારી આંખો મીંચી દો અને કોઇક પંથને અનુસરવા માંડો. તમે હિન્દુ, મુસ્લિમ યા ખ્રિસ્તી બની જાવ. આમ કરવાથી તમે શાહમૃગ જેવા બની જશો. એમ કરવાથી જીવન બદલાવાનું નથી, પણ તમારી આંખો બંધ રહેશે. એમ કરવાથી તમે સાવ મૂર્ખ, બુધ્ધુ બની રહેશો. બુધ્ધુપણાની એ અવસ્થામાં તમે સલામતી મહેસૂસ કરશો, કારણ કે બધા બુધ્ધુઓ સલામતી અનુભવતા હોય છે. ખરું જોતાં તો કેવળ બુધ્ધુઓ જ સલામતીનો ભાવ અનુભવે છે. ખરેખરો જીવંત માણસ સદાય અસલામતીનો ભાવ અનુભવશે. ખરું પૂછો તો સલામતી શી રીતે હોઇ શકે ?

જીવન એ કોઇ યંત્રવત્ પ્રક્રિયા નથી. તે કદી નિશ્ચિત હોઇ ન શકે. તેનો કદી તાગ પામી શકાય એમ નથી. આગલી ક્ષણે શું થશે એ કોઇ જાણતું નથી. સાતમા આસમાનમાં વસવાટ કરતો ઇશ્વર, જો ખરેખર ત્યાં હોય તો તે પણ શું થવાનું છે એ જાણી શકતો નથી. કેમ કે ઇશ્વર આ વાત જાણી શકતો હોય તો પછી જીવન સાવ વ્યર્થ બની જાય. દરેક બાબત અગાઉથી લખેલી, નિર્ધારીત થઇ જાય. ભવિષ્ય જો ખુલ્લું હોય તો તો ઇશ્વર પણ શી રીતે કશું જાણી શકે ? આગલી ક્ષણે શું થવાનું છે એ ઇશ્વર જાણી શકતો હોત તો જીવન તદ્દન મૃતઃપ્રાય, યંત્રવત્ પ્રક્રિયા સમું હોત. એમ હોત તો મુકિત સમી કોઇ ચીજ ન હોત. અને મુકિત ન હોય તે જીવન સંભવી શી

રીતે શકે ? વિકસવાની કે ન વિકસવાની કશી સંભાવના જ ન રહે. બધી બાબતો પૂર્વનિર્ધારિત હોય તો કશી ભવ્યતા પણ ન હોય: તમે સૌ ફકત યંત્રમાનવ હોત.

કશું જ નિશ્ચિત નથી. આ છે મારો જે ગણો તે સંદેશ. કશું નિશ્ચિત યા નિર્ધારીત હોઇ શકે નહીં. કેમ કે નિશ્ચિત હોય એવું જીવન મૃત્યુથી પણ બદતર હોય છે. કશું નિશ્ચિત નથી. જીવન અનિશ્ચિતતાઓ અને આશ્ચર્યોથી ભરપૂર હોય છે.અને એ જ તો છે એનું સૌંદર્ય ! " હવે હું નિશ્ચિત બની ગયો છું. " એવું કોઇ કહી શકે એ ક્ષણ કયારેય આવતી નથી. તમે જ્યારે એવું માનવા લાગો એ સાથે તમે મૃત થઇ જાવ છો. તમે આત્મઘાત નોંતરો છો.

જીવન તો હજારો અનિશ્ચિતતાઓ સાથે આગળ ધપ્યા કરે છે. જીવનની એ જ તો છે સ્વતંત્રતા. તેને અનિશ્ચિતતા ન કહો.

સ્વતંત્રતા યા મુકિતને " અનિશ્ચિતતા" શાથી માનવામાં આવે છે એ હું સમજી શકું છું. તમે કયારેય થોડા ઘણા મહિના યા થોડા વરસ માટે કેદ ભોગવી છે ખરી ? થોડા વરસ માટે જેલવાસ ભોગવ્યા પછી કેદીની મુકિતનો દિવસ નજદીક આવે એમ તે ભવિષ્ય બાબતે અનિશ્ચિતતા અનુભવે છે. જેલમાં બધું સુનિશ્ચિત હતું. તદ્દન યંત્રવત નિત્યક્રમ બની રહ્યો હતો. નિર્ધારીત સમયે ભોજન મળી જાય, કેદીને રક્ષણ આપવામાં આવે. કેદીને બીજા દિવસે ભૂખ્યા રહેવાની ચિંતા ન હોય કે પોતે ભોજનની જોગવાઇ કયાંથી કરશે. કેમ કે બધું નિર્ધારીત ઢબે ચાલતું હોય છે. હવે વરસો પછી ઓચિંતો એક દિવસ જેલર આવીને જણાવે છે, " તમને મુકત કરવાના છે." આવું જાણ્યા પછી કેદી થરથર કાંપવા લાગે છે. કેમ કે કેદખાનાની દિવાલોની પેલે પાર ફરી પાછી એની એ જ અનિશ્ચિતતાભરી જીંદગી હશે.પોતાને તમામ જરૂરિયાતોની જોગવાઇ માટે મથવું પડશે, ફરી પાછું પોતાને મુકિતમાં, સ્વતંત્રતામાં જીવવું પડશે.

મુક્તિથી ભય પેદા થાય છે. લોકો મુક્તિની વાતો કરે છે. પણ તેઓ તેનાથી ડરે છે. મુક્તિથી ડરે એ માનવ હજી માનવ ન કહેવાય. તમને હું મુક્તિ આપું છું. સ્વતંત્રતા આપું છું, નહીં કે સલામતી. તમને હું સમજણ આપું છું, નહીં કે જ્ઞાન. જ્ઞાન વડે તમે નિશ્ચિત બની જશો. ઇશ્વર અંગે તમને હું એક ચોક્કસ ખ્યાલ આપી દઉં તો ખલાસ ! તમે નિશ્ચિત બની જશો. તમને કહેવામાં આવે કે એક ઇશ્વર છે, એક પવિત્ર આત્મા છે અને જન્મેલો એક પુત્ર ઇસુ છે. સ્વર્ગ છે અને નર્ક પણ છે, પાપ અને પુણ્ય છે, પાપ કરશો તો નરક પ્રાપ્ત થશે, માટે હું જેને સત્કાર્યો ગણાવું તે તમે કરો તો સ્વર્ગ પ્રાપ્ત થશે ! આમ કહેવામાં આવે તો તમે નિશ્ચિત થઇ જશો. આ કારણે જ ઘણા બધા લોકો હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી કે જૈન બનવાનું પસંદ કરે છે. તેમને મુક્તિ નહીં, પણ તૈયાર ફોર્મ્યૂલા જોઇએ છે.

માર્ગ પર થયેલા એક અકસ્માતમાં એક માણસ ગંભીર રીતે ઘવાયો. તે યહુદી હતો એવી કોઇને

ખબર નહોતી. તેથી એક કેથલિક પાદરીને બોલાવવામાં આવ્યો. પેલા મરણોન્મુખ માણસ તરફ ઝૂકીને પાદરી બોલ્યો : “તું પરમપિતા પરમેશ્વર, પવિત્ર આત્મા અને ઇસુના ઐકયમાં શ્રધ્ધા રાખે છે ?”

અંતિમ શ્વાસ લઇ રહેલા એ માણસે ધીમેથી આંખો ઉઘાડીને કહયું, “જુઓ ને ! અહીં હું મરવા પડયો છું અને આમને ઉખાણા સૂઝે છે ! ”

મૃત્યુ તમારા ઘરનો દરવાજો ખટખટાવે ત્યારે તમારી તમામ નિશ્ચિતતાઓ તદ્દન ઉખાણા જેવી અને વાહિયાત સાબિત થાય છે. કોઇ પણ પ્રકારની નિશ્ચિતતાને વળગી ન રહો. જીવન અનિશ્ચિત છે. અનિશ્ચિતતા જ તેની પ્રકૃતિ છે. બુધ્ધિમાન વ્યક્તિ સદાય અનિશ્ચિત રહે છે.

અનિશ્ચિત રહેવાની આ તૈયારી એટલે જ હિંમત. અનિશ્ચિત રહેવાની આ તૈયારી એટલે જ વિશ્વાસ. બુધ્ધિમાન વ્યક્તિ એને જ કહેવાય જે કોઇપણ પરિસ્થિતિમાં સજાગ રહે અને સાચા દિલથી તેનો પ્રતિભાવ આપે. એવું નથી કે તેને ખબર છે કે શું થવાનું છે. એવુંય નથી કે તે માનતો હોય કે આમ કરશો તો આમ થશે.જીવન કંઇ વિજ્ઞાન નથી. એ કંઇ કાર્ય-કારણની કડી જેવું નથી. પાણીને ૧૦૦ અંશ તાપમાન સુધી ઉકાળો તો તેનું બાષ્પીભવન થવા માંડશે. આ બાબત નિશ્ચિત છે. પણ વાસ્તવિક જીવનમાં આટલું નિશ્ચિત કશું હોતું નથી.

પ્રત્યેક વ્યક્તિ પોતે મુક્તિસમાન હોય છે. એક અજાણી મુક્તિ સમાન. કંઇ પણ ધારી લેવું યા કશાનું અનુમાન કરવું અશકય છે. દરેકે સજાગતાપૂર્વક, સમજણપૂર્વક રહેવું જરૂરી હોય છે.

તમે મારી પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા આવો ત્યારે તમારે તે માટેની તૈયાર ફોર્મ્યૂલા જોઇએ છે, જેથી તમે તેને વળગી રહો. પણ હું તમને એવી કોઇ ફોર્મ્યૂલા આપતો નથી. ખરેખર તો તમારી પાસે એવી કોઇ ફોર્મ્યૂલા હશે તો હું તેને આંચકી લઇશ. ધીમે ધીમે તમારામાં રહેલી નિશ્ચિતતાનો હું નાશ કરતો જઇશ. હું તમને વધુ ને વધુ શંકાશીલ બનાવતો જઇશ, વધુ ને વધુ અસલામત બનાવતો જઇશ.

કરવા જેવી આ એક જ બાબત છે. ગુરુએ આ એક જ બાબત કરવાની જરૂર હોય છે - અને તે એ કે તમને તદ્દન મુકત કરી દેવા, મુકતાવસ્થામાં છોડી દેવા. આવી મુકતાવસ્થામાં તમામ પ્રકારની સંભાવનાઓ હોય, જયાં કશુંય નક્કી ન હોય. તમારે સજાગ રહેવું પડે - એ સિવાય બીજું કંઇ સંભવ જ ન હોય.

આને જ હું સમજણ કહું છું. તમે સમજતા હો તો અસલામતી જીવનનો અવિભાજ્યં હિસ્સો છે અને આમ છે એ સારું છે. કેમ કે જીવનને તે મુક્તિસમું બનાવે છે. સતત આશ્ચર્યસમું બનાવે છે. શું થવાનું છે એ કોઇ કદાપિ જાણી શકતું નથી. તમને તે સતત અજાયબીમાં રાખે છે. એને અનિશ્ચિતતા નહીં, પણ અજાયબી કહો. એને અસલામતી નહીં, પણ મુક્તિ યા સ્વતંત્રતા કહો.

તમે હિંમતવાન નહીં હો તો વિશ્વાસુ નહીં બની શકો.
તમે હિંમતવાન નહીં હો તો પ્રેમાળ નહીં બની શકો.
તમે હિંમતવાન નહીં હો તો વિશ્વાસપાત્ર નહીં બની શકો.
તમે હિંમતવાન નહીં હો તો વાસ્તવિકતાની પૃચ્છા નહીં કરી શકો.
આથી જ પહેલે પગલે આવે છે હિંમત,
બીજું બધું તેને અનુસરે છે.



૧. સાહસ કોને કહેવાય ?

એક કાયર અને હિંમતવાન વ્યક્તિ વચ્ચે પ્રારંભે ઝાઝો ફરક હોતો નથી. તેમની વચ્ચે માત્ર એટલો જ ભેદ હોય છે કે કાયર વ્યક્તિ પોતાના ભયથી દોરવાઇને તેને અનુસરે છે, જ્યારે હિંમતવાન વ્યક્તિ એ તમામને કોરાણે મૂકીને આગળ વધે છે.તમામ પ્રકારના ભય છતાં હિંમતવાન વ્યક્તિ અજાણી જગાએ આગળ વધે છે.

તમામ પ્રકારના ભય છતાં અજાણ્યા મુલકમાં જવું એટલે હિંમત. હિંમતનો અર્થ નિર્ભીકતા હરગીજ નથી. તમે વધુ ને વધુ હિંમતવાન બનતા જાવ એટલે નિર્ભીકતા આપોઆપ પેદા થાય છે. નિર્ભીકતા એ હિંમતની અંતિમ અનુભૂતિ છે. હિંમત સંપૂર્ણ બન્યા પછીની એ સૌરભ છે. પણ પ્રારંભે ભયભીત અને નિર્ભીક અથવા કાયર અને હિંમતવાન વ્યક્તિ વચ્ચે ખાસ ફરક હોતો નથી. ફરક ફક્ત એટલો જ હોય છે કે કાયર વ્યક્તિ પોતાના ભયથી દોરવાઇને તેને અનુસરે છે, જ્યારે હિંમતવાન વ્યક્તિ એ તમામને કોરાણે મૂકીને આગળ ધપે છે. તમામ પ્રકારના ભય છતાં હિંમતવાન વ્યક્તિ અજાણ્યા મુલકમાં જાય છે. એમાં ભય હોય છે અને ભયને તે પિછાણતી હોય છે.

કોલંબસ ગયો હતો એ રીતે વણખેડાયેલા સમુદ્રમાં તમે જાવ ત્યારે ત્યાં સખત ભય હોય છે, કેમકે શું થશે એની કોઇને ખબર હોતી નથી. તમે સુરક્ષાનો કિનારો છોડી રહ્યા છો. એક રીતે તમામ બાબતો બરાબર હતી. ખૂટતી હતી કેવળ એક જ બાબત- અને તે હતું સાહસ. અજાણી જગાએ જવામાં તમને રોમાંચ થાય છે. તમારું હૃદય પુનઃ ધબકવા લાગે છે. ફરી એકવાર તમે સંપૂર્ણ જીવંત થઇ ઉઠો છો. તમારા અસ્તિત્વનો રોમરોમ જીવંત થઇ ઉઠે છે, કારણ કે અજાણ્યાપણાનો પડકાર તમે ઝીલી લીધો છે.

તમામ પ્રકારના ભય છતાં અજાણ્યાપણાનો પડકાર ઝીલવો એટલે હિંમત. ભય તો મોજૂદ હોય

છે, પણ વારેવારે તમે પડકાર સ્વીકાર્યા કરશો તો આસ્તે આસ્તે તે અદ્દશ્ય થઇ જશે. અજાણ્યાપણાના સ્વીકાર પછી આવતો આનંદ, તેના થકી શરૂ થતો ઉન્માદ તમને દ્દઢ બનાવે છે, ચોક્કસ પ્રકારની સજાગતા આપે છે તેમજ તમારી બુધ્ધિને તીવ્ર બનાવે છે. પહેલી વાર તમને અનુભૂતિ થવા માંડે છે કે જીવન ફકત કંટાળારૂપ નથી, પણ તે એક સાહસ છે. ત્યાર પછી ધીમે ધીમે ભય અદ્દશ્ય થવા લાગે છે. અને તમે હંમેશા કોઇને કોઇ સાહસની તલાશમાં લાગી રહો છો.

પણ હિંમત મૂળભૂત રીતે અજાણ્યાની સામે જાણીતાને, અપરિચીત સામે પરિચીતને, અસુવિધાજનકની સામે સુવિધાજનકને, કષ્ટદાયી યાત્રાને કોઇક અજાણી મંઝીલ તરફ હોડમાં મૂકે છે. આ મંઝીલ પ્રાપ્ત થશે કે નહીં તે પણ કોઇ જાણતું નથી. એક પ્રકારનો જુગાર છે આ, પણ કેવળ જુગારી જ જીવનને જાણી શકે છે, જીવન શું છે તે પામી શકે છે.

હિંમતના નૈસર્ગિક અને મૂળભૂત સિધ્ધાંતો

જીવન તમારા તર્ક-દલીલને ગણકારતું નથી. તે અસ્ખલિતપણે પોતાને માર્ગે ચાલતું રહે છે. તમારે પોતે જીવનને કાનસરો દેવો પડશે. જીવન તમારા તર્કને સાંભળવાનું નથી. તમારા તર્કની તેને કંઇ પડી નથી.

તમે જીવનમાં પ્રવેશો ત્યારે શું જુઓ છો? પ્રચંડ વાવાઝોડામાં મહાકાય વૃક્ષો ધરાશાયી થાય છે.ચાર્લ્સ ડાર્વિનના સિધ્ધાંત મુજબ તો તેઓ ટકી રહેવા જોઇએ. કેમ કે તેઓ અત્યંત શકિતશાળી અને મજબૂત હોય છે. ત્રણ હજાર વર્ષ જૂના, ત્રણસો ફીટ ઉંચા કોઇ પ્રાચીન રાક્ષસી કદના વૃક્ષ પર એક નજર કરો. આ વૃક્ષની હયાતિ જ પ્રચંડ મજબૂતીની, શકિતની અનુભૂતિ કરાવે છે. જમીનમાં તેના કેટલાંય મૂળિયાં ઉંડે સુધી ઉતરેલાં હોય છેઃ અને વૃક્ષ અત્યંત દ્દઢતાથી ઉભેલું હોય છે. અલબત્ત, તે ઝઝૂમે છે, વળવા કે તાબે થવા માંગતું નથી, પણ વાવાઝોડું શમ્યા પછી તે ધરાશાયી થાય છે, તદ્દન મૃત થઇ જાય છે. તેની બધી તાકાત ચાલી જાય છે. વાવાઝોડું પ્રચંડ હતું એ વાત સાચી, પણ વાવાઝોડું હંમેશાં પ્રચંડ જ હોય છે, કેમ કે તે સામૂહિક ધોરણે આવે છે, જ્યારે તેની સામે વૃક્ષ તદ્દન એકલું-અટૂલું હોય છે.

બીજી તરફ નાનકડા છોડવા અને સાવ સાધારણ કહેવાય એવું ઘાસ હોય છે. વાવાઝોડું આવે એટલે ઘાસ નમી જાય છે, વળી જાય છે, તાબે થઇ જાય છે. પરિણામે વાવાઝોડું તેને કંઇ હાનિ કરી શકતું નથી. બહુ બહુ તો વાવાઝોડું ઘાસને સ્વચ્છ કરી આપે છે બસ! ઘાસ પર બાઝેલી રજને તે ઉડાડી મૂકે છે. વાવાઝોડાને કારણે ઘાસની સફાઇ થઇ જાય છે. અને વાવાઝોડું શમી ગયા પછી ફરી એકવાર પેલા નાનકડા છોડવાઓ અને ઘાસ ઉંચા થઇને નૃત્ય કરવા લાગે છે. ઘાસનાં મૂળિયાં તદ્દન નહીંવત હોય છે. સાવ નાનકડું બાળક પણ તેને જડમૂળથી ઉખેડી શકે

છે. છતાં વાવાઝોડાને તે પરાસ્ત કરે છે. આમ કેમ થયું ?

આમ થવાનું કારણ એ કે ઘાસ તાઓના, લાઓત્ઝુના માર્ગને અનુસરે છે, જ્યારે વૃક્ષ ચાર્લ્સ ડાર્વિનના સિધ્ધાંતને અનુસરે છે. પેલું રાક્ષસી કદનું વૃક્ષ તદ્દન તર્કબધ્ધ હતું. તેણે પ્રતિકાર કરવાનો, પોતાની તાકાત દેખાડવાનો પ્રયત્ન કર્યો. તમે તમારી તાકાત દેખાડવાનો પ્રયત્ન કરશો તો પરાજિત થશો. બધા જ હિટલરો, નેપોલીયનો, સિકંદરો આ મોટા મજબૂત વૃક્ષો જેવા હોય છે.એ તમામ પરાસ્ત થશે. લાઓત્ઝુ જેવા લોકો નાનકડા છોડ જેવા હોય છે. તેમને કોઇ પરાજિત કરી શકતું નથી, કેમ કે તેઓ સદાય ઝુકવા માટે તૈયાર હોય છે. ઝુકી જાય એવી વ્યક્તિને તમે શી રીતે પરાજીત કરી શકો ? "હું તો પરાજીત જ છું " " આપ આપના વિજયને મનાવો, બીજી કોઇ તકલીફ ઉભી કરવાની જરૂર નથી. હું પરાજિત છું. "આવું જે કહે તેને શી રીતે હરાવી શકાય? લાઓત્ઝુની સામે ખુદ સિકંદર પણ વામણાપણું મહેસૂસ કરશે. તે કંઇ જ નહીં કરી શકે.બરાબર આવું જ બનેલું એક વખત.

સિકંદર ભારતમાં આવ્યો એ અરસામાં દંડામીઝ નામનો એક સંન્યાસી થઈ ગયો. તે રહસ્યવાદી હતો. સિકંદર ભારત આવવા નીકળ્યો ત્યારે તેના મિત્રોએ ભારતથી પાછા આવતી વખતે એક સંન્યાસી લેતા આવવાનું કહેલું. કેમ કે આ દુર્લભ પ્રજાતિ કેવળ ભારતમાં જ પાંગરતી હતી. મિત્રોએ કહેલું, " અમને સંન્યાસની ઘટના જોવાની, સંન્યાસી ખરેખર શું છે તે જાણવાની ખૂબ ઇચ્છા છે."

યુધ્ધમાં સિકંદર એ હદે અટવાયેલો રહ્યો હતો કે આ આખી વાત જ તે વીસરી ગયેલો. પણ પાછા ફરતી વેળાએ ભારતની સરહદ પર તેને અચાનક આ વાત યાદ આવી. સરહદ પરનું છેલ્લું ગામ તે છોડવાની તૈયારીમાં હતો. તેણે પોતાના સૈનિકોને ગામમાં મોકલ્યા અને આસપાસમાં કોઇ સંન્યાસી હોય તો તપાસ કરવા જણાવ્યું. યોગાનુયોગે તે સમયે દંડામીઝ એ ગામમાં નદીકિનારે આવેલો હતો. તેથી ગામલોકોએ કહ્યું, "તમે યોગ્ય સમયે અહી આવ્યા છો. સંન્યાસીઓ તો ઘણા છે, પણ અસલી સંન્યાસી બહુ દુર્લભ હોય છે. ભાગ્યયોગે એવો સંન્યાસી અહીં મોજુદ છે. તમે જાવ અને તેના દર્શન કરી આવો."

સિકંદર હસી પડયો. તે બોલ્યો, "હું કંઇ તેમના દર્શને નથી આવ્યો. મારા સૈનિકો જઇને તેને પકડી લાવશે. હું તેને મારા દેશના પાટનગરમાં લઇ જઇશ."

ગામલોકો આ સાંભળીને કહે, "એમ કરવું કંઇ એટલું સરળ નથી. સિકંદર આ વાત માની ન શકયો.શી મુશ્કેલી હોવાની એને લઇ જવામાં ? પોતે ભલભલા રાજા-મહારાજાઓને ઝુકાવ્યા હતા, ત્યાં ભિક્ષુક જેવા આ સંન્યાસીને લઇ જવામાં શી તકલીફ પડવાની ? "સિકંદરના સૈનિકો દંડામીઝને મળવા ગયા. તે નદીકાઠે તદ્દન અનાવૃત્ત અવસ્થામાં ઉભો હતો. સૈનિકોએ કહ્યું,

"મહાન સિકંદર તમને તેમના દેશમાં લઇ જવા સારું નિમંત્રે છે. તમને રજવાડી મહેમાન ગણીને તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે."

પેલો નગ્ન ફકીર આ સાંભળીને હસી પડયો અને બોલ્યો, "જઇને તમારા રાજાને કહો કે પોતાની જાતને મહાન કહેવડાવનાર કંઇ મહાન ન હોઇ શકે. મને કોઇ કયાંય લઇ જઇ શકે એમ નથી. સંન્યાસી તો વાદળની જેમ મુકતપણે વિહરતો હોય છે. હું કોઇનો ગુલામ નથી."

સૈનિકોએ કહયું, "તેં સિકંદર વિશે સાંભળ્યું જ હશે. બહુ ખતરનાક માણસ છે એ. તું તેમના હુકમનો અનાદર કરીશ તો તે કંઇ સાંભળશે નહીં અને તારું માથું ધડથી જુદું કરી દેશે. "

પણ છેવટે સિકંદરે જ તે ફકીર પાસે આવવું પડયું. કેમ કે સૈનિકોએ તેને અહેવાલ આપતાં જણાવ્યું, " એ બહુ અજબ માણસ છે, અત્યંત તેજસ્વી. તેની આસપાસ કંઇક અજબ જેવું વરતાય છે. તે નગ્ન છે. પણ તેની હાજરી હોય ત્યારે આપણા ધ્યાન પર સુધ્ધાં એ બાબત આવે નહીં, પછીથી ખ્યાલ આવે. તે એટલો પ્રબળ છે કે સમગ્ર વિશ્વ તેની હાજરીમાં વિસરાઇ જાય. તેનું વ્યકિતત્વ અત્યંત ચુંબકીય છે, તેની ચોફેર જબરી શાંતિ પ્રવર્તે છે. બહુ જોવા જેવો માણસ છે એ. પણ હવે એની પર મુસીબત ઉતરી આવશે એમ લાગે છે, કેમ કે એ બિચારો કહે છે કે કોઇ તેને કયાંય લઇ જઇ શકે એમ નથી. પોતે કોઇનો ગુલામ નથી."

આ સાંભળીને સિકંદર ખુલ્લી તલવારે તેને મળવા ગયો. દંડામીઝ હસી પડયો અને બોલ્યો, તારી તલવાર મૂકી દે. એ નકામી છે. એને પાછી મ્યાન કરી દે. અહીં એ કામ નહીં લાગે, કારણ કે તું એના વડે બહુ તો મારા દેહની કતલ કરી શકીશ. અને મારો દેહ તો મેં કયારનો ત્યાગી દીધો છે. તારી તલવાર મારી કતલ નહીં કરી શકે. માટે એને મ્યાન કર. છોકરમત ન કર.

કહેવાય છે કે પહેલવહેલી વાર સિકંદરે કોઇકના આદેશનું પાલન કર્યું. પેલા સંન્યાસીની હાજરીમાં સિકંદર પોતે કોણ છે એ વીસરી ગયો. પોતાની તલવાર મ્યાનમાં ખોસીને તે બોલ્યો, "આટલા સુંદર પુરુષને હું કદી મળ્યો નથી." પોતાની છાવણીમાં પાછો ફરીને તે બોલ્યો, "મરવા માટે તૈયાર હોય એવા માણસને મારવો મુશ્કેલ છે, અર્થહીન છે. જે માણસ સામો થાય એની હત્યા કરીએ તો કંઇક અર્થ સરે, પણ જે માણસ પોતાનું માથું ધરી દે અને કહે કે એને કાપી નાંખો, તો એને મારીને શું કરવાનું ? "

દંડામીઝે કહેલું, "આ રહ્યું મારું માથું. તું એને ઝટકી નાંખ. મારું માથું ધડ પરથી પડશે ત્યારે તું તેને જમીન પર પડતું જોઇ શકશે. એ જ રીતે હું પણ તેને જમીન પર પડતું જોઇ શકીશ. મારો દેહ એ હું નથી. હું કેવળ સાક્ષી છું."

સિકંદરે પોતાના મિત્રોને કહેવું પડેલું, ઘણા સંન્યાસીઓ એવા હતા જેમને હું અહીં લાવી શકયો

હોત, પણ તેઓ સંન્યાસી ન હતા. પણ એક માણસ મને એવો મળ્યો જે ખરેખરી દુર્લભ પ્રજાતિનો હતો. તમે સાચું સાંભળેલું. પણ તેના પર કશી બળજબરી થઇ શકે એમ નહોતી, કેમ કે મૃત્યુથી તે ડરતો નહોતો. મૃત્યુથી ડરે નહીં એવા માણસને તમે શી રીતે કંઇ કરવા માટે બળજબરી કરી શકો ?

તમારા ડરને કારણે તમે ગુલામ બનતા હો છો. તમે નિર્ભીક બનો કે તમે કોઇના ગુલામ રહેતા નથી. વાસ્તવમાં તમે તમારા ડરને કારણે જ અન્ય લોકોને ગુલામ બનાવતા હો છો. કોઇક તમને ગુલામ બનાવે એ અગાઉ તમે અન્યને ગુલામ બનાવી દો છો.

નિર્ભીક વ્યક્તિ કદી કોઇનાથી ડરતી નથી કે કોઇને તે ડરાવતી નથી. ભય સદંતર અદૃશ્ય થઇ જાય છે.

હૃદયનો માર્ગ

હિંમત એટલે અંગ્રેજીમાં જેને 'Courage' કહેવાય એ શબ્દનો ઉદ્‌ભવ બહુ રસપ્રદ છે. મૂળ લેટિન શબ્દ 'cor' પરથી તે આવ્યો છે. જેનો અર્થ થાય છે હૃદય. અર્થાત્ હિંમતવાન બની રહેવાનો મતલબ છે હૃદયપૂર્વક જીવવું. કેવળ નિર્બળ લોકો જ બુધ્ધિપૂર્વક (મસ્તિષ્કથી) જીવતા હોય છે. ડરીને રહેતા હોય છે. પોતાની આસપાસ તેઓ તર્કની કિલ્લેબંધી રચી દે છે. ભયભીત બનીને તેઓ આસ્તિકતા, શબ્દો, સિધ્ધાંતો, માન્યતાઓ થકી પ્રત્યેક બારીબારણાં ભીડી દે છે. અને બંધ કરેલા આ બારી-બારણાની પાછળ સંતાઇને તેઓ જીવે છે.

હૃદયનો માર્ગ એટલે હિંમતનો માર્ગ. હિંમતપૂર્વક જીવવું એટલે અસલામતીમાં, પ્રેમમાં, શ્રધ્ધામાં જીવવું, અજાણ્યા મુલકમાં વિહરવું. હિંમતપૂર્વક જીવવું એટલે ભૂતકાળને ત્યજવો અને ભવિષ્ય માટે માર્ગ મોકળો કરવો. જોખમી માર્ગ પર સફર કરવી એટલે હિંમતપૂર્વક રહેવું. જીવન જોખમી છે. કેવળ કાયરો જ ખતરાને ટાળી શકે. અને એમ થાય તો તેઓ સાવ મૃત:પ્રાય બની રહે. ખરેખરા અર્થમાં જીવંત હશે એવી વ્યક્તિ સદાય અજાણ્યા પ્રદેશમાં વિહરવા તત્પર હશે. એમ કરવામાં ખતરો છે, પણ તે જોખમ વહોરી લેશે. હૃદય સદાય જોખમ વહોરવા તૈયાર હોય છે, હૃદય જુગારી જેવું હોય છે. જ્યારે મસ્તિષ્ક હોય છે ગણતરીબાજ ધંધાદારી જેવું. મસ્તક સદાય ગણતરીઓ માંડતું હોય છે, તે શઠ હોય છે. જ્યારે હૃદયને ગણતરી માંડવી ફાવતી નથી.

અંગ્રેજીનો 'Courage' શબ્દ બહુ સુંદર અને રસપ્રદ છે. હૃદયપૂર્વક જીવવું એટલે અર્થને શોધવો. કવિ હૃદયપૂર્વક જીવતો હોય છે અને એમ કરતાં કરતાં હૃદયમાં તેને અજાણ્યા મુલકના ધ્વનિ સંભળાવા લાગે છે. મસ્તક તેને સાંભળી શકતું નથી, કેમકે તે અજાણ્યા પ્રદેશથી ઘણો દૂર હોય છે. તેમાં તો જાણીતી, પરિચીત બાબતો ઠાંસોઠાંસ ભરેલી હોય છે.

તમારું દિમાગ છે શું? તમે જે જાણતા હો છો એ જ કે બીજું કંઇ?

તે હોય છે ભૂતકાળ, જે મૃત છે, ગત છે. દિમાગ એટલે સંચિત ભૂતકાળ કે સ્મૃતિ સિવાય બીજું કંઇ નહીં. જ્યારે હૃદય ભવિષ્ય છે, તે સદાય ભવિષ્યોન્મુખ હોય છે, આશા સમાન હોય છે.

ભવિષ્યનું આગમન હજી બાકી છે, હજી તે થનારું છે. તેમાં સંભાવના છે. તે આવશે, આવી રહ્યું છે. પ્રત્યેક ક્ષણે ભવિષ્ય વર્તમાન બની રહ્યું છે. અને વર્તમાન બની રહ્યો છે ભૂતકાળ. ભૂતકાળ પાસે કશી સંભાવના નથી, તે વ્યતિત હોય છે. તમે તેનાથી દૂર નીકળી ગયા છો. તે મૃત છે, કબર સમાન છે. જ્યારે ભવિષ્ય બીજ જેવું હોય છે. તે સદાય આવીને વર્તમાનને મળતું હોય છે. તમે સદાય આગેકદમ કરતા રહો છો. વર્તમાન એટલે બીજું કંઇ નહીં પણ ભવિષ્ય તરફ આગેકદમ. એ એવું પગલું છે, જે તમે માંડી દીધેલું છે. તે ભવિષ્ય તરફ જનારું છે.

વિશ્વમાં પ્રત્યેક જણ સાચો બનવા ઝંખે છે. કેમ કે સાચા બનવા માત્રથી એટલો બધો આનંદ અને સુખ પ્રાપ્ત થાય છે. તો કોઇએ ખોટા શા માટે બનવું જોઇએ? સહેજ ઊંડી આંતરદૃષ્ટિ માટેની થોડી હિંમત તમારામાં હોવી જ જોઇએ. તમે ડરો છો શાનાથી? દુનિયા શું કરી શકવાની છે તમને? લોકો તમારા પર હસશે, તો એનાથી એમનું જ કલ્યાણ થશે. કેમ કે હાસ્ય એ શ્રેષ્ઠ ઔષધિ છે. લોકો તમને પાગલ માનશે. પણ તેમના માનવા માત્રથી કંઇ તમે પાગલ થઇ જવાના નથી.

તમે તમારા આનંદ, તમારા આંસુ, તમારા નૃત્ય બાબતે સાચુકલા હશો તો વહેલા મોડા અમુક લોકો તમને સમજવા લાગશે. તમારા કાફલામાં પણ તેઓ જોડાવા માંડશે. આ માર્ગ પર મેં પોતે એકલા આગળ વધવાનું શરૂ કર્યું હતું, પણ લોકો મારી સાથે જોડાતા ગયા અને વિશ્વવ્યાપી કાફલો બની ગયો ! મેં કંઇ કોઇને નિમંત્ર્યા નથી. હું કેવળ મારા હૃદયને અનુસર્યો છું.

મારી જવાબદારી મારા હૃદય પ્રત્યે છે, નહીં કે વિશ્વના અન્ય કોઇ પ્રત્યે. એ જ રીતે તમારી જવાબદારી તમારા ખુદના અસ્તિત્વ પરત્વે છે. તેની વિરુધ્ધ ન જાવ. કેમ કે તેમ કરવું એટલે જાતનો વિનાશ કરવો, આત્મઘાત નોંતરવો. એ કરવાથી શો લાભ? લોકો તમને ભલે સૌમ્ય, સન્માનનીય, સજ્જન માને પણ આ બધાથી કંઇ તમારું અસ્તિત્વ સમૃધ્ધ થવાનું નથી. તમારા જીવનમાં તેના થકી કશી આંતરદૃષ્ટિ કે સૌંદર્ય પ્રાપ્ત થવાનાં નથી.

તમારી અગાઉ આ પૃથ્વી પર કેટલા કરોડ લોકો થઇ ગયા? તમે એ લોકોનાં નામ સુધ્ધાં જાણતા નથી. તેઓ જીવી ગયા કે નહીં તેનુંય કશું મહત્વ નથી. તેમાંના ઘણા લોકો સંત-મહાત્માઓ હતા તો ઘણા અધમ પણ હતા.ઘણા બધા સન્માનનીય લોકો પણ હતા તો ઘણા ધૂની, પાગલો પણ થઇ ગયા. પણ તે સૌ ભૂંસાઇ ગયા. પૃથ્વી પર તેમનો અંશ સુધ્ધાં રહ્યો નથી.

મૃત્યુ થકી તમારો દેહ વિલાઇ જાય તે અગાઉ તમારી ફિકર શી હોવી જોઇએ? તમારી એક માત્ર ફિકર એ હોવી જોઇએ કે તમારી સાથે તમે જે ગુણો લઇ જવાના છો તેને જાળવી રાખવા અને તેનું રક્ષણ કરવું. કેમ કે આ ગુણો જ તમારી સાથે રહેવાના છે. અસલી મૂલ્યો તો એ જ છે. અને તેમને જે પ્રાપ્ત કરી લે છે એ લોકો જ જીવી ગયા ગણાય છે. બાકીના તો કેવળ જીવવાનો ઢોંગ કરે છે.

એક અંધારી રાતે કેજીબીના એજન્ટોએ યુસેલ ફીન્કલસ્ટીનના ઘરનો દરવાજો ખટખટાવ્યો. યુસેલે દરવાજો ખોલ્યો કે પેલા એજન્ટો ધસી ગયા અને પૂછયું,

"યુસેલ ફીન્કલસ્ટીન અહીં રહે છે?"

"ના, ભાઇ." જર્જરીત ધારવાળો પાયજામો પહેરેલા યુસેલે જવાબ આપ્યો.

"અહીં નથી રહેતો એ? તો પછી તું કોણ છે?" એજન્ટોએ પૂછયું.

"યુસેલ ફીન્કલસ્ટીન."

આટલું સાંભળતા જ કેજીબીના એજન્ટો તેની પર ફરી વળ્યા. તેને જમીનસરસો કરીને કહે, "હમણાં તેં એવું કહ્યું કે તું અહીં રહેતો નથી?"

યુસેલે જવાબમાં કહ્યું, "ભલા માણસ, આને કંઇ રહેવું કહેવાય?

કેવળ જીવવું એ હંમેશાં જીવવું નથી હોતું. તમારી ખુદની જીંદગી તરફ એક દૃષ્ટિ કરો. તમે તેને આશિષરૂપ ગણો છો? તમે તેને સોગાતરૂપ, અસ્તિત્વના ઉત્સવરૂપ ગણાવી શકો છો? આનું આ જ જીવન ફરી ફરી મળ્યા કરે એમ તમે ઇચ્છો ખરા?

શાસ્ત્રોને કાનસરો આપશો નહીં – તમારા ખુદના દિલનો સાદ સાંભળો. એક માત્ર આ જ શાસ્ત્રને માનવાનું હું કહું છું. દિલના સાદને ધ્યાનપૂર્વક, સાનપૂર્વક સાંભળો. તમે એમાં કદી ખોટા નહીં પડો. તમારા ખુદના અંતરનો અવાજ તમને કદી દ્વિધામાં નહીં મૂકે. ખરાખોટા અંગે કશો પણ વિચાર સુધ્ધાં કર્યા વિનાય તમે સાચી દિશા તરફ દોરાશો.

નવમાનવની સમગ્ર કળાનું રહસ્ય દિલના સાદને ધ્યાનપૂર્વક, ભાનપૂર્વક, સજાગતાપૂર્વક સાંભળવામાં સમાઇ જશે. તેને અનુસરો, તે દોરે ત્યાં તમે દોરાવ. કયારેક તમને તે જોખમી સ્થળે પણ લઇ જશે, પણ એટલું યાદ રાખજો કે તમને પરિપકવ બનાવવા માટે એવા જોખમો જરૂરી છે. કયારેક તમને તે માર્ગચ્યુત કરે પણ ફરીથી યાદ રાખો કે એમ થવુંય વિકાસના હિસ્સારૂપ છે. કેટલીયવાર તમે પડી જશો, ફરીથી ઉભા થશો, કેમ કે આ રીતે જ– પડવાથી, અને ઉભા થતા રહેવાથી જ– શકિત અને મજબૂતી પ્રાપ્ત થાય છે. આ રીતે જ વ્યકિત પૂર્ણ બને છે.

બહારથી લદાયેલા નિયમોને ન અનુસરો. લાદવામાં આવેલો નિયમ કદીય યોગ્ય હોઇ શકે નહીં, કેમ કે તમારા પર શાસન કરવા ઇચ્છતા લોકો દ્વારા જ આવા નિયમો ઘડાતા હોય છે. વિશ્વમાં ક્યારેક બુધ્ધ, ઇસુ, કૃષ્ણ, મહંમદ જેવી પ્રબુધ્ધ વ્યક્તિઓ પણ થઇ ગઇ. પણ તેમણે વિશ્વને કદી નિયમો નથી આપ્યા, તેમણે તો પોતાનો પ્રેમ આપ્યો છે જગને. પણ વહેલા-મોડા તેમના અનુયાયીઓ એકઠા થઇને જાતજાતના નિયમોની આચારસંહિતા ઘડવા માંડે છે. એક વાર મૂળ વ્યક્તિ ચાલી જાય, એ પ્રકાશ ચાલ્યો જાય પછી સૌ ગાઢ અંધકાર તળે આવી જાય છે, અને તેઓ અમુક ચોકકસ નિયમોના પાલનનો આગ્રહ રાખવા માંડે છે. કેમ કે જે પ્રકાશમાં તેઓ દૃષ્ટિ પામતા હતા તે હવે હોતો નથી. તેમણે હવે નિયમ આધારિત જીવવું પડશે.

ઇસુએ પોતાના અંતરના અવાજ મુજબનું વર્તન કર્યું, પણ ખ્રિસ્તીઓ એવું કરતા નથી. તેઓ ફક્ત નકલ કરે છે. અને તમે નકલ કરવા માંડો તે ક્ષણથી તમે તમારા માનવપણાનું, તમારા ઇશ્વરનું અપમાન કરો છો.

કદી નકલખોર ન બનો. સદાય અસલી, એકમેવ બની રહો. કદાપિ કાર્બન કૉપી બનશો નહીં. પણ વિશ્વ આખામાં આ જ થઇ રહ્યું છે. કાર્બન કૉપી પર કાર્બન કૉપી તૈયાર થઇ રહી છે.

તમે જો કોઇની નકલ વિનાના અસલી હશો તો જીવન નૃત્યસમાન બની રહેશે. તમે અસલી બનવા જ સર્જાયા છો. જરા નજર કરો તો સમજાશે કે બુધ્ધથી કૃષ્ણ કેટલા ભિન્ન હતા. કૃષ્ણ બુધ્ધને અનુસર્યા હોત તો આપણે વિશ્વના સુંદરતમ પુરુષોમાંના એકને ખોઇ બેઠા હોત. અથવા તો બુધ્ધ કૃષ્ણને અનુસર્યા હોત તો એ બિચારા તેમની નબળી નકલ બનીને રહી ગયા હોત. વાંસળી વગાડી રહેલા બુધ્ધની કદી કલ્પના થઇ શકે ખરી? એમ કર્યું હોત તો તેમણે કેટલાય લોકોની ઉંઘ હરામ કરી હોત. એ કંઇ વાંસળીવાદક નહોતા. રાસલીલા કરતા બુધ્ધની કલ્પના કરી જુઓ. કેટલું હાસ્યાસ્પદ, અવાસ્તવિક લાગે છે!

આવું જ કૃષ્ણ માટે કલ્પી જુઓ. કોઇક ઝાડ તળે વાંસળી વિના બેઠેલા, માથે મોરપીચ્છનો મુગટ ન મળે, સુંદર વસ્ત્રો ધારણ કર્યા ન હોય, કોઇ ભિક્ષુકની પેઠે બંધ આંખે ઝાડ નીચે બેઠેલા કૃષ્ણ કેટલા દરિદ્ર જણાય! તેમની આસપાસ કોઇ નૃત્ય ન કરતું હોય, નાચગાનનું નામનિશાન ન હોય તો કેવું અડવું લાગે! બુધ્ધ એ બુધ્ધ છે, કૃષ્ણ કેવળ કૃષ્ણ છે અને તમે પોતે કેવળ તમે જ છો. તમે બીજા કોઇ કરતાં ઉતરતા નથી. તમારી જાતનો આદર કરો, તમારા અંતરના અવાજને માન આપો અને તેને અનુસરો.

એટલું યાદ રાખજો કે આમ કરવાથી તમે હંમેશા સાચા માર્ગે જશો એવી કોઇ ખાતરી હું આપતો નથી. કેટલીય વાર તેનાથી તમે ખોટે માર્ગે ચડી જશો. કેમ કે સાચા દ્વાર સુધી પહોંચતા પહેલાં અનેક ખોટા દ્વાર ખટખટાવવા પડે છે. એમ જ હોય છે. અચિંતા તમે સાચા દ્વારે આવી પડશો

તો તમે તેને પિછાણી નહીં શકો. યાદ રાખો કે આખરી ગણતરી માંડતાં કોઇ પ્રયાસ વ્યર્થ ગયેલો જણાતો નથી. તમામ પ્રયત્નો અંતે તમારા ખુદના વિકાસમાં પ્રદાન કરતા હોય છે.

માટે અચકાશો નહીં. ખોટા માર્ગે ચડી જવાની બહુ ચિંતા કરશો નહીં. અનેક સમસ્યાઓમાંની એક સમસ્યાં આ પણ છે : લોકોને કદી ખોટું ન કરવાનું શીખવવામાં આવે છે. તેને કારણે તેઓ એટલા ડરપોક થઇ જાય છે, ખોટું કરવાથી એટલા બધા ડરે છે કે તેઓ સ્થગિત થઇ જાય છે. તેઓ કંઇક ખોટું થઇ જવાની બીકે આગળ વધી શકતા નથી. આથી તેઓ ખડક જેવા અવિચળ થઇ જાય છે અને પોતાની તમામ ગતિશીલતા ગુમાવી બેસે છે.

શક્ય એટલી તમામ ભૂલો આદરો, પણ એક વાત યાદ રાખોઃ એકની એક ભૂલ ફરીવાર ન કરો. એમ થશે તો તમારો વિકાસ થશે. માર્ગ ભૂલવાની તમારી આઝાદીના જ એ ભાગરૂપ છે. ખુદ ઇશ્વરની સામે થવાના તમારા ગૌરવના એ હિસ્સારૂપ છે. અને કયારેક ઇશ્વરની સામે થવામાં પણ સુંદરતા રહેલી છે. આ રીતે જ તમે ટટ્ટાર વ્યક્તિ બની શકશો. નહીંતર લાખો લોકો દુનિયામાં સાવ નિર્બળ હોય છે.

'આ સાચું અને આ ખોટું' એમ તમને જે શીખવાડવામાં આવ્યું છે એ બધું ભૂલી જાવ. જીવન નિશ્ચિત નથી. આજે સાચી જણાતી બાબત કાલે ખોટી પણ લાગી શકે. અને આ ક્ષણે ખોટી લાગતી બાબત પછીની ક્ષણે સાચીય લાગી શકે. જીવન કંઇ પૂર્વનિર્ધારીત નથી હોતું. 'આ સાચું અને આ ખોટું' એવું લેબલ તેને આસાનીથી લગાડી ન શકાય. જીવન કંઇ કેમિસ્ટની દુકાન જેવું નથી કે જેમાં પ્રત્યેક બાટલી પર તેની અંદર શું છે તે દર્શાવતા લેબલ્સ માર્યા હોય. જીવન ગૂઢ હોય છે. એક ક્ષણે એક બાબત બંધ બેસતી હોય છે અને ત્યારે તે સાચી હોય છે. બીજી ક્ષણે ગંગામાં એટલું બધું પાણી વહી ગયું હોય છે કે એની એ જ બાબત પ્રતિકૂળ બની જાય છે અને તે ખોટી ઠરે છે.

સાચાની મારી વ્યાખ્યા શી છે? અસ્તિત્વ સાથે સુસંગત હોય એ સાચું અને અસ્તિત્વ સાથે અસંગત હોય એ ખોટું. પ્રત્યેક ક્ષણે તમારે ખૂબ સજાગ રહેવું પડે છે, કારણ કે પ્રત્યેક ક્ષણે તમારે નવેસરથી વિચારવાનું હોય છે. સાચા અને ખોટા અંગેના તૈયાર જવાબો પર તમે અવલંબિત રહી શકો નહીં. તૈયાર જવાબો પર કેવળ મૂર્ખ લોકો જ આધાર રાખતા હોય છે, કારણ કે તેમણે બુધ્ધિશાળી બનવાની જરૂર જ હોતી નથી. શું સાચું અને શું ખોટું એ તમે જાણતા જ હો છો. એની યાદી કંઇ ખાસ લાંબી નથી. તમે આસાનીથી તેને યાદ રાખી શકો છો.

જેમ કે- દસ આદેશો! કેટલા સરળ છે. તમને ખબર છે કે શું સાચું અને શું ખોટું. પણ જીવન સતત પરિવર્તનશીલ હોય છે. મોઝેસ પાછો આવે તો મને નથી લાગતું કે તે એના એ જ આદેશો દોહરાવે. એ એવું કરી જ ન શકે. ત્રણ હજાર વર્ષ પછી તે શી રીતે એના એ આદેશો આપી શકે?

તેણે કંઇક નવિન શોધી કાઢવું પડે.

મારી ખુદની સમજણ આવી છે : આદેશો જ્યારે પણ આપવામાં આવે ત્યારે તે લોકો માટે તકલીફો સર્જે છે. કારણ કે તે જારી કરવામાં આવે ત્યાં સુધીમાં તે જૂનાપુરાણા થઇ ચૂકયા હોય છે. જીવનની ગતિ ખૂબ તેજ હોય છે. તે ગતિશીલ હોય છે, સ્થિર નહીં. એ કંઇ ખાબોચિયું નથી, એ ગંગા સમાન હોય છે, તે વહેતું રહે છે. સતત બે ક્ષણો માટે પણ તે સમાન હોતું નથી. તેથી આ ક્ષણે કંઇક સાચું હોય તે પછીની ક્ષણે એમ ન પણ હોય.

તો કરવું શું? એક જ વાત સંભવ છે કે લોકોને એ હદે જાગૃત કરવા કે સતત પરિવર્તનશીલ જીવન સાથે શી રીતે વર્તવું એ તેઓ જાતે જ નકકી કરી શકે.

આ ઝેન કથા સાંભળો :

એક સ્થળે બે મંદિર હતા. બન્ને એકબીજાના કટ્ટર વિરોધી. આ બંને મંદિરના પૂજારીઓએ પોતપોતાના ભકતોને સામા મંદિર તરફ દ્રષ્ટિ કરવાની સુધ્ધાં ના પાડેલી. તેઓ ખરેખરા પૂજારી હશે.

પ્રત્યેક પૂજારી પાસે તેમની સેવા માટે એક એક છોકરો હતો. આ છોકરાઓ પૂજારી માટે વિવિધ વસ્તુઓ લાવી આપતા, તેમના નાના મોટા કામ કરી આપતા. એક મંદિરના પૂજારીએ પોતાને ત્યાં કામ કરતા છોકરાને સ્પષ્ટ આદેશ આપી રાખેલો કે, "પેલા મંદિરવાળા છોકરા સાથે કદી વાત કરતો નહીં. એ લોકો ખતરનાક છે."

પણ છોકરાઓ કોને કહ્યા? એક વાર તે બંને રસ્તે જતાં ભેગા થઇ ગયા. અને પ્રથમ મંદિરવાળા છોકરાએ બીજાને પૂછ્યું, " તું કયાં જાય છે?" પેલાએ કહ્યું, "પવન જ્યાં લઇ જાય ત્યાં." મંદિરમાં થતી ઝેનપંથની મહાન બાબતો કદાચ તેના કાને પડી હશે. આથી તેણે આવો જવાબ આપ્યો. આ જવાબ બિલકુલ તાઓ પ્રકારનો હતો!

પણ પેલો પૂછનાર છોકરો આવા જવાબથી બરાબરનો અકળાયો. આનો પ્રત્યુત્તર શો વાળવો એ તેને સમજાયું નહીં. આથી તે નિરાશ થઇ ગયો, ક્રોધે ભરાયો, એમાં ભળ્યો અપરાધભાવ, કે પોતાના ગુરુએ મનાઇ કરવા છતાં તેણે વાત કરી હતી. ખરેખર, આ લોકો ખતરનાક છે. આનો શો પ્રત્યુત્તર હોઇ શકે? એણે મારો માનભંગ કર્યો છે.

તે ગયો પોતાના ગુરુ પાસે અને આખી હકીકત રજુ કર્યા પછી કહ્યું, "તેની સાથે વાત કરવા બદલ દિલગીર છું. તમારી વાત ખરી હતી. આ વિચિત્ર લોકો છે. મેં તેને 'કયાં જાય છે?' પૂછ્યું એનો એણે કેવો જવાબ આપ્યો? મને ખબર હતી કે તે મારી જેમ જ બજારમાં જાય છે."

પેલા ગુરુએ કહયું, "મેં તને ચેતવેલો, પણ તું માન્યો નહીં. હવે કાલે એક કામ કરજે. એના એ

જ સ્થળે તું કાલે ઉભો રહેજે. એ છોકરો આવે એટલે તેને ફરીથી એનો એ જ પ્રશ્ન પૂછજે. એ કહેશે, પવન જ્યાં લઇ જાય ત્યાં. આથી તું જરા ફિલસૂફી દેખાડજે અને પૂછજે, તારી પાસે પગ ન હોત તો? કેમકે આત્મા નિરાકાર હોય છે. પવન તેને કયાંય લઇ જઇ શકતો નથી.''

છોકરો સમજી ગયો. તે બરાબર તૈયારી કરવા માંગતો હતો. આખી રાત જાગીને તેણે આ જવાબ ગોખી માર્યો. બીજે દિવસે સવારે વહેલો જઇને તે એ સ્થાને ઉભો રહી ગયો. નિર્ધારીત સમયે પેલો છોકરો ત્યાં આવ્યો. એ છોકરાને જોઇને પેલાએ વિચાર્યું કે બેટમજીને હવે ખબર પાડી દઉં કે ખરી ફિલસૂફી કોને કહેવાય. આથી તેણે પૂછયું, ''તું કયાં જાય છે?'' પૂછીને તે પેલા જવાબની રાહ જોવા લાગ્યો.

પણ આવનારા છોકરાએ કહ્યું, ''હું બજારમાં શાકભાજી લેવા જાઉં છું.'' આખી રાત જાગીને પોતે તૈયાર કરેલી ફિલસૂફી હવે શા કામની?

જીવન પણ આવું જ છે. તમે તેના માટે આગોતરી તૈયારી ના કરી શકો. એ જ એની મઝા છે, એનું સૌંદર્ય છે; કે તે સદાય તમારી સમક્ષ આશ્ચર્યરૂપે જ આવે છે. તમારી પાસે દૃષ્ટિ હશે તો તમે જોઇ શકશો કે પ્રત્યેક ક્ષણ આશ્ચર્ય સમાન છે. અને તેમાં કયાંય તૈયાર જવાબ લાગુ પાડી શકાય એમ નથી.

બુધ્ધિનો માર્ગ

બુધ્ધિ એટલે જીવંતતા, સહજતા. બુધ્ધિ એટલે ખુલ્લાપણું. બુધ્ધિ એટલે બિનપક્ષપાતીપણું તેમજ તારણો કાઢયા વિના કાર્ય કરવાની હિંમત. આને હું હિંમત શા માટે કહું છું? આને હિંમત કહેવાનું કારણ એટલું જ કે કોઇક તારણના આધારે તમે કાર્ય કરો ત્યારે એ તારણ તમને સલામતી તેમજ રક્ષણ આપે છે. તમે તેનાથી સુપેરે પરિચીત હો છો, તેની સાથે શી રીતે નીપટવું એ તમે જાણતા હો છો. જ્યારે કશા તારણના આધાર વિના કાર્ય કરવું એટલે નિર્દોષતાપૂર્વક કામ કરવું. એમ કરવામાં સલામતી કશી નથી. તમે ખોટા પડી શકો, માર્ગ ભૂલી શકો.

સત્ય નામની ચીજની શોધ માટે તત્પર વ્યકિતએ ઘણી ભૂલો કરવાની, જોખમો વહોરવાની તૈયારી રાખવી જોઇએ. તેમાં કદાચ માર્ગ પરથી ભટકી પણ જવાય, પરંતુ એ રીતે જ તેને પામી શકાય. કેટલીય વાર માર્ગ પરથી ભૂલા પડયા પછી જ શી રીતે માર્ગ ન ભૂલવો એ શીખવા મળે છે. અનેક ભૂલો કર્યા પછી જ વ્યકિતને ખ્યાલ આવે છે કે ભૂલ કોને કહેવાય અને તે શી રીતે ન કરવી. ભૂલને જાણ્યા પછી જ સત્યની નજદીક આવી શકાય છે. અને આ શોધ વ્યકિતગત હોય છે. અન્યોના તારણો પર તમે અવલંબિત રહી શકો નહીં. **તમે તદ્દન દિમાગશૂન્ય અવસ્થામાં જન્મ્યા હતા.** આ હકીકતને તમારા હૃદયમાં ઉંડે સુધી ખોડાયેલી રાખો. કેમકે એના દ્વારા જ દ્વાર ખૂલશે. તમે દિમાગશૂન્ય અવસ્થામાં જન્મ્યા હતા, માટે દિમાગ તો એક સામાજીક નીપજ છે.

તે પ્રાકૃતિક નહીં, પણ કેળવાયેલી ચીજ છે. તમારા માથે તે આરોપવામાં આવ્યું છે. ઉંડે ઉંડે તમે હજી પણ મુકત છો, તમે તેનાથી મુકત થઇ શકો છો. કુદરતથી કોઇ કદી મુક્ત ન થઇ શકે, પણ કૃત્રિમ બાબતથી તો વ્યક્તિ ઇચ્છે ત્યારે મુક્ત થઇ શકે છે.

વિચારના ઉદ્‌ભવ પહેલાં અસ્તિત્વનો ઉદ્‌ભવ થાય છે. આથી અસ્તિત્વ કંઇ વૈચારિક અવસ્થા નથી, બલ્કે તેનાથી પર અવસ્થા છે. હોવું અને વિચારવું નહીં એ જ મૂળભૂત બાબતને જાણવાની રીત છે. વિજ્ઞાન એટલે વિચારવું, ફિલસૂફી એટલે વિચારવું, આસ્તિકતા એટલે વિચારવું. ધાર્મિકતા એટલે વિચારવું એવો અર્થ હરગીજ નથી. બલ્કે ધાર્મિક અભિગમ એટલે અવિચારીપણાનો અભિગમ. તમને તે વાસ્તવિકતાથી વધુ નજદીક લાવે છે, તે વધુ નિકટ હોય છે. તમામ અવરોધોને તે પડતા મૂકે છે. તમને તે મુકત કરે છે, તમે જીવનના વહેણમાં વહેવા માંડો છો. તમે ભિન્ન છો એવું તમે વિચારતા નથી. તમે સાવ અળગા, કેવળ નિરીક્ષક હો એમ તમે માનતા નથી. તમે વાસ્તવિકતામાં હળીભળી જાવ છો.

તદ્દન બીજા પ્રકારની એ જાણકારી હોય છે. તેને 'જ્ઞાન' કહી ન શકાય. તેમાં પ્રેમનું પ્રમાણ વધુ અને જ્ઞાનનું પ્રમાણ ઓછું હોય છે. તે એ હદે ગાઢ હોય છે કે કેવળ 'જ્ઞાન' શબ્દ થકી તેને અભિવ્યકત કરી શકાય નહીં. તેની અભિવ્યકિત માટે 'પ્રેમ' શબ્દ વધુ યોગ્ય છે.

માનવ ચેતનાના ઇતિહાસમાં ઉદ્‌ભવેલી પહેલવહેલી ચીજ હતી જાદુ. જાદુ એ વિજ્ઞાન અને ધર્મનું સંયોજન હતું. જાદુમાં થોડું પ્રમાણ દિમાગનું અને થોડું દિમાગવિહીનતાનું પ્રમાણ હતું. જાદુમાંથી વિકાસ થયો ફિલસૂફીનો. અને ફિલસૂફીમાંથી વિકસ્યું વિજ્ઞાન. જાદુમાં મન અને અ-મનનું મિશ્રણ હતું. જ્યારે ફિલસૂફી કેવળ મનની બાબત હતી. મનની બાબતમાં પ્રયોગનો ઉમેરો થતાં બન્યું વિજ્ઞાન. ધાર્મિકતા એ મનવિહીનતાની અવસ્થા છે.

ધાર્મિકતા અને વિજ્ઞાન બંને વાસ્તવિકતા પ્રત્યેના બે અભિગમ છે. ધાર્મિકતા સીધો અભિગમ છે, જ્યારે વિજ્ઞાન ત્યાર પછીના ક્રમે આવે છે. વિજ્ઞાન એ પરોક્ષ અભિગમ છે. ધાર્મિકતા તત્કાળનો અભિગમ છે. વિજ્ઞાન ચોફેરે ઘૂમ્યા કરે છે જ્યારે ધાર્મિકતા વાસ્તવિકતાના મર્મસ્થાને ચોટ કરે છે.

બીજી કેટલીક વાતો... વિચારણા થકી કેવળ પરિચીત બાબતો અંગે જ વિચારી શકાય છે. ચવાઇ ગયેલી બાબતને જ તે ચાવી શકે છે. વિચારણા કદી અસલી ન હોઇ શકે. અપરિચિત બાબતો અંગે તમે શી રીતે વિચારી શકો? તમે જે પણ વિચારી શકતા હો તે કેવળ પરિચીત બાબત પૂરતું જ સિમીત હશે. તમે જાણતા હો છો તેથી જ તમે વિચારી શકો છો. વિચાર થકી તમે બહુ બહુ તો નવાં સંયોજનો સર્જી શકો. આકાશમાં ઉડી શકતા સુવર્ણના બનેલા અશ્વનો તમે વિચાર કરી શકો, પણ એમાં કંઇ નવું નથી. આકાશમાં ઉડી શકતા પક્ષીઓ, સુવર્ણ તેમજ

અશ્વથી તમે પરિચિત છો. આ ત્રણેયનું તમે સંયોજન કરો છો. બહુ બહુ તો તમે અવનવાં સંયોજનોની કલ્પના કરી શકો, પણ સાવ અપરિચીતને તમે ઓળખી કે જાણી નહીં શકો. અપરિચીત બાબત તેનાથી પર જ રહે છે. વિચારણા એક ચક્રની જેમ ફર્યા કરે છે. પરિચીત બાબતને તે ફરી ને ફરી જાણતી રહે છે. ચવાઇ ગયેલાને તે ચાવતી રહે છે. વિચારણા કદી અસલી હોતી નથી.

વાસ્તવિકતાને અસલી અર્થમાં, મૂળભૂત રીતે ઓળખવી, કશા મધ્યસ્થી વિના તે પ્રાપ્ત કરવી, તમે જાણે પહેલવહેલી વ્યક્તિ હો એ રીતે તેની સાથે પેશ આવવું, એને જ કહેવાય મુક્તિ. આ નાવિન્ય જ મુક્તિ અપાવે છે.

સત્ય એક અનુભૂતિ છે, નહીં કે માન્યતા. સત્ય કદી તેના વિશેનો અભ્યાસ કરવાથી પ્રાપ્ત ન થઇ શકે. સત્યનો સાક્ષાત્કાર કરવો પડે, તેનો સામનો કરવો પડે. પ્રેમ વિશેનો અભ્યાસ કરનાર વ્યક્તિને નકશો જોઇને હિમાલયનો અભ્યાસ કરનાર વ્યક્તિ સાથે સરખાવી શકાય. નકશો એ કંઇ પર્વત નથી! તમે નકશામાં માનવા લાગશો તો અસલી પર્વતને માણી નહીં શકો. નકશાનું તમને વધુ પડતું વળગણ થઇ જશે તો તમારી નજર સામે જ હોવા છતાં તમે પર્વતને જોઇ નહીં શકો.

આમ જ થતું હોય છે. પર્વત તમારી નજર સામે જ હોય છે, પણ તમારી આંખો નકશાથી ભરેલી હોય છે. વિવિધ પ્રકારના આરોહકોએ બનાવેલા એના એ પર્વતના વિવિધ નકશાથી તમારી દૃષ્ટિ ભરેલી હોય છે. પર્વત પર કોઇકે ઉત્તરેથી, તો કોઇકે પૂર્વમાંથી આરોહણ કર્યું હોય છે. તેમણે વિવિધ પ્રકારના નકશા બનાવેલા હોય છે, જેવા કેઃ કુરાન, બાઇબલ, ગીતા વગેરે...એક જ સત્યના તે વિવિધ નકશાઓ છે. પણ આ નકશાઓ વડે તમે એ હદે લદાયેલા હો છો કે તમે તસુભાર ખસી શકતા નથી. તમારી નજર સામે જ પર્વત ખડો છે, સવારના સૂર્યકિરણોમાં તેનાં હિમશીખરો સુવર્ણની માફક ઝગમગી રહ્યાં છે. પણ તેને જોવાની દૃષ્ટિ તમારી પાસે નથી.

પૂર્વગ્રહસહિતની આંખો અંધ હોય છે, તારણોથી સભર હૃદય મૃત હોય છે. વધુ પડતી પૂર્વધારણાઓને કારણે તમારી બુધ્ધિ તેનું સૌંદર્ય, તીક્ષ્ણતા અને સહજતા ગુમાવી બેસે છે. તે બુઠ્ઠી બની જાય છે.

બુઠ્ઠી થઇ ગયેલી બુધ્ધિ એટલે બૌધ્ધિકતા. તમારું કહેવાતું બૌધ્ધિકપણું કંઇ તમારી અસલી બુધ્ધિ નથી. તે નરી બૌધ્ધિકતા જ છે. અને બૌધ્ધિકતા શબ સમાન હોય છે. તમે ભલે તેને હીરા, માણેક, મોતીથી શણગારો, પણ શબ આખરે શબ હોય છે.

જીવંત હોવું એ તદ્દન ભિન્ન બાબત છે.

વિજ્ઞાન એટલે તદ્દન ચોક્કસ હોવું, તથ્યો અંગે સ્પષ્ટ હોવું. તથ્યો અંગે તમે તદ્દન નિશ્ચિત હશો તો તમે ગૂઢતાનો અનુભવ નહીં કરી શકો. તમે જેટલા વધુ નિશ્ચિત હશો એમ ગૂઢતાનું બાષ્પીભવન થઇ જશે. ગૂઢતા માટે અમુક પ્રકારની અસ્પષ્ટતા જરૂરી હોય છે; ગૂઢતા માટે અમુક પ્રકારની અનિશ્ચિતતા, નિઃસીમપણું જરૂરી હોય છે. વિજ્ઞાન તથ્ય આધારિત હોય છે. ગૂઢતા તથ્ય આધારિત નહીં, પણ અસ્તિત્વ આધારિત હોય છે.

તથ્ય એ અસ્તિત્વનો અત્યંત નાનકડો હિસ્સો હોય છે. વિજ્ઞાનનો સંબંધ આવા હિસ્સા સાથે, ભાગ સાથે હોય છે. કેમ કે તેની સાથે પનારો પાડવો સરળ હોય છે. તે નાનો હોય છે, તમે તેનું પૃથક્કરણ કરી શકો છો; તેનાથી તમે લદાઇ જતા નથી. તમે તેને હાથમાં ધારણ કરી શકો છે. તમે તેના વિશે ચર્ચા કરી શકો, તેને નામ આપી શકો. તથ્યના આ નાનકડા હિસ્સાના ગુણધર્મો, જથ્થા, સંભાવનાઓ બાબતે તમે સદંતર નિશ્ચિત બની શકો છો. પણ આ તમામ પ્રક્રિયા દરમ્યાન ગૂઢતાનું તત્વ નાશ પામે છે. વિજ્ઞાન એટલે ગૂઢપણાની હત્યા.

રહસ્યપણાની તમે અનુભૂતિ કરવા માંગતા હો તો તમારે તદ્દન ભિન્ન પાસા દ્વારા અન્ય દ્વારેથી પ્રવેશ કરવો પડશે, દિમાગનું, મનનું પરિમાણ એટલે વિજ્ઞાનનું અને ધ્યાનનું પરિમાણ એટલે રહસ્યપણાનું, ચમત્કારિકતાનું પરિમાણ.

ધ્યાન તમામ બાબતોને અવ્યાખ્યાયિત કરી દે છે. ધ્યાન તમને અજાણ્યા, અરેખાંકિત પ્રદેશમાં લઇ જાય છે. આસ્તે આસ્તે ધ્યાન તમને એવી અનુભૂતિ કરાવશે કે જેમાં દ્રષ્ટા અને દ્રશ્ય બંને એક થઇ જાય. વિજ્ઞાનમાં આમ થવું સંભવ નથી. વિજ્ઞાનમાં નિરીક્ષકે નિરીક્ષક જ બની રહેવું પડે અને નિરીક્ષ્યે નિરીક્ષ્ય બની રહેવું પડે. અને આ બંનેમાં તદ્દન સ્પષ્ટ અંતર સતત જળવાવું જોઇએ. એક ઘડી માટે પણ તમારે તમારી જાતને ભૂલવી જોઇએ નહીં. એક ક્ષણ માટેય તમારે જેને શોધી રહ્યા છો તેના પ્રત્યે લાગણીસભર, અતિ ઉત્સાહી યા આવેગયુકત બનવાની જરૂર નથી. તમારે તદ્દન ભિન્ન, તદ્દન ઠંડકયુકત સાવ અળગા બનવું પડશે. આ અળગાપણું રહસ્યતત્વને ખતમ કરી દે છે.

રહસ્યની યા ગૂઢપણાની તમે ખરેખર અનુભૂતિ કરવા માંગતા હો તો તમારા ખુદના અસ્તિત્વમાં તમારે નવું દ્વાર ખોલવું પડશે. હું એમ નથી કહેતો કે વૈજ્ઞાનિક અભિગમને સાવ છોડી દો. મારું કેવળ એટલું જ કહેવું છે કે વિજ્ઞાન તમારા માટે બાહ્ય પ્રવૃત્તિ બની રહી શકે. પ્રયોગશાળામાં તમે ભલે વિજ્ઞાની બની રહો, પણ ત્યાંથી બહાર આવ્યા પછી વિજ્ઞાનને ભૂલી જાવ. પછી પંખીઓનું ગાન સાંભળો, પણ વૈજ્ઞાનિક ઢબે નહીં! ફૂલો તરફ દ્દષ્ટિપાત કરો, પણ વૈજ્ઞાનિક ઢબે નહીં. કેમ કે ગુલાબ તરફ તમે વૈજ્ઞાનિક ઢબે જોશો તો એ તમને તદ્દન ભિન્ન ચીજ જણાશે. કવિને જે ગુલાબની અનુભૂતિ થાય છે એવું એ ગુલાબ નહીં લાગે.

અનુભૂતિ કદી પદાર્થ પર આધાર નથી રાખતી. તે આધાર રાખે છે અનુભૂતિ કરનાર પર, અનુભૂતિની ગુણવત્તા પર.

પુષ્પ પ્રતિ જોતાં પોતે પુષ્પ હોવાની અનુભૂતિ કરો. પુષ્પની ફરતે નૃત્ય કરો, ગીત ગાવ. પવન શીતળ અને આલ્હાદક છે, સૂર્ય પણ હુંફાળો છે. અને પુષ્પ ભરવસંતે છે. પુષ્પ પવનની લહેરોમાં ડોલી રહ્યું છે, ઝૂમી રહ્યું છે, ગીતો ગાઇ રહ્યું છે. તેમાં સહભાગી થાવ. અભિન્નતા, અળગાપણું, હેતુલક્ષીતાને પડતાં મૂકો. તમારા તમામ વૈજ્ઞાનિક વલણને પડતાં મૂકો. વધુ તરલ, વધુ નરમ બનો. પુષ્પને તમારા દિલ સાથે વાત કરવા દો. તમારા અસ્તિત્વમાં તેને પ્રવેશવા દો. તેને નિમંત્રણ આપો. તે પરોણો છે. એમ કરવાથી તમને ગૂઢપણાનો થોડો ઘણો સ્વાદ ચાખવા મળશે.

ગૂઢપણા તરફનું આ પહેલું કદમ છે. તમે ક્ષણભર માટે પણ તેમાં સહભાગી થઇ શકશો તો તમને આખરી કદમ માટેની કૂંચી, તેનું રહસ્ય પ્રાપ્ત થઇ જશે. ત્યાર પછી તમે જે કંઇ કરો તેમાં હિસ્સેદાર બનો. જેમ કે, ચાલવાની ક્રિયા–તેને યાંત્રિકતાપૂર્વક ન કરો. તેને કેવળ નિહાળ્યા પણ ન કરો. પણ ચાલવામય બની જાવ. નૃત્યને પણ ફકત પધ્ધતિસર ન કરો. પધ્ધતિ તો અસંગત બાબત છે. પધ્ધતિ યા તકનીકની દૃષ્ટિએ તમે સાચા હોઇ શકો, છતાં તમે તેનો અસલી આનંદ નહીં માણી શકો. તમારી જાતને નૃત્યમાં ડૂબાડી દો, નર્તક વિશે ભૂલી જઇને તમે ખુદ નૃત્ય બની જાવ.

તમારા જીવનના વિવિધ તબકકે આવું ગાઢ ઐકય શરૂ થઇ જાય, તમારી આસપાસ અહમશૂન્યતા, નહીંવતપણું પ્રસરી જાય એ ક્ષણ ધ્યાનની હોય છે. જ્યારે ફૂલ હોય, પણ ખુદ તમે તમારું અસ્તિત્વ વીસરી જાવ. મેઘધનુષ્ય હોય અને તમે જાતને ભૂલાવી દો, આકાશમાં વાદળાં ભટકવા માંડે અને તમે ખુદને વીસરો, તમારી અંદર પરમ શાંતિ હોય, તમારી અંદર બીજું કોઇ ન હોય, હોય કેવળ શુધ્ધ શાંતિ, નીરવ શાંતિ, તર્ક, વિચાર, લાગણી દ્વારા ભ્રમિત ન થઇ શકે એવી શાંતિ, ત્યારે એ ક્ષણ ધ્યાનની હોય છે. મન યા દિમાગનું અસ્તિત્વ ત્યારે હોતું નથી. અને મન ન હોય ત્યાં ગૂઢતા પ્રવેશે છે.

વિશ્વાસનો માર્ગ

વિશ્વાસ એટલે મહાનતમ બુધ્ધિ. લોકો વિશ્વાસ શા માટે નથી મૂકતા ? કેમકે તેમને ખુદની બુધ્ધિમાં વિશ્વાસ નથી. પોતે છેતરાઇ જશે એવી તેમને બીક લાગે છે. તેઓ ડરે છે એ કારણે તેઓ શંકા કરે છે. શંકા ભયને કારણે હોય છે. તમારી ખુદની બુધ્ધિમાં અનુભવાતી એક પ્રકારની અસલામતીને કારણે શંકા ઉદ્દભવે છે. તમે વિશ્વાસ મૂકશો અને તેમાં આગળ વધી શકશો એ બાબતે તમે એટલા વિશ્વાસુ હોતા નથી. વિશ્વાસ માટે જરૂરી છે પ્રચંડ માત્રામાં બુધ્ધિ, હિંમત તેમજ પ્રામાણિકતા. વિશ્વાસ મૂકવા માટે અતિશય હિંમતની જરૂર છે. તમારામાં યોગ્ય માત્રામાં

બુધ્ધિ ન હોય તો તમે શંકા દ્વારા તમારી જાતનું રક્ષણ કરો છો.

તમારામાં બુધ્ધિ હશે તો તમે અજાણ્યા પ્રદેશમાં જવા માટે તૈયાર હશો. કેમ કે તમે જાણો છો કે પરિચિત બાબતો ન રહે તો પણ તદ્દન અપરિચિત સ્થળે પણ તમે સ્થાયી થઇ શકશો. એવા મુલકમાં તમે ઘર બનાવી શકશો. તમે તમારી બુધ્ધિમાં શ્રધ્ધા અને વિશ્વાસ રાખો. અવિશ્વાસ સદાય સંદેહાત્મક હોય છે.

બુધ્ધિ ખુલ્લાપણું રાખે છે, કેમ કે તેને ખ્યાલ છે કે જે થવાનું હો તે ભલે થતું, પણ હું પડકાર ઝીલીને તેને પહોંચી વળીશ. ઉતરતી કક્ષાના દિમાગને પોતાનામાં વિશ્વાસ નથી હોતો. જ્ઞાન સાવ સામાન્ય કક્ષાની બાબત છે.

કંઇ પણ ન જાણવાની અવસ્થા હોવી એટલે બુધ્ધિ. એ જાગરૂકતા છે, અને તેમાં ક્રમિક વધારો થતો નથી. પ્રત્યેક ક્ષણે થયા પછી તે અદ્રશ્ય થઇ જાય છે અને પોતાના અસ્તિત્વનો અંશ માત્ર તે પાછળ છોડતી નથી. તેમાંથી વ્યક્તિ પુનઃ એકવાર શુધ્ધ, નિર્દોષ, બાળક સમાન બનીને બહાર આવે છે.

જીવનને સમજવાનો પ્રયત્ન ન કરશો. એને એમ જ છોડી દો. પ્રેમને સમજવાનો પ્રયત્ન ન કરો. તેમાં સરી જાવ. તો જ તમને ખબર પડશે. અને તમને અનુભવ થકી જ તેનો ખ્યાલ આવશે. આ જાણકારી કદી પેલા ગૂઢત્વને નષ્ટ કરે. તમે જેમ વધુ જાણતા જશો એમ તમને ખ્યાલ આવતો જશે કે હજી ઘણું જાણવાનું બાકી છે.

જીવન કંઇ સમસ્યા નથી. તેને સમસ્યા તરીકે જોવું એટલે ખોટું પગલું ભરવું. એ તો એક એવું રહસ્ય છે જેને જીવવાનું છે, પ્રેમ કરવાનો છે, તેની અનુભૂતિ કરવાની છે.

ખરેખર તો દરેક બાબતે સમજૂતી માંગ્યા કરતું દિમાગ એક ભયભીત દિમાગ હોય છે. સખત ડરને કારણે તે દરેક બાબતની સમજૂતી માંગે છે. તેને સમજાવવામાં ન આવે ત્યાં સુધી તે કંઇ કરી શકતું નથી. સમજૂતી પ્રાપ્ત કર્યા પછી તેને લાગે છે કે હવે પોતે એ પ્રદેશથી પરિચીત છે, તેની ભૂગોળથી પરિચિત છે. તેને લાગે છે કે નકશો, માર્ગદર્શિકા તેમજ સમયપત્રકને સહારે તે આગળ વધી શકશે. અજાણ્યા પ્રદેશમાં જવા માટે તે કદી તૈયારી નહીં બતાવે. નકશો કે માર્ગદર્શિકા વિના તે આગળ નહીં વધે. પણ જીવન એવું જ હોય છે. એમાં નકશો હોવો સંભવ નથી કેમ કે જીવન સતત પરિવર્તનશીલ હોય છે. તેમાં પ્રત્યેક ક્ષણ વર્તમાન હોય છે. આ સૃષ્ટિમાં કંઇ પણ જૂનુંપુરાણું હોતું નથી. પ્રત્યેક ચીજ નવિન હોય છે. જીવનમાં પ્રચંડ ગતિશીલતા હોય છે. તેમાં પરિવર્તન એ એક જ બાબત સ્થાયી હોય છે. પરિવર્તન કદી બદલાતું નથી.

તમામ બાબતો બદલાયા કરે છે, માટે તમારી પાસે નકશો હોઇ શકે નહીં. નકશો તૈયાર થાય

ત્યાં સુધીમાં તો તે જૂનો થઇ જતો હોય છે. નકશો પ્રાપ્ય બને ત્યાં સુધી તો તે નિરર્થક બની જતો હોય છે, જીવને પોતાનો માર્ગ બદલી નાંખ્યો હોય છે. જીવન નવા ખેલનો પ્રારંભ કરી દે છે. નકશા થકી તમે જીવન સાથે મેળ પાડી શકતા નથી, કેમ કે જીવન માપી શકાય એવું નથી હોતું. માર્ગદર્શિકાના ઉપયોગ દ્વારા કંઇ જીવન સાથે કામ પાર પાડી ન શકાય, કેમ કે જ્યાં બધું સ્થગિત હોય ત્યાં જ માર્ગદર્શિકા ઉપયોગી બની શકે. જીવન કંઇ સ્થગિત નથી. તે તો ગતિશીલ છે, તે પ્રક્રિયા છે. તેનો નકશો હોઇ ન શકે. તેને માપી તોલી ન શકાય. તે તો એક અમાપ રહસ્ય છે. તેની સમજૂતી ન માંગો.

આને હું મનની પુખ્તતા કહું છું. જ્યારે કોઇ વ્યક્તિ કશાય સવાલ કે અવઢવ વિના જીવન તરફ જોવાનો દૃષ્ટિકોણ અપનાવે અને હિંમત તેમજ નિર્ભિકતાપૂર્વક તેમાં ઝંપલાવે તેને મનની, દિમાગની પુખ્તતા યા પરિપકવતા કહેવાય.

વિશ્વ આખું દંભી ધાર્મિક લોકોથી ભરપૂર છે. ચર્ચ, મંદિરો, ગુરુદ્વારા, મસ્જિદ વગેરે ધાર્મિક લોકોથી છલોછલ છે. તમે શું જોઇ નથી શકતા કે દુનિયા તદ્દન અધાર્મિક છે? આટલા બધા ધર્મિષ્ઠ લોકો હોવા છતાં, વિશ્વ આ હદે અધાર્મિક છે- શી રીતે થાય છે આ ચમત્કાર? પ્રત્યેક જણ ધાર્મિક હોવા છતાં તેમાં સરવાળે અધાર્મિકતા આવે છે. ધર્મ જૂઠો છે. લોકોએ શ્રધ્ધાને કેળવેલી છે. શ્રધ્ધા એક માન્યતા બની ગઇ છે, નહીં કે અનુભૂતિ. લોકોને શ્રધ્ધા રાખવાનું શીખવવામાં આવે છે, તેમને જાણવાનું શીખવાડાતું નથી. અહીં જ માનવજાત ચૂકી ગઇ છે.

કદીય કશું માની ના લો. તમે વિશ્વાસ ના કરી શકતા હો તો શંકા કરવી બહેતર છે, કારણ કે શંકામાંથી જ કયારેક ને કયારેક વિશ્વાસ ઉદ્‌ભવવાની સંભાવનાનો ઉદય થશે. શંકા સાથે તમે કંઇ કાયમી ધોરણે રહી ન શકો. શંકા તો રોગ સમાન છે, બિમારી સમાન છે. શંકાથી તમને કદી સંતોષ પ્રાપ્ત નહીં થાય. શંકા થકી તમે સતત કાંપતા રહેશો. એનાથી તમે સદાય પીડામાં રહેશો, સાવ વિભાજીત અને અનિર્ણીત અવસ્થામાં રહેશો. સદાય તમે દુઃસ્વપ્નમાં રહેશો. આથી આજે નહીં તો કાલે તમે તેની પાર શી રીતે જવું તે શોધતા રહેશો. હું આથી જ કહું છું કે આસ્તિક યા દંભી આસ્તિક બનવા કરતાં નાસ્તિક બનવું સારું.

બચપણથી તમને માનવાનું, માની લેવાનું શીખવાડવામાં આવે છે. પ્રત્યેકના મનમાં આ પૂર્વધારણા ઠાંસવામાં આવે છે. ઇશ્વરમાં માનો, આત્મામાં માનો, ફલાણામાં માનો કે ઢીંકણામાં માનો. તમારા હાડોહાડમાં આવી માન્યતા વ્યાપી જાય છે, પણ તે કેવળ માન્યતા જ રહે છે. તમે તેને જાણતા નથી. તમે જાણતા ન હો તો તમે મુકત શી રીતે થઇ શકો ? કેવળ જ્ઞાન જ મુક્તિ અપાવે છે. તમામ માન્યતાઓ ઉછીની હોય છે. અન્યોએ તમને તે આપી હોય છે, એ કંઇ તમે પોતે ઘડેલી નથી. ઉછીની લીધેલી કોઇ વસ્તુ તમને અસલિયત સુધી શી રીતે દોરી જઇ

શકવાની ? અન્યો પાસેથી લીધેલી તમામ બાબતોને પડતી મૂકો. ધનવાન બનવા કરતાં ભિક્ષુક બનવું વધુ સારું. પોતાની કમાણીથી નહીં, પણ ચોરીના માલથી ધનવાન બનવું, ઉછીની લીધેલી ચીજોથી યા પરંપરાગત કે વારસાગત રીતે ધનવાન બનવા કરતાં ભિક્ષુક બનવું વધુ સારું. ભિક્ષુક પણ પોતાની મેળે બનવાનું છે. આ નિર્ધનતામાં પણ ધનિકતા રહેલી છે, કેમ કે તે સાચી હોય છે. જ્યારે માન્યતાની ધનિકતા યા સમૃદ્ધિ અત્યંત કંગાળ હોય છે. આવી માન્યતાઓ કદી બહુ ઊંડે જઇ ન શકે. બહુ બહુ તો તે ત્વચાને ભેદી શકે, બસ. સહેજ ઉઝરડો પાડતાં જ ગેરમાન્યતા બહાર નીકળી આવશે.

તમે ઇશ્વરમાં શ્રધ્ધા રાખો છો. પણ વ્યવસાયમાં તમે નિષ્ફળ જાવ છો અને અચાનક તમારી શ્રધ્ધા ડગી જાય છે. તમે કહેવા માંડો છો, “ હું માનતો નથી, ઇશ્વરમાં હું માની શકતો નથી.” ઇશ્વરમાં તમે માનતા હો અને તમારું કોઇ સ્વજન અવસાન પામે કે તમારી માન્યતા હલી જાય છે. ઇશ્વરમાં માનતા હોવા છતાં કેવળ તમારા કોઇ સ્વજનના મૃત્યુ માત્રથી તમારી શ્રધ્ધા ડગી જાય?તો તમને કંઇ ખાસ શ્રધ્ધા છે એમ ન કહેવાય. શ્રધ્ધા કદી નષ્ટ ના થઇ શકે. એક વાર હોય પછી કશાથી તે નષ્ટ ન થાય. તેને કોઇ કહેતાં કોઇ નષ્ટ ન કરી શકે.

યાદ રાખો કે શ્રધ્ધા અને માન્યતામાં બહુ મોટો ફરક છે. શ્રધ્ધા અંગત બાબત છે, જ્યારે માન્યતા સામાજીક બાબત છે. શ્રધ્ધા તમારી અંદર ઉગાડવાની હોય છે. જ્યારે માન્યતાની અંદર તમારે રહેવાનું હોય છે. તમે ભલે ગમે તે હો, માન્યતાને તમારા પર લાદી શકાય છે. માન્યતાઓને પડતી મૂકો. ત્યાં ભય હશે. કારણ કે માન્યતાને પડતી મૂકશો તો શંકા ઉદ્‌ભવશે. પ્રત્યેક માન્યતા શંકાને દાબીને તેને કયાંક સંતાઇ જવાની ફરજ પાડે છે. માટે શંકાને ઉદ્‌ભવવા દો. તેની ચિંતા કરશો નહીં. સૂર્યોદય સુધી પહોંચતા અગાઉ પ્રત્યેક જણે અંધારી રાતમાંથી પસાર થવું પડતું હોય છે. પ્રત્યેકે શંકામાંથી પસાર થવું પડે છે. મુસાફરી ખૂબ લાંબી અને રાત અંધારી હોય છે. પણ લાંબી મુસાફરી અને અંધારી રાત્રિ પછી સવારનો ઉદય થાય છે ત્યારે તમને જાણ થાય છે કે એ બધું પણ જરૂરી હતું. શ્રધ્ધાને ‘કેળવી’ ન શકાય. તેને કદી કેળવવાનો પ્રયત્ન ન કરો. સમગ્ર માનવજાત દ્વારા આ જ કરાતું આવ્યું છે. કેળવાયેલી શ્રધ્ધા માન્યતા બની જાય છે. શ્રધ્ધાને તમારી ભીતરમાં જ શોધો. તેને કેળવો નહીં. તમારા અસ્તિત્વની અંદર ઊંડા ઉતરો, તેના મૂળ સુધી જાવ અને તેની ખોજ કરો.

પૃચ્છા માટે જરૂર પડશે શ્રધ્ધાની. કારણ કે તમે તદ્દન અજાણી જગાએ જવાના છો. તેના માટે પ્રચંડ શ્રધ્ધા અને હિંમતની જરૂર પડશે. કેમ કે તમે પારંપરિક અને રૂઢિગત બાબતોથી છેટે જઇ રહ્યો છો. ટોળાથી તમે દૂર જઇ રહ્યા છો. તમે અફાટ સમુદ્રમાં જઇ રહ્યા છો, જેનો બીજો કિનારો હશે કે નહીં એ પણ તમને ખબર નથી.

શ્રધ્ધા રાખવા માટે તમને તૈયાર કર્યા વિના હું તમને એવી કોઇ શોધમાં મોકલી ન શકું. આ બાબત વિરોધાભાસી જણાશે, પણ હું શું કરી શકું? જીવન આવું જ હોય છે. પ્રચંડ શ્રધ્ધા ધરાવનાર વ્યકિત જ પ્રચંડ શંકા યા જીજ્ઞાસા વ્યકત કરી શકે છે.

ઓછી શ્રધ્ધા રાખનારની શંકા પણ સાવ નાની હોય. અને શ્રધ્ધાવિહીન વ્યકિત કેવળ શંકા કરવાનો ડોળ જ કરતી હોય છે. તે ઉંડાણપૂર્વક કંઇ પૃચ્છા કરી શકતી નથી. ઉંડાણ શ્રધ્ધા થકી જ આવતું હોય છે. અને એ જોખમ છે. તમને હું અસીમ સમુદ્ર તરફ મોકલું તે અગાઉ મારે તમને તૈયાર કરવા પડશે. આ અમાપ મુસાફરી તમારે એકલપંડે પાર પાડવાની છે, પણ હું તમને કેવળ નાવડી સુધી દોરી જઇ શકીશ. સૌ પ્રથમ તો તમારે શ્રધ્ધાના સૌંદર્ય અંગે, હૃદયના માર્ગના ઉન્માદ વિશે જાણવું રહ્યું. અસ્તિત્વના સાવ ખુલ્લા સમુદ્રમાં તમે જઇ રહ્યા હો ત્યારે આગળ વધવા માટે તમને પૂરતી હિંમત રહેશે. તમારી સાથે કંઇ પણ થાય, પણ તમારી જાતમાં તમને પૂરતી શ્રધ્ધા રહેશે.

જરા વિચારી જુઓ: તમને તમારી જાતમાં શ્રધ્ધા ન હોય તો અન્ય કશામાં તમે શી રીતે શ્રધ્ધા મૂકી શકશો? આમ થવું અસંભવ છે. તમે તમારી જાતમાં શંકા કરશો તો તમે શ્રધ્ધા શી રીતે રાખી શકશો? શ્રધ્ધા તમારે રાખવાની છે, તમને તમારી જાતમાં શ્રધ્ધા નહીં હોય તો તમારી શ્રધ્ધામાં શી રીતે શ્રધ્ધા રહેશે? બૌધ્ધિકતાનું બુધ્ધિમતામાં રૂપાંતર થાય એ અગાઉ હૃદય ખુલ્લું હોય એ અત્યંત જરૂરી છે. બૌધ્ધિકતા અને બુધ્ધિમતા વચ્ચે આ જ ફરક છે.

બુધ્ધિ એટલે તમારા હૃદય સાથે લયબધ્ધ હોય એવી બૌધ્ધિકતા. શ્રધ્ધા શી રીતે રાખવી તે હૃદય જાણે છે. ખોજ શી રીતે કરવી તે બૌધ્ધિકતા જાણે છે.

પૂર્વના દેશોની એક બહુ જાણીતી આ કથા સાંભળો :

એક ગામની સીમમાં બે ભિક્ષુકો વસવાટ કરતા હતા. તેમાંનો એક અંધ હતો અને બીજો લંગડો હતો. ગામની બહાર જંગલના ભાગમાં એક વાર આગ લાગી. આ બંને ભિક્ષુકો ખરેખર તો એકબીજાના હરિફો હતા, કેમ કે તે બંનેનો વ્યવસાય સમાન હતો. બંને જણા એના એ જ લોકો પાસેથી ભિક્ષા માંગતા હતા. આ કારણે બંને એકબીજા પ્રત્યે સતત રોષે ભરાયેલા રહેતા. તેઓ મિત્ર નહીં, પણ શત્રુ હતા.

એક જ વ્યવસાયમાં હોય એવા લોકો કદી મિત્રો ન હોઇ શકે. બહુ મુશ્કેલ બાબત છે આ, કારણ કે સ્પર્ધાનો, ગ્રાહકોનો એમાં સવાલ હોય છે. તમારે એકબીજાના ગ્રાહકો આંચકી લેવાના હોય છે. ભિક્ષુકો પોતાના ગ્રાહકોને આ રીતે ઓળખતા હોય છે : "યાદ રાખજે પેલો મારો ગ્રાહક છે. તારે એને છેડવાનો નથી." તમને ખુદને ખબર નહીં હોય કે તમે કયા ભિક્ષુકની માલિકીના છો, એ ભિક્ષુક કોણ છે, પણ શેરીમાંના કોઇ ભિક્ષુકે તમારી માલિકી લઇ લીધી છે.

તે કદાચ ઝઘડીને જીત્યો હશે અને હવે તમારો માલિક બની બેઠો હશે.

અમારા વિશ્વવિદ્યાલય નજીક એક ભિક્ષુકને હું કાયમ જોતો, પણ એક વાર મેં તેને બજારમાં જોયો. તે મોટે ભાગે વિશ્વવિદ્યાલય પાસે જ બેસી રહેતો. કેમ કે યુવાનો વધુ ઉદાર હોય છે, જ્યારે ઉંમરલાયક લોકો વધુ ભયભીત, વધુ કંજૂસ થતા જાય છે. મૃત્યુ નજીક આવતું જાય એમ કેવળ પૈસા જ તેમને સહાયરૂપ નીવડશે એમ તેમને લાગે છે. તેમની પાસે પૈસા હશે તો જ અન્ય લોકો તેમને મદદ કરશે. તેમની પાસે પૈસા નહીં હોય તો તેમનાં ખુદનાં દીકરા-દીકરીઓને પણ તેની પડી નહીં હોય. પણ યુવાનો ઉડાઉ પ્રકૃતિના હોય છે. તેઓ કમાઇ શકે છે, તેમની આગળ ખૂબ લાંબી જીંદગી પડેલી હોય છે.

પેલો ભિક્ષુક ધનવાન હતો. કેમ કે ભારતમાં તો સમૃધ્ધ કુટુંબમાંથી આવનાર સંતાન જ વિશ્વવિદ્યાલય સુધી પહોંચી શકે. બાકીનાઓ માટે એ સંઘર્ષ સમાન હોય છે. થોડા ઘણા ગરીબ લોકો પણ ત્યાં પહોંચે છે ખરા, પરંતુ તે બહુ દર્દનાક, થકવી નાંખનારો અનુભવ હોય છે. હું પણ એક ગરીબ કુટુંબમાંથી આવતો હતો. આખી રાત હું એક છાપાના સંપાદક તરીકે કાર્ય કરતો અને દિવસે હું વિશ્વવિદ્યાલયમાં જતો. દિવસે કે રાતે-જ્યારે પણ સમય મળે ત્યારે હું ઝોકું મારી લેતો. વરસો સુધી હું રોજના ત્રણ-ચાર કલાકથી વધુ સૂઇ શકયો નહોતો.

પેલો ભિક્ષુક બહુ જોરાવર હતો. વિશ્વવિદ્યાલયવાળા માર્ગ પર અન્ય કોઇ પણ ભિક્ષુક માટે પ્રવેશબંદી હતી. એકે-એક જણને ખબર હતી કે યુનિવર્સિટીનો અસલી માલિક ભિક્ષુક છે. એક દિવસ મેં અચાનક એક યુવાનને ત્યાં ઉભેલો જોયો. પેલો ભિક્ષુક ત્યાં હતો નહીં. મેં પૂછયું, "શું થયું પેલા વૃધ્ધ ભિક્ષુકને? એ કયાં છે?"

યુવાન કહે, "એ મારા સસરા થાય. તેમણે મને ભેટ તરીકે આ વિશ્વવિદ્યાલય આપ્યું છે." વિશ્વવિદ્યાલયને ખબર નહોતી કે તેની માલિકી બદલાઇ ગઇ છે અને હવે કોઇ નવો માલિક આવ્યો છે. યુવાને મને માહિતી આપતાં કહ્યું, "મેં તેમની દીકરી સાથે લગ્ન કર્યા છે."

ભારતમાં એવો રિવાજ છે કે તમે કોઇકની દીકરી સાથે પરણો ત્યારે તમને દહેજ આપવામાં આવે છે. દીકરીને ફકત પરણવું પૂરતું નથી. તમારા સસરાએ તમને દહેજ આપવું જ પડે. સસરા બહુ ધનવાન હોય તો તે કાર અને બંગલો પણ આપે. જો તેની પાસે ખાસ પૈસો ન હોય તો છેવટે તે સ્કૂટર આપે. એ પણ ન પોષાય તો છેવટે સાયકલ પણ આપવી પડે. રેડિયો, ટેલિવિઝન જેવી કોઇ પણ ચીજ અને થોડી રોકડ તેણે આપવી પડે. જો સસરા ખરેખર સમૃધ્ધ હશે તો જમાઇને વિદેશમાં જવાની, અભ્યાસ કરીને ડૉક્ટર, એન્જીનીયર જેવો શિક્ષીત માણસ બનવાની તક અને ખર્ચ આપશે.

પેલા ભિક્ષુકની દીકરી પરણી અને તેને દહેજમાં આખેઆખું વિશ્વવિદ્યાલય આપવામાં આવ્યું. જમાઇએ મને કહ્યું, ''આ શેરી તેમજ વિશ્વવિદ્યાલય આજથી મારી હકૂમતમાં છે અને મારા સસરાએ મને મારા ગ્રાહકો ચીંધી દીધા છે.''

મેં પેલા વૃધ્ધ ભિક્ષુકને બજારમાં ઉભેલો જોઇને તેને કહ્યું, ''વાહ, કહેવું પડે! દહેજ આપીને તમે બહુ સારું કામ કર્યું.''

તેણે કહ્યું, ''હા, હા. મારે ફકત એક જ દીકરી હતી. અને હું મારા જમાઇ માટે કંઇક કરવા ઇચ્છતો હતો. ભીખ માંગવા માટેની સર્વશ્રેષ્ઠ જગા મેં તેને આપી છે. હવે હું આ **બજારમાં મારો** ઇજારો સ્થાપવા ઇચ્છું છું. બહુ અઘરું કામ છે આ, કેમ કે અહીં ઘણા ભિક્ષુકો છે. કાયમી ગ્રાહકો ધરાવતા હોય એવા ઘણા જૂના ભિક્ષુકો છે. પણ ફિકર કરવા જેવું નથી. હું બધું ફોડી લઇશ. અમુક જણાને હું અહીંથી તગેડી મૂકીશ.'' અને ખરેખર તેણે એમ કર્યું હતું.

આપણે ગામની બહાર રહેતા પેલા બે ભિક્ષુકોની વાત કરતા હતા. જંગલમાં આગ લાગી ત્યારે ક્ષણભર તેમણે વિચાર્યુ. તેઓ બંને શત્રુઓ હતા. તેમની વચ્ચે બોલવાના સુધ્ધાં સંબંધ નહોતા, પણ અત્યારે વિકટ પરિસ્થિતિ ઉભી થઇ હતી. અંધ ભિક્ષુકે પગ વિનાના પંગુ ભિક્ષુકને કહ્યું, ''અહીંથી છટકવાનો હવે એક જ માર્ગ છે. તું મારા ખભે બેસી જા. તું મારા પગનો ઉપયોગ કર અને હું તારી આંખનો ઉપયોગ કરીશ. આપણી જાતને આપણે આ રીતે જ બચાવી શકીશું.''

પેલો તરત સમજી ગયો. પગ વિનાનો એ માણસ બહાર નીકળી શકત નહીં. જંગલ પાર કરવું તેના માટે અસંભવ હતું. આખું જંગલ ભડકે બળતું હતું. બહુ બહુ તો તે થોડું ઘણું સરકી શકત, પણ તે નિરર્થક હતું. અંધ માણસને પણ ખબર હતી કે પોતે બહાર નીકળી નહીં શકે. તેને કશી ખબર પડતી નહોતી કે આગ કઇ બાજુ છે, રસ્તો કઇ બાજુ છે, વૃક્ષો કઇ તરફ સળગી રહ્યાં છે અને કઇ તરફ નહીં. તે ખોવાઇ જાત. પણ બંને બુધ્ધિશાળી માણસો પોતાની દુશ્મનાવટ ભૂલીને મિત્ર બની ગયા અને પોતાની જીંદગી બચાવી.

પૂર્વની આ દંતકથા છે. તમારી બુધ્ધિમતા અને તમારા દિલ અંગેની કથા છે. તેને ભિક્ષુકો સાથે કશી લેવા દેવા નથી, તેને લેવા દેવા છે તમારી સાથે. સળગતા જંગલ સાથે તેને કશી લેવા દેવા નથી, તેને તમારી સાથે લેવા દેવા છે. કેમ કે તમે સળગી રહ્યા છો. પ્રત્યેક ક્ષણે તમે પીડામાં, દુઃખમાં સળગી રહ્યા છો. તમારી બુધ્ધિ અંધ છે. તેને પગ છે, તે ઝડપથી ભાગી શકે છે. પણ અંધ હોવાથી તે જવા માટેની યોગ્ય દિશા નક્કી કરી શકતી નથી. પરિણામે તે અથડાતી, કૂટાતી રહેશે અને જાતે ઇજા પામતી રહેશે. જીવનને તે અર્થહીન માનતી રહેશે. વિશ્વભરના બૌધ્ધિકો આમ જ કહે છે કે : ''જીવન અર્થહીન છે.''

તેમને જીવન વ્યર્થ જણાય છે તેનું કારણ એ છે કે અંધ બુધ્ધિ પ્રકાશને જોવાનો યત્ન કરે છે. આ અસંભવ છે.

તમારી ભીતર એક હૃદય છે, જે જોઇ શકે છે, અનુભૂતિ કરી શકે છે, પણ તેને પગ નથી. તે દોડી શકતું નથી. તે પોતે જ્યાં છે ત્યાં જ ધબકતું રાહ જોતું રહે છે. કયારેક બુધ્ધિ સમજશે અને જોવા માટે હૃદયની આંખોનો ઉપયોગ કરશે.

હું 'શ્રધ્ધા' શબ્દનો ઉપયોગ કરું છું તેનો અર્થ છે હૃદયની આંખો. અને જ્યારે હું 'શંકા' શબ્દનો ઉપયોગ કરું છું તેનો મતલબ છે તમારી બુધ્ધિરૂપી પગ.

બંને ભેગા મળીને આગમાંથી બહાર આવી શકશે, એમાં વાંધો નહીં આવે. પણ યાદ રાખો કે બુધ્ધિએ હૃદયને પોતાના ખભા પર બેસાડવું પડશે. તેણે એમ કરવું જ પડશે. હૃદય પાસે પગ નથી, કેવળ આંખો છે. બુધ્ધિએ હૃદયને સાંભળવું પડશે અને તેની સૂચનાનું પાલન કરવું પડશે.

હૃદયના હાથોમાં બુધ્ધિમતા બુધ્ધિશાળી બની જાય છે. ઉર્જાનું એ સંપૂર્ણ રૂપાંતર છે. ત્યાર પછી માણસ બૌધ્ધિક નહીં, પણ કેવળ શાણો બની રહે છે. બુધ્ધિ અને હૃદયના મિલન દ્વારા શાણપણ આવે છે. તમારા હૃદયનાં સ્પંદનો અને તમારી બુધ્ધિના કાર્યને સુમેળપૂર્વક સુસંગત બનાવવાની કળા તમે શીખી જાવ પછી તમામ રહસ્ય તમારા હાથમાં છે. તમામ ગૂઢતાને ખોલવાની ગુરુચાવી તમારા હાથમાં છે.

નિર્દોષતાનો માર્ગ

ખરેખરો સવાલ હિંમતનો નથી. અસલી સવાલ એ છે કે પરિચીત વસ્તુ મૃત છે અને અપરિચીત વસ્તુ જીવંત છે. પરિચીતને વળગી રહેવું એટલે શબને વળગેલા રહેવું. આ વળગણને પડતું મૂકવા માટે હિંમતની જરૂર નથી. વાસ્તવમાં તો શબને વળગીને રહેવામાં હિંમતની જરૂર પડતી હોય છે.

તમારે જોવાનું છે કે- જે તમારું પરિચીત છે, તમે જેને જીવ્યા છો એણે આપ્યું છે શું? તમે કયાં આવી પહોંચ્યા છો? હજી તમે ખાલીખમ નથી? હજીય ભરપૂર અસંતોષ, ઊંડી નિરાશા તેમજ અર્થહીનતા નથી? તમે ગમે એમ કરીને બધું કરી લો છો, સત્યને છુપાવો છો અને વ્યસ્ત રહેવા માટે જૂઠાણાં સરજ્યે જાવ છો.

સવાલ આ છેઃ તમે જે જાણો છો એ ભૂતકાળ છે, ગત છે. આ બાબતને સ્પષ્ટતાથી જોવી. તે કબ્રસ્તાનનો હિસ્સો છે. તમે કબરમાં રહેવા ઇચ્છો છો કે જીવંત રહેવા ઇચ્છો છો? અને આ સવાલ આજ પૂરતો નથી. કાલે અને પરમ દિવસે પણ આ જ પ્રશ્ન રહેવાનો છે. તમારા છેલ્લા શ્વાસ સુધી આનો આ સવાલ રહેવાનો.

તમે જે પણ જાણતા હો, એકઠું કર્યું હોય, જે પણ માહિતી, જ્ઞાન, અનુભવનો સંચય કર્યો હોય, પણ જે ક્ષણે તમે તેને પામો છો કે તમે તેના થકી ખતમ થઇ જાવ છો. એ ખાલીખમ શબ્દોના બોજથી તમારું જીવન કચડાય છે, તમને આનંદમય, જીવંત બનતાં અવરોધે છે. આ આનંદ, જીવંતપણું તમારી ક્ષણેક્ષણ પ્રતિક્ષા કરતું હોય છે.

સમજણવાળો માણસ ક્ષણેક્ષણ ભૂતકાળમાં મરતો હોય છે અને ભવિષ્યમાં પુનર્જન્મ પામતો રહેતો હોય છે.

સમજણ ધરાવતી વ્યક્તિ પ્રતિ ક્ષણ ભૂતકાળમાં મૃત્યુ પામતી રહે છે અને ભવિષ્યમાં પુનર્જન્મ પામતી રહે છે. તેનો વર્તમાન સદાય એક રૂપાંતર, પુનર્જન્મ યા પુનર્જીવન હોય છે. સૌ પ્રથમ એ વાત સમજી લેવી જોઇએ કે એમાં હિંમતનો સવાલ નથી, બલ્કે સ્પષ્ટતાનો– કઇ ચીજ શું છે તે બાબતે સ્પષ્ટ થઇ જવાનો સવાલ છે.

બીજી વાત એ પણ છે કે જ્યારે ખરેખર હિંમતનો પ્રશ્ન ઉભો રહે ત્યારે તમને તે કોઇ આપી શકતું નથી. એ કંઇ એવી ચીજ નથી કે જેને ભેટ તરીકે આપી શકાય. હિંમત એક એવી બાબત છે જે તમે લઇને જન્મ્યા છો, તમે કેવળ તેને વિકસવા દીધી નથી, તેને પ્રગટવા દીધી નથી.

નિર્દોષતા એટલે સ્પષ્ટતા અને હિંમતનો સમન્વય. તમે નિર્દોષ હશો તો હિંમતની આવશ્યકતા નથી. એ જ રીતે સ્પષ્ટતાની પણ કશી આવશ્યકતા નથી. કેમ કે નિર્દોષતા કરતાં વધુ સ્ફટિકમય શું હોઇ શકે? માટે પોતાની નિર્દોષતાનું શી રીતે રક્ષણ કરવું એ જ મુખ્ય પ્રશ્ન છે.

નિર્દોષતા કંઇ પ્રાપ્ત કરી શકાય એવી બાબત નથી. એ કંઇ શીખી શકાય એવી બાબત પણ નથી. કે નથી એ ચિત્રકળા, સંગીત, કવિતા કે શિલ્પકળા જેવી પ્રતિભાલક્ષી બાબત. તેને શ્વસન સાથે સરખાવી શકાય, જેને લઇને જ પેદા થઇ શકાય.

નિર્દોષતા એ દરેકની પ્રકૃતિ છે. પ્રત્યેક વ્યક્તિ નિર્દોષ જ જન્મે છે. કોઇ પણ વ્યક્તિ નિર્દોષતા સિવાય જન્મી જ શી રીતે શકે? જન્મ એટલે આ વિશ્વમાં કોરી સ્લેટ જેવા મન સાથે તમારો પ્રવેશ. તમારી પાસે કેવળ ભવિષ્ય હોય છે, નહીં કે ભૂતકાળ. નિર્દોષતાનો મતલબ જ આ છે. માટે સૌથી પહેલાં નિર્દોષતાના તમામ અર્થો સમજવાનો પ્રયત્ન કરો.

પહેલવહેલો અર્થ છે: કેવળ ભવિષ્ય, ભૂતકાળવિહીન ભવિષ્ય.ભૂતકાળ ખરડાય છે કેમકે તે તમને સ્મૃતિઓ, અનુભવો, અપેક્ષાઓ આપે છે. આ બધાના સંયોજનથી તમે હોંશીયાર બની શકો છો, પણ સ્પષ્ટ નહીં. તમને તે લુચ્ચા બનાવી શકશે, પણ બુધ્ધિમાન નહીં. વિશ્વભરમાં સફળતા પ્રાપ્ત કરવામાં તમને તે સહાયરૂપ થશે, પણ અંદરખાને તમે નિષ્ફળતાને વરશો. દુનિયાભરની તમામ સફળતાઓ અંતે તમને મળનારી નિષ્ફળતાની સરખામણીએ નહીંવત છે,

કેમ કે આખરે તો તમારો માંહ્યલો જ તમારી સાથે રહેવાનો છે. તમારી સત્તા, કિર્તી, પદ, પ્રતિષ્ઠા વગેરે બધું પડછાયાની જેમ અદૃશ્ય થઇ જાય છે.

અંતે તો તમે તમારી સાથે જે લઇને જન્મ્યા હો છો એ જ રહે છે. તમે જે લઇને આવ્યા હો છો એ જ લઇ જઇ શકો છો.

ભારતમાં બહુ પ્રચલિત ફિલસૂફી એવી છે કે આ દુનિયા રેલ્વે સ્ટેશનના પ્રતિક્ષાલય જેવી છે, એ તમારૂં ઘર નથી. પ્રતિક્ષાલયમાં કોઇ કાયમી ધોરણે રહેતું નથી. પ્રતિક્ષાલયમાંની કોઇ પણ ચીજ તમારી માલિકીની નથી-ચાહે તે ફર્નિચર હોય કે દીવાલ પર ટીંગાતું પેઇન્ટીંગ હોય. તમે તેનો ઉપયોગ અવશ્ય કરો છો. તમે ચિત્રને માણો છો, ખુરશી પર બેસો છો. પથારીમાં આડા પડો છો. પણ એ કશુંય તમારી માલિકીનું નથી. તમે બહુ બહુ તો થોડી મિનીટો માટે યા થોડા કલાકો માટે ત્યાં હો છો, પછી તમે ચાલ્યા જવાના છો. હા, એટલું ખરું કે આ પ્રતિક્ષાલયમાં તમે તમારી સાથે જે લઇને આવ્યા હશો તે તમારું છે અને તમે તે સાથે લઇને જશો. શું લઇને આવ્યા છો તમે આ દુનિયામાં ? આ દુનિયા પ્રતિક્ષાલય સમી જ છે. પણ અહીંયાં પ્રતિક્ષાની અવધિ સેકન્ડ, મિનીટ, કલાક કે દિવસની નથી હોતી. તે વરસોની પણ હોઇ શકે. તમે સાત કલાક સુધી પ્રતિક્ષા કરો કે સીત્તેર વરસ સુધી, ફેર શો પડે છે?

સીત્તેર વરસના ગાળામાં તમે કદાચ એ ભૂલી જશો કે તમે પ્રતિક્ષાલયમાં છો. તમે કદાચ એવું માનવા લાગશો કે પ્રતિક્ષાલયની આ ઇમારત તમે પોતે બંધાવી છે અને તમે તેના માલિક છો. પ્રતિક્ષાલયની બહાર તમે તમારા નામની તકતી પણ મૂકવા માંડશો.

મારા સઘન પ્રવાસ દરમ્યાન મેં એવા ઘણા લોકો જોયા છે જેમણે પ્રતિક્ષાલયની બાથરૂમ પર પોતાની તકતી લગાવી દીધી હોય. પ્રતિક્ષાલયના ફર્નિચર પર તેમણે પોતાનું નામ કોતરી દીધું હોય. આ બહુ મૂર્ખામીભર્યું કૃત્ય જણાય, પણ દુનિયામાં આવીને લોકો આમ જ કરતા હોય છે ને!

પ્રાચીન જૈન શાસ્ત્રોમાં એક સુંદર કથા છે. ભારતવર્ષમાં એવી માન્યતા છે કે વિશ્વવિજેતા બનનારને ચક્રવર્તી તરીકે ઓળખાવાય છે. પ્રાચીન ભારતમાં બિનજરૂરી ખાનાખરાબી ટાળવાનો ઉપાય આવો હતો. અત્યંત મૂલ્યવાન એવા સુવર્ણ જડેલા રથ સાથે સુંદર, પાણીદાર ઘોડાઓ જોડવામાં આવતા અને આ રથ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ફેરવવામાં આવતો. જે રાજ્યમાંથી આ રથ પસાર થાય અને ત્યાંનો રાજા આ રથને પસાર થઇ જવા દે એનો મતલબ એ કે રથના માલિક એવા રાજાની આણ તેણે સ્વીકારી છે. આ સ્વીકૃતિ પછી યુધ્ધ કરવાની કશી આવશ્યકતા રહેતી નહીં.

આ રીતે પસાર થતા રથને જ્યાં આંતરવામાં આવે ત્યાં યુદ્ધ થતું. રથને ક્યાંય આંતરવામાં ન આવે એટલે કશા યુદ્ધ વિના તે રથના માલિક એવા રાજાની હુકૂમતનો સ્વીકાર થઇ ગયેલો ગણાતો. અને તે રાજા ચક્રવર્તી થઇ ગયેલો ગણાતો. ચક્રવર્તી એટલે જેના શાસનરૂપી ચક્રની આણ સૌએ સ્વીકારી છે અને કોઇ તેને હરાવી શકે એમ નથી. પ્રત્યેક રાજાની પોતે ચક્રવર્તી બનવાની મહેચ્છા રહેતી.

આમ કરવામાં સિકંદર કરતાંય વધુ તાકાત અને માનવબળ જોઇએ. કેવળ રથ મોકલીને તેની પાછળ આખેઆખું સૈન્ય મોકલવું અને જ્યાં રથને આંતરવામાં આવે ત્યાં રીતસરની સામૂહિક કત્લેઆમ થતી. એનો સીધો મતલબ એ થયો કે જે તે રાજા કોઇને પરાસ્ત કરવા ઇચ્છે તો તેને રોકવાનો, વિજેતા બનતો અટકાવવાનો કોઇ રસ્તો નથી.

પણ આ માર્ગ તદ્દન પ્રતિકાત્મક અને સુસંસ્કૃત છે. ઓચિંતો હુમલો કરીને ખૂનામરકી કરવા માંડવાને બદલે કેવળ પ્રતિકાત્મક સંદેશો મોકલવામાં આવે. રથની સાથે તેને મોકલનાર રાજાનો વાવટો પણ લગાવેલો રહેતો. અન્ય રાજાને લાગે કે પ્રતિકાર કરવાનો કશો મતલબ નથી, પ્રતિકારનો અર્થ પરાજય છે, બિનજરૂરી હિંસા અને વિનાશ છે, તો તે રથને આવકારતો. પાટનગરમાં આ રથ પર પુષ્પવર્ષા કરવામાં આવતી.

રશિયા અને અમેરીકા જેવા દેશો જે કરે છે તેની સરખામણીએ આ માર્ગ અનેક ગણો સુસંસ્કૃત ગણાય. બસ, કેવળ રથને મોકલી આપો. પણ એક બાબત બહુ સ્પષ્ટ હોવી જોઇએ કે તમારી તાકાતનો કેવળ તમને એકલાને જ નહીં, અન્યોને પણ બરાબર અંદાજ હોવો જોઇએ. આ પ્રકારનું પ્રતિક ત્યારે જ ઉપયોગમાં લઇ શકાય. પરિણામે પ્રત્યેક રાજવીને એક ને એક દિવસ ચક્રવર્તી બનવાની મહેચ્છા રહેતી.

કથા એવી છે કે એક વૃદ્ધ રાજવી ચક્રવર્તી બન્યો. હજારો વરસોમાં એકાદ જણ ચક્રવર્તી બની શકે. ખુદ સિકંદર પણ વિશ્વવિજેતા નહોતો. ઘણા બધા પ્રદેશો જીતવાના બાકી હતા તેને. તે ખુબ યુવાન વયે, ફકત તેત્રીસ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો. વિશ્વવિજયી બનવા માટે પૂરતો સમય પણ ન હતો. વિશ્વના વિજેતા બનવાનું તો ઠીક, આખા વિશ્વથી પરિચીત પણ નહોતું થવાયું હજી ! અડધુંઅડધ વિશ્વ હજી અપરિચીત રહી ગયેલું અને જેટલું અડધું વિશ્વ પરિચીત હતું એમાંથી ઘણું બધું જીતાયા વિનાનું રહી ગયેલું. જે વ્યકિતની હું કથા કહી રહ્યો છું તે ચક્રવર્તી બનેલો.

કહેવાય છે કે ચક્રવર્તીનું મૃત્યુ થાય ત્યાર પછી સ્વર્ગલોકમાં તેનો ભારે આદરસત્કાર કરીને તેને વિશેષ સ્થાને લઇ જવામાં આવે છે. કેમ કે ચક્રવર્તી તો હજારો વરસોમાં એકાદો થતો હોય છે, તે દુર્લભ હોય છે.

જૈન શાસ્ત્રો મુજબ, સ્વર્ગમાં હિમાલય જેવડો વિરાટકાય અન્ય એક પર્વત દર્શાવાયો છે. હિમાલય તો ફક્ત માટી, પથ્થર અને બરફનો બનેલો હોય છે. હિમાલય જેવા સ્વર્ગમાંના પર્વતને સુમેરુ કહે છે. સુમેરુ એટલે પર્વતરાજ. તેનાથી ઉંચું કંઇ હોઇ જ ન શકે, તેનાથી બહેતર કંઇ હોઇ જ ન શકે. ખડકને બદલે તે શુદ્ધ સુવર્ણનો બનેલો હોય છે, જેની પર હીરા, માણેક અને નીલમ ઝગમગતા હોય છે!

ચક્રવર્તીના મૃત્યુ પછી તેનું નામ કોતરવા માટે તેને સુમેરુ પર્વત લઇ જવામાં આવે છે. હજારો વર્ષોમાં આકાર લેતી આ બહુ જૂજ ઘટના હોય છે.ચક્રવર્તી બનનાર આ વ્યકિત સુમેરુ જવાની બાબતે બહુ રોમાંચિત હતી. પ્રત્યેક મહાન વ્યક્તિની આ જ મહેચ્છા હોય છે. આવા મહામાનવોનો વંશજ પોતે બની રહ્યો હતો એ બાબતે તેને ગૌરવ હતું.

રખેવાળે તેને કોતરકામ માટેનાં સાધનો પકડાવ્યાં. પેલો ચક્રવર્તી પોતાની સાથે અમુક લોકોને પણ લઇ જવા માંગતો હતો. આ લોકોએ તેની પાછળ આત્મવિલોપન કર્યું હતું. ચક્રવર્તી વિના જીવવું તેમને સૌને આકરું લાગ્યું હતું. આમાં તેની પત્ની, પ્રધાન, સેનાપતિ અને બીજા અનેક લોકો સામેલ હતા. આ સૌ તેની સાથે, સ્વર્ગમાં આવેલા હતા. ચક્રવર્તી સમ્રાટ ઇચ્છતો હતો કે આ સૌ તેની પાછળ આવે અને પોતે પોતાનું નામ કોતરતો હોય એ દૃશ્ય જુએ. કેમ કે આવું કામ એકલા એકલા કરવાની મઝા શી? કોઇ તેને જુએ પણ નહીં તો તેનો શો મતલબ? કેમ કે દુનિયા આખી જુએ એમાં જ પોતાને આનંદ મળે.

રખેવાળે કહ્યું, ''તમે સૌ પ્રથમ મારી સલાહ સાંભળો. હું પેઢી દર પેઢીથી અહીં રખેવાળી કરતો આવ્યો છું. મારા પિતાજી અહીં રખેવાળી કરતા હતા, મારા દાદા પણ આ જ કામ કરતા હતા. સૈકાઓથી અમે સુમેરુની રખેવાળી કરતા આવ્યા છીએ. માટે મારી સલાહ પર ધ્યાન આપો. નહીતર પસ્તાવું પડશે.''

સમ્રાટ કંઇ સમજી શકયો નહીં, પણ સલાહને અવગણી શકવું પણ શકય ન બન્યું. કેમ કે તેને રોકવામાં પેલા રખેવાળને બીજો શો રસ હોય?

રખેવાળે કહ્યું, ''તમે આ લોકોને લઇ જઇને બતાવવા માંગતા હો તો એક કામ કરો. સૌથી પહેલાં તમે જઇને તમારું નામ કોતરી આવો. આટલું કામ કરીને પાછા આવો અને પછી તમને ઠીક લાગે તો આ લોકોને લઇ જાવ. તમે એમને અત્યારે લઇ જાવ તોય મને વાંધો નથી. પણ કદાચ તમે નામ કોતરવાનો નિર્ણય માંડી વાળશો તો પછી એ બદલવાનો અવકાશ તમને નહીં મળે, કેમ કે આ બધા તમારી સાથે હશે. માટે કહું છું કે તમે એકલા જ જાવ.''

આ બહુ શાણપણભરી સલાહ હતી. સમ્રાટે કહ્યું, ''ઠીક છે. હું એકલો જઇને મારું નામ કોતરી

આવીશ અને પછી પાછો આવીને તમને સૌને બોલાવીશ.''

રખેવાળે કહ્યું, ''હું એમ જ કહેતો હતો. બહુ સરસ.''

સમ્રાટ અંદર પ્રવેશ્યો અને હજારો સૂર્યના પ્રકાશથી ઝળાંહળાં થતો સુમેરૂ તેની નજરે પડયો. સ્વર્ગમાં કંઇ એક જ સૂર્ય ઓછો હોય! ત્યાં તો હજારો સૂર્યનો વૈભવ હોય. હિમાલય બેએક હજાર માઇલની લંબાઇ ધરાવે છે. તેના કરતાં અનેકગણો વિશાળ એવો આ સુવર્ણપર્વત સમ્રાટે જોયો. ક્ષણભર તો તે પોતાની આંખો ખોલી ન શકયો, એ હદે તેની આંખો અંજાઇ ગઇ હતી. ધીમે ધીમે તે તેજથી ટેવાયો અને ત્યાર પછી પોતાનું નામ કોતરી શકાય તે માટેની ખાલી જગા માટે તેણે નજર ફેરવવા માંડી. તે મૂંઝાઇ ગયો. કયાંય જગા જ નહોતી. આખા પર્વત પર બધે જ લોકોનાં નામો કોતરેલાં હતાં.

તેને પોતાની આંખ પર વિશ્વાસ ન બેઠો. પહેલપહેલી વાર તેને પોતાની હસ્તીનું ભાન થયું. અત્યાર સુધી તે પોતાની જાતને હજારો વરસોમાં એકાદ વાર પેદા થયેલો મહામાનવ માનતો હતો. પણ સમય તો અનંત હોય છે. તેમાં હજારો વરસોની કશી ગણતરી નથી. તેણે જોયું તો કેટલાય ચક્રવર્તીઓ તેની અગાઉ થઇ ગયા હતા. બ્રહ્માંડના વિશાળતમ પર્વત પર તેનું નામ લખવા પૂરતી જગા પણ બચી નહોતી.

તે પાછો આવ્યો. તેને ખ્યાલ આવ્યો કે રખેવાળે યોગ્ય સલાહ આપી હતી. પત્ની, સેનાપતિ, પ્રધાન તેમજ અન્ય આત્મીયજનોને અંદર ન લાવ્યો એ ઠીક થયું. તેમણે આ જોયું નહોતું. તેઓ હજીય એમ જ માનતા હતા કે તેમનો સમ્રાટ બહુ મહાન છે.

સમ્રાટે રખેવાળને બાજુ પર લઇ જઇને કહ્યું.,'' ત્યાં તો કયાંય જગા નથી.'' રખેવાળે જણાવ્યું, ''હું તમને એ જ કહી રહ્યો હતો. તમારે તમારું નામ લખવું જ હોય તો એક રસ્તો છે. અમુક જગા પરનાં નામ ભૂંસી નાખો અને તમારું નામ લખી દો. અહીંયાં એવું જ થતું આવ્યું છે. મેં જીવનભર આમ જ થતું જોયું છે. મારા પિતા, દાદા કે તેમના વડવાઓએ પણ આમ જ થતું જોયું છે. સુમેરૂને કદી કોઇએ સાવ ખાલી જોયો જ નથી.''

'' કોઇ પણ ચક્રવર્તી આવે એટલે તે આગળના નામને નષ્ટ કરીને પોતાનું નામ લખી દે છે. અહીં લખાયેલાં દેખાતાં નામોમાં કંઇ ચક્રવર્તી સમ્રાટોનો ઇતિહાસ સમાઇ જતો નથી. તેને તો કંઇ કેટલીય વાર નષ્ટ કરવામાં આવ્યો છે, કેટલીય વાર ફરી ફરીથી કોતરવામાં આવ્યો છે. તમે તમારું કામ પતાવી દો, પોતાનું નામ કોતરી દો અને એ બતાવવા માટે તમારા સાથીદારોને લેતા આવો. બસ!''

સમ્રાટે કહ્યું, ''ના. મારે તેમને કંઇ બતાવવું નથી, એમ મારું નામ પણ કોતરવું નથી. એમ

કરવાનો શો અર્થ ? કાલે ઉઠીને બીજો કોઇ આવશે અને તેને નષ્ટ કરી દેશે. ''

''મારું જીવન સાવ અર્થહીન થઇ ગયું. મેં આ એક જ આશામાં જીવન વ્યતિત કરેલું કે સુમેરૂ પર મારું નામ ઝળકશે. આના માટે જ હું જીવ્યો, મારું જીવન હોડમાં મૂક્યું, આખી દુનિયાને હણવા હું તૈયાર થઇ ગયો. અહીંયા તો કોઇ પણ આવીને મારું નામ ભૂંસી શકે એમ છે. પછી એને લખવાનો અર્થ જ શો ? મારે નથી લખવું નામ.''

આ સાંભળીને રખેવાળ હસી પડ્યો.

સમ્રાટે પૂછ્યું, ''હસે છે કેમ, ભાઇ?''

રખેવાળ બોલ્યો, ''કેવું વિચિત્ર કહેવાય ? મારા વડવાઓ પાસેથી હું આમ જ સાંભળતો આવ્યો છું. ચક્રવર્તીઓ અહીં આવે છે ખરા, પણ અહીંનું દૃશ્ય જોઇને પોતાનું નામ લખ્યા વિના જ પાછા વળી જાય છે. તમે એમાં અપવાદ નથી, જેનામાં અક્કલ હોય એ આમ જ કરે.''

દુનિયામાંથી તમે શું પ્રાપ્ત કરી શકો ? પોતાની સાથે શું લઇ જઇ શકો ? તમારું નામ, સન્માન કે પ્રતિષ્ઠા લઇ જઇ શકો ? તમારી સત્તા, સંપત્તિ લઇ જઇ શકો ? ના, કંઇ જ નહીં. બધું તમારે અહીંયાં જ છોડીને જવું પડે. એ જ ઘડીએ તમને ભાન થાય છે કે તમે જેને પોતાનું માનતા હતા એ હકીકતમાં તમારું હતું જ નહીં. માલિકીભાવનો મૂળભૂત વિચાર જ ખોટો હતો. માલિકીભાવને કારણે તમે ભ્રષ્ટ થયા.

આ માલિકીભાવ ઉત્તરોત્તર વધતો રહે, વધુ નાણાં એકઠાં થતાં રહે, વધુ સત્તા, વધુ જમીન પ્રાપ્ત કરતા રહેવા માટે તમે એવાં કાર્યો કર્યાં, જેને તમે ખુદ વાજબી ન ઠેરવી શકો. તમે જૂઠું બોલતા હતા, તમે અપ્રામાણિક હતા. તમારી પાસે સેંકડો મહોરાં હતાં. તમે તમારી જાત સમક્ષ કે અન્ય કોઇ સમક્ષ ક્ષણભર માટેય સાચી રીતે પ્રગટ થયા નહીં, થઇ શક્યા નહીં. તમારે સાવ જૂઠા, દંભી, ઢોંગી બની રહેવું પડ્યું, કેમ કે આ ગુણો થકી જ સફળતા મેળવવામાં તમને સહાય મળી છે. અધિકૃતપણું કે અસલિયત કંઇ તમને સહાયરૂપ થવાનાં નથી. પ્રામાણિકતા કે સચ્ચાઇ તમને મદદરૂપ થવાની નથી.

સફળતા, નામના કે માલિકી વિના તમે છો શું ? તમને એની ખબર જ નથી. તમે પોતે છો તમારું નામ, દામ, સત્તા કે પ્રતિષ્ઠા. પણ એ સિવાય તમારી ઓળખ શી ? તમારો આ સરંજામ જ તમારી ઓળખ બની જાય છે. તે તમારા અસ્તિત્વની જૂઠી ઓળખ ઉભી કરે છે. અને એ છે અહમ્.

અહમ્ કંઇ કોઇ ભેદી ચીજ નથી. બહુ સીધી સાદી ઘટના છે એ. તમે પોતે કોણ છો એ તમે જાણતા નથી અને આવી ઓળખ સિવાય જીવવું અસંભવ છે. હું પોતે કોણ છું એની મને

જાણ ન હોય તો મારું અહીં કામ જ શું છે? તો પછી હું જે કંઇ કરું તે સાવ અર્થહીન બની રહે છે. માટે સૌ પ્રથમ અને પાયાની ચીજ છે પોતાની ઓળખ વિશે જાણવાનું. ત્યાર પછી કદાચ હું મારી પ્રકૃતિ મુજબ એવું કામ કરી શકીશ, જે મને સંતુષ્ટ કરે, મને ચોક્કસ મુકામે પહોંચાડે.

પણ મને મારી ખુદની ઓળખ ન હોય અને હું કામ કર્યે જાઉં તો મારી પ્રકૃતિ મુજબના માર્ગે હું શી રીતે પહોંચી શકું? હું આમતેમ દોડતો રહું અને કહ્યા કરું કે - "લો, આ જ છે મારો મુકામ. હું તેની જ તલાશમાં હતો. આમ કહેવાનો કોઇ અર્થ જ નથી.

ખુદની ઓળખ ન હોવાના વિકલ્પ તરીકે જરૂર પડે છે કોઇ ખોટી ઓળખ ઉભી કરવાની. અને તમારી મિલકતો તમને એવી ઓળખ આપે છે.

તમે આ જગતમાં એક નિર્દોષ નિરીક્ષક તરીકે આવેલા છો. પ્રત્યેક જણનું આગમન આ રીતે જ થાય છે, ચેતનાનું સરખું જ પ્રમાણ દરેકમાં હોય છે. પણ વિકસીત વિશ્વ સાથે તમે સોદાબાજી શરૂ કરો છો. વિશ્વ પાસે તમને આપવા જેવી ઘણી બાબતો છે, જ્યારે તમારી પાસે વિશ્વને આપવા માટે તમારું સ્વમાન કે નિષ્ઠા સિવાય બીજું કંઇ જ નથી. તમારી પાસે કેવળ આ એક જ વસ્તુ હોય છે. એને તમે નિર્દોષતા, પ્રજ્ઞા, અધિકૃતતા વગેરેમાંથી કોઇ પણ નામ આપી શકો છો. પણ તમારી પાસે ફક્ત ને ફક્ત એક જ ચીજ હોય છે.

બાળક સ્વાભાવિક રીતે જ આસપાસની તમામ બાબતોને નિહાળે અને તેમાં રસ લે. તેને સતત એક યા બીજી ચીજની ઝંખના રહે છે. આ માનવસ્વભાવ છે. તમે કોઇ પણ બાળકને જોશો, અરે, નવજાત શિશુને સુધ્ધાં જોશો તો જણાશે કે તેના હાથ સતત કંઇક પામવા માટે ઉછળતા રહે છે. તેણે પોતાની સફર આરંભી દીધી હોવાની આ નિશાની છે.

આ સફરમાં તે પોતાની જાતને ગુમાવશે, કેમ કે આ દુનિયામાં દામ ચૂકવ્યા વિના કંઇ પ્રાપ્ત થતું નથી. બાળકને બિચારાને કયાંથી ખબર હોય કે તે સામે જે ચૂકવી રહ્યું છે એ કેટલુ કિંમતી છે, મૂલ્યવાન છે. એક તરફ આખું વિશ્વ હોય અને બીજી તરફ બાળકની નિષ્ઠા હોય તો બાળકની નિષ્ઠાનું પલ્લું નમી જાય એટલી તે મૂલ્યવાન હોય છે. પણ તેના વિશે જાણવાનો બાળક પાસે કોઇ રસ્તો નથી. આ જ છે ખરી સમસ્યા, કેમ કે તેણે જે પ્રાપ્ત કર્યું હોય છે તે સાવ સહજપણે પ્રાપ્ત કર્યું હોય છે. તેને મન એની કશી કિંમત હોતી નથી.

આ વાતને વધુ સ્પષ્ટ કરવા માટે એક કથા જણાવું છું. કોઇ અતિશય ધનાઢ્ય વ્યકિત અંતે અત્યંત નિરાશા, હતાશામાં ડૂબી જાય છે. તમામ પ્રકારની સફળતાની આ સ્વાભાવિક ફલશ્રુતિ હોય છે. સફળતા જેટલી નિષ્ફળ બીજી કોઇ ચીજ નથી. તમે નિષ્ફળ હો તો જ સફળતાનું મહત્વ હોય છે. તમે એક વાર સફળ થયા કે તમે જાણી જવાના કે દુનિયા, સમાજ કે લોકો તમને છેતરવાના છે. આવી એક અત્યંત ધનાઢ્ય વ્યક્તિ પાસે બીજું બધું જ હોય છે, સિવાય

કે મનની શાંતિ.આથી તે મનની શાંતિની ખોજ કરવાનો પ્રારંભ કરે છે.

અમેરિકામાં આ જ તો થઇ રહ્યું છે. અન્ય કોઇ પણ દેશ કરતાં અમેરિકાના લોકો મનની શાંતિની તલાશમાં વધુ હોય છે. ભારતમાં આપણને ક્યારેય મનની શાંતિની તલાશમાં હોય એવી વ્યકિત નહીં મળે, કેમ કે સહુથી પહેલાં તો પેટની શાંતિની વાત આવે છે. મનની શાંતિ તો ક્યાંય દૂરની વાત છે. પેટથી મનનું અંતર હજારો માઇલનું હોય છે.

પણ અમેરિકામાં પ્રત્યેક જણ મનની શાંતિની તલાશમાં હોય છે. સ્વાભાવિક છે કે તમને કોઇ ચીજની તલાશ હોય તો લોકો તે આપવા માટે પણ તત્પર હોય. અર્થશાસ્ત્રનો આ સીધો સાદો અને પાયાનો સિધ્ધાંત છે કે માંગ હોય તે ચીજનો પુરવઠો અવશ્ય હોય. તમારે ખરેખર તેની જરૂર છે કે નહીં અથવા તમારે શેની જરૂર છે, એનું જરાય મહત્વ નથી. તમને કંઇ ચીજ મળશે એની પણ કોઇને પડી નથી. તે ભ્રામક જાહેરાત કે જૂઠો પ્રચાર પણ હોઇ શકે યા કશુંક નક્કર પણ હોઇ શકે.

માંગ અને પુરવઠાના આ સીધાસાદા સિધ્ધાંતના જાણકાર એવા લુચ્ચા અને હોંશિયાર લોકો એક ડગલું આગળ વધ્યા છે. હવે તેઓ કહે છે, ''માંગ ઉભી થાય ત્યાં સુધી પ્રતિક્ષા કરવાની કશી જરૂર નથી. માંગને તો ઉભી કરી શકાય.'' જાહેરાતની આખી કળા જ એમાં સમાયેલી છે કે તે કોઇ પણ ચીજની માંગ પેદા કરી શકે છે.

જાહેરખબર વાંચ્યા અગાઉ તમને જે તે ચીજની જરૂરત મહેસૂસ થઇ હોતી નથી. પણ જાહેરખબર વાંચ્યા પછી અચાનક તમને લાગવા માંડે છે, ''હે ભગવાન ! આ ચીજ ખૂટતી હતી. હું કેવો મૂરખો કહેવાઉં કે મને આ ચીજના અસ્તિત્વની ખબર સુધ્ધાં નથી.''

કોઇ વ્યકિત કશી ચીજ બનાવે તેના ત્રણ-ચાર વરસ અગાઉથી તે તેનો પ્રચાર શરૂ કરી દે છે. એ ચીજ હજી બજારમાં મૂકાયેલી નથી હોતી કેમ કે સૌ પ્રથમ લોકોના મનમાં તેની માંગ ઉભી થવી જોઇએ. અને એક વાર માંગી ઉભી થવા માંડે એ દરમ્યાન તેનો પુરવઠો તૈયાર થઇ જશે.

બર્નાર્ડ શોએ કહેલું કે તે નવો હતો અને તેનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું, જે તેણે પોતે જ કરેલું. સ્વાભાવિકપણે જ તેની માંગ ક્યાંથી હોય? જ્યોર્જ બર્નાર્ડ શોનું નામ સુધ્ધાં કોઇએ કદી સાંભળ્યું નહોતું. અને તેનું નામ ન સાંભળ્યું હોય ત્યાં કોઇ શી રીતે કહી શકે, ''મારે જ્યોર્જ બર્નાર્ડ શોનાં નાટકોનું પુસ્તક જોઇએ છે?'' બર્નાર્ડ શોએ ખુદના પૈસા લગાવીને પોતાનું પુસ્તક પ્રસિધ્ધ કરેલું. તે દિવસભર એકથી બીજા વિક્રેતાની દુકાને ફર્યા કરતો અને પૂછતો, ''તમારી દુકાનમાં જ્યોર્જ બર્નાર્ડ શોનું પુસ્તક રાખો છો?''

વિક્રેતાઓ પૂછતા, "જ્યોર્જ બર્નાર્ડ શો? એ વળી કોણ? તેનું નામ પણ અમે તો પહેલીવાર સાંભળી રહ્યા છીએ."

આથી બર્નાર્ડ શો કહેતો, "ગજબ કહેવાય! આવા મહાન લેખકનું નામ તમે સાંભળ્યું જ નથી અને છતાં તમે પુસ્તકની દુકાન ચલાવો છો? તમે સાવ જૂનાં-પુરાણાં પુસ્તકો જ વેચો છો કે શું? તમારે સૌથી પહેલું કામ જ્યોર્જ બર્નાર્ડ શોનાં પુસ્તક મેળવવાનું કરવું જોઇએ." જયોર્જે ફક્ત એક જ પુસ્તક પ્રકાશિત કર્યું હતું, પણ તે જાહેરાત વિવિધ પુસ્તકોની કરતો. ફરી ફરીને પ્રચાર કરવાનો હોય તો ફક્ત એક જ પુસ્તકનો શા માટે કરવો? એક પુસ્તકથી કંઇ મહાન લેખક ન થઇ શકાય.

તે દર વખતે વિવિધ ઢબનાં કપડાં પહેરીને જતો. કયારેક હૅટ પહેરીને તો કયારેક ચશ્માં પહેરીને તે ફરતો. જોતજોતામાં તો લોકો જ્યોર્જ બર્નાર્ડ શોને ઘેર લાઇન લગાવવા માંડયા. જાહેરાત, પ્રચાર વગેરે તેણે કરવું પડયું અને આ રીતે તેણે પાતાનું પ્રથમ પુસ્તક વેચ્યું. શેરીમાં ઉભો રહીને તે લોકોને પૂછતો, "તમે સાંભળ્યું છે આ નામ?"

લોકો કહેતા, "ના ભાઇ, અમે તો કદી આ નામ સાંભળ્યું નથી.

જ્યોર્જ કહેતો, "નવાઇ કહેવાય. મને તો એમ કે લંડન એ સુસંસ્કૃત લોકોનું શહેર છે." પુસ્તકાલયો, કલબો તેમજ પુસ્તકોની માંગ ઉભી થઇ શકે એવી દરેક જગાએ તે જતો. તેણે માંગ ઉભી કરી. તેણે પુસ્તક વેચ્યું. સતત તે આ જ કામ કરતો રહ્યો. અંતે તે મહાન લેખકોમાં સ્થાન પામ્યો. તેણે માંગ ઉભી કરી.

તમે સફળ થઇ જાવ તો મનની શાંતિ માટે માંગ ઉભી કરવાની કશી જરૂર નથી. સફળતાના માર્ગ સુધી પહોંચતામાં જ તમે તે ગુમાવી દેશો. તે તદ્દન પ્રાકૃતિક બાબત છે. સફળતા તમારા દિમાગની તમામ શાંતિ હણી લે છે. જીવનમાં મહત્વની હોય એવી તમામ ચીજો સફળતા છીનવી લે છે. પછી તે શાંતિ હોય, પ્રેમ હોય કે આનંદ હોય. તમારા હાથમાં અંતે નકામી ચીજો રહે છે અને મૂલ્યવાન ચીજો તમે ગુમાવી બેસો છો. ઓચિંતા તમને ભાન થાય છે કે તમને જરૂર છે મનની શાંતિની.

અચાનક એવા લોકો પુરવઠો પૂરો પાડવા ફૂટી નીકળે છે, જેમને નથી ખબર હોતી મન વિશે કે નથી ખબર હોતી શાંતિ વિશે. જોશુઆ લીબમેન નામના એક યહૂદી ધર્મગુરુએ લખેલું 'પીસ ઓફ માઇન્ડ' નામનું એક પુસ્તક મારા વાંચવામાં આવેલું. આખું પુસ્તક હું વાંચી ગયો અને મને લાગેલું કે એ માણસને મન વિશે કે મનની શાંતિ વિશે કશી જ ખબર નહોતી. એ હતો એક ધંધાદારી માણસ. મનની શાંતિ વિશે કશું જાણ્યા વિના તેણે એક સારું કામ પાર પાડેલું.

વિશ્વનાં સૌથી વધુ વેચાતાં પુસ્તકોની યાદીમાં આ પુસ્તકનું નામ છે. કેમ કે મનની શાંતિ પ્રાપ્ત કરવા ઇચ્છનારને વહેલું મોડું આ પુસ્તક હાથમાં આવવાનું જ છે. જોશુઆએ બહુ સરસ શૈલીથી પુસ્તક લખ્યું છે. તે બહુ સુંદર, પ્રભાવશાળી લેખક છે, તમે તેનાથી અંજાયા વિના રહો નહીં. પણ મનની શાંતિ તો ત્યાંની ત્યાં જ રહે, અથવા તો પુસ્તક વાંચ્યા પછી વધુ છેટી જાય.

હકીકતમાં કોઇ વ્યક્તિ મન વિશે, શાંતિ વિશે સાચેસાચ કંઇ જાણતી હોય તો ''પીસ ઓફ માઇન્ડ'' જેવું શીર્ષક ધરાવતું પુસ્તક જ તે ન લખે. કેમ કે ''તમામ અશાંતિ તેમજ અજંપાનું મૂળ જ મન છે. મનવિહીન સ્થિતિ હોય ત્યાં જ શાંતિ રહી શકે. આથી મનની શાંતિ જેવી કોઇ ચીજનું અસ્તિત્વ નથી. મન હોય ત્યાં શાંતિ હરગીજ નથી.'' માટે ''પીસ ઓફ નો માઇન્ડ'' જેવું પુસ્તક કોઇ ખરીદે નહીં. લોકો એ સમજશે નહીં, પણ સત્ય તો એ જ છે.

બાળક પોતાની સાથે જે લઇને આવ્યું છે તેનાથી અભાન હોય છે. પેલી ધનાઢ્ય વ્યક્તિની પરિસ્થિતિ આવી જ હતી. તેની પાસે તમામ સમૃદ્ધિ હતી અને હવે તેને તલાશ હતી મનની શાંતિની. તે એક સંતથી બીજા સંતને મળતો રહ્યો અને દરેકે તેને મૂલ્યવાન સલાહ આપી, પણ સલાહથી કશું વળતું નથી.

ખરેખર તો મૂર્ખ લોકો જ સલાહ આપે છે અને મૂર્ખાઓ જ તેને સ્વીકારે છે. શાણા લોકો સલાહ આપતાં સદાય ખચકાટ અનુભવતા હોય છે, કારણ કે તેઓ જાણતા હોય છે કે આ દુનિયામાં તદ્દન છૂટથી આપી શકાતી અને છતાં કોઇના દ્વારા ન સ્વીકારાતી કોઇ ચીજ હોય તો એ છે સલાહ. આવી પરિસ્થિતિ હોય પછી શા માટે સલાહ આપવાની ઝંઝટમાં પડવું.

શાણી વ્યક્તિ સૌ પ્રથમ તો તમને સલાહ સ્વીકારી શકવા માટે તૈયાર કરે છે. તે તમને સાવ એમ જ સલાહ નહીં આપી દે. તમારે તેને માટે તૈયાર થવું પડશે. તેને માટે કદાચ વરસો પણ લાગી જાય અને પછી કદાચ બીજારોપણ માટે યોગ્ય ભૂમિ તૈયાર થઇ શકે. ખડકો પર તેમજ પથરાળ જમીનમાં બીજ વેર્યે જતી વ્યક્તિ તદ્દન મૂર્ખ કહેવાય.

પેલા ધનપતિને સૌ સંતોએ સલાહ આપી, પણ તેને કંઇ જામ્યું નહીં. અંતે સાવ ગામડિયા ગણાતા એક જણે તેને આંતર્યો અને કહ્યું, ''તમે તમારો સમય ખોટો વેડફી રહ્યા છો. આમાંના કોઇ સંત નથી. એ બધાયને હું નખશીખ ઓળખું છું. પણ હું ગામડિયો ગણાતો હોવાથી કોઇ મારું માનતું નથી. તમનેય કદાચ મારા કહેવામાં વિશ્વાસ નહીં બેસે, પણ એક સંતને હું જાણું છું.''

''મનની શાંતિ પ્રાપ્ત કરવા માટે તમને આટલા મરણિયા બનેલા જોઇને મને થયું કે હું તમને યોગ્ય વ્યક્તિનો નિર્દેશ કરું. બાકી તો, હું રહ્યો ગામડિયો. મારી પાસેથી કોઇ સલાહ

લે નહીં અને હું કોઇને કદી સલાહ આપું નહીં. પણ તમને આટલા ઉદાસ અને દુ:ખી થયેલા જોઇને મને થયું કે આ તો બહુ થયું કહેવાય. તેથી મેં મારું મૌન તોડયું. તમે બાજુના ગામમાં આવેલા એક માણસ પાસે જાવ."

મહામૂલા હીરા ભરેલી ઝોળી લઇને, સુંદર ઘોડા પર સવાર થઇને પેલો ધનાઢ્ય માણસ તરત જ ઉપડયો પેલા સંતને મળવા બાજુના ગામમાં. સૂફીઓમાં મુલ્લા નસરૂદ્દીન તરીકે જાણીતો એવો એ માણસ એક ઝાડ નીચે બેઠો હતો.

મુલ્લાને તેણે પૂછ્યું, "તમે મને મનની શાંતિ પ્રાપ્ત કરવામાં મદદ કરશો?

મુલ્લા કહે, "મદદની કયાં માંડો છો? હું તમને એ લાવી આપીશ." પેલી ધનિક વ્યક્તિએ વિચાર્યું, ભારે વિચિત્ર કહેવાય આ તો. પહેલાં તો પેલા ગામડિયાએ મને આનું નામ સૂચવ્યું. હું તો નિરાશ થયેલો હતો એટલે મને થયું કે ચાલો, મળવામાં શું જાય છે આપણું! પણ આ માણસ તો પેલાથીય ટપે એવો મૂર્ખ જણાય છે. કહે છે, હું તમને એ લાવી આપીશ.

નવાઇ પામેલા ધનાઢ્યે પૂછ્યું, " તમે મને મનની શાંતિ લાવી આપશો? અરે, કેટલાય સંતોને હું મળી ચૂકયો છું. બધાએ જાતજાતની સલાહો મને આપી છે કે આ કરો, પેલું કરો, જાતને નિયંત્રણમાં રાખો, દાન કરો, ગરીબોને મદદ કરો, દવાખાના શરૂ કરો, વગેરે.... આ બધું હું કરી ચૂકયો છું અને છતાં તેનાથી મને કંઇ પ્રાપ્ત થયું નથી. ઉલ્ટાની મારી તકલીફો વધી છે. જ્યારે તમે મને મનની શાંતિ લાવી આપવાનું કહો છો, એ મારા માનવામાં નથી આવતું."

મુલ્લા કહે, "બહુ સરળ છે એ. તમે તમારા ઘોડા પરથી નીચે ઉતરો." પેલો ઘોડા પરથી નીચે ઉતર્યો. તેણે પેલી હીરા ભરેલી ઝોળી છાતીસરસી ચાંપી રાખી હતી. મુલ્લાએ એ જોઇને પૂછ્યું, "આ ઝોળીને કેમ આમ છાતીસરસી ચાંપી રાખી છે?"

પેલાએ કહ્યું, "એમાં મૂલ્યવાન હીરા છે. તમે મને શાંતિ લાવી આપશો, તો હું આ હીરા તમને આપી દઇશ." હજી તે આટલું બોલી રહે ત્યાં તો મુલ્લા તેના હાથમાંથી એ ઝોળી છીનવીને ભાગ્યા. પેલાને ખબર પણ ન પડી કે અચાનક આ શું થઇ ગયું.

ઘડીભર તેને આંચકો લાગ્યો અને હવે શું કરવું એ વિચારતો તે ઉભો રહ્યો. તે મુલ્લાની પાછળ દોડયો, પણ મુલ્લા એમ હાથમાં આવે ? મુલ્લા પોતાના શહેરની ગલીએ ગલીથી પરિચીત હોવાથી તે તો આમતેમ કરીને ભાગી નીકળ્યા. પેલો ધનપતિ તો આખા જીવનમાં કદી દોડયો નહોતો. તે અત્યંત સ્થૂળકાય હતો. હાંફતો હાંફતો તે માંડ માંડ દોડતો હતો. તેની આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યા જતા હતા. એ કહેતો હતો, "હું તો સાવ છેતરાઇ ગયો. મારી જીવનભરની કમાણી લઇને આ માણસ ભાગી ગયો. મને લૂંટી ગયો."

જોતજોતામાં તો ટોળું એકઠું થઇ ગયું. સૌ હસતા હતા. આથી પેલો ઓર ચીડાયો. કહે, "તમે સૌ મૂર્ખ છો કે શું ? આ શહેરમાં શું મૂર્ખાઓ જ વસે છે ? હું તો બરબાદ થઇ ગયો અને તમે બધા ચોરને પકડવાને બદલે હસી રહ્યા છો. કેવા લોકો છો તમે? "

એકઠા થયેલા સૌએ કહ્યું, "અરે, એ કંઇ ચોર નથી. એ તો સંત છે, સંત ! "

પેલો ધનાઢ્ય કહે, "મારા ગામના જ પેલા મૂરખે મને આ ઉપાધિમાં મૂકયો. " આવું બોલતાં બોલતાં, પરસેવે રેબઝેબ હાલતમાં પણ તે મુલ્લાની પાછળ દોડતો રહ્યો. મુલ્લા તો પાછા આવીને પેલા ઝાડ નીચે બેસી ગયા, જયાં ઘોડો બાંધી રાખેલો હતો. હીરા ભરેલી ઝોળીને પોતાની બાજુએ મૂકીને તે ગોઠવાયા એટલામાં તો રડતો કકળતો પેલો આવી પહોંચ્યો. મુલ્લા કહે, "લો, આ તમારી ઝોળી. " ધનપતિએ તરત ઝોળી લઇ લીધી અને ફરીથી છાતીસરસી ચાંપી દીધી. મુલ્લાએ પૂછ્યું, "હવે કેવું લાગે છે? મનની થોડી ઘણી શાંતિ અનુભવાય છે?"

પૈસાદાર કહે, "હા, બહુ જ શાંતિ અનુભવાય છે. તમે બહુ વિચિત્ર વ્યકિત છો અને તમારી પધ્ધતિઓ પણ આગવી છે. "

મુલ્લા કહે, "મારી પધ્ધતિઓ વિચિત્ર નથી, કેવળ સાદું ગણિત છે મારી પાસે. તમારી પાસે જે કંઇ છે એની તમને કશી કિંમત નથી. તમને તે ગુમાવવાની તક આપવાની જરૂર છે. તમે કંઇ નવું પ્રાપ્ત કરતા નથી. તમારી પાસે હતી એની એ જ હીરાની ઝોળી તમને પાછી મળી છે. એમાં કયાંય મનની શાંતિ હતી નહીં. છતાં એ ઝોળી પાછી મળવાથી તમે એને છાતી સરસી ચાંપી છે અને કોઇ પણ વ્યકિત તમારી પ્રસન્ન મુખમુદ્રા જોઇ શકે છે. બિલકુલ સંત સમાન છે એ ! હવે ઘેર સિધાવો અને લોકોને પરેશાન ન કરો."

કોઇ પણ બાળકની આ જ સમસ્યા હોય છે, કેમ કે તે નિર્દોષતા સાથે જન્મે છે. તે કંઇ પણ પ્રાપ્ત કરવા ઝંખે છે અને પોતાની નિર્દોષતાનું મૂલ્ય ચૂકવે છે. ગમે તેવી નકામી વસ્તુના બદલામાં તે પોતાની હિંમતનું મૂલ્ય ચૂકવે છે. કેવળ રમકડાં ખરીદવા તે તત્પર હોય છે. દુનિયામાં રમકડાં સિવાય બીજું છે શું એમ તેને લાગે છે અને તે પોતાની સમજણ ગુમાવે છે. જ્યારે તેની પાસે તમામ રમકડા આવી જવા છતાં તેમાંથી આનંદ ન મળે, સંતોષ ન મળે ત્યારે જ તે આ હકીકત સમજી શકે છે. અને ત્યારે જ પોતે શું ગુમાવ્યું છે તેનું ભાન તેને થાય છે, જે તેણે સામે ચાલીને જાણીબુઝીને ગુમાવ્યું છે.

બહેતર વિશ્વમાં પ્રત્યેક કુટુંબ બાળક પાસેથી શીખશે. તમે તેમને શીખવવાની એટલી ઉતાવળમાં હો છો. તેમની પાસેથી કંઇ શીખતું નથી કોઇ. તેમની પાસેથી શીખવા જેવું ઘણું

છે: તેમને શીખવવા જેવું તમારી પાસે કંઇ નથી.

તમે તેમનાથી મોટા અને શક્તિમાન હોવાને કારણે જ તમે તેમને તમારા જેવા બનાવવા માંગો છો. તમે પોતે શું છો, તમે કયાં પહોંચ્યા છો, આંતરવિશ્વમાં તમારું સ્થાન શું છે- એ કશાનો તમે વિચાર કરતા નથી. તમે પોતે તો સાવ દરિદ્ર છો અને તમારા બાળકને પણ તમે એવું જ બનાવવા ઇચ્છો છો?

પણ કોઇ કશું વિચારતું નથી, નહીંતર લોકો નાનાં બાળકો પાસેથી શીખતા હોત. બાળકો નવાગંતુક હોવાને કારણે અન્ય વિશ્વમાંથી ઘણું બધું પોતાની સાથે લેતા આવે છે. તેમનામાં ગર્ભાવસ્થાની શાંતિની સાથોસાથ તેમના અસ્તિત્વની શાંતિ પણ હોય છે.

સદાય યાદ રાખો. અપરિચીતમાં વિશ્વાસ મૂકો. મન પરિચીત છે. મન અપરિચીત ન હોઇ શકે. તે બીજું કંઇ પણ હોઇ શકે, પણ મન નહીં. મન અંગેની એક વાત નિશ્ચિત છે કે તેમાંની જે પરિચીત બાબતો છે, તે એકત્રિત થયેલી હોય છે. જેમ કે- રસ્તા પર કાંટાદાર હથિયાર પડેલું જોતાં જ તમારું મન કહેશે, આને બદલે પેલા રસ્તે જા. એ પરિચીત છે. આને કહેવાય મન. તમે તમારા આત્માનું કહ્યું સાંભળશો તો તેને અપરિચીત તરફ જવું જ ગમશે. કેમ કે આત્મા યા અસ્તિત્વ હંમેશાં સાહસપ્રેમી હોય છે, જ્યારે મન અત્યંત જૂનવાણી, રૂઢિચુસ્ત હોય છે.તે હંમેશા ચીલા પર ચાલવા, એની એ જ ઘરેડમાં ચાલવા ઇચ્છતું હોય છે, જ્યાં લઘુત્તમ અવરોધ હોય.

આથી હંમેશાં અપરિચીતનો સાદ સાંભળો. અને તેને અનુસરવાની હિંમત કેળવો.

તમારી નિયતિ લગી પહોંચવા માટે સખત હિંમત તેમજ નિર્ભયતાની જરૂર પડે છે. ભયયુકત લોકો કદી પરિચીત પ્રદેશથી આગળ જઇ શકતા નથી. પરિચીત બાબતો સદાય એક પ્રકારની સુવિધા, સુરક્ષા અને સલામતી બક્ષે છે, કેમ કે તે પરિચીત હોય છે. તેના વિશે આપણને બધી જ ખબર હોય છે, તેની સાથે શી રીતે નિપટવું એ આપણે જાણતા હોઇએ છીએ. તેના માટે સચેત બની રહેવાની જરૂર નથી. પરિચીત બાબત માટે આ એક સુખ હોય છે.

પણ પરિચીતતાની સીમારેખા ઓળંગો એ સાથે જ ભયનો આવિર્ભાવ થાય છે, કેમ કે હવે તમે તદ્દન અજાણ્યા છો. શું કરવું અને શું ન કરવું એની તમને ખબર નથી. હવે તમે તમારી જાત માટે નિશ્ચિત નહીં રહી શકો. ભૂલ થઇ શકે છે, તમે માર્ગ ભૂલી શકો છો. આમ, ભયને કારણે જ તમે પરિચીત બાબતને વળગેલા રહો છો. કોઇ વ્યકિત પરિચીતતાને વળગેલી રહે કે તે મૃત થઇ જાય છે.

જીવનને કેવળ જોખમી રીતે જ જીવી શકાય. એ સિવાય તેને જીવવાનો કોઇ રસ્તો નથી. જોખમ થકી જ જીવન પરિપકવતા તેમજ વિકાસની પ્રાપ્તિ કરી શકે છે. પ્રત્યેક વ્યકિતએ સાહસિક

બનવું જોઇએ, અપરિચીત બાબત માટે જોખમ વહોરવા તૈયાર રહેવું જોઇએ. એકવાર મુક્તિ અને નિર્ભયતાનો સ્વાદ ચાખવા મળે પછી કદી પસ્તાવું પડતું નથી, કેમ કે ત્યાર પછી વ્યક્તિ જાણતી હોય છે કે ઉત્તમ રીતે જીવવું એટલે શું. વ્યક્તિ જાણી ગઇ હોય છે; કે જીવનની જ્યોતને બંને છેડેથી જલાવવાનો મતલબ શો છે. નિમ્ન કક્ષાના દીર્ઘ જીવન કરતાં આવી તીવ્રતાથી જીવાયેલી એક સેકંડ પણ ઘણી વધુ તૃપ્તિ આપનારી હોય છે.



૨. કોઇક નવિન બાબત તમારું વ્દાર ખટખટાવે, ત્યારે બારણું ખોલો.

નવિન બાબત સદાય અપરિચીત હોય છે. કોને ખબર, તે મિત્ર પણ હોઇ શકે યા શત્રુ પણ હોઇ શકે! એ જાણવાનો કોઇ રસ્તો નથી. તેને ઓળખવાની એક જ રીત છે અને એ છે તેને આવવા દો, થવા દો. ડર અથવા દહેશતનું કારણ આ જ હોય છે.

નવિન બાબતનો ઉદય તમારી ભીતરથી નથી થતો. તે આવે છે પેલે પારથી. તે કંઇ તમારો હિસ્સો નથી. તમારો સમગ્ર ભૂતકાળ સિમીત હોય છે. તમારી અંદર કોઇ નવિન બાબત કયારની સમાપ્ત થઇ ગઇ હોવાથી તમને ડર લાગે છે. તમે એક નિયત માર્ગે જીવ્યા છો, વિચારતા આવ્યા છો, તમારી માન્યતાને આધારે તમે જીવનને સુવિધાયુકત બનાવ્યું છે. અને અચાનક કોઇક નવિન બાબત તમારું દ્વાર ખટખટાવે છે. આથી તમારા ભૂતકાળની સમગ્ર ધારાને ખલેલ પહોંચે છે. કોઇક નવિન બાબતને તમે પ્રવેશ આપશો પછી તમે અગાઉ જેવા નહીં બની રહો. એ નવિન બાબત તમને રૂપાંતરિત કરશે.

બહુ જોખમી છે આ. આ રૂપાંતરનો, પરિવર્તનનો અંત કયાં આવશે તે કોઇ જાણતું નથી. પુરાણી વસ્તુ પરિચીત હોય છે, તમે તેનાંથી ટેવાયેલા હો છો, તેની સાથે કેટલાય સમયથી રહેતા આવ્યા છો, જયારે નવિન વસ્તુ અપરિચીત હોય છે. કોને ખબર, તે મિત્રરૂપ છે કે શત્રુરૂપ? એને ઓળખવાની કોઇ પધ્ધતિ નથી. તેને ઓળખવાની એક જ પધ્ધતિ છે અને એ છે તેને આવવા દો. સંભવવા દો. ડર અથવા દહેશતનું કારણ આ જ હોય છે.

તમે તેને નકારી યા ઇનકારી શકતા પણ નથી, કારણ કે પુરાણી વસ્તુઓએ પણ હજી તમે ઇચ્છો એ આપ્યું જ નથી. પુરાણી વસ્તુ અત્યંત આશાસ્પદ હોવા છતાં હજી એ આશાઓ,

અપેક્ષાઓ પૂર્ણ થઇ નથી. પુરાણી વસ્તુ પરિચીત હોવા છતાં દુઃખદાયી હોય છે. નવિન બાબત કદાચ અસુવિધાયુકત હોઇ શકે, છતાં તેમાં સંભાવના રહેલી હોય છે. કદાચ તે તમને સુખ આપી શકે. આ કારણે તમે નથી તેને ઇનકારી શકતા કે નથી સ્વીકારી શકતા. આથી તમે અસમંજસમાં પડી જાવ છો, તમે થથરો છો. તમારી અંદર તીવ્ર વેદના જન્મે છે. આમ થવું સ્વાભાવિક છે, તેમાં કંઇ ખોટું નથી. સદાય આમ જ બનતું આવ્યું છે અને આમ જ બનતું રહેવાનું છે.

નવિન બાબતના દેખાવને સમજવાનો પ્રયાસ કરો. વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિ નવિન બનવા ઇચ્છે છે, કેમ કે પુરાણાથી કોઇ સંતુષ્ટ નથી. પુરાણી ચીજથી કોઇ સંતુષ્ટ હોઇ શકે પણ નહીં કેમ કે તમે તેનાથી પરિચીત થઇ ગયા હો છો. અને પરિચીત વસ્તુ પુનરાવર્તિત, એકધારી તેમજ કંટાળાજનક બની રહે છે. તમે તેનાથી છૂટકારો ઝંખતા હો છો. તમે કંઇક શોધવા, કશુંક સાહસ કરવા ઇચ્છો છો, કંઇક નવિન પામવા ઇચ્છો છો. છતાં કોઇક નવિન બાબત તમારા દ્વાર પર ટકોરા મારે ત્યારે તમે ખચકાટ અનુભવો છો, બે ડગલાં પાછા હટી જાવ છો, પુરાણી ચીજ પાછળ તમે છુપાઇ જાવ છો. જબરી મૂંઝવણ હોય છે આ.

દરેક જણ પોતે નવિન બનવા ઇચ્છે છે, પણ એ શી રીતે બની શકાય? તેના માટે જરૂરત છે હિંમતની, તદ્દન અસાધારણ કહી શકાય એવી હિંમતની. સમગ્ર વિશ્વ નાહિંમત લોકોથી ભરેલું છે, પરિણામે લોકોનો વિકાસ અટકી ગયો છે. તમે નાહિંમત હો, કાયર હો તો શી રીતે વિકસી શકો? પ્રત્યેક નવિન તક સામે આવે ત્યારે તમે પીછેહઠ કરો છો, તમારી આંખો મીંચી દો છો. આવામાં તમે શી રીતે વિકસી શકો? તમે વિકસવાનો કેવળ દંભ કરતા હો છો.

વિકસી નહીં શકવાને કારણે તમારે અન્ય વૈકલ્પિક વિકાસ પામવા માટે ફાંફા મારવા પડે છે. અને વિકલ્પ એ છે કે તમારો વિકાસ થાય કે ન થાય, તમારું બેન્ક બેલેન્સ સમૃધ્ધ થાય છે. તેના માટે હિંમતની જરૂર નથી, બલ્કે તમારી કાયરતા સાથે તે સંપૂર્ણપણે મેળખાય છે. તમારું બેન્ક બેલેન્સ સમૃધ્ધ થયા કરે છે અને તમે એમ સમજો છો કે એ તમારો ખુદનો વિકાસ થઇ રહ્યો છે. તમે વધુ સન્માનનીય બનતા જાવ છો. તમારું નામ, કિર્તી વધ્યા કરે છે. આવું લાગતું હોય તો તમે પોતાની જાતને છેતરી રહ્યા છો. તમારું નામ એ કંઇ તમે નથી કે નથી તમારી કિર્તી એટલે તમે પોતે.. તમારું બેન્ક બેલેન્સ એટલે પણ તમે નથી. તમે તમારી જાતનો, અસ્તિત્વનો વિચાર કરવા લાગશો તો તમે હચમચી જશો, કેમ કે તમે તેને પ્રાપ્ત કરવા ઇચ્છતા હશો તો તમારે તમારી સઘળી કાયરતા ત્યજવી પડશે.

આપણે નવિન શી રીતે બની શકીએ? આપણે આપણી અંદરથી, પોતાની મેળે નવિન બની શકતાં નથી. નવિનતા આવે છે પેલે પારથી, કહો કે ઇશ્વર થકી આવે છે. તે આવે છે

જીવનમાંથી, અસ્તિત્વમાંથી. મન સદાય જૂનું પુરાણું હોય છે, તે કદી નવિન હોતું નથી, તે હોય છે ભૂતકાળનો સંચય. જ્યારે નવિનતા પેલે પારથી આવે છે, તે ઇશ્વરીય સોગાદ છે. તે પેલે પારથી આવેલી અને પેલે પારની હોય છે.

અપરિચીત, અને અપરિચીત જ બની રહેવા યોગ્ય એવું પેલે પારનું તત્વ તમારામાં પ્રવેશી ચૂકયું હોય છે. તે એટલા માટે તમારામાં પ્રવેશેલું છે કેમ કે તમે બંધિયાર નથી, કોઇક ટાપુની જેમ અલાયદા, એકલવાયા નથી. પેલે પારની બાબતને તમે કદાચ વીસરી ગયા હશો, પણ એ તમને વીસરે એમ નથી. બાળક કદાચ તેની માતાને ભૂલી શકે, પણ માતા કદી બાળકને ભૂલી નથી હોતી. કોઇ એક હિસ્સો કદાચ એમ વિચારે કે તે પોતે અલાયદો છે, પણ સમગ્રને ખબર છે કે તે અલગ નથી. તમારી અંદર સમગ્રતા વ્યાપેલી છે. તે હજી તમારા સંસર્ગમાં છે. આથી જ તમે બોલાવો કે ન બોલાવો, નવિન બાબતો આવ્યા જ કરે છે. રોજેરોજ, સવાર સાંજ તે આવતી રહે છે. એક હજાર અને એક માર્ગે તે આવે છે. તમારી પાસે દૃષ્ટિ હશે તો તમે સતત તેને આવતી જોઇ શકશો.

તમારા પર તમારા અસ્તિત્વની, જીવનની વર્ષા થયા કરે છે, પણ તમે પોતે ભૂતકાળમાં કેદ છો. એક પ્રકારની કબરમાં છો તમે. તમે સંવેદનાહીન બની ગયા છો. તમારા કાયરપણાને કારણે તમે તમારી સંવેદના ગુમાવી દીધી છે. સંવેદનશીલ બનવું એટલે નાવિન્યનો અનુભવ કરવો. નાવિન્યનો રોમાંચ, તે માટેના સાહસનો તમારામાં ઉદય થાય એટલે તમે અપરિચીતતા તરફ ગતિ કરવાનું શરૂ કરશો. તમને એ પણ ખબર નહીં હોય કે તમે કયાં જઇ રહ્યા છો.

મનને એમ લાગશે કે આ પાગલપણું છે. મનને થશે કે જૂનાને છોડવાનો ખ્યાલ તાર્કિક નથી. પરંતુ ઇશ્વર સદાય નવિન હોય છે. આથી જ આપણે ઇશ્વર માટે કદી ભૂતકાળ કે ભવિષ્યકાળ પ્રયોજતા નથી. "ઇશ્વર હતો" કે "ઇશ્વર હશે" એમ કહેવાને બદલે "ઇશ્વર છે" એમ જ આપણે કહીએ છીએ. તે સદાય તાજગીસભર, નાવિન્યસભર હોય છે અને તમારામાં તે વ્યાપેલો હોય છે.

એટલું યાદ રાખો કે જીવનમાં આવતી કોઇ પણ નવિન ચીજ ઇશ્વરનો સંદેશો જ હોય છે. તમે તેનો સ્વીકાર કરશો તો તમે ધાર્મિક છો. અને તેનો ઇનકાર કરશો તો અધાર્મિક. નવિન બાબતથી પરિચીત થવા માટે માનવે થોડા સહજ થવાની, થોડા ખુલ્લા મનના થવાની જરૂર હોય છે. ઇશ્વર તમારામાં પ્રવેશી શકે એ માટે તેનો માર્ગ મોકળો કરી આપો.

પ્રાર્થના અથવા ધ્યાનનો અર્થ જ આ છે. તમે ખુલ્લા મનના બનો, તમે હા પાડો, તમે કહો, "ભલે પધાર્યા." તમે કહેતા રહો, "હું સતત પ્રતિક્ષામાં હતો.તમારો આભાર કે તમે આવ્યા." નવિન બાબતને સદાય આનંદપૂર્વક સત્કારો. તેનાથી કયારેક તમને અસુવિધા થાય તોય વાંધો નથી. તેનાથી તમે કદાચ ખાડામાં પડો તોય વાંધો નથી. કારણ કે ભૂલો થકી જ શીખી શકાય

છે અને મુસીબતો થકી જ વિકસી શકાય છે. નવિન વસ્તુ મુશ્કેલીઓ લઇને આવશે. આ કારણથી જ તમે પુરાણી ચીજ પસંદ કરતા હો છો, કેમ કે તેનાથી કદી મુશ્કેલી થતી નથી. તે સદાય આશ્વાસનરૂપ, આશરા સમાન હોય છે.

નવિન વસ્તુનો તમે અંદરથી તેમજ સમગ્રતાથી સ્વીકાર કરો તો જ તે તમને પરિવર્તિત કરી શકશે. તેને તમે જીવનમાં લાવી શકતા નથી, તે આવતું જ હોય છે. તમે તેનો સ્વીકાર કરો કાં ઇનકાર કરો. તમે તેનો ઇનકાર કરશો તો તમે પથ્થર જેવા મૃત જ રહેશો. તમે તેનો સ્વીકાર કરશો તો તમે ફૂલ જેવા બનશો, તમે ખીલવા લાગશો, આ રીતે ખીલવું એક ઉજવણી સમાન બની રહેશે.

પરિવર્તન પામવાનો અન્ય કોઇ માર્ગ નથી. નવિન વસ્તુના પ્રવેશથી જ એને પામી શકાશે. એટલું યાદ રાખજો કે તમારી સાથે યા તમારા પ્રયત્નો સાથે તેને કશી લેવાદેવા નથી. આમ છતાં, કંઇ ન કરવું એનો મતલબ એવો હરગીજ નથી કે કામ કરતા અટકી જવું. એનો મતલબ છે કે તમારા ભૂતકાળની કોઇ ઇચ્છા, અંશ કે આદેશ વિના કોઇ કામ કરવું. નવિન માટેની ખોજ કંઇ સાધારણ ખોજ ન હોઇ શકે, કેમ કે તે નવિન માટેની હોય છે. તમે શી રીતે તેની ખોજ કરી શકો? નથી તમે તેને જાણતા કે નથી તમે તેને કદી મળ્યા. નવિનતા માટેની ખોજ તો સંભાવનાઓથી ભરપૂર ખોજ હોય છે. કેમ કે ખોજ કરનારને કશી ખબર નથી. સાવ અજાણપણાની અવસ્થાથી પ્રારંભ કર્યા પછી એક બાળક અનુભવે એવા કુતૂહલપૂર્વક આગળ વધવું પડે છે. પ્રત્યેક સંભાવનાઓથી બાળકની જેમ રોમાંચ અનુભવીને આગળ ધપવું પડે છે. આમાં સંભાવનાઓ અપાર હોય છે.

નવિન બાબતના સર્જન માટે તમે કંઇ કરી ન શકો. કેમ કે તમે જે કંઇ કરશો તે ભૂતકાળમાંથી પ્રેરિત હશે. એનો મતલબ એવો હરગીજ નથી કે કામ કરવાનું બંધ કરી દેવું. એનો મતલબ એવો છે ભૂતકાળમાંથી કોઇ નિર્દેશ મેળવ્યા વિના કામ કરવું. અર્થાત્ ધ્યાનસ્થ થઇને, સહજતાપૂર્વક કામ કરવું. જે તે ક્ષણને નિર્ણાયક બનવા દો.

તમે તમારો નિર્ણય લાદશો નહીં, કેમ કે તે ભૂતકાળમાંથી પ્રેરિત હશે અને નવિન બાબતને તે નષ્ટ કરશે. જે તે ક્ષણે તમે સાવ બાળકની માફક વર્તો. તમારી જાતને તે ક્ષણ પૂરતી સાવ અળગી કરી નાંખો. તમે જોઇ શકશો કે પ્રત્યેક દિવસે નવિન દૃષ્ટિ, નવિન પ્રકાશ તમે પામી શકશો. તમે તેના થકી પરિવર્તિત થતા રહેશો. અચાનક એક દિવસ તમે જોઇ શકશો કે પ્રત્યેક ક્ષણે તમે નવિન થઇ રહ્યા છો. પુરાણી વસ્તુ તમારી પર વાદળની જેમ છવાયેલી રહેતી નથી. એક ઝાકળબિંદુની માફક તમે તાજગીસભર અને નવયુવાન છો.

નવજીવનનો સાચો અર્થ જ એ છે, કે તમે સ્મૃતિથી, ખાસ કરીને માનસિક સ્મૃતિથી મુક્ત થઇ

શકો. સ્મૃતિ તો મૃત ચીજ છે. સ્મૃતિ સત્ય નથી. તે સત્ય હોઇ શકે પણ નહી. કેમ કે સત્ય સદાય જીવંત હોય છે. સત્ય જીવન હોય છે. જે ચીજ હયાત નથી તેનું રટણ કર્યે જવું એનું નામ સ્મૃતિ. તે રહે છે આભાસી વિશ્વમાં, પણ તે આપણી કેદ સમાન છે. આપણે તો પૂરાયેલા હોઇએ છીએ. ખરેખર તો, સ્મૃતિ એટલે જ આપણે પોતે. 'હું' અથવા 'અહમ્' તરીકે ઓળખાતી ગ્રંથિને સ્મૃતિ જ પેદા કરે છે. 'હું' તરીકે ઓળખાતી આ ખોટી ઓળખ અથવા અસ્તિત્વ સતત મૃત્યુથી ડર્યા કરે છે. આ કારણે જ તમે નવિનતાથી ડરો છો.

ખરેખર તમે નથી ડરતા, પણ પેલો 'હું' ડરે છે. અસ્તિત્વને કશાનો ભય નથી, પણ અહમ્‌ને ભય હોય છે, કારણ કે અહમ્ મૃત્યુથી અતિશય ડરે છે. તે કૃત્રિમ, આપખુદ હોય છે. તે કોઇ પણ ક્ષણે વિખૂટો પડી શકે એમ હોય છે. નવિન વસ્તુ પ્રવેશે. ત્યારે ભય પેદા થાય છે. અહમને થાય છે કે તે પોતે ખડી પડશે. અત્યાર સુધી ગમે તે રીતે તે સંયુકત સ્વરૂપે રહેલો હોય છે. પણ હવે નવિનતાનું આગમન થતાં તે આકુળવ્યાકુળ બની જાય છે. આથી જ નવિન વસ્તુને તમે રાજીખુશીપૂર્વક સ્વીકારી શકતા નથી. પોતાનું ખુદનું મૃત્યુ અહમ્ રાજીખુશીથી સ્વીકારી શકતો નથી. શી રીતે તે આમ કરી શકે?

તમે એક વાર એટલું સમજી લો કે તમે પોતે અહમ્ નથી. એમ થયા પછી તમને નવું સ્વીકારવામાં વાંધો નહીં આવે. અહમ્ છે એ તમારા ભૂતકાળની સ્મૃતિ સિવાય બીજું કંઇ નથી. તમે તમારી સ્મૃતિ નથી. તમારી સ્મૃતિ કેવળ એક જૈવિક કોમ્પ્યુટર જેવી છે, તે એક યંત્ર જેવી, યાંત્રિક સંરચના જેવી, કેવળ ઉપયોગમાં લઇ શકાય એવી જ ચીજ છે- છતાં તમે તેનાથી પર છો- એ તમે જાણી લો છો. તમે પોતે ચેતના છો, નહીં કે સ્મૃતિ. સ્મૃતિ તો ચેતનામાં આવેલી એક ચીજ છે, જ્યારે ચેતના તો તમે પોતે જ છો.

જેમ કે, તમે કોઇને માર્ગ પર ચાલતા જુઓ છો. તમને તેનો ચહેરો યાદ છે, પણ તેનું નામ યાદ નથી, તમે પોતે જો સ્મૃતિ હો તો તમને નામ પણ યાદ હોવું જોઇએ. પણ તમે કહો છો, "મને ચહેરો યાદ છે, પણ નામ યાદ નથી.": આટલું કર્યા પછી તમે તમારી સ્મૃતિને ઢંઢોળો છો, ફંફોસો છો, આમ તેમ તપાસો છો અને ઓચિંતું તમારી સ્મૃતિમાં નામ ઉપસી આવે છે અને તમે બોલી ઉઠો છો, "હા, આ છે એનું નામ." સ્મૃતિ એ તમારો રેકોર્ડ છે. તમે એ રેકોર્ડને ફંફોસો છો. તમે પોતે કંઇ સ્મૃતિ નથી.

ઘણી વાર એમ બને છે કે કંઇક યાદ કરવા માટે તમે અતિશય વ્યગ્ર બની જાવ તો તમને કશું યાદ કરવું મુશ્કેલ બની જાય છે. કેમ કે એમ કરવાથી ઉભી થતી તાણ સ્મૃતિને તમારા સુધી માહિતી પહોંચાડવા દેતી નથી. તમે નામ યાદ કરવા માટે મથ્યા જ કરો, છતાં એ યાદ આવતું નથી. તમને તે જીભના ટેરવે હોવા છતાં યાદ નહીં આવે. તમે જાણો છો કે એ નામનો તમને

ખ્યાલ છે, છતાં એ નામ યાદ આવતું નથી.

બહુ વિચિત્ર કહેવાય આ. તમે પોતે સ્મૃતિ નથી તો પછી તમને રોકે છે કોણ? નામ શા માટે યાદ નથી આવતું? "હું જાણું છું, છતાં તે યાદ નથી આવતું" એમ કોણ કહે છે? પછી તમે સખત પ્રયત્ન કરો છો. તમે જેમ પ્રયત્ન કરતા જાવ એમ મુશ્કેલી વધતી જાય છે. આ આખી પ્રક્રિયાથી કંટાળીને તમે ચાલવા માટે બગીચામાં જાવ છો અને ગુલાબના છોડ તરફ જોતાં જ તમને ઓચિંતું નામ યાદ આવી જાય છે.

તમારી સ્મૃતિ કંઇ તમે પોતે નથી. તમે ચેતના છો અને સ્મૃતિ એ સામગ્રી છે. પરંતુ સ્મૃતિ એ અહમ્‌ની જીવનભરની ઉર્જા છે. સ્મૃતિ જૂની પુરાણી હોય છે અને નવિનતાથી તે ડરતી હોય છે. નવિનતા કદાચ ખલેલ પહોંચાડનારી હોઇ શકે, તેને પચાવી શકાય એવી ન હોય, તે કશી મુસીબત લાવનારી હોય છે. તમારે તમારી જાતને ફરી ફરીને ગોઠવવી પડશે, ફરીથી તમારે અનુકૂલન સાધતા રહેવું પડશે. બહુ મુશ્કેલ જણાય છે આ.

નવિન બનવા માટે વ્યક્તિએ અહમ્‌ને ભૂલવો પડશે. અહમ્‌ને તમે કોરાણે મૂકો પછી તે જીવે કે મરે, તમને તેની પરવા રહેતી નથી. વાસ્તવમાં તમે જાણતા હો છો કે તે જીવે યા મરે, તે મૃત થઇ ચૂકયો છે. તે કેવળ એક યાંત્રિક સંરચના હોય છે. તેનો ઉપયોગ કરો, પણ તેને તમારો ઉપયોગ ન કરવા દો. અહમ્ મૃત્યુથી સતત ફફડતો હોય છે કેમ કે તે આપખુદ હોય છે. ભયનું પણ એમ જ હોય છે. તે અસ્તિત્વમાંથી ઉદ્‌ભવતો નથી, એ રીતે ઉદ્‌ભવી શકે પણ નહીં, કારણ કે અસ્તિત્વ એ જીવન છે. જીવન શી રીતે મૃત્યુથી ડરી શકે? જીવનને મૃત્યુ વિશે કશી જાણ હોતી નથી. આપખુદપણું, કૃત્રિમતા, જુઠાણું, પરાણે સાથે રાખવું...વગેરે થકી અહમ્ ઉદ્‌ભવે છે. અહમ્ એ રીતે મૃત્યુ પામે છે કે મનુષ્ય જીવંત થઇ ઉઠે છે. અહમ્‌નું મૃત્યુ થવું એટલે અસ્તિત્વમાં પુનર્જન્મ થવો.

નવિનતા એ ઇશ્વરનો સંદેશ છે તેમજ સંદેશવાહક છે. તે એક ધર્મગ્રંથ છે. તેને સાંભળો, તેને અનુસરો. હું જાણું છું કે તમે એમ કરતાં ડરો છો. ડરવા છતાં તમે નવિન ચીજને અનુસરો. તમારું જીવન સમૃધ્ધ બનતું જશે અને તમારો કેદ રહેલો વૈભવ એક દિવસ મુકત કરી શકવાને તમે સક્ષમ થઇ શકશો.

જીવનમાં આપણે ઘણી બધી ચીજો ગુમાવ્યા કરીએ છીએ, જેના મૂળમાં છે ફકત હિંમતનો અભાવ. હિંમતને પ્રાપ્ત કરવા માટે કશા પ્રયત્નની જરૂર નથી. એમ કરવાથી તમારી સમક્ષ સામે ચાલીને બધું આવવા લાગશે. તમારે કશાની પાસે જવાની જરૂર નહીં રહે. કમ સે કમ તમારા આંતરિક વિશ્વમાં આવું થશે.

મારી દષ્ટિએ સુખી બનવું એ મોટામાં મોટી હિંમતનું કામ છે. દુઃખી બનવું એ કાયરતાનું કામ છે. દુઃખી થવા માટે ખરેખર તો કશાયની જરૂર નથી. કોઇ પણ કાયર વ્યક્તિ કે મૂર્ખ તે થઇ શકે. દરેક જણ દુઃખી બનવા માટે સક્ષમ હોય છે, પણ સુખી બનવા માટે અતિશય હિંમતની જરૂર હોય છે. સીધાં ચઢાણ ચડવા જેવું કપરું કાર્ય છે એ.

સાધારણતયા આપણે આવું કંઇ વિચારતા નથી. આપણે માનીએ છીએ, ‘‘સુખી થવાની આવશ્યકતા શી છે? દરેક જણ સુખી બનવા ઇચ્છે છે.’’ આ સદંતર ખોટું છે. ભાગ્યે જ કોઇ સુખી થવા ઇચ્છે છે.

પોતે જે કહ્યા કરે છે, તેની પણ પરવા તેઓ કરતા નથી. જવલ્લે જ કોઇ વ્યક્તિ સુખી થવા ઇચ્છતી હોય છે. લોકોને પોતાના દુઃખમાં રોકાણ કરવું ખૂબ ગમતું હોય છે. દુઃખી થવું તેમને ગમતું હોય છે. ખરેખર તો દુઃખી થવામાં જ તેમનું સુખ રહેલું હોય છે.

સમજવા લાયક બાબતો ઘણી બધી હોય છે. એ સિવાય દુઃખની ઘરેડમાંથી બહાર આવવું બહુ મુશ્કેલ હોય છે. સૌથી પહેલી વાત તો એ કે કોઇ તમને ત્યાં જકડી રાખતું નથી. દુઃખની કેદમાં રહેવાનું તમે પોતે જ નક્કી કરેલું હોય છે. કોઇ કોઇને પકડી રાખતું નથી. તેમાંથી છૂટકારો મેળવનાર વ્યક્તિ આ જ ક્ષણે છૂટકારો મેળવી શકે છે. બીજું કોઇ તે માટે જવાબદાર નથી. કોઇ દુઃખી હોય તો તેના માટે જવાબદાર તે પોતે જ હોય છે. પણ દુઃખી વ્યક્તિ ક્યારેય જવાબદારીનો સ્વીકાર કરતી નથી, દુઃખી બની રહેવાની તેની આ પધ્ધતિ હોય છે. તે કહ્યા કરે છે, ‘‘મને કોઇક બીજું જ દુઃખી બનાવી રહ્યું છે.’’

તમને કોઇક બીજું જ દુઃખી બનાવી રહ્યું હોય તો સ્વાભાવિકપણે જ તમે શું કરી શકો? તમે પોતે તમારી જાતને દુઃખી કરી રહયા હો તો કંઇક ઉપાય થઇ શકે, તાત્કાલિક ધોરણે થઇ શકે. એમ હોય તો દુઃખી થવું કે ન થવું તમારા હાથમાં હોય છે. આથી લોકો અન્યોના માથે જવાબદારી ઢોળ્યા કરતા હોય છે. ક્યારેક પત્નીના માથે, ક્યારેક પતિના માથે, ક્યારેક કુટુંબ માથે, ક્યારેક બાળપણ તો ક્યારેક માવતરના માથે, તો ક્યારેક સમાજ, ઇતિહાસ, પ્રારબ્ધ કે ઇશ્વરના માથે જવાબદારી ઢોળ્યા કરે છે. નામ ભિન્ન ભલે હોય, પણ યુક્તિ એની એ જ હોય છે.

મનુષ્ય પોતે પોતાના કર્તૃત્વની સંપૂર્ણ જવાબદારી લે ત્યારે જ તે સાચેસાચ માનવ બને છે. પોતે જે કંઇ છે તે માટે જવાબદાર તે પોતે જ છે. પહેલામાં પહેલી અને સૌથી મોટી હિંમત આ છે. તેને સ્વીકારવી બહુ અઘરી છે, કેમ કે મન કહ્યા કરતું હોય છે, ‘‘તમે એના માટે જવાબદાર છો, તો તેને ઉભી શા માટે કરી?’’ આને ટાળવા માટે આપણે અન્ય કોઇને જવાબદાર ઠેરવતાં કહીએ છીએ : ‘‘હું શું કરી શકું? હું લાચાર છું. મારાથી શક્તિશાળી પરિબળો મને આમથી તેમ ફંગોળ્યા કરે છે અને હું કંઇ કરી શકતો નથી. બહુ બહુ તો હું મારા દુઃખી હોવાના રોદણાં રડી

શકું અને એ રીતે વધુ ને વધુ દુઃખી બની શકું.''

આ રીતે બધી જ બાબત વૃધ્ધિ પામતી રહે છે. તમે તેને અમલમાં મૂકશો તો તે વધ્યા કરશે. આમ તમે ઉંડે ને ઉંડે ઉતરતા જશો, વધુ ને વધુ ડૂબતા જશો.

કોઇ પણ વ્યક્તિ કે પરિબળ તમને કંઇ જ કરતું નથી. તમે અને ફકત તમે જ તે કરતા હો છો. કર્મની આ જ ફિલસૂફી છે કે- આ તમારા જ કર્મો છે. તમે જ તેને કરેલાં છે અને તમે જ તેને મિટાવી શકો: તેના માટે પ્રતિક્ષા કરવાની કે વિલંબ કરવાની કંઇ જરૂર જ નથી. તેના માટે યોગ્ય સમયની રાહ જોવાની જરૂર જ નથી. તમે તેની બહાર કૂદી પડો, બસ !

પણ આપણે ટેવાઇ ગયેલા છીએ. આપણે દુઃખી ન થઇએ તો આપણને અડવું અને એકલવાયું લાગે છે. દુઃખ આપણો પડછાયો બની ચૂકયું હોય છે, તે આપણને પ્રત્યેક સ્થળે અનુસરે છે. આ સાથીદારને આપણે ગુમાવી બેસીશું. તમારી સાથે કોઇ ન હોય તો કમ સે કમ તમારું દુઃખ તમારી પાસે હશે. તેની સાથે તમે ફેરા ફરી ચૂકયા છો. આ ફેરા ભવોભવના હોય છે. દુઃખ સાથે તમે ભવોભવ સુધી પરિણીત રહો છો.

પણ હવે તેનાથી મુક્તિ મેળવવાનો, છૂટાછેડા લેવાનો સમય આવી પહોંચ્યો છે. એને જ હું સૌથી મોટી હિંમત કહું છું- માનવમનની સૌથી પુરાણી આદત, દીર્ઘકાલીન સાથીદાર એવા દુઃખને ત્યજવું, છૂટાછેડા આપવા એ જ છે સૌથી મોટી હિંમત.



૩. પ્રેમની હિંમત

ભય એટલે બીજું કંઇ નહીં, પણ પ્રેમની ગેરહાજરી.
પ્રેમ અંગે કંઇક કરો અને ભયને ભૂલી જાવ.
સારી રીતે પ્રેમ કરશો તો ભય અદૃશ્ય થઇ જશે.

તમે ઉંડાણથી પ્રેમ કરશો, તો ભય જોવા નહીં મળે. ભય એક પ્રકારની નકારાત્મકતા છે, કશાની ગેરહાજરી છે. આ બાબતને બહુ ગહનતાપૂર્વક સમજવી પડશે. તમે એ ચૂકી જશો તો તમે ભયની પ્રકૃતિને કદી સમજી નહીં શકો. તે અંધારા જેવો છે. અંધારાનું અસ્તિત્વ હોતું નથી, પણ તે હોય એવું લાગે છે. ખરેખર તો એ પ્રકાશની ગેરહાજરી છે. પ્રકાશની ઉપસ્થિતિ હોય છે. પ્રકાશને દૂર કરી દો તો અંધારું થઇ જશે.

અંધારાની ઉપસ્થિતિ હોતી નથી. અંધારાને તમે હટાવી નહીં શકો. ચાહે ગમે તે કરો પણ અંધારાને તમે હટાવી નહીં શકો. તમે તેને લાવી પણ નહીં શકો કે નહીં તેને ફેંકી શકો. તમારે અંધકાર સાથે કંઇક કરવું હશે તો તમારે પ્રકાશને કંઇક કરવું પડશે, કેમ કે જેનું અસ્તિત્વ હોય તેની સાથે જ કંઇક કરી શકાય. લાઇટ બંધ કરી દો તો અંધારું થઇ જશે. લાઇટ ચાલુ કરો તો અંધારું રહેતું નથી. પણ તમે લાઇટ સાથે કંઇક કરો છો, અંધકાર સાથે કંઇ કરતા નથી.

ભય અંધકાર જેવો છે. તે પ્રેમની અનુપસ્થિતિ છે. તમે તેને કંઇક કરી શકતા નથી. તમે જેટલું વધુ કરવા જશો એટલા વધુ ભયભીત થતા જશો. કારણ કે એમ કરવાથી તમને એ વધુ અસંભવ લાગશે. સમસ્યા વધુ ને વધુ ગૂંચવાતી જશે. અંધકાર સાથે લડશો તો તમે પરાજિત થશો. તલવાર લઇને તમે અંધકારને મારવા જશો તો તમે હાંફી જશો. અંતે તમારુ મગજ કહેશે, ''અત્યંત શક્તિશાળી છે, તેથી હું પરાજિત થયો છું.''

અહીં જ તર્ક ખોટા પડે છે. આ અત્યંત તર્કબધ્ધ છે કે- તમે અંધકાર સામે બાથ ભીડતા રહો અને તમે તેને પરાજિત ન કરી શકો, તેને મિટાવી ન શકો. પરિણામે તમે આ તારણ પર આવો કે- અંધકાર ખૂબ જ શક્તિશાળી છે. હું તેની આગળ સાવ કમજોર છું. આ તારણ પર આવવું પણ તદ્દન તર્કયુકત છે. પણ વાસ્તવિકતા તદ્દન વિપરીત હોય છે. ખરેખર તો અંધકાર ત્યાં હોતો જ નથી, તેથી તમે તેને હરાવી શકતા નથી. જે વસ્તુ છે જ નહીં, તેને તમે પરાજિત શી રીતે કરી શકો?

ભય સાથે ઝઘડશો નહીં. એમ કરવાથી તમે વધુ ને વધુ ડરતા જશો અને તમારા અસ્તિત્વમાં એક નવો ભય પ્રવેશી જશે. એ છે ભય લાગવાનો ભય, જે બહુ ખતરનાક છે. પહેલાં તો ભય એક અનુપસ્થિતિ હોય છે. ત્યાર પછી ભયનો ભય એટલે કે અનુપસ્થિતિની અનુપસ્થિતિનો ભય હોય છે. ત્યાર પછી તમે પાગલ બની જાવ છો!

ભય એટલે બીજું કંઇ નહીં, પણ પ્રેમની ગેરહાજરી. પ્રેમ અંગે કંઇક કરો અને ભયને ભૂલી જાવ. સારી રીતે પ્રેમ કરશો તો ભય અદૃશ્ય થઇ જશે. ગહનતાથી પ્રેમ કરશો તો ભય જોવા નહીં મળે.

ભલે એક ક્ષણ પૂરતા, પણ તમે કોઇની સાથે પ્રેમમાં હતા ત્યારે કોઇ ભય હતો? એક ક્ષણ પૂરતી પણ કોઇ બે વ્યક્તિઓ પ્રેમમાં હોય અને તેઓ મળે ત્યારે કદી એ ક્ષણે ભય જોવા નથી મળતો. બિલકુલ એ રીતે જેમ અજવાળું થતાં અંધકાર જતો રહે છે. આ માટેની ગુપ્ત ચાવી છે- વધુ ને વધુ પ્રેમ કરો.

તમને લાગે કે તમારા અસ્તિત્વમાં ભય વ્યાપેલો છે, તો વધુ પ્રેમ કરો. પ્રેમમાં હિંમતવાન બનો. પ્રેમમાં સાહસિક બનો. વધુ પ્રેમ કરો તેમજ બિનશરતી પ્રેમ કરો. કારણ કે જેટલો વધુ પ્રેમ કરશો એટલો ભય ઓછો હશે.

હું જ્યારે પ્રેમ કરવાની વાત કરું ત્યારે તેમાં સંભોગથી સમાધિ સુધીના પ્રેમના ચારેય તબક્કાનો સમાવેશ થઇ જાય છે.

ઉત્કટતાપૂર્વક પ્રેમ કરો.

જાતીય સંબંધ વેળાએ તમે ઊંડાણપૂર્વક પ્રેમ કરશો તો શરીરમાંથી મોટા ભાગનો ભય અદૃશ્ય થઇ જશે. તમારું શરીર ભયથી ધ્રુજી રહ્યું હશે તો એ ભય સેકસનો હશે. તમે જાતીય સંબંધમાં ઊંડાણપૂર્વક ગયા નથી. તમારું શરીર ધ્રુજે છે, તમારું શરીર સહજતા અનુભવતું નથી.

ઊંડાણપૂર્વક પ્રેમ કરો. જાતીય પરાકાષ્ઠા તમારા શરીરમાંથી તમામ ભય કાઢી નાંખશે. હું જ્યારે એમ કહું છું કે તમારા શરીરમાંથી ભય કાઢી નાંખશે ત્યારે એનો અર્થ એ હરગીઝ નથી કે તમે બહાદુર અને નિર્ભય બની જશો. કારણ કે બહાદુર લોકો બીજું કંઇ નહીં પણ ઉલટી બાજુથી

કાયર લોકો છે. મારો કહેવાનો મતલબ છે કે કાયરતા કે બહાદુરી કંઇ જ નહીં રહે. ભયના આ બંને પાસાંઓ છે.

તમામ બહાદુર લોકો તરફ જુઓ. તમે જોશો કે અંદરથી તેઓ ડરે છે. તેમણે પોતાની ચોફેર એક પ્રકારનું કવચ ઉભું કર્યું છે. બહાદુરી એટલે નિર્ભયતા નહીં, પણ સુરક્ષિત રીતે, કવચથી રક્ષાયેલો ભય.

ભય અદ્રશ્ય થઇ જાય ત્યારે તમે નિર્ભય બની જાવ છો. નિર્ભય વ્યકિત એટલે એવી વ્યક્તિ જે અન્ય કોઇનામાં ભય પેદા ન કરે, તેમજ અન્ય કોઇને પોતાનામાં ભય પેદા કરવા ન દે.

ઉત્કટતાપૂર્વકની જાતીય પરાકાષ્ઠા શરીરને સહજતા આપે છે. શરીર સમગ્રતા અનુભવતું હોવાને કારણે શરીરમાં ઉંડે ઉંડે તે તંદુરસ્તી અનુભવે છે.

ત્યાર પછીનો બીજો તબક્કો છે પ્રેમ. લોકોને પ્રેમ કરો- પણ બિનશરતી. તમારા મનમાં કોઇ શરતો હશે તો તમે કદી પ્રેમ નહીં કરી શકો. એ શરતો અવરોધરૂપ બની જશે. પ્રેમ તમારા માટે લાભદાયી છે. પછી શરતો શા માટે? તે એટલો લાભદાયી, સુખાકારીયુકત છે કે તેના બદલામાં કંઇ ન માંગશો. તમને સમજાય કે કેવળ લોકોને ચાહવાથી તમે નિર્ભયતામાં રહેશો, તો તમે ફકત એ આનંદ પ્રાપ્ત કરવા માટે પ્રેમ કરશો.

સામાન્યપણે લોકો પોતાની શરતો સ્વીકારાય ત્યારે જ પ્રેમ કરે છે. તેઓ કહે છે, તમે આવા હોવા જોઇએ તો જ હું પ્રેમ કરીશ. મા તેના બાળકને કહે છે, તું સારી રીતે વર્તીશ તો જ હું તને પ્રેમ કરીશ. પ્રત્યેક જણ શરતો મૂકે છે અને પ્રેમ અદ્રશ્ય થઇ જાય છે.

પ્રેમ અનંત આકાશ જેવો હોય છે. તમે તેને સાંકડી જગામાં મર્યાદિત ન કરી શકો. તમારા મકાનમાં તમે તાજી હવા ભરી દો અને તેને ચારે બાજુથી બંધ કરી દો, બારી-બારણાં વાસી દો તો તે તરત જ વાસી બની જશે. જ્યારે પણ પ્રેમ ઉદ્ભવે ત્યારે તે સ્વાતંત્ર્યના ભાગરૂપે હોય છે. પછી તમે એ તાજગીભરી હવાને તમારા ઘરમાં બંધ કરી દો છો અને બધું વાસી, ગંદુ થઇ જાય છે.

સમગ્ર માનવજાત માટે આ એક ગહન સમસ્યા છે. પ્રેમમાં તમે પડો ત્યારે બધું સુંદર દેખાય છે, કારણ કે એ ક્ષણે તમે શરતો મૂકતા નથી. બે વ્યકિતઓ બિનશરતી એકબીજાની નજીક આવે છે. એકવાર તેઓ ગોઠવાઇ જાય, એકબીજા સાથે અનૂકુળ થઇ જાય, ત્યાર પછી શરતો લાદવાનું શરૂ થઇ જાય છે: "તારે આવા હોવું જોઇએ, તારે પેલાની જેમ વર્તવું જોઇએ, તો જ હું પ્રેમ કરીશ." જાણે કે પ્રેમ નહીં, પણ કોઇ સોદાબાજી ન હોય.

તમે તમારા હૃદયની પૂર્ણતાથી પ્રેમ ન કરો ત્યાં સુધી તો તમે સોદાબાજી જ કરો છો. તમે અન્ય વ્યકિતને તમારા માટે કંઇક કરવાનું દબાણ કરો છો. તો જ તમે પ્રેમ કરશો, નહીંતર તમારા

પ્રેમને તમે છેહ દેશો. હવે તમે તમારા પ્રેમનો શિક્ષા તરીકે કે બળજબરી તરીકે ઉપયોગ કરો છો, પણ તમે પ્રેમ કરતા નથી. કાં તમે તમારા પ્રેમને રોકી રાખો છો કાં તે આપી દો છો, પણ આ બંને કિસ્સાઓમાં પ્રેમ એ કંઇ અંત નથી. એ તો કંઇક બીજું જ છે.

તમે પતિ હો તો તમારી પત્ની માટે તમે ભેટ લાવો છો. તે ખુશ થાય છે, તમને વળગે છે, ચુંબન કરે છે, પણ તમે ઘેરે કંઇ લાવો નહીં તો એક અંતર પેદા થઇ જાય છે. તે તમને વળગતી નથી, તમારી નજીક આવતી નથી. તમે આમ કરો ત્યારે ભૂલી જાવ છો કે તમે પ્રેમ કરો ત્યારે તે તમારા માટે જ લાભદાયી હોય છે, નહીં કે બીજાઓ માટે. પહેલી વારમાં તો જેઓ પ્રેમ કરે તેમને જ પ્રેમ સહાયરૂપ થાય છે. બીજા તબક્કામાં તે એવા લોકોને સહાયરૂપ થાય છે, જેઓ પ્રેમ પામે છે.

મારી પાસે આવીને ઘણા લોકો કહેતા હોય છે, મને અન્ય લોકો પ્રેમ નથી કરતા. પણ કોઇ મને એમ નથી કહેતું કે - હું અન્યને પ્રેમ નથી કરતો. પ્રેમ એક પ્રકારની માંગણી બની ગયો છે. અન્યો મને પ્રેમ નથી કરતા. બીજાને ભૂલી જાવ ! પ્રેમ એવી સુંદર ઘટના છે કે તમે પ્રેમ કરશો તો આનંદ પામશો.

તમે જેટલો વધુ પ્રેમ કરશો, એટલા વધુ તમે ચાહવા લાયક બનશો. તમે ઓછો પ્રેમ કરશો અને અન્યો તમને પ્રેમ કરે એવી વધુ માંગણી મૂકશો એમ તમે ઓછા ચાહવા યોગ્ય બનશો અને તમારા અહમ્ પૂરતા મર્યાદિત, બંધિયાર થઇ જશો. તમે સાવ આળા થઇ જશો. પ્રેમ કરવા માટે કોઇ તમારી પાસે આવશે તો તમે ડરશો, કારણ કે પ્રત્યેક પ્રેમમાં ઇનકાર થવાની સંભાવના હોય છે.

કોઇ તમને પ્રેમ કરતું નથી- આ વિચાર તમારી અંદર જડ ઘાલી જાય છે. આ માણસ શી રીતે તમારું માનસ બદલવાનો પ્રયત્ન કરે છે? એ તમને પ્રેમ કરવાનો પ્રયત્ન કરે છે? આમાં કંઇક ગરબડ હોવી જોઇએ. એ શું તમને છેતરવાનો પ્રયત્ન કરે છે? એ જરૂર લુચ્ચો, યુક્તિબાજ માણસ હોવો જોઇએ. તમે તમારી જાતનું રક્ષણ કરો. તમે કોઇને પ્રેમ કરવા દેતા નથી અને તમે કોઇને પ્રેમ કરતા નથી. આમ થાય ત્યારે ભય પેદા થાય છે. તમે વિશ્વમાં સાવ એકલવાયા બની જાવ છો, તમે કોઇની સાથે સંબંધિત રહેતા નથી.

તો પછી, ભય શું છે? ભય એટલે અસ્તિત્વ સાથે કશો સંપર્ક ન હોવાની લાગણી. ભયની આ વ્યાખ્યા ભલે થતી કે : અસ્તિત્વ સાથે કશો સંપર્ક ન હોવાનો તબક્કો એટલે ભય. તમે સાવ એકલવાયા થઇ જાવ છો. એક બાળકના માતાપિતા અને સમગ્ર પરિવાર થિયેટરમાં ગયો છે. અને બાળક તેના ઘોડિયામાં રડી રહ્યું છે. તે કોઇના સંપર્ક વિના એકલવાયું છે. તેને કોઇનું રક્ષણ, આશ્વાસન કે પ્રેમ નથી. તેની ચોતરફ વિશાળ એકલતા છવાયેલી છે. આ છે ભયની અવસ્થા.

આમ થવાનું કારણ એ કે તમને એ રીતે ઉછેરવામાં આવે છે કે પ્રેમ ઉદ્‌ભવતો જ નથી. સમગ્ર માનવજાત અન્ય તમામ બાબતો માટે તાલિમબધ્ધ થયેલી હોય છે, નહીં કે પ્રેમ માટે. હત્યા કરવા માટે આપણને તાલિમ અપાય છે. સૈન્યમાં વરસો સુધી મારવાની તાલિમ અપાય છે. ગણતરી કરવાની આપણને તાલિમ અપાય છે. કોલેજો અને વિશ્વવિદ્યાલયો તમને ફક્ત ગણતરી કરતાં શીખવે છે, જેથી કોઇ તમને છેતરી ન જાય, પણ તમે અન્યોને છેતરી શકો. પણ કયાંય તમને પ્રેમ કરતાં શીખવવામાં આવે એવી તક અપાતી નથી. મુકતપણે પ્રેમ કરી શકો એવું શીખવાડાતું નથી.

આટલું જ નહીં, પ્રેમના દરેક પ્રયાસને સમાજ અવરોધે છે. બાળકો પ્રેમમાં પડે એ માબાપને ગમતું નથી. કોઇ માતા કે કોઇ પિતાને એ ગમતું નથી કે પોતાનું સંતાન કોઇના પ્રેમમાં પડે. તેમને સુઆયોજિત (એરેન્જડ્) લગ્નો ગમે છે.

આમ શાથી? કેમ કે કોઇ યુવાન કોઇ યુવતીના પ્રેમમાં પડે પછી તે પોતાના કુટુંબથી દૂર ચાલ્યો જાય છે, તે પોતાનું નવું, આગવું કુટુંબ બનાવે છે. તે પેલા જૂના કુટુંબની વિરુધ્ધમાં હોય છે. પોતે બંડખોર હોય છે અને કહે છે, “હવે હું જઇ રહ્યો છું. હું મારું પોતાનું ઘર બનાવીશ.” તે પોતાની મેળે સ્ત્રીને પસંદ કરે છે. તેની સાથે માતા કે પિતાને કશી લેવાદેવા હોતી નથી. તેઓ સાવ અળગાં થઇ ગયેલાં હોય છે.

ના, તેમને એનું આયોજન કરવું તો ગમે છે : “તું ભલે ઘર બનાવ, પણ તે ગોઠવવા અમને દે, જેથી અમારે તેમાં કંઇક કહેવાપણું રહે. અને પ્રેમમાં તો પડતો જ નહીં. કારણ કે તું પ્રેમમાં પડીશ તો પ્રેમ જ તારી દુનિયા બની જશે. જો તે એરેન્જડ લગ્ન હશે તો તે એક સામાજીક બનાવ જ છે, તમે પ્રેમમાં નથી. તમારી પત્નીમાં તમારું વિશ્વ સમાયેલું નથી, કે તમારો પતિ તમારું સર્વસ્વ નથી. માટે જ્યાં પણ આવાં લગ્નો થાય ત્યાં કુટુંબ ચાલતું રહે છે. અને જ્યાં પ્રેમલગ્ન ઉદ્‌ભવે ત્યાં કુટુંબ અદ્દશ્ય થઇ જાય છે.

પશ્ચિમી દેશોમાં કુટુંબ અદ્દશ્ય થઇ રહ્યા છે. હવે તમે આયોજીત (એરેન્જડ) લગ્નો પાછળનો તર્ક જોઇ શકશો કે કુટુંબો ટકી રહેવા માંગે છે. તમારો કે તમારા પ્રેમની સંભાવનાનો વિનાશ થાય તો વાંધો નથી. કુટુંબ માટે તમારે ભોગ આપવો રહ્યો. એરેન્જડ લગ્ન થાય તો સંયુકત કુટુંબ બને છે. આવા લગ્નોમાં સો સભ્યો એક કુટુંબમાં રહી શકે છે. પણ કોઇ છોકરો કે છોકરી પ્રેમમાં પડે તો તેઓ પોતે જ એકબીજાનું વિશ્વ બની રહે છે. તેમને એકાંત જોઇએ છે, તેઓ એકલાં ફરવા ઇચ્છે છે. તેમને પોતાની આસપાસ કાકાઓ, કાકાના કાકા અને પિતરાઇના પિતરાઇ જેવા સેંકડો લોકો જોઇતા નથી. તેમને પોતાની આસપાસ આવું બજાર નથી જોઇતું. તેમને પોતાનું આગવું વિશ્વ જોઇએ છે. તેમને આખી બાબત દખલ કરનારી લાગે છે.

કુટુંબ પ્રેમની વિરુધ્ધમાં હોય છે. તમે સાંભળ્યું હશે કે કુટુંબ પ્રેમનો સ્રોત હોય છે. પણ હું કહું છું- કુટુંબ પ્રેમની વિરુધ્ધમાં હોય છે. પ્રેમને મારીને જ કુટુંબો બન્યાં છે. તેમણે પ્રેમને ઉદ્‌ભવવા દીધો નથી.

સમાજ પ્રેમને મંજૂરી આપતો નથી, કેમ કે કોઇ વ્યક્તિ ઉંડા પ્રેમમાં હોય તો તેની સાથે ચાલાકી કરી શકાતી નથી. તેને યુધ્ધ મોરચે મોકલી શકાતો નથી. તે કહેશે, હું જેવો છું તેવો સુખી છું. તમે મને કયાં ધકેલી રહ્યા છો? મારે શા માટે પોતાના ઘરમાં સુખી હોય એવા અજાણ્યા લોકોને મારવા જોઇએ? અમારે કોઇ મતભેદ નથી કે નથી કોઇ વિવાદ...

યુવાન પેઢી પ્રેમમાં ઉંડી ને ઉંડી ઉતરતી જશે તો યુધ્ધ અદ્દશ્ય જઇ જશે, કારણ કે યુધ્ધમાં જવા માટે પૂરતા લોકો જ નહીં મળે. પ્રેમ કરશો તો તમને જીવનનો કંઇક સ્વાદ મળશે. મૃત્યુ તેમજ લોકોની હત્યા કરવાનું તમને નહીં ગમે. તમે પ્રેમ ન કર્યો હોય તો તમે જીવનનો કંઇ સ્વાદ લીધો નથી, તમને મૃત્યુ જ વહાલું છે.

ભય મારી નાંખે છે. તે મારી નાંખવા ઇચ્છે છે. ભય વિનાશાત્મક છે, જ્યારે પ્રેમ સર્જનાત્મક શકિત છે. તમે પ્રેમ કરશો ત્યારે તમને સર્જન કરવું ગમશે-તમને ગીત ગાવું, ચિત્ર દોરવું, કે કવિતા લખવી ગમશે, પણ તમે બંદૂક કે બોમ્બ લઇને પાગલની જેમ અજાણ્યા લોકોને મારવા નહીં ધસી જાવ. આ લોકોએ કંઇ કર્યું નથી. જેમ તમારા માટે તેઓ અજાણ્યા છે એટલા જ તમે પણ તેમના માટે અજાણ્યા છો.

વિશ્વમાં ફરીથી પ્રેમનો પ્રવેશ થશે ત્યારે જ યુધ્ધનો અંત આવશે. રાજકારણીઓ ઇચ્છતા નથી કે તમે પ્રેમ કરો. સમાજ પણ ઇચ્છતો નથી કે તમે પ્રેમ કરો. કુટુંબ તમને પ્રેમ કરવા નહીં દે. તમારી પ્રેમ કરવાની શકિતને આ બધા નિયંત્રીત કરવા ઇચ્છે છે કારણ કે આ એક જ શકિત હયાત છે. આથી જ ત્યાં ભય હોય છે.

મને તમે સારી રીતે સમજ્યા હો તો, બધો ભય ખંખેરી નાંખો અને પ્રેમ કરો, બિનશરતી પ્રેમ કરો. પ્રેમ કરતી વખતે એમ ન વિચારો કે તમે અન્ય માટે કંઇક કરી રહ્યા છો. તમે તમારી જાત માટે કરી રહ્યા છો. પ્રેમ કરો છો એ તમારા માટે લાભદાયી છે. માટે રાહ ના જુઓ. અન્ય વ્યક્તિ પ્રેમ કરશે ત્યાર પછી તમે પ્રેમ કરશો, એમ ન કહો. આ મુદ્દો છે જ નહીં.

સ્વાર્થી બનો. પ્રેમ સ્વાર્થી છે. લોકોને પ્રેમ કરો- તેના થકી તમે સંતુષ્ટ થશો અને વધુ ને વધુ ધન્યતા પ્રાપ્ત કરતા જશો.

પ્રેમ ગહન થતો જાય ત્યારે ભય અદ્દશ્ય થઇ જાય છે. પ્રેમ પ્રકાશ છે અને ભય અંધકાર છે.

પ્રેમનો ત્રીજો તબક્કો છે પ્રાર્થના. ચર્ચ, ધર્મો, સંપ્રદાયો તમને પ્રાર્થના કરતાં શીખવે છે. વાસ્તવમાં

તેઓ તમને પ્રાર્થના કરતાં અવરોધે છે, કારણ કે પ્રાર્થના તો સહજ ઘટના છે, તે કંઇ શીખવી ન શકાય. બાળપણમાં તમને પ્રાર્થના શીખવાડી દેવાઇ હશે તો તમે એક સુંદર અનુભવ ચૂકી ગયા. પ્રાર્થના એ સહજ ઘટના છે.

મને ગમતી એક કથા મારે તમને કહેવી જ રહી. લીયો ટોલ્સ્ટોયે આ ટૂંકી વાર્તા લખી છે.

પ્રાચીન રશિયામાં એક સરોવર હતું, જે ત્રણ સંતોને કારણે પ્રસિધ્ધ થઇ ગયેલું. આખા દેશને તેમાં રસ પડેલો. હજારો લોકો પેલા ત્રણ સંતોને મળવા માટે સરોવર સુધી મુસાફરી કરતા.

આને કારણે દેશના સર્વોચ્ચ ધાર્મિક વડાને બીક પેઠી : આ શું થઇ રહ્યું છે? તેમણે આ સંતો વિશે કંઇ સાંભળ્યું નહોતું. ચર્ચ દ્વારા તેઓ પ્રમાણિત પણ નહોતા કરાયા, તો પછી તેમને સંત કોણે બનાવ્યા? 'આ માણસ સંત છે' - આવાં પ્રમાણપત્રો આપીને ખ્રિસ્તી ધર્મ મહામૂર્ખામી ભર્યું કામ કરે છે. જાણે કે પ્રમાણપત્ર આપીને કોઇ માણસને સંત બનાવી શકાતો હોય.

પણ લોકો તો પાગલની જેમ ત્યાં ધસી જતા હતા અને ચમત્કારોના સમાચારો આવતા હતા, આથી પેલા વડાએ રૂબરૂ જઇને પરિસ્થિતિ ચકાસવાનું નક્કી કર્યું. તેઓ હોડીમાં બેસીને પેલા ટાપુ પર ગયા, જ્યાં ત્રણ ગરીબો રહેતા હતા. એ ત્રણ સાવ ગરીબ લોકો હતા, પણ ખૂબ સુખી હતા. કારણ કે ગરીબી એક એવી ચીજ છે, જેને હૃદય ચાહી શકતું નથી. તેઓ ગરીબ હતા, છતાં ધનવાન હતા. તમને ક્યાંય જોવા ન મળે એટલા ધનવાન.

તેઓ ઝાડ નીચે બેસીને હસતા, આનંદ કરતા હતા. વડાને જોઇને ત્રણેએ તેમને નમન કર્યાં. વડાએ પૂછ્યું, "તમે અહીં શું કરો છો? એવી અફવા છે કે તમે બહુ મોટા સંત છો? તમને પ્રાર્થના કરતાં આવડે છે ખરી?" આ ત્રણેયને જોઇને જ ધર્મગુરુને સમજાઇ ગયું કે આ તો તદ્દન અભણ, કંઇક અંશે જડ દેખાતા, સુખી પણ મૂર્ખ માણસો છે.

ત્રણેએ એકબીજાની સામું જોયું અને બોલ્યા, "માફ કરજો સાહેબ, પણ અમને ચર્ચ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી અસલ પ્રાર્થના વિશે ખબર નથી, કેમ કે અમે તો અભણ છીએ. પણ અમે અમારી ખુદની એક પ્રાર્થના બનાવી છે. આપને વાંધો ન હોય તો અમે સંભળાવીએ."

ધર્મગુરુ બોલ્યા, "હા, હા, મને દેખાડો કે તમે કઇ પ્રાર્થના કરો છો." તેઓ બોલ્યા, "અમે પ્રયત્ન કર્યો અને પછી વિચાર્યા કર્યું. અમે કંઇ મોટા વિચારક તો છીએ નહીં, અમે તો સાવ ગમાર, ગામડિયા છીએ. આથી અમે સીધીસાદી એક પ્રાર્થના વિચારી. ખ્રિસ્તી ધર્મમાં ઇશ્વરની કલ્પના ત્રય તરીકે કરવામાં આવી છે. પિતા, પુત્ર અને પવિત્ર આત્મા. અમે લોકો પણ ત્રણ છીએ. આથી અમે પ્રાર્થના બનાવી: ''તમે છો ત્રણ, અને અમે પણ ત્રણ, કૃપા કરો અમ પર.'' આ છે અમારી પ્રાર્થના : ''તમે છો ત્રણ, અને અમે પણ ત્રણ, કૃપા કરો અમ પર."

આ સાંભળીને ધર્મગુરુ તો ખુબ ગુસ્સે થઇ ગયા. તેમણે કહ્યું, ''શો બકવાસ છે આ! અમે ક્યારેય આવી પ્રાર્થના સાંભળી નથી. બંધ કરો એને! આ રીતે તમે કદી સંત બની નહીં શકો. તમે સાવ મૂર્ખાઓ છો!'' પેલા ત્રણેય ધર્મગુરુને પગે પડ્યા અને બોલી ઉઠ્યા, ''આપ અમને સાચી, અધિકૃત પ્રાર્થના શીખવો.''

આથી ધર્મગુરુએ તેમને રશિયન ઓર્થોડોક્સ ચર્ચની અધિકૃત પ્રાર્થનાનો પાઠ કહ્યો, જે અત્યંત લાંબો, અટપટો, મોટા મોટા શબ્દોવાળો, અલંકારિક ભાષાવાળો હતો. પેલા ત્રણેએ એકબીજાની સામું જોયું. તેમને થયું કે ખલાસ, હવે પોતાને માટે સ્વર્ગના દ્વાર બીડાઇ ગયા. તેમણે કહ્યું, ''તમે અમને ફરી એકવાર આ સંભળાવો. કેમ કે આ તો બહુ લાંબુ છે અને અમે છીએ સાવ નિરક્ષર.'' ધર્મગુરુએ ફરી એકવાર કહ્યું, પેલા કહે, ''હજી એકવાર અમને કહો. કેમ કે અમે ભૂલી જઇશું તો કંઇક ખોટું પડશે.'' આથી ધર્મગુરુએ ફરી એકવાર પ્રાર્થના કહી સંભળાવી. ત્રણેએ હૃદયપૂર્વક તેમનો આભાર માન્યો. ધર્મગુરુને પણ પોતે એક સત્કાર્ય કર્યાની અને ત્રણ મૂર્ખાઓને ચર્ચ તરફ પાછા વાળ્યાના સંતોષની લાગણી થઇ.

પોતાની નાવમાં તેઓ પાછા વળવા લાગ્યા. હજી તો એ ધર્મગુરુ સરોવરની મધ્યમાં પહોંચ્યા કે તેમણે શું જોયું? તેઓ માની ન શક્યા! પેલા ત્રણે જણા પાણી પર દોડતા આવી રહ્યા હતા અને કહેતા હતા, ''થોભો... હજી એક વાર અમને કહો. અમે પ્રાર્થના ભૂલી ગયા છીએ.''

આ તો માનવું અસંભવ હતું. ધર્મગુરુ ત્રણેયના પગમાં પડી ગયા અને કહ્યું, ''મને માફ કરી દો. તમે તમારી અસલ પ્રાર્થના જ ચાલુ રાખો.''

પ્રેમની ત્રીજી શક્તિ છે પ્રાર્થના. ધર્મો, પ્રવચનોએ તેનો વિનાશ કરી દીધો છે. તેમણે આપણને તૈયાર પ્રાર્થનાઓ પકડાવી દીધી છે. પ્રાર્થના તો એક સહજ લાગણી છે. પ્રાર્થના કરતી વખતે આ વાર્તા યાદ રાખો. તમારી પ્રાર્થના જો સહજ નહીં હોય તો બીજું શું સહજ હોવાનું? ઇશ્વર સમક્ષ પણ તમે જો રેડીમેઇડ (બનાવેલા તૈયાર) હશો તો બીજે ક્યાં તમે અસલ, પ્રાકૃતિક અને અધિકૃત હોઇ શકવાના?

તમને જે કહેવું ગમતું હોય એ કહો. કોઇ શાણા મિત્ર સાથે વાત કરતા હો એ રીતે ઇશ્વર સાથે વાત કરો. પણ તેમાં ઔપચારિકતાને ન લાવો. ઔપચારિક સંબંધો એ સંબંધો છે જ નહીં. તમે ઇશ્વર સાથે પણ ઔપચારિક બની ગયા? તમે બધી સહજતા ચૂકી ગયા.

પ્રાર્થનામાં પ્રેમને સામેલ કરો. તો જ તમે વાત કરી શકશો! બ્રહ્માંડ સાથે સંવાદ કરવાની વાત કેટલી સુંદર છે!

તમે કદી જોયું છે? જો તમે ખરેખર સહજ હશો તો લોકો તમને પાગલ માનશે. તમે કોઇ વૃક્ષ,

ફૂલ કે ગુલાબ પાસે જઇને વાત કરવા લાગશો તો લોકો તમને પાગલ ગણશે. તમે ચર્ચમાં જઇને કોઇ ક્રોસ કે પ્રતિમા સાથે વાત કરશો તો તમને લોકો ધાર્મિક ગણી લેશે. તમે મંદિરમાં પથ્થર સાથે વાત કરો તો લોકો તમને ધાર્મિક માને છે, કેમ કે તે એક અધિકૃત, સર્વસ્વીકૃત સ્વરૂપ છે.

પથ્થરની કોઇપણ પ્રતિમા કરતાં ગુલાબ વધુ જીવંત અને દિવ્ય છે. તેની સાથે વાત કરો. વૃક્ષ સાથે વાત કરો. કોઇપણ ક્રોસ કરતાં તે ઇશ્વર સાથે વધુ જોડાયેલું છે. ક્રોસ તો નિર્જીવ વસ્તુ છે, તેને મૂળિયાં હોતાં જ નથી. વૃક્ષ જીવંત હોય છે. તેનાં મૂળિયાં જમીનમાં ઉંડે સુધી પહોંચેલાં અને શાખાઓ આકાશમાં ઉંચે સુધી ફેલાયેલી, સમસ્ત સાથે જોડાયેલી, સૂર્યનાં કિરણો સાથે, તારલાઓ સાથે સંકળાયેલી હોય છે. તેની વૃક્ષ સાથે વાત કરો. પરમ તત્વ સાથેનું એ સંપર્ક બિંદુ બની શકે છે.

પણ તમે એ રીતે વાતો કરશો તો લોકો તમને પાગલ ગણશે. સહજતાને પાગલપણું ગણવામાં આવે છે. જ્યારે ઔપચારિકતાઓ ડહાપણ ગણાય છે. વાસ્તવિકતા તેનાથી તદ્દન વિપરીત છે. મંદિરમાં જઇને તમે ગોખેલી કોઇ પ્રાર્થના બોલી જશો તો તમે તદ્દન મૂર્ખ છો. દિલથી દિલનો સંવાદ સાધો. પ્રાર્થના તો સુંદર ચીજ છે, તેના દ્વારા તમે પુષ્પિત થશો.

પ્રેમમાં હોવું- સમસ્તના પ્રેમમાં હોવું એટલે પ્રાર્થના. ક્યારેક તમે એ સમસ્ત પર ગુસ્સે થઇને વાત ન કરો તો એ સરસ વાત છે. તમે કહેશો, હું વાત નહીં કરું. હવે બહુ થયું, તમે મારું સાંભળતા નથી. બહુ સુંદર ચેષ્ટા છે આ, જે મૃત નથી. ક્યારેક તમે પ્રાર્થના કરવાનું સદંતર પડતું મૂકો છો, કેમ કે તમે પ્રાર્થના કર્યા કરો છો અને ઇશ્વર તેને કાને ધરતો નથી. બહુ જ ઉંડો લગાવ દર્શાવતો આ સંબંધ છે કે તમે ગુસ્સે થઇ જાવ છો. ક્યારેક તમે બહુ સારું મહેસૂસ કરો છો અને આભારવશતા દર્શાવો છો, તો ક્યારેક તમે મૂંઝાયેલા હો છો. પણ આ સંબંધને જીવંત બની રહેવા દો. તો પ્રાર્થના સાચી છે. તમે ગ્રામોફોનની જેમ રોજેરોજ એકની એક વાતનું રટણ કર્યા કરશો તો એ કંઇ પ્રાર્થના નથી.

મેં એક ગણતરીબાજ વકીલ વિશે વાત સાંભળેલી. રોજ રાત્રે સૂતી વખતે તે આકાશ તરફ જોઇને કહેતો, ''એવું ને એવું જ ! રોજના જેવું જ !'' આમ કહીને તે સૂઇ જતો. જીવનમાં તેણે એક જ વાર, સૌથી પહેલીવાર પ્રાર્થના કરી હતી અને ત્યાર પછી રોજ ''એવું ને એવું જ !'' કાનૂની બાબત જેવું હતું આ. એની એ પ્રાર્થના રોજે રોજ કરવાનો શો મતલબ? તમે ''એવું ને એવું'' જ કહો કે પછી આખી પ્રાર્થના બોલી જાવ, બંને સરખું જ છે.

પ્રાર્થના તો એક જીવંત અનુભવ હોવો જોઇએ, હૃદયથી હૃદયનો સંવાદ થવો જોઇએ. જો તે સાચા હૃદયથી હશે તો બહુ જલદી તમને લાગશે કે તમે ફક્ત બોલી નથી રહ્યા, પણ તમને પ્રતિસાદ પણ મળી રહ્યો છે. આમ થાય ત્યારે ખરી પ્રાર્થના થઇ ગણાય. તમને લાગે કે પ્રતિસાદ

મળી રહ્યો છે, સંવાદ થઇ રહ્યો છે. એકોકિત થવી એ પ્રાર્થના નથી. તેમાં સંવાદ થવો જોઇએ. તમે કેવળ બોલતા ન હો, સાંભળતા પણ હો એવું.

મને કહેવા દો કે સમગ્ર જગત પ્રતિસાદ આપવા માટે તત્પર છે. તમારું હૃદય એકવાર ખુલ્લું થાય એટલે સમસ્ત જગત પ્રતિસાદ આપે છે.

ત્યાર પછી આવે છે ચોથો તબક્કો, જેને હું ધ્યાન કહું છું. તેમાં સંવાદ પણ અટકી જાય છે. ત્યાર પછી તમારા સંવાદ શાંતિ સાથે થાય છે. શબ્દો ખરી પડે છે, કારણ કે જ્યારે હૃદય ખરેખર ભરેલું હોય ત્યારે તમે કંઇ બોલી શકતા નથી. જ્યારે હૃદય વધુ પડતું છલકાઇ રહ્યું હોય ત્યારે કેવળ શાંતિ જ માધ્યમ બની શકે છે. એમાં બીજું કંઇ હોતું નથી. તમે બ્રહ્માંડ સાથે એકાત્મ થઇ જાવ છો. નથી તમે કંઇ કહેતા કે નથી કંઇ સાંભળતા. તમે એક સાથે, બ્રહ્માંડ સાથે, સમસ્ત સાથે હો છો. આ એકાત્મતા એટલે ધ્યાન.

પ્રેમના ચાર તબક્કા છે અને પ્રત્યેક તબક્કે ભય અદ્રશ્ય થતો રહે છે. સેકસ સુંદર રીતે થાય તો દેહનો ભય અદ્રશ્ય થઇ જશે. શરીર વિકૃત નહીં બને. સામાન્ય રીતે મેં જોયું છે કે હજારો લોકો વિકૃત હોય છે, તેમના દેહ અનિયંત્રીત હોય છે. તેઓ સંતુષ્ટ કે સહજ હોતા નથી.

પ્રેમ થાય તો દિમાગમાંથી ભય નીકળી જશે. તમને મુક્તિનું, સહજતાભર્યું જીવન પ્રાપ્ત થશે. કોઇ ભય કે દુઃસ્વપ્ન નહીં સતાવે.

પ્રાર્થના થાય તો ભય સંપૂર્ણપણે નાબૂદ થઇ જાય, કારણ કે પ્રાર્થનાથી તમે એક બની જશો, સમસ્ત સાથે તમે ગાઢ સંબંધ અનુભવવા લાગશો. આત્મામાંથી ભય જતો રહેશે. પ્રાર્થના કરશો તો મૃત્યુનો ભય અદ્રશ્ય થઇ જશે, એ અગાઉ એમ કદી નહીં થાય.

તમે ધ્યાન ધરો ત્યારે નિર્ભયતા પણ અદ્રશ્ય થઇ જશે. ભય જતો રહે, નિર્ભયતા જતી રહે, પછી કંઇ રહેતું નથી. અથવા તો 'નથીંગ' જ રહે છે. વ્યાપક શુધ્ધતા, નિર્દોષતા તેમજ પવિત્રતા.

સંબંધ નહીં, પણ અસ્તિત્વની અવસ્થા

પ્રેમ એ કોઇ સંબંધ નથી, પણ અસ્તિત્વની, હોવાની એક અવસ્થા છે. અન્ય કોઇ સાથે તેને કંઇ લાગતું વળગતું નથી. કોઇ પ્રેમમાં છે, કોઇ પોતે પ્રેમ છે. જ્યારે કોઇ પોતે જ પ્રેમ હોય ત્યારે તે પ્રેમમાં હોય છે, પણ એ તો તેનું પરિણામ, આડપેદાશ થયું. એ કંઇ સ્રોત નથી. સ્રોતએ જ છે કે કોઇ પ્રેમ છે.

પ્રેમ કોણ હોઇ શકે? એ નિશ્ચિત છે કે તમે પોતે કોણ છો એ વિશે સભાન ન હો તો તમે પ્રેમ ન હોઇ શકો. તમે ભય હોઇ શકો. ભય એ પ્રેમથી તદ્દન વિપરીત બાબત છે. એટલું યાદ રાખો

કે લોકો માને છે એમ પ્રેમનો વિરોધી ધિક્કાર નથી. ધિક્કાર એટલે ઊંધો ફરેલો પ્રેમ. એ પ્રેમનો વિરોધાર્થી હરગીજ નથી. પ્રેમનો ખરો વિરોધાર્થી છે ભય. પ્રેમમાં વ્યક્તિ વિસ્તરે છે. ભયમાં વ્યક્તિ સંકોચાય છે. ભયમાં વ્યક્તિ બંધિયાર બને છે, પ્રેમમાં વ્યક્તિ ખૂલે છે. ભયમાં વ્યક્તિ શંકા કરે છે. પ્રેમમાં વ્યક્તિ વિશ્વાસ મૂકે છે. ભયમાં વ્યક્તિ એકાકી બની જાય છે. પ્રેમમાં વ્યક્તિ વિલીન થઇ જાય છે, તેથી એકાકીપણાનો પ્રશ્ન જ રહેતો નથી. વ્યક્તિ રહે જ નહીં, તો તે એકાકી શી રીતે હોઇ શકે? આમ થયા પછી આ વૃક્ષો, પક્ષીઓ, વાદળો, સૂર્ય અને તારાઓ તમારામાં હોય છે. તમારા આંતરિક આકાશને તમે ઓળખી લો એ છે પ્રેમ.

બાળક ભયમુકત હોય છે. બાળકો કશા ભય વિના જન્મે છે. સમાજ તેમને ભયમુકત રહેવામાં મદદરૂપ થાય, તેમને વૃક્ષો અને પર્વતો ચડવામાં તેમજ નદી અને સાગરમાં તરવામાં મદદ કરે, તેઓ સાહસિક બને એ માટે તમામ સંભવિત મદદ કરે, જેથી બાળકો અપરિચીતપણાના ડરથી મુકત બને. બધિર માન્યતાઓ પૂરી પાડવાને બદલે સમાજ તેમનામાં જીજ્ઞાસા પેદા કરે તો આ બાળકો મહાન પ્રેમીઓ, જીવનના પ્રેમીઓમાં રૂપાંતરિત થશે. આ જ છે સાચો ધર્મ. પ્રેમથી ઉંચો કોઇ ધર્મ નથી.

ધ્યાન ધરો, નૃત્ય કરો, ગીત ગાવ અને તમારી જાતમાં ઉંડા ને ઉંડા ઉતરો. પક્ષીઓનું ગાન વધુ ધ્યાનપૂર્વક સાંભળો. ફૂલો તરફ આશ્ચર્યભાવે જુઓ. જ્ઞાની ન બનશો. વસ્તુઓ પર લેબલ ન મારશો. દરેક વસ્તુને લેબલ લગાડવું, તેને ગોઠવવું એ જ છે જ્ઞાન. તેને બદલે શકય એટલા વધુ લોકો સાથે ભળતા રહો, કેમ કે દરેક વ્યકિત ઇશ્વરની અલગ બાજુ દર્શાવે છે. લોકો પાસેથી શીખો. ડરશો નહીં. આ જીવન કંઇ તમારું શત્રુ નથી. આ જીવન તમને માતૃત્વ આપે છે. શકય એટલી તમામ રીતે આ જીવન તમને મદદ કરવા તૈયાર હોય છે. તમે વિશ્વાસ મૂકો અને જુઓ કે તમારામાં ઉર્જાનો નવો ઉછાળો અનુભવાશે. આ ઉર્જા એટલે પ્રેમ. આ ઉર્જા સમગ્ર જીવનને ઉપકૃત કરવા ઇચ્છે છે, આ ઉર્જામાં જ વ્યકિત ઉપકારભાવ અનુભવે છે. જયારે તમે પોતે ઉપકારભાવ અનુભવો ત્યારે તમે સમગ્ર જીવનને સુખી બનાવ્યા સિવાય બીજું શું કરી શકો?

સમગ્ર જીવનને ઉપકૃત કરવાની ઉંડી ઇચ્છા એટલે પ્રેમ.

કેક બહુ સ્વાદિષ્ટ છે !

પ્રેમ બહુ જૂજ જોવા મળે છે. કોઇ વ્યકિતને તેના મર્મસ્થળે મળવું એટલે એક ક્રાંતિમાંથી પસાર થવું. કેમ કે તમે કોઇ વ્યકિતને એ રીતે મળવા ઇચ્છતા હો તો એ વ્યકિતને પણ તમારે તમારા મર્મસ્થળ સુધી પહોંચવા દેવી પડશે. તમારે પણ તદ્દન ખુલ્લા, ભેદ્ય બનવું પડશે.

આ જોખમી બાબત છે. તમારા મર્મસ્થળ સુધી કોઇને પહોંચવા દેવું જોખમી છે, ખતરનાક છે. કારણ કે તમે જાણતા નથી કે એ વ્યકિત તમને શું કરશે. એક વાર તમારાં તમામ રહસ્યો ખૂલી

જાય, તમારી ગુપ્તતા જાહેર થઇ જાય, તમે સંપૂર્ણ ઉઘાડા થઇ જાવ પછી સામેની વ્યક્તિ શું કરશે એ તમે જાણતા નથી. આથી ભય લાગે છે, પરિણામે આપણે કયારેય ખૂલતા નથી.

કેવળ અનૂકુળતાને લઇને આપણે માનીએ છીએ કે પ્રેમ થયો છે. માત્ર બાહ્ય સપાટી મળે છે અને આપણને લાગે છે કે આપણે મળ્યા છીએ. તમે પોતે કંઇ તમારી બાહ્ય સપાટી (પરીઘ) નથી. ખરેખર તો પરિઘ એટલે સરહદ કે જ્યાં તમારો અંત છે, એ તમારી આસપાસની સરહદ છે. એ કંઇ તમે નથી! પરિઘ એટલે એવી જગા કે જ્યાં તમારો અંત થાય અને વિશ્વની શરૂઆત થાય.

વરસો સુધી સાથે રહેલાં પતિ અને પત્ની પણ કેવળ પરિચીત હોઇ શકે. તેઓ કદાચ એકબીજાને ઓળખી ન શકયાં હોય એમ બને. કોઇ વ્યક્તિ સાથે તમે જેટલાં વધુ રહો, એમ તમારાં મર્મસ્થળો અપરિચીત રહ્યાં છે એ ભૂલી જવાની સંભાવના વધુ.

માટે પહેલામાં પહેલી તો એ વાત સમજવી રહી કે પરિચયને પ્રેમ ન ગણો. તમે કદાચ પ્રેમ કરતા હશો, શારિરીક સંબંધ પણ તમે બાંધ્યો હશે, પણ એ પણ કેવળ સપાટી પરનો હોય છે. મર્મસ્થળ ન મળે તો સેકસ કેવળ બે દેહનું મિલન બની રહે છે. અને બે દેહોનું મિલન એ તમારું મિલન નથી. સેકસ પણ એક પરિચય બની રહે છે- શરીરનો, પણ કેવળ પરિચય. કોઇકને તમે તમારા મર્મસ્થળ સુધી ત્યારે જ પ્રવેશવા દો છો જ્યારે તમે ભયભીત ન હો.

જીવવાના બે પ્રકાર હોય છે : ભયકેન્દ્રી અને પ્રેમકેન્દ્રી. ભયકેન્દ્રી જીવન તમને કયારેય ગાઢ સંબંધ સુધી નહીં દોરી જાય. તમે ડરેલા રહેશો અને તમારા અંતરતમ સુધી અન્યોને પ્રવેશવા નહીં દો. એક હદ સુધી તમે અન્યોને પ્રવેશવા દેશો, પણ ત્યાર પછી દિવાલ ખડી થઇ જશે અને બધું અટકી જશે.

પ્રેમ કેન્દ્રી વ્યક્તિ ભાવિથી ડરતી નથી. પરિણામથી પણ તે ડરતી નથી. તે જીવે છે વર્તમાનમાં. પરિણામ અંગે ચિંતીત ન થાવ. એમ કરવું એ ભયકેન્દ્રી માનસનું લક્ષણ છે. તેમાંથી શું થશે એ વિશે ન વિચારો. વર્તમાનમાં રહો અને સમગ્રતાથી વર્તો. ગણતરી ન કરો. ભયકેન્દ્રી માણસ સદાય ગણતરી કરતો, આયોજન, ગોઠવણ અને રક્ષણ કરતો હોય છે. તેનું આખું જીવન આ રીતે વેડફાઇ જાય છે.

એક વૃધ્ધ ઝેન સાધુની મેં સાંભળેલી વાત કહું : તેઓ મરણશૈયા પર હતા. તેમનો અંતિમ દિવસ આવી પહોંચ્યો અને તેમણે જાહેર કર્યું કે એ સાંજે તેઓ હયાત નહીં હોય. આથી અનુયાયીઓ, શિષ્યો તેમજ મિત્રો આવવા લાગ્યા. તેમના ચાહકો ઘણા હતા. દૂર દૂરથી સૌ આવ્યા અને એકઠા થયા.

તેમના એક જૂના શિષ્યે સાંભળ્યું કે ગુરુજી મરણપથારીએ છે. આથી તે બજાર તરફ દોડ્યો. કોઇકે પૂછ્યું, "ગુરુજી તેમની ઝૂપડીમાં છે અને તું શા માટે બજારમાં જાય છે?" પેલા જૂના શિષ્યે કહ્યું, "મને ખબર છે કે મારા ગુરુને અમુક પ્રકારની કેક ભાવે છે. આથી હું કેક ખરીદવા જાઉં છું."

કેક મળવી મુશ્કેલ હતી, પણ સાંજ સુધીમાં તેણે કેકની વ્યવસ્થા કરી દીધી અને કેક લઇને દોડતો પાછો આવ્યો.

દરેક જણ ચિંતિત હતા. ગુરુજી જાણે કે કોઇકની રાહ જોઇ રહ્યા હતા. તેઓ પોતાની આંખો ખોલતા, નજર ફેરવતા અને ફરીથી આંખો મીંચી દેતા. તેમનો શિષ્ય આવ્યો ત્યારે ગુરુજીએ કહ્યું, "અચ્છા, તો તું આવી પહોંચ્યો. કેક ક્યાં છે?" પેલા શિષ્યે કેક ધરી. તે બહુ રાજી થયો કેમ કે ગુરુજીએ કેક માંગી હતી.

મરણોન્મુખ ગુરુજીએ કેક હાથમાં લીધી. પણ તેમનો હાથ જરાય ધ્રુજતો નહોતો. તે ઘણા વૃધ્ધ હોવા છતાં તેમનો હાથ ધ્રુજતો નહોતો. આથી કોઇકે પૂછ્યું, "તમે આટલા વૃધ્ધ છો અને મરણને દ્વારે ઉભા છો. તમારો અંતિમ શ્વાસ છૂટવાની તૈયારીમાં છે છતાં તમારા હાથ ધ્રુજતા નથી."

ગુરુજીએ કહ્યું, "હું કદી ધ્રુજતો નથી, કારણ કે મને કશાનો ડર નથી. મારું શરીર વૃધ્ધ બન્યું છે, પણ હું હજી યુવાન છું. શરીર જશે ત્યાર પછી પણ હું યુવાન હોઇશ."

આટલું કહીને તેમણે કેકનું બટકું ભરીને ચાવવાનું શરૂ કર્યું ત્યારે કોઇકે પૂછ્યું, "આપનો આખરી સંદેશો શો છે, ગુરુજી? તમે બહુ જલ્દી અમને ત્યજી દેવાના છો. અમે શું યાદ રાખીએ એમ તમે ઇચ્છો છો?"

ગુરુજી મલકાયા અને બોલ્યા, "વાહ, કેક બહુ સ્વાદિષ્ટ છે."

આ એવી વ્યક્તિ છે, જે વર્તમાનમાં રહે છે : કેક બહુ સ્વાદિષ્ટ છે. મૃત્યુ પણ અપ્રસ્તુત છે. પછીની ક્ષણ સાવ અર્થહીન છે. આ ક્ષણે તો આ કેક સ્વાદિષ્ટ છે. તમે આ ક્ષણમાં, વર્તમાન ક્ષણમાં, વર્તમાનપણામાં, પૂર્ણતામાં હશો તો જ તમે પ્રેમ કરી શકશો.

પ્રેમ બહુ જૂજ પુષ્પિત થનારી ઘટના છે. તે ક્યારેક જ બને છે.લાખો લોકો પોતે પ્રેમી છે એવું ખોટું વલણ દાખવીને જીવ્યા કરે છે. તેઓ માને છે કે પોતે પ્રેમ કરે છે, પણ એ કેવળ તેમની માન્યતા હોય છે.

પ્રેમ જવલ્લે પુષ્પિત થનારી ઘટના છે. તે ક્યારેક જ બને છે. તે ત્યારે જ થઇ શકે, જ્યારે કશો ભય ન હોય. આનો અર્થ એ કે કોઇ ધાર્મિક અને આધ્યાત્મિક વ્યક્તિને જ પ્રેમ થઇ શકે. સેક્સ

દરેક માટે સંભવ છે. પરિચય દરેક માટે સંભવ છે, પણ પ્રેમ માટે એમ નથી.

તમે ડરતા ન હો, ત્યારે કશું છૂપાવવા જેવું હોતું નથી. ત્યારે તમે ખુલ્લા હોઇ શકો છો. ત્યારે તમે સીમારેખાઓ ભૂંસી શકો છો. અને ત્યારે જ તમે અન્ય વ્યક્તિને તમારા મર્મસ્થળને ભેદવા માટે આમંત્રી શકો છો.

અને એટલું યાદ રાખો કે તમે કોઇને તમારામાં ઉંડે સુધી પ્રવેશવા દેશો તો તે પણ પોતાનામાં તમને પ્રવેશવા દેશે, કારણ કે તમે કોઇને પ્રવેશવા દો છો ત્યારે વિશ્વાસનું નિર્માણ થાય છે. તમે ડરતા ન હો ત્યારે સામેની વ્યક્તિ નિર્ભય બની રહે છે.

તમારા પ્રેમમાં સદાય ભય રહેલો હોય છે. પતિ પત્નીથી અને પત્ની પતિથી ડરે છે. પ્રેમીઓ સદાય ડરતા હોય છે. આમ થાય તો એ પ્રેમ નથી. એ કેવળ એકબીજા પર આધારિત હોય એવી લડતી, ઝઘડતી, શોષણ કરતી, કબજો જમાવતી, માલિકી ભોગવતી બે ભયભીત વ્યક્તિઓની ગોઠવણ બની રહે છે, પણ તે પ્રેમ હરગીજ નથી.

તમે પ્રેમ થવા દેશો તો પ્રાર્થનાની કોઇ જરૂર નથી, ધ્યાનની, કોઇ ચર્ચની કે મંદિરની જરૂર નથી. તમે પ્રેમ કરી શકતા હો તો ઇશ્વરને સંપૂર્ણપણે ભૂલી જઇ શકો છો, કેમ કે પ્રેમ દ્વારા તમને બધાની અનુભૂતિ થશે : ધ્યાન, પ્રાર્થના, ઇશ્વર બધાની. ઇસુએ પ્રેમ એ ઇશ્વર છે એમ કહ્યું તેનો અર્થ આ હતો.

પણ પ્રેમ મુશ્કેલ છે. ભયને પડતો મૂકવો જોઇએ. બહુ વિચિત્ર વાત છે કે તમારે કંઇ ગુમાવવાનું નથી અને તમે આટલા ભયભીત છો.

કબીરે કયાંક કહ્યું છે : હું લોકોને જોઉં છું કે તેઓ ખૂબ ભયભીત હોય છે. પણ આવું શા માટે? તેમને ગુમાવવા જેવું કંઇ છે નહીં. આગળ કબીર કહે છે, આવા લોકો એવી વ્યક્તિ જેવા છે, જે નગ્ન છે, પણ નદીમાં કયારેય સ્નાન માટે જતી નથી, કારણ કે તે ગભરાય છે કે પોતે કપડાં કયાં સૂકવશે? તમે આવી જ પરિસ્થિતિમાં છો. તમે વસ્ત્રવિહીન અવસ્થામાં છો, છતાં સદાય કપડાં અંગે ફિકર કર્યા કરો છો.

તમારે ગુમાવવાનું છે શું? કંઇ જ નહીં. આ શરીર તો મૃત્યુ દ્વારા છિનવાઇ જશે. મૃત્યુ દ્વારા એ છિનવાઇ જાય એ અગાઉ પ્રેમને તે અર્પી દો. તમારી પાસે જે કંઇ છે તે છિનવાઇ જવાનું છે, તો છિનવાઇ જતાં પહેલાં શા માટે તેને વહેંચી ન લેવું? તેને જાળવવાનો આ એક જ માર્ગ છે. તમે વહેંચી શકો અને આપી શકો તો તમે માલિક છો. તે છિનવાઇ જવાનું છે. કંઇ જ કાયમ માટે રહેવાનું નથી. મૃત્યુ બધું નષ્ટ કરી દેશે.

તમે મને યોગ્ય રીતે સમજશો તો ખ્યાલ આવશે કે સંઘર્ષ જીવન અને મૃત્યુ વચ્ચે છે. તમારી

પાસેથી કંઇ પણ છિનવાઇ જાય એ અગાઉ તમે તે આપી દીધું હશે, તમે તેને ભેટ રૂપે ધરી દીધું હશે. મૃત્યુ જેવું કંઇ હોઇ શકે જ નહીં.

પ્રેમી માટે કદી મૃત્યુ નથી હોતું. પ્રેમી ન હોય એવા માટે પ્રત્યેક ક્ષણ મૃત્યુ સમાન છે, કારણ કે પ્રત્યેક ક્ષણે તેની પાસેથી કંઇક છિનવાઇ જાય છે. શરીર અદૃશ્ય થતું જાય છે, પ્રત્યેક ક્ષણે તેને તે ગુમાવતા રહે છે. જ્યારે મૃત્યુ થશે ત્યારે બધું સાવ નષ્ટ થઇ જાય છે.

ભય શું છે? તમે આટલા ડરો છો શા માટે? તમારા અંગે બધું જાણીતું હોય અને તમે ખુલ્લી કિતાબ જેવાં હો, પછી શા માટે ડરો છો? તમને તે શી રીતે હાનિ પહોંચાડી શકશે? કેવળ ખોટા ખયાલોને કારણે, સમાજે આપેલી સમજને કારણે તમારે છુપાવવાનું છે, તમારી જાતનું રક્ષણ કરવાનું છે, તમારે સતત લડાયક વૃત્તિમાં રહેવાનું છે, પ્રત્યેક જણ તમારો શત્રુ છે, દરેક જણ તમારી સામે છે... આવી સમજણને કારણે તમે ડરો છો.

કોઇ તમારી સામે નથી. તમને લાગે કે અમુક જણ તમારી સામે છે, છતાં ખરેખર તે તમારી સામે નથી. કારણ કે દરેકને પોતાની પડી છે, નહીં કે તમારી. ડરવા જેવું કંઇ છે જ નહીં. સાચો સંબંધ થાય એ અગાઉ આનું ભાન થવું જરૂરી છે. ડરવા જેવું કંઇ છે જ નહીં.

તેના પર ધ્યાન ધરો. અન્યને તમારામાં પ્રવેશવા દો, તેને નિમંત્રણ આપો. ક્યાંય કશો અવરોધ પેદા ન કરો. માર્ગ સદાય ખુલ્લો રાખો. તાળાં કે બંધ બારણા ન રાખો. ત્યારે જ પ્રેમ શક્ય બનશે.

બે કેન્દ્રો મળે છે ત્યારે પ્રેમ થાય છે. પ્રેમ એક રાસાયણિક પ્રક્રિયા છે, જેવી રીતે હાઇડ્રોજન અને ઓક્સિજન મળીને એક નવિન ચીજ- પાણીનું સર્જન કરે છે, એમ જ . તમારી પાસે હાઇડ્રોજન હોય, ઓકિસજન હોય, પણ તમે તરસ્યા હશો તો એ નકામાં છે. તમે ગમે તેટલો ઓકિસજન કે હાઇડ્રોજન લો, પણ તમારી તરસ મટશે નહીં.

બે કેન્દ્રો મળે છે ત્યારે એક નવિન વસ્તુ સર્જાય છે. એ નવિન વસ્તુ છે પ્રેમ. તે પાણી જેવો જ હોય છે. તેમાં કેટલાય જીવનની તરસ બૂઝાય છે. અચાનક તમે તૃપ્ત થઇ જાવ છો. પ્રેમનું એ દેખીતું લક્ષણ છે. તમે જાણે સર્વસ્વ પ્રાપ્ત કરી દીધું હોય એમ તમે તૃપ્ત થઇ જાવ છો. તમારે કંઇ પામવા જેવું રહેતું જ નથી. તમે ધ્યેય સુધી પહોંચી ગયા છો. આનાથી આગળ કોઇ લક્ષ્ય નથી. બીજ હવે ફૂલ બની ગયું છે અને તેને સંપૂર્ણ પુષ્પો બેસી ગયાં છે.

પ્રેમનું દેખીતું ચિહ્ન છે ઉંડો સંતોષ. વ્યક્તિ જ્યારે પણ પ્રેમમાં હોય ત્યારે તે ઉંડે સુધી સંતુષ્ટ હશે. પ્રેમ જોઇ શકાતો નથી, પણ સંતોષ, તેની ચોમેર વ્યાપેલો સંતોષ, તેનો એકએક શ્વાસ, તેનું પ્રત્યેક હલનચલન, તેનું અસ્તિત્વ સંતુષ્ટ હોય છે.

હું એમ કહું કે પ્રેમ તમને ઇચ્છાવિહીન બનાવે છે, ત્યારે તમને આશ્ચર્ય થશે, પણ અસંતોષ સાથે જ ઇચ્છાનું આગમન થાય છે. તમારી પાસે હોતું નથી, તેથી જ તમને ઇચ્છા થાય છે. તમે કામના કરો છો, કારણ કે તમને લાગે છે કે તમારી પાસે કંઇક હશે તો તમને સંતોષ થશે. અસંતોષમાંથી ઇચ્છા જન્મે છે.

પ્રેમ હોય અને બે કેન્દ્રો મળ્યાં હોય, એકબીજામાં વિલીન થયા હોય અને એક નવું રસાયણ પેદા થયું હોય તો ત્યાં સંતોષ હશે. જાણે આખું જીવન થંભી ગયું હોય એમ જણાશે. ત્યારે કેવળ વર્તમાનની ક્ષણ જ એક માત્ર ક્ષણ હશે. ત્યારે તમે કહી શકશો, વાહ, કેક બહુ સ્વાદિષ્ટ છે. પ્રેમમાં હોય એવા માણસ માટે મૃત્યુનો કશો અર્થ રહેતો નથી.

સીમાઓ વિનાનું વિશ્વ

પ્રેમ એટલે સીમાઓ વિનાના વિશ્વમાં ખૂલતું દ્વાર, એવું વિશ્વ જેનો કયાંય અંત નથી. પ્રેમનો પ્રારંભ થાય છે, પણ તેનો કયાંય અંત થતો નથી. તેનો આરંભ છે, પણ અંત નથી.

એક વાત યાદ રાખો. સામાન્યપણે દિમાગ દખલઅંદાજી કરીને પ્રેમની અનંતતા તેમજ તેની મોકળાશને રુંધે છે. તમે કોઇ વ્યકિતને સાચેસાચ ચાહતા હો તો તેને અનંત મોકળાશ આપો. તમારું પોતાનું અસ્તિત્વ જ તેને વિકસવા માટેની મોકળાશ છે. દિમાગ દખલઅંદાજી કરે છે અને વ્યક્તિની માલિકી મેળવવા પ્રયત્ન કરે છે. આમ થાય ત્યારે પ્રેમ નષ્ટ થાય છે. દિમાગ અત્યંત લોભી હોય છે. મન એટલે લોભ. મન અત્યંત વિષયુક્ત હોય છે. આથી પ્રેમના વિશ્વમાં કોઇએ પ્રવેશવું હોય તો મનને પડતું મૂકવું પડે. મનની દખલઅંદાજી વિના રહેવું પડે. મન તેને પોતાને સ્થાને યોગ્ય છે. બજારમાં તેની આવશ્યકતા છે, પણ પ્રેમમાં નહીં. તમે બજેટ તૈયાર કરતા હો ત્યારે તેની જરૂર પડે છે, પણ આંતરવિશ્વમાં જઇ રહ્યા હો ત્યારે તેની જરૂર નથી. ગણિત હોય ત્યાં તેની જરૂર છે, પણ ધ્યાનમાં તેની જરૂર નથી. મનની, દિમાગની ઉપયોગિતા છે ખરી, પણ તે બહારના વિશ્વ માટે છે. આંતરવિશ્વ માટે તે તદ્દન અપ્રસ્તુત છે. આથી વધુ ને વધુ પ્રેમાળ બનો, બિનશરતી પ્રેમાળ બનો. પ્રેમ બનો. દ્વારરૂપ બનો- ફકત પ્રેમાળ બની રહો.

પક્ષીઓ અને વૃક્ષો- પૃથ્વી અને તારલાઓ, પુરુષો અને સ્ત્રીઓ- દરેક આ વાતને સમજે છે. બ્રહ્માંડમાં કેવળ એક જ ભાષા છે, એ છે પ્રેમની ભાષા. માટે એ જ ભાષા બની રહો. તમે પોતે એક વાર પ્રેમ બની જાવ ત્યાર પછી તમારા માટે તદ્દન નવિન વિશ્વ ખૂલશે, જેમાં કોઇ સીમાઓ નહીં હોય.

હંમેશા એટલું યાદ રાખો કે લોકોને બંધિયાર બનવામાં કારણભૂત હોય છે મન, દિમાગ. મન દ્વારથી ખૂબ ડરે છે, ખુલ્લાપણાથી ખૂબ ડરે છે, કારણ કે મનનું અસ્તિત્વ ડરને લઇને હોય છે.

વ્યક્તિ જેટલી વધુ નિર્ભય, એટલો તેના મનનો ઉપયોગ ઓછો. વ્યક્તિ જેટલી વધુ ભયભીત, એટલો એ પોતાના મનનો ઉપયોગ વધુ કરશે.

તમે નોંધ્યું હશે કે જ્યારે તમે ભયભીત હો, તમને કશીક તકલીફ હોય ત્યારે કેન્દ્રમાં મન જ વધુ પડતું હોય છે. તમે ચિંતિત હો ત્યારે મનનો ઉપયોગ વધુ હોય છે. તમે ચિંતિત ન હો ત્યારે મનની હાજરી ખાસ જણાતી નથી.

જ્યારે બધું બરાબર ચાલતું હોય ત્યારે, બિલકુલ ડર ન હોય ત્યારે મન શિથિલ હોય છે. જ્યારે કંઇ ખોટું થાય ત્યારે મન કૂદીને આગળ આવી જાય છે અને તે દોરવણી કરવા માંડે છે. જોખમના સમયે તે આગેવાન બની જાય છે. મન બિલકુલ રાજકારણીઓ જેવું હોય છે. એડોલ્ફ હિટલરે પોતાની આત્મકથામાં લખ્યું છે કે તમે નેતા બની રહેવા માંગતા હો તો તમારે દેશને સતત ભયતળે રાખવો જોઇએ. દેશને સતત ભયમાં રાખો કે પાડોશી દેશો હુમલો કરવાના છે, અન્ય દેશો હુમલાની તૈયારી કરી રહ્યા છે. આવી અફવાઓ ફેલાવ્યે જાવ. લોકોને ચેનથી રહેવા ન દો, કારણ કે તેઓ ચેનથી રહેતા હશે તો તેમને રાજકારણીઓની પડેલી નહીં હોય. લોકો જ્યારે ખરેખર સુખી હોય ત્યારે રાજકારણીઓ અર્થહીન બની જાય છે.લોકોને સતત ડરાવીને રાખો તો રાજકારણીઓ શક્તિશાળી બની રહેશે.

જ્યારે પણ યુધ્ધ થાય ત્યારે રાજકારણીઓ મહાન બની જાય છે. ચર્ચિલ, હિટલર, સ્ટાલિન કે માઓ- આ બધા યુધ્ધની નીપજ છે. બીજું વિશ્વયુધ્ધ થયું ન હોત તો વિન્સ્ટન ચર્ચિલ, હિટલર કે સ્ટાલિન હોત નહીં. યુધ્ધ સંજોગો પેદા કરે છે, લોકોને નેતા બનવાની, વર્ચસ્વ જમાવવાની તક આપે છે. દિમાગનું રાજકારણ પણ આવું જ હોય છે.

ધ્યાન એટલે એવી પરિસ્થિતિનું નિર્માણ જેમાં દિમાગે ઓછામાં ઓછી વસ્તુઓ કરવાની હોય. જે કંઇ પણ થઇ રહ્યું હોય તેનાથી તમે એટલા નિર્ભય, એટલા પ્રેમાળ, એટલા શાંત અને સંતુષ્ટ હો કે તમારા મનને કંઇ કહેવાનું જ ન રહે. આમ થતાં મન વધુ ને વધુ નિષ્ક્રીય બનતું જાય છે અને વધુ અંતર પેદા થાય છે.

એક દિવસે મન સંપૂર્ણ પીછેહઠ કરશે અને તમે સમસ્ત બની જશો. ત્યાર પછી તમે તમારા દેહ પૂરતા કે અન્ય કશા પૂરતા મર્યાદિત નહીં રહો, તમે શુધ્ધ અવકાશ બની જશો. આ જ છે ઇશ્વર. ઇશ્વર એટલે શુધ્ધ અવકાશ. આ શુધ્ધ અવકાશ તરફનો માર્ગ એટલે પ્રેમ. પ્રેમ તેનું સાધન છે અને ઇશ્વર છે તે માર્ગનો અંત.

જે લોકો ડરે છે તેઓ પ્રચંડ પ્રેમની ક્ષમતાવાળા છે. ભય એ પ્રેમનું નકારાત્મક પાસું છે. પ્રેમને વહેવા દેવામાં ન આવે તો તે ભય બની જાય છે. પ્રેમને વહેવા દેવામાં આવે તો ભય અદૃશ્ય થઇ જાય છે. આથી જ પ્રેમની ક્ષણોમાં ભય હોતો નથી. તમે કોઇક વ્યક્તિને ચાહો તો ભય અચાનક

અદૃશ્ય થઇ જાય છે. કેવળ પ્રેમીઓ જ નિર્ભય હોય છે. મૃત્યુ પણ તેમને કંઇ કરી શકતું નથી. કેવળ પ્રેમીઓ જ જબરદસ્ત શાંતિ અને નિર્ભયતામાં મૃત્યુ પામી શકે છે.

પણ હંમેશાં થતું હોય છે એવું કે તમે જેટલો વધુ પ્રેમ કરો, એટલો વધુ ભય અનુભવશો. સ્ત્રીઓ આ કારણથી જ પુરુષો કરતાં વધુ ભય અનુભવે છે. કારણ કે તેમનામાં પ્રેમની ક્ષમતા વધુ હોય છે. આ વિશ્વમાં તમારા પ્રેમને વાસ્તવમાં પલટાવાની સંભાવનાઓ બહુ જૂજ છે. આથી તે તમારી આસપાસ ઘૂમરાયા કરે છે. અને કોઇ સંભાવના ઘૂમરાયા કરે તો તે તદ્દન વિપરીત બની જાય છે. તે ઇર્ષાનું રૂપ લે છે. તે પણ ભયનો જ હિસ્સો છે. તે માલિકીભાવનું રૂપ લે છે, જે પણ ભયના જ હિસ્સારૂપ છે. તે ધિક્કારનું સ્વરૂપ પણ લઇ શકે, જે પણ ભયના જ ભાગરૂપ છે. માટે વધુ ને વધુ પ્રેમાળ બનો. બિનશરતી પ્રેમ કરો અને શકય તેટલી વધુ રીતે પ્રેમ કરો. લાખો રીતે પ્રેમ કરી શકાય.

રસ્તે જતા કોઇ રાહદારીને પણ પ્રેમ કરી શકાય. તેના માટે પ્રેમ ઉદ્દભવી શકે અને તેના માર્ગે જઇ શકાય. વાત કરવાની પણ તેમાં જરૂર નથી. કશા સંવાદની જરૂર નથી. કેવળ અનુભૂતિ થકી તેના માર્ગે ચાલી શકાય. કોઇ ખડકને પણ ચાહી શકે. વૃક્ષો, આકાશ કે તારાને પણ પ્રેમ કરી શકાય. મિત્ર, પતિ, બાળકો, પિતા, માતાને પ્રેમ કરી શકાય. લાખો રીતે પ્રેમ કરી શકાય.

યાદ રાખો. બહાદુરનો અર્થ નિર્ભય હરગીજ નથી. કોઇ નિર્ભય હોય તો તમે તેને બહાદુર ન કહી શકો. કોઇ યંત્રને તમે બહાદુર ન કહી શકો. એ નિર્ભય હોય છે. બહાદુરી કેવળ ભયના સાગરમાં જ ઉદ્દભવી શકે. ભયના સાગરમાંનો દ્વીપ એટલે બહાદુરી. ભય હોવા છતાં કોઇ વ્યક્તિ જોખમ લે એ છે બહાદુરી. ભયથી ધ્રુજવા છતાં, અંધકારમાં જતી વખતે ડર લાગવા છતાં વ્યક્તિ ત્યાં જાય છે. આ બધું હોવા છતાં વ્યક્તિ જાય એ છે બહાદુરીનો સાચો અર્થ. તેનો અર્થ નિર્ભયતા હરગીજ નથી. તેનો અર્થ છે ભયથી ભરપૂર હોવા છતાં તેનાથી ગ્રસ્ત ન થઇ જવું.

તમે પ્રેમમાં આગળ વધો એટલે મહાનતમ પ્રશ્ન ઉદ્દભવે છે. ભય તમારા આત્માને જકડી લે છે, કારણ કે પ્રેમ કરવો એટલે મરવું, બીજાને કાજે મરવું. તે મૃત્યુ છે અને સાધારણ મૃત્યુ કરતાં અનેકગણું ગહન મૃત્યુ છે. સાધારણ મૃત્યુમાં કેવળ દેહનું મૃત્યુ થાય છે, પણ પ્રેમના મૃત્યુમાં અહમ્‌નું મૃત્યુ થાય છે. પ્રેમ કરવા માટે જબરદસ્ત હિંમતની જરૂર પડે છે. તમારી ચોતરફ ઘેરાયેલા ભય છતાં તેમાં જવા માટેની ક્ષમતા જોઇએ.

જોખમ જેટલું વધુ, એટલી વિકાસની સંભાવના વધુ- આથી વિકાસમાં મનુષ્યને પ્રેમ સિવાય અન્ય કંઇ ખાસ મદદરૂપ થતું નથી. પ્રેમમાં પડવાથી ડરનારા લોકો બાળક જેવા, અપરિપકવ રહી જાય છે. પ્રેમનો અગ્નિ જ તમને પરિપકવતા અપાવી શકે.

ન સરળ, ન મુશ્કેલ, કેવળ સહજ

પ્રેમ એ સભાનતાની નૈસર્ગિક અવસ્થા છે. તે નથી સરળ કે નથી મુશ્કેલ. આ શબ્દો બધે લાગુ પડતા નથી. તે કંઇ પ્રયત્ન નથી. આથી તે સરળ યા મુશ્કેલ ન હોઇ શકે. તે શ્વાસ લેવા જેવું હોય છે! તે તમારા હૃદયના ધબકાર જેવું, તમારા શરીરમાં ફરતા રક્ત જેવું હોય છે.

પ્રેમ તમારું જીવન છે. પણ એ પ્રેમ સાવ અસંભવ બની ચૂકયો છે. સમાજ તેને માન્ય રાખતો નથી. સમાજ તમારું ઘડતર એ રીતે કરે છે કે પ્રેમ અસંભવ બની જાય છે. અને કેવળ ધિક્કાર જ એકમાત્ર સંભવ ચીજ બની જાય છે. આમ થાય પછી ધિક્કાર સરળ બની જાય છે અને પ્રેમ કેવળ મુશ્કેલ જ નહીં, અસંભવ બની જાય છે. મનુષ્યને વિકૃત કરી નાંખવામાં આવ્યો છે. પહેલાં તેને વિકૃત બનાવી દેવામાં ન આવે તો મનુષ્યને ગુલામી ન વેઠવી પડે. યુગોથી ધર્મગુરુઓ અને રાજકારણીઓ કાવતરું કરતા આવ્યા છે. માનવજાતને તેમણે ગુલામોના ટોળામાં ફેરવી દીધી છે. મનુષ્યની બંડ કરવાની તમામ સંભાવનાઓને તેઓ ખતમ કરી રહ્યા છે. પ્રેમ એ બંડ છે, કારણ કે પ્રેમ કેવળ દિલનો સાદ સાંભળે છે. અન્યોની તે કશી પરવા કરતો નથી. પ્રેમ જોખમી છે, કારણ કે તે તમને આગવી વ્યક્તિ બનાવે છે. અને રાજ્યસત્તા તેમજ ચર્ચને આગવી વ્યક્તિઓની જરાય જરૂર નથી. તેમને મનુષ્યોની જરૂર નથી, તેમને આવશ્યકતા છે ઘેટાંઓની. તેમને એવા લોકોની જરૂર છે કે જેમનો દેખાવ મનુષ્યો જેવો હોય પણ તેમનો અંતરાત્મા એ હદે કચડાયેલો હોય, એ હદે ખંડિત હોય કે તેની મરમ્મત થઇ જ ન શકે.

મનુષ્યનો વિનાશ કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે તેના પ્રેમની સહજતાનો વિનાશ કરવો. મનુષ્યને પ્રેમ હોય તો રાષ્ટ્રો હોઇ જ ન શકે. રાષ્ટ્રોનું અસ્તિત્વ ધિક્કાર પર રચાયેલું હોય છે. ભારતીયો પાકિસ્તાનીને ધિક્કારે છે અને પાકિસ્તાનીઓ ભારતીયોને ધિક્કારે છે. આમ થાય તો જ બંને દેશોનું અતિસ્ત્વ સંભવી શકે. પ્રેમ હશે તો સરહદો અદૃશ્ય થઇ જશે. પ્રેમ હશે તો પછી ખ્રિસ્તી કોણ અને કોણ યહૂદી રહેશે? પ્રેમ હશે તો ધર્મો અદૃશ્ય થઇ જશે.

પ્રેમ હશે તો મંદિરે કોણ જશે ? શા માટે જશે ? પ્રેમ ખૂટે છે તેથી તમે ઇશ્વરને શોધો છો. ઇશ્વર એ બીજુ કંઇ નહીં, પણ તમારા ખૂટતા પ્રેમનો વિકલ્પ છે. તમે સુખમય કે શાંતિમય નથી, કારણ કે તમે ઉન્માદમય નથી. અને તેથી તમે ઇશ્વરની ખોજ કરો છો. બાકી તો કોને પડી છે? તમારું જીવન નૃત્ય હોય તો તમે ઇશ્વરને પ્રાપ્ત કરી લીધા છે. પ્રેમાળ હૃદય ઇશ્વરથી ભરપૂર છે. ઇશ્વરની તલાશની કોઇ જરૂર જ નથી. કોઇ પ્રાર્થનાની, મંદિરે જવાની કે ધર્મગુરુની કશી જરૂર જ નથી.

આથી જ, ધર્મગુરુ અને રાજકારણીઓ- આ બંને માનવજાતના શત્રુ છે. તેઓ કાવતરું કરે છે કારણ કે રાજકારણી તમારા દેહ પર અને ધર્મગુરુ તમારા આત્મા પર રાજ કરવા ઇચ્છે છે. જેનું

રહસ્ય એક સમાન છે: પ્રેમને નષ્ટ કરી દો. આમ થવાથી મનુષ્ય કેવળ એક ખાલીપાભર્યું, પોકળ, અર્થહીન અસ્તિત્વ બની રહેશે. પછી તમે ઇચ્છો એ માનવજાત માટે કરી શકશો અને કોઇ બંડ નહીં કરે. બંડ કરવા માટેની હિંમત કોઇની પાસે નહીં રહે.

પ્રેમ હિંમત આપે છે. પ્રેમ તમામ ભયને હરી લે છે. અને દમન કરનારાઓ તમારા ભય પર આધાર રાખે છે. તેઓ એક હજાર ને એક પ્રકારના ભય પેદા કરે છે. તમે ભય દ્વારા ઘેરાઇ જાવ છો. તમારી સમગ્ર માનસિકતા ભયયુકત થઇ જાય છે. ઉંડે ઉંડે તમે થથરતા હો છો. કેવળ સપાટી પર જ તમે ભ્રામક દેખાવ રાખો છો, અંદર તો ભયના થર પર થર હોય છે.

ભયથી ભરપૂર હોય એવો માણસ કેવળ ધિક્કાર જ કરી શકે. ધિક્કાર એ ભયનું સ્વાભાવિક પરિણામ છે. ભયથી ભરપૂર માણસ ગુસ્સાથી પણ ભરપૂર હોય છે. અને ભયગ્રસ્ત માણસ જીવનની તરફેણમાં હોય તેના કરતાં જીવનનો વિરોધી વધુ હોય છે. ભયગ્રસ્ત માણસ માટે મૃત્યુ એક આરામદાયક અવસ્થા હોય છે.ભયગ્રસ્ત માણસ આત્મઘાતી હોય છે, તે જીવનવિરોધી હોય છે. તેના માટે જીવન જોખમયુકત જણાય છે, કારણ કે જીવવા માટે પ્રેમ કરવો જ પડે. નહીંતર તમે જીવી શી રીતે શકો? શરીરને ટકવા માટે જેમ શ્વાસની જરૂર પડે તેમ આત્માને ટકવા માટે પ્રેમની જરૂર પડે છે. અને પ્રેમ તદ્દન વિષયુકત હોય છે.

તમારી પ્રેમની શકિતને વિષયુકત બનાવીને તેમણે તમને વિભાજીત કરી દીધા છે. તેમણે તમારામાં જ એક શત્રુ ઉભો કરી દીધો છે. તેમણે તમારામાં બે વિભાજન કરી દીધા છે. તેમણે નાગરિક યુધ્ધ છેડી દીધું છે અને તમે સદાય અવઢવમાં હો છો. આ અવઢવને કારણે તમારી શકિત વિચ્છિન્ન થઇ જાય છે, પરિણામે તમારા જીવનમાં ઉત્સાહ કે આનંદ રહેતો નથી. તે શકિતથી છલકાતી નથી હોતી. તે સાવ શુષ્ક, નીરસ અને બુધ્ધિહીન હોય છે.

પ્રેમ બુધ્ધિને તીવ્ર બનાવે છે, જ્યારે ભય તેને બુઠ્ઠી બનાવી દે છે. તમને બુધ્ધિમાન બનાવવા કોણ ઇચ્છે છે? સત્તામાં હોય એ લોકો આવું ઇચ્છતા નથી. તમે બુધ્ધિમાન બનો એમ તેઓ શી રીતે ઇચ્છે? તમે જો બુધ્ધિમાન બનશો, તો તમે તેમની વ્યુહરચના, રમતો જોવા લાગશો. તેઓ તમને સાવ મૂર્ખ અને અધમ બનાવવા ઇચ્છે છે. કામને લાગેવળગે છે ત્યાં સુધી તેઓ તમને સક્ષમ બનાવવા ઇચ્છે છે, પણ બુધ્ધિની રીતે નહીં. આથી માનવજાત તેની ક્ષમતાની લઘુત્તમ કક્ષાએ રહે છે.

વિજ્ઞાનીઓ કહે છે કે સામાન્ય લોકો જીવન દરમ્યાન પોતાની કેવળ પાંચ ટકા બુધ્ધિનો ઉપયોગ કરે છે. સામાન્ય માણસો પાંચ ટકા જેટલી બુધ્ધિ વાપરે છે, તો અસામાન્ય માણસોનું શું? આલ્બર્ટ આઇન્સ્ટાઇન, મોઝાર્ટ કે બીથોવનનું શું? સંશોધકોના જણાવ્યા મુજબ અત્યંત પ્રતિભાશાળી લોકો પણ દસ ટકાથી વધુ બુધ્ધિનો ઉપયોગ કરતા નથી. જેમને આપણે જીનિયસ

કહીએ એવાઓ ફકત પંદર ટકા બુધ્ધિ વાપરે છે.

એવા વિશ્વની કલ્પના કરો કે જ્યાં દરેક જણ પોતાની ક્ષમતાનાં સોએ સો ટકા ઉપયોગ કરતા હોય... આમ થાય તો ઇશ્વર પણ પૃથ્વીની ઇર્ષા કરે. ઇશ્વરને પૃથ્વી પર જન્મ લેવો ગમે. તો પછી પૃથ્વી સ્વર્ગ બની જાય, સ્વર્ગથીય અદકેરું બની જાય. અત્યારે તો એ નરક છે.

મનુષ્યને સાવ એકલો, વિષમુકત અવસ્થામાં છોડી દેવામાં આવે તો પ્રેમ સાવ સરળ બની જાય. કોઇ સમસ્યા જ ન રહે. નીચાણ તરફ વહેતા પાણીની જેમ કે ઉપર જતી વરાળની જેમ અથવા ખીલતા વૃક્ષ કે ગાતા પક્ષીની જેમ સહજ તે બની રહે. તે અત્યંત પ્રાકૃતિક અને સહજ બની રહે.

પણ મનુષ્યને એકલો મૂકાતો નથી. બાળક જન્મે કે તરત દમન કરનારાઓ તેની પર કૂદી પડવા, તેની શકિતને કચડી નાંખવા અને તેને વિકૃત કરી નાંખવા તૈયાર જ હોય છે. એ હદે કે વ્યકિત કદી જાણી જ ન શકે કે પોતે તદ્દન ખોટું, બનાવટી જીવન જીવી રહી છે, જે પ્રકારનું જીવવા તે જન્મી છે તેવું તે નથી જીવી રહી, તે તદ્દન કૃત્રિમ, પ્લાસ્ટિક જેવું જીવન જીવી રહી છે અને આ તેનો અસલી આત્મા નથી. આને કારણે લાખો લોકો દુઃખી હોય છે. કારણ કે તેમને લાગે છે કે કયાંક તેઓ માર્ગચ્યૂત થયા છે, તેઓ પોતે હોવા જોઇએ તેનાથી ભિન્ન છે, કંઇક ધરમૂળથી ખોટું થયું છે.... .

બાળકને વિકસવા દેવામાં આવે, પ્રાકૃતિક રુપે વિકસવામાં મદદ કરવા દેવામાં આવે તો પ્રેમ સરળ છે. બાળકને પ્રકૃતિ સાથે તેમજ પોતાની સાથે સંવાદિતા જાળવવામાં મદદ કરવામાં આવે, પ્રત્યેક રીતે બાળકને સહાયરૂપ થવામાં આવે, તેને પ્રાકૃતિક, સહજ બનવા અને આગવાપણું પ્રાપ્ત કરવા માટે ઉત્તેજન આપવામાં આવે તો પ્રેમ સરળ છે. કોઇ પણ વ્યકિત પ્રેમાળ બની શકે!

આમ થાય તો ધિક્કારની લાગણી ઉદ્દભવવી અસંભવ છે. કારણ કે તમે અન્ય કોઇને ધિક્કારો એ અગાઉ તમારે પોતે તમારી અંદર વિષ પેદા કરવું પડશે. તમારી પાસે એ હશે તો જ તમે તે કોઇને આપી શકશો. તમે ધિક્કારથી ભરપૂર હશો તો જ ધિક્કારી શકશો. ધિક્કારથી ભરપૂર હોવું એટલે નરકની પીડા વેઠવી. ધિક્કારથી ભરપૂર હોવું એટલે આગ પર આસન હોવું. ધિક્કારથી ભરપૂર હોવું એટલે તમારી જાતને સૌથી પહેલી ઇજા પહોંચાડવી. તમે અન્ય કોઇને ઇજા પહોંચાડો એ અગાઉ તમારી જાતને ઇજા કરવી પડે. અન્યને કદાચ ઇજા ન પણ થાય. એ તો સામેવાળા પર આધાર રાખે છે. પણ એક વાત નિશ્ચિત છે. તમે ધિક્કારી શકો એ અગાઉ તમારે લાંબી પીડા અને વેદનામાંથી પસાર થવાનું હોય છે. તમારા ધિક્કારનો અન્ય દ્વારા સ્વીકાર ન પણ થાય. એ તેનો ઇનકાર પણ કરી દે. સામેની વ્યકિત બુધ્ધ પણ હોઇ શકે. તે તેને સાવ હસી

નાંખે. તમને તે માફ કરી દે. કશી પ્રતિક્રિયા ન દાખવે. તે પ્રતિક્રિયા આપવા તૈયાર ન હોય તો તમે તેને ઇજા નહીં કરી શકો. તમે તેને ખલેલ ન પહોંચાડી શકો તો તમે શું કરી શકવાના? તેની સમક્ષ તમે કાયરતા અનુભવશો.

માટે એ જરૂરી નથી કે અન્યને ઇજા થાય. પણ એક બાબત નિશ્ચિત છે. કે તમે કોઇને ધિક્કારશો તો સૌથી પહેલાં તમારે તમારા ખુદના આત્મા ઉપર ઘણા પ્રકારે ઘા કરવા પડશે. તમારે વિષથી એટલા બધા ભરપૂર થવું પડશે, જેથી તમે અન્યો તરફ તે ફેંકી શકો.

ધિક્કાર બિનપ્રાકૃતિક છે. પ્રેમ તંદુરસ્તીની અવસ્થા છે. ધિક્કાર બિમારીની અવસ્થા છે. બિમારીની જેમ જ તે બિનપ્રાકૃતિક છે. તમે પ્રકૃતિનો માર્ગ ખોઇ બેસો, જીવન સાથેની સંવાદિતા તમે ગુમાવી બેસો, તમારા અસ્તિત્વ સાથે તમે સંવાદિતા ન રાખો, તમારા માંહ્યલા સાથે સંવાદિત્વ ગુમાવી બેસો ત્યારે જ ધિક્કાર પેદા થાય છે. આમ થાય તો તમે માનસિક રીતે બિમાર છો. ધિક્કાર એ બિમારીનું જ ચિહ્‌ન છે, જ્યારે પ્રેમ પવિત્રતાનું તેમજ સમગ્રતાનું પ્રતીક છે.

ખરેખર તો પ્રેમ સૌથી પ્રાકૃતિક બાબતોમાંનો એક હોવો જોઇએ, પણ એમ નથી. ઉલ્ટાનું તે તો અત્યંત મુશ્કેલ, લગભગ અસંભવ ચીજ બની ગયો છે. ધિક્કાર સાવ સરળ થઇ ગયો છે. તેના માટે તમને તૈયાર કરવામાં આવે છે, તાલિમબધ્ધ કરવામાં આવે છે. હિન્દુ બનવું એટલે મુસ્લિમો પ્રત્યેના ધિક્કારથી છલોછલ હોવું, ખ્રિસ્તીઓ તેમજ યહૂદીઓને ધિક્કારવા. ખ્રિસ્તી હોવું એટલે અન્ય ધર્મો પ્રત્યેના ધિક્કારથી છલોછલ હોવું. રાષ્ટ્રવાદી હોવું એટલે અન્ય રાષ્ટ્રો પ્રત્યેના ધિક્કારથી ભરપૂર હોવું.

પ્રેમનો એક જ રસ્તો તમે જાણો છો અને એ છે અન્યોને ધિક્કારવાનો. પોતાના રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ તમે અન્ય રાષ્ટ્રોને ધિક્કારીને બતાવી શકો છો, અને તમારા ચર્ચ પ્રત્યેનો પ્રેમ તમે અન્ય ચર્ચોને ધિક્કારીને દર્શાવો છો. તમે ભયાનક ગૂંચવણમાં છો!

આ તમામ કહેવાતા ધર્મો પ્રેમ વિશે વાતો કર્યા કરે છે. અને છતાં તેઓ વધુ ને વધુ ધિક્કાર પેદા કર્યે જાય છે. ખ્રિસ્તીઓ પ્રેમની વાત કરે છે અને તેઓ યુધ્ધો, જેહાદ કરતા આવ્યા છે. હિન્દુઓ પ્રેમની વાત કરે છે, પણ તેમના શાસ્ત્રો તમે જોઇ શકશો. તેમાં અન્ય ધર્મો પ્રત્યેનો છલોછલ ધિક્કાર ઠલવાયેલો છે.અને આ બધી વાહિયાત વાતો આપણે સ્વીકારીએ છીએ! કશા પ્રતિકાર વિના આપણે આ સ્વીકારીએ છીએ, કારણ કે આ બધું સ્વીકારવા માટે આપણને શીખવવામાં આવ્યું છે, આ બધું આમ જ છે એમ જણાવીને આપણને તૈયાર કરવામાં આવ્યા છે. એટલે તમારા પોતાના સ્વભાવનો તમે ઇનકાર કર્યે જાવ છો.

પ્રેમને વિષયુકત કરી દેવાયો છે, પણ તે નષ્ટ નથી કરાયો. આ વિષને તમારા તંત્રમાંથી કાઢી શકાય છે અને તમારું શુધ્ધિકરણ થઇ શકે છે. સમાજે તમારા પર જે લાદ્યું છે તેનું તમે વમન કરી

શકો છો. બધી જ માન્યતાઓ, પૂર્વમાન્યતાઓ તમે ફગાવી શકો છો અને મુકત થઇ શકો છો. તમે પોતે મુકત બનવા ઇચ્છો તો સમાજ તમને ગુલામ નહીં રાખી શકે.

હવે તમામ જૂની પધ્ધતિઓ ફગાવીને, નવા માર્ગે જીવનનો પ્રારંભ કરવાનો સમય આવી પહોંચ્યો છે. જીવનનો આ માર્ગ પ્રાકૃતિક દમનયુકત તેમજ ત્યાગનો નહીં બલ્કે આનંદનો હોવો જોઇએ. તેનાથી ધિક્કાર વધુ ને વધુ અસંભવ બનતો જશે. જેમ બિમારી એ તંદુરસ્તીથી સાવ સામા છેડાની બાબત છે એમ જ ધિક્કાર પણ પ્રેમથી સામા છેડાની બાબત છે. તમારે બિમારી પસંદ કરવાની જરૂર નથી.

બિમારીના અમુક ફાયદા એવા છે જે તંદુરસ્તીમાં ન હોઇ શકે. આ ફાયદાને વળગી ન રહો. ધિક્કારના પણ અમુક ફાયદા એવા હોઇ શકે જે પ્રેમમાં ન હોય. તમારે બહુ સાવચેત રહેવું પડશે. બિમાર વ્યક્તિને સૌની સહાનુભૂતિ પ્રાપ્ત થાય છે, તેને કોઇ દુઃખી કરતું નથી, સૌ તેની સંભાળ લે છે. કેમ કે તે બિમાર હોય છે. મિત્રો, કુટુંબીઓમાં તે સૌના કેન્દ્રસ્થાને હોય છે. તે મહત્વની વ્યકિત બની રહે છે. આ દરકાર અને સંભાળ સાથે તે અતિશય જોડાઇ જાય તો તે કદી સાજી થવા જ નહીં ઇચ્છે. તે બિમારીને જ વળગી રહેશે. માનસશાસ્ત્રીઓ કહે છે કે બિમારીથી થતા ફાયદાઓને લઇને ઘણા એવા લોકો છે, જેઓ બિમારીને વળગી રહે છે. પોતાની બિમારીમાં તેમણે એટલું લાંબા સમયથી રોકાણ કર્યું હોય છે કે તેઓ વીસરી ગયા છે કે પોતે બિમારીને વળગી રહ્યા છે. તેમને ડર છે કે પોતે ફરીથી સાજા થઇ જશે તો પોતે કંઇ નહીં રહે.

તમે આ પણ શીખવો છો. કોઇ બાળક બિમાર પડે ત્યારે કુટુંબ આખું ખડેપગે થઇ જાય છે. આ સાવ અવૈજ્ઞાનિક છે. બાળક બિમાર હોય ત્યારે તેના શરીરની સંભાળ લો, પણ ધ્યાન વધુ પડતું ન આપો. આમ કરવું જોખમી છે, કારણ કે બિમારી અને તમારા દ્વારા લેવાતી કાળજી બંને સંલગ્ન થઇ જશે. આમ ને આમ થયા કરે તો આવું થવાનું જ છે. બાળક જ્યારે પણ બિમાર પડે ત્યારે કુટુંબમાં તે કેન્દ્રસ્થાને થઇ જાય છે : પિતાજી આવીને તેની પાસે બેસે છે અને તેની ખબર પૂછે છે. ડૉક્ટર આવે છે, પાડોશીઓ આવે છે, મિત્રો પૂછે છે. લોકો તેના માટે ભેટ લાવે છે...

આ બધાથી તે બાળક એટલું ટેવાઇ જાય છે, તેના અહમ્‌ને એટલું પોષણ મળે છે કે તેને ફરીથી સાજા થવું ગમતું નથી. આવું થાય પછી સાજા થવું અશકય છે. પછી કોઇ દવા મદદરૂપ થઇ શકતી નથી. એ વ્યકિત પોતે બિમારીને વળગી રહેવાનો નિર્ણય કરી લે છે. મોટાભાગના લોકો આવું જ કરતા હોય છે.

તમે ધિક્કારો ત્યારે તમારો અહમ્ સંતોષાય છે. ધિક્કારવામાં આવે તો જ અહમ્ ટકી શકે, કારણ કે ધિક્કારવાથી તમે પોતે ઉંચા હોવાનું, અલગ હોવાનું, સ્પષ્ટ હોવાનું અનુભવશો. ધિક્કારવાથી

તમને ચોક્કસ ઓળખ પ્રાપ્ત થશે. પ્રેમમાં અહમ્ અદૃશ્ય થવો રહ્યો. પ્રેમમાં તમે અલગ રહેતા નથી. પ્રેમ તમને અન્યોમાં વિલીન થવામાં મદદરૂપ થાય છે. તેમાં મિલન અને વિલીન થવું બંને હોય છે.

તમે અહમ્ સાથે વધુ પડતા જોડાયેલા હશો તો ધિક્કાર સરળ અને પ્રેમ મુશ્કેલ બનશે. સજાગ અને સભાન બનો : ધિક્કાર એ અહમ્‌નો પડછાયો છે. પ્રેમમાં જબરદસ્ત હિંમતની જરૂર છે. તેમાં જબરદસ્ત હિંમતની આવશ્યકતા છે, કારણ કે તેમાં અહમ્‌ના બલિદાનની જરૂર પડે છે. જેઓ પોતે શૂન્યવત્ (નોબડી) બનવા તૈયાર હોય એ લોકો જ પ્રેમ કરી શકે. શૂન્યવત્ બનવા તૈયાર હોય, પોતાની જાતથી સાવ ખાલીખમ થઇ જાય તેવા લોકો જ પેલે પારથી પ્રેમની ભેટ સ્વીકારી શકે છે.



૪. તમારી જાતને ટોળામાંથી બહાર લઇ જાવ

ધ્યાન એટલે શાંત અને એકલા રહેવાની હિંમત.

ધીમે ધીમે તમારી અંદર તમને એક નવા લક્ષણનો અહેસાસ થશે, એક નવી જ જીવંતતા, નવું સૌંદર્ય, નવિન પ્રકારની બુધ્ધિનો અનુભવ થશે. તે તમારી અંદરથી જ વિકસી હશે. ક્યાંયથી તમે તેને ઉછીની નહીં લીધી હોય. તમારા જીવનમાં જ તેનાં મૂળિયાં હશે. તમે કાયર નહીં હો તો તેની પર ફળ બેસશે, ફૂલો આવશે.

જન્મથી પોતે જેવા હોવું જોઇએ એવું કોઇ છે નહીં. નિર્દોષ બાળકો સામે સમાજ, સંસ્કૃતિ, ધર્મ, શિક્ષણ વગેરે સૌ કાવતરું ઘડી રહ્યાં છે. તેમની પાસે તમામ સત્તા છે- બાળક લાચાર અને પરાધીન છે. આથી બાળકને તેઓ જેવું બનાવવા ઇચ્છે તેવું બનાવી શકે છે. બાળકની નૈસર્ગિક નિયતિ મુજબ તેઓ વિકસવા દેતા નથી. માનવોને ઉપયોગી બનાવવાના જ તેમના પ્રયાસો હોય છે. કોને ખબર, બાળકને પોતાની મેળે ઉછરવા દેવામાં આવે તો તે સ્થાપિત હિતો માટે કંઇ ઉપયોગી થઇ શકે કે કેમ? સમાજ કોઇપણ જાતનું જોખમ લેવા માંગતો નથી. તે તો બાળકને આંચકી લે છે અને સમાજને જરૂર હોય એ રીતે ઘાટ ઘડવા માંડે છે.

અમુક રીતે, તે બાળકના આત્માને મારી નાંખે છે અને તેને ખોટી ઓળખ આપે છે. જેથી તેને પોતાનો આત્મા કે અસ્તિત્વ યાદ ન આવે. ખોટી ઓળખ તો એક વિકલ્પ છે. પણ આ વિકલ્પ જે સમુદાયે આપ્યો છે તેમાં જ ઉપયોગી છે. જે ક્ષણે તમે એકલા પડો કે તરત ખોટું ખરી પડે છે અને અસલિયત પ્રગટ થવા લાગે છે. એકલા પડવાનો ભય પણ આ કારણે હોય છે.

કોઇ એકલું પડવા માંગતું નથી. દરેક જણ ટોળાનો હિસ્સો બનવા માંગે છે. એક ટોળાનો નહીં, બલ્કે અનેક ટોળાનો. વ્યક્તિ કોઇ ધાર્મિક સમુદાયમાં જોડાય છે, રાજકીય પક્ષમાં જોડાય છે યા રોટરી કલબમાં જોડાય છે. આવા તો અનેક નાના સમુહો છે, જેમાં જોડાઇ શકાય. દરેકને

ચોવીસ કલાક આધાર મળી રહે એવું જોઇએ છે, કારણકે આધાર વિના ખોટું ઊભું ન રહી શકે. જે ક્ષણે વ્યક્તિ એકલી પડે કે તે વિચિત્ર પ્રકારનું ગાંડપણ અનુભવે છે. વરસો સુધી તમે પોતાની જાતને કંઇક માનતા રહ્યા અને અચાનક એકાંતની કોઇ ક્ષણે તમને અનુભૂતિ થાય કે તમે એ નથી. આનાથી ભય પેદા થાય છે : તો પછી તમે છો કોણ?

અને દમનનાં વરસો... અસલિયતને અભિવ્યક્ત થવા માટે થોડો સમય લાગશે. આ બંને વચ્ચેના ફાંસલાને ગૂઢવાદીઓ 'આત્માની અંધારી રાત' તરીકે ઓળખે છે. બહુ સચોટ શબ્દ છે આ. તમે ખોટા રહેતા નથી અને હજી તમે વાસ્તવિક, જેવા છો એવા બન્યા નથી. તમે વચગાળાના પ્રદેશમાં હો છો. તમે જાણતા નથી કે તમે કોણ છો.

ખાસ કરીને પશ્ચિમી દેશોમાં આ સમસ્યા વધુ જટિલ હોય છે. કારણ કે તેમણે અસલને ઓળખવાની કોઇ કાર્યપધ્ધતિ વિકસાવી નથી. કે જેથી આત્માની અંધારી રાતને ટૂંકાવી શકાય. ધ્યાનને લાગેવળગે છે ત્યાં સુધી પશ્ચિમી દેશોને કંઇ ખબર નથી. એકલા પડવા માટે, શાંત અને અસલની ઓળખ સ્થાપિત કરવા માટે ધ્યાન તો કેવળ એક નામ છે. એ કોઇ કાર્ય નથી. પણ એક પ્રકારે શાંતિથી હળવા થવાની પ્રક્રિયા છે. કારણ કે તમે જે કંઇ કરશો એ તમારા ખોટા વ્યક્તિત્વ મુજબ થશે... વરસોથી તમારાં દરેક કૃત્યો આ રીતે જ થતા આવ્યા છે. તે પુરાણી આદત છે.

આદતો ભાગ્યે જ છૂટે છે. તમે જેને ચાહતા હતા, માન આપતા હતા એવા લોકો દ્વારા લાદવામાં આવેલા ખોટા વ્યક્તિત્વમાં વરસોથી રહેવું... અને આ લોકોએ કંઇ ઇરાદાપૂર્વક તમારું ખરાબ કર્યું નથી હોતું. તેમના ઇરાદા શુભ હતા, પણ તેમની સજાગતા સાવ નહીંવત્ હતી. તમારા માતાપિતા, શિક્ષકો, ધર્મગુરુઓ કે રાજકારણીઓ સૌ સભાન નહીં, પણ અભાન લોકો હતા. અભાન લોકોના હાથમાં ઇરાદો સારો હોય તો પણ તે વિષયુક્ત બની શકે છે.

આથી તમે જ્યારે એકલા હો ત્યારે ઉંડે ઉંડે ભય હોય છે, કારણ કે અચાનક ખોટું અદ્દશ્ય થવા માંડે છે. અસલને પ્રગટ થતાં થોડો સમય લાગશે, કારણ કે તમે તેને વરસો અગાઉ ખોઇ દીધું છે. તમારે એ હકીકતને ધ્યાનમાં લેવી પડશે કે આટલા વરસોનો ફાંસલો પૂરો કરવાનો છે.

ભયની અવસ્થામાં તમને લાગે છે કે તમે પાગલ થઇ જશો. તમને ભય એ વાતનો છે કે "હું મારી જાતને ગુમાવી રહ્યો છું, મારું સાનભાન, મારું ડહાપણ, મારું દિમાગ અને સર્વસ્વ ગુમાવી રહ્યો છું." અન્યો દ્વારા આપવામાં આવેલી ઓળખમાં આ બધાનો સમાવેશ થાય છે. તમારી જાતને વ્યસ્ત રાખવા માટે તમે તરત જ કંઇક કરવા લાગો છો. આસપાસ કોઇ લોકો ન હોય તો છેવટે કોઇક ક્રિયા તમે કરો છો, જેથી પેલું ખોટું છે એ વ્યસ્ત રહે અને અદ્દશ્ય ન થઇ જાય.

આથી લોકોને રજાઓમાં બહુ તકલીફ પડે છે. પાંચ દિવસ સુધી તેઓ એ આશાએ કામ કરે છે

કે સપ્તાહને અંતે તેઓ આરામ કરશે. પણ દુનિયાભરમાં સપ્તાહના અંતના દિવસો સહુથી બદતર સમય હોય છે. સૌથી વધુ અકસ્માતો આ દિવસોમાં થાય છે. વધુ આત્મહત્યા, વધુ હત્યા, વધુ ચોરી અને બળાત્કારની વધુ ઘટનાઓ આ જ દિવસોમાં થાય છે.વિચિત્ર કહેવાય! આ જ લોકો બાકીના પાંચ દિવસ સુધી વ્યસ્ત હતા ત્યારે કશી સમસ્યા નહોતી. પણ સપ્તાહના અંતિમ દિવસોમાં અચાનક તેમને પસંદગી મળે છે કે કોઇ કામમાં વ્યસ્ત રહેવું યા આરામ કરવો. આરામ કરવો ભયજનક હોય છે, કેમ કે પેલું ખોટું વ્યક્તિત્વ અદ્રશ્ય થઇ જાય છે. માટે મુર્ખામીભર્યું કોઇપણ કાર્ય કરવામાં તેઓ વ્યસ્ત રહે છે. લોકો સમુદ્રતટે, માઇલો સુધી લાંબા ટ્રાફિકમાં ધસી જાય છે. તમે એમને પૂછશો કે તેઓ કયાં જાય છે, તો જવાબ મળશે ટોળાંથી દૂર જઇ રહયા છીએ. તેમની સાથે આખું ટોળું જઇ રહ્યું હોય છે. એ બધા જ એકાંત, શાંત સ્થળની તલાશમાં જતા હોય છે.

ખરેખર તો તેઓ સૌ ઘેર રહ્યા હોત તો તેમને શાંતિ અને એકાંત મળ્યા હોત. કારણ કે તમામ મૂર્ખ લોકો એકાંત સ્થળની તલાશમાં ગયા હોય છે. સૌ પાગલની જેમ ધસી જતા હોય છે, કારણ કે બે દિવસ બહુ જલ્દી પૂરા થઇ જવાના છે. માટે તેમને પહોંચવું પડે એમ છે. પણ કયાં, એ પૂછશો નહીં!

સમુદ્રતટે જુઓ તો એટલી ગીરદી હોય છે કે ન પૂછો વાત! બજારમાં પણ આટલી ભીડ હોતી નથી. વિચિત્ર લાગે એવી વાત એ છે કે સૂર્યસ્નાન કરતાં કરતાં લોકો બહુ આરામ અનુભવે છે. નાનકડા સમુદ્રતટ પર દસ હજાર વ્યક્તિ સૂર્યસ્નાન કરી રહી છે. આ જ સમુદ્રતટે આની આ જ વ્યક્તિ એકલી હશે તો તે આરામ નહીં કરી શકે. પણ તેને ખબર છે કે હજારો લોકો તેની આસપાસ આરામ કરી રહ્યા છે. ઓફિસમાં પણ આ જ લોકો હતા, શેરીઓમાં પણ આ જ લોકો હતા, બજારમાં પણ આ જ લોકો હતા અને હવે સાગરતટે પણ આના આ જ લોકો છે.

ખોટા વ્યક્તિત્વના અસ્તિત્વ માટે ટોળાનું હોવું આવશ્યક છે. જે ક્ષણે તે એકલું પડે કે તમને ભ્રમણાઓ થવા માંડે છે. આ સમયે ધ્યાનને કંઇક અંશે સમજવાની જરૂર છે.

ચિંતા ન કરો. કારણ કે અદ્રશ્ય થઇ શકે એવું હશે એ તેને જ લાયક હોય છે. તેને વળગી રહેવું અર્થહીન છે. તે તમારું નથી, તે તમે નથી જ.

જ્યારે ખોટું ચાલ્યું જાય અને તાજગીસભર, નવિન, બિનપ્રદુષિત અસ્તિત્વનો તેને સ્થાને ઉદય થાય એ છો તમે. 'હું કોણ છું' એ પ્રશ્નનો ઉત્તર તમારા સિવાય અન્ય કોઇ આપી ન શકે. તમને તેની જાણ હશે.

ધ્યાનની તમામ પધ્ધતિઓ ખોટાને નષ્ટ કરવામાં સહાયરૂપ છે. એ તમને અસલિયત આપતી નથી, કેમ કે અસલિયત કદી આપી ન શકાય. જે આપી શકાય એમ છે એ કદી અસલ હોતું જ

નથી. અસલ તો તમે પ્રાપ્ત કરેલું જ છે, ફકત ખોટું છે તેને લઇ લેવાની જરૂર છે.

બીજી રીતે આમ કહી શકાય કેઃ તમારી પાસે જે ચીજ હોતી નથી તેને ગુરુ લઇ લે છે અને તમારી પાસે જે હોય છે તે તમને આપે છે.

ધ્યાન એટલે શાંત અને એકાકી રહેવાની હિંમત. તમારી અંદર તમને ધીરે ધીરે એક નવા લક્ષણનો અહેસાસ થશે. એક નવિન જીવંતતા, નવું સૌંદર્ય, નવિન પ્રકારની બુધ્ધિનો તમને અનુભવ થશે. તમારી અંદરથી જ તે વિકસી હશે. કયાંયથી તમે તેને ઉછીની નહીં લીધી હોય. તમારા જીવનમાં જ તેના મૂળિયાં હશે. તમે કાયર નહીં હો તો તેની પર ફળ બેસશે, ફૂલો આવશે.

કેવળ બહાદુર, હિંમતવાન લોકો જ ધાર્મિક બની શકે. ચર્ચમાં જતા લોકો ધાર્મિક ન બની શકે. – તેઓ તો કાયરો છે. હિન્દુઓ, મુસ્લિમો કે ખ્રિસ્તીઓ પણ આમાં ન આવે, કેમ કે તેઓ ખોજની વિરુધ્ધમાં હોય છે. આ જ કાયર લોકો પોતાની ખોટી ઓળખને વધુ દ્રઢ બનાવવા પ્રયાસ કરે છે.

તમે જન્મ્યા હતા, આ જગતમાં તમે જીવન લઇને, સભાનતા અને જબરદસ્ત સંવેદના લઇને આવ્યા છો. નાના બાળક તરફ દ્રષ્ટિ કરો– તેની આંખો, તેની તાજગી તરફ જુઓ. આ બધું ખોટા વ્યકિતત્વ દ્વારા ઢંકાઇ ગયું છે.

ડરવાની કશી જરૂર નથી. ગુમાવવા જેવું છે એ જ તમે ગુમાવી શકો છો. તેને ઝડપથી ગુમાવો એ સારું છે, કારણ કે જેટલો લાંબો સમય એ રહેશે એટલું મજબૂત એ બની જશે.

કાલની કોઇને ખબર નથી.

તમારા અસલ અસ્તિત્વને પામ્યા વિના મૃત્યુ ન પામો.

પોતાના અસલ અસ્તિત્વ સાથે જીવ્યા અને તેની સાથે મૃત્યુ પામ્યા એવા થોડા લોકો જ નસીબદાર છે. કારણ કે તેઓ જાણે છે કે જીવન અનંત છે અને મૃત્યુ કપોળકલ્પના છે.

આંકડાઓનું રાજકારણ

સમાજમાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તમે અન્યોના જેવું જ વર્તન કરો. જે ક્ષણે તમે કંઇક અલગ રીતે વર્તો કે તમે અપરિચીત બની જાવ છો અને લોકોને અપરિચીતોની બહુ બીક લાગે છે.

આથી જ બસમાં, ટ્રેનમાં કે બસસ્ટેશન પર બે જણા બેઠા હોય તો તેઓ શાંતિથી બેસી શકતા નથી. કેમ કે શાંત હોય ત્યારે બંને અજનબી, અપરિચીત હોય છે. તેઓ તરત જ પરસ્પરનો પરિચય કેળવવા લાગે છે, "તમે કોણ છો? કયાં જઇ રહ્યા છો? તમે શું કરો છો?" વગેરે...

આવા થોડા પ્રશ્નો પૂછીને તેઓ જંપી જાય છે. તમે એમના જેવા જ માણસ છો એવી ખાતરી થઇ જાય છે.

પોતે જેમાં સમાઇ શકે એવા ટોળાંમાં લોકોને સતત રહેવું ગમે છે. જે ક્ષણે તમે ભિન્ન રીતે વર્તો છો કે ટોળું સાશંક બની જાય છે કે કંઇક ખોટું થઇ રહ્યું છે. તેઓ તમને ઓળખે છે અને તમારું પરિવર્તન જોઇ શકે છે. તમે તમારી જાતનો સ્વીકાર કરતા નહોતા ત્યારથી તેઓ તમને ઓળખે છે. અને હવે અચાનક તેઓ જુએ છે કે તમે તમારી જાતને સ્વીકારી લીધી છે.

આ સમાજમાં કોઇ પોતાની જાતને સ્વીકારતું નથી. દરેક જણ પોતાની જાતને વખોડે છે. સમાજની આ જ જીવનશૈલી છે. તમારી જાતને વખોડો. તમે તમારી જાતને વખોડશો નહીં, તમારી જાતનો સ્વીકાર કરશો, તો તમે સમાજમાંથી પડતા મૂકાશો. સમાજમાંથી પડતા મૂકાયેલાની દરકાર તે કરતો નથી કારણ કે સમાજ આંકડામાં વસે છે, તે આંકડાનું રાજકારણ છે. જ્યાં વધુ સંખ્યા હોય ત્યાં લોકોને સારું લાગે છે. લોકોની વધુ સંખ્યા હોય ત્યારે સૌને એમ લાગે છે કે તેઓ સાચા હોવા જોઇએ. પોતે ખોટા ન હોઇ શકે, લાખો લોકો પોતાની સાથે છે. તેઓ એકલા પડી જાય ત્યારે તેમને સંશય પેદા થાય છે કે કોઇ મારી સાથે નથી. હું સાચો છું એની શી ખાતરી?

આથી જ હું કહું છું કે આ વિશ્વમાં આગવા વ્યક્તિ બની રહેવું એ બહુ હિંમતનું કામ છે.

આગવા બની રહેવા માટે નિર્ભયતાનો પાયો હોવો જરૂરી છે : ભલે સમગ્ર વિશ્વ મારી સામે હોય. મહત્વ એ બાબતનું છે કે મારો અનુભવ વાજબી છે.

હું સંખ્યા પર ધ્યાન નથી આપતો કે કેટલા લોકો મારી પડખે છે. હું મારા અનુભવની યોગ્યતા તરફ જોઉં છું. હું એ જોઉં છું કે કોઇકના શબ્દોને હું પોપટની જેમ રટી રહ્યો છું કે મારા વિધાનનો આધાર મારો અનુભવ છે. જો એ મારો અનુભવ હોય તો એ મારા હાડ, માંસ અને રક્તનો અનુભવ છે. એમ હોય તો ભલે આખું વિશ્વ એક તરફ હોય. હું હજીય સાચો અને તેઓ ખોટા છે. તેનો કશો વાંધો નથી. સાચા હોવાનું અનુભવવા માટે મારે તેમના મતની જરૂર નથી. લોકોનો અભિપ્રાય લઇને ચાલતા લોકોને જ અન્યોના આધારની જરૂર હોય છે.

અત્યાર સુધી માનવસમાજ આ રીતે જ કામ કરતો આવ્યો છે. આ રીતે જ તે તમને પોતાના કાબૂમાં રાખે છે. તેઓ ઉદાસ હોય તો તમારે પણ ઉદાસ થવું પડે, તેઓ દુઃખી હોય તો તમારે પણ દુઃખી થવું પડે. તેઓ જેવા હોય, એવા તમારે બનવું પડે. તેમાં ભિન્નતાને કોઇ સ્થાન નથી, કારણ કે ભિન્નતા અંતે તો આગવાપણા તરફ દોરી જાય છે અને સમાજને આગવાપણાનો, વ્યક્તિગતપણાનો ખૂબ ડર લાગે છે. આનો મતલબ એ થાય કે કોઇક વ્યક્તિ ટોળાથી પર થઇ ગઇ છે અને તેને ટોળાની જરાય પડી નથી. તેના માટે તમારા ઇશ્વર , તમારા મંદિર, ધર્મગુરુઓ

કે તમારા શાસ્ત્રો અર્થહીન બની ચૂકયા છે.

હવે તેનું આગવું અસ્તિત્વ છે, આગવી શૈલી છે. જીવવાની, મરવાની, ઉજવણીની, નૃત્યની કે ગાવાની તેની પોતાની શૈલી છે. તે પોતાને ઘેર પરત આવ્યો છે.

કોઇ પોતાને ઘેર ટોળા સહિત ન આવી શકે. વ્યક્તિ પોતાને ઘેર એકલી જ આવી શકે.

તમારી આંતરસૂઝને સાંભળો

એક છોકરો સતત પોતાનું માથું ખંજવાળતો હતો. તેના પિતાએ આ જોઇને એક દિવસ તેને કહ્યું, "દીકરા, તું શાથી તારું માથું કાયમ ખંજવાળ્યા કરે છે?"

છોકરાએ કહ્યું, "કેમ કે મને એકલાને જ ખબર છે કે તે કરડે છે."

આને કહેવાય આંતરસૂઝ ! ફકત તમે જ તેને ઓળખો છો. અન્ય કોઇને તેની જાણ નથી. તેને બહારથી જોઇ શકાય નહીં. માથું દુઃખે ત્યારે ફકત તમને જ તેની જાણ થાય છે. તમે તે પુરવાર કરી શકતા નથી. તમે જયારે ખુશ હો ત્યારે ફકત તમે જ તે જાણો છો. તમે તેને પુરવાર કરી શકતા નથી. અન્ય લોકો તેનું નિરીક્ષણ કરી શકે, પૃથક્કરણ કરી શકે તે માટે તમે એને ટેબલ પર મૂકી શકતા નથી.

વાસ્તવમાં, આંતરસૂઝ એટલી આંતરિક હોય છે કે તમે તેનું અસ્તિત્વ પણ પુરવાર કરી શકતા નથી. આથી જ વિજ્ઞાને તેનો ઇનકાર કર્યો કરે છે, પણ આ ઇનકાર અમાનવીય છે. વિજ્ઞાનીઓ સુધ્ધાં જાણે છે કે જ્યારે તેને પ્રેમની અનુભૂતિ થાય છે, ત્યારે તેને આંતરિક અનુભૂતિ થાય છે. કંઇક હોય છે ખરું ! એ કોઇ ચીજ કે વસ્તુ નથી અને તેને અન્યોની સમક્ષ મૂકવું શકય નથી. છતાં તે હોય છે ખરું.

આંતરસૂઝની પોતાની એક નક્કરતા હોય છે. પણ વૈજ્ઞાનિક તાલિમને કારણે લોકોએ પોતાની આંતરસૂઝમાં વિશ્વાસ ગુમાવી દીધો છે. તેઓ અન્યો પર આધાર રાખે છે. તમે એ હદે આધારિત થઇ જાવ છો કે કોઇ કહે, "તમે બહુ ખુશ જણાવ છો." તો તમે ખુશ થઇ જશો. વીસ માણસો તમને દુઃખી બનાવવાનું નક્કી કરી લે તો તેઓ તમને દુઃખી કરી શકે. તમને મળે ત્યારે તેમણે એક જ વાકય દોહરાવવાનું કે- "તમે બહુ દુઃખી જણાવ છો, ઉદાસ દેખાવ છો. કેમ, શું થયું છે? કોઇનું મૃત્યુ થયું છે કે બીજું કંઇ?" આથી તમને શંકા થશે કે આટલા બધા લોકો કહે છે કે તમે દુઃખી છો, તો તમે ખરેખર હોવા જ જોઇએ.

તમે લોકોના અભિપ્રાયો પર આધાર રાખો છો. લોકોના અભિપ્રાય પર તમે એ હદે આધારિત રહ્યા છો કે તમે આંતરસૂઝનો માર્ગ ભૂલી ગયા છો. આંતરસૂઝની પુનઃખોજ કરવી રહી, કારણ કે તમામ સુંદર અને દિવ્ય વસ્તુઓ તેના થકી જ અનુભવી શકાશે.

લોકોના અભિપ્રાયથી પ્રભાવિત થવાનું બંધ કરો. તેને બદલે અંદર ઝાંકો... તમારી આંતરસૂઝને કંઇક કહેવા દો. તેનો ભરોસો કરો. તમે તેના પર ભરોસો મૂકશો તો તે વિકસશે. તેના પર ભરોસો મૂકવાથી તે મજબૂત બનશે.

વિવેકાનંદે રામકૃષ્ણ પાસે જઇને કહ્યું, "ઇશ્વર ક્યાંય છે જ નહીં ! હું પુરવાર કરી શકું એમ છું કે ઇશ્વર નથી." તેઓ અત્યંત તાર્કિક, સાશંક અને પશ્ચિમી ફિલસૂફીનું શિક્ષણ લીધેલા યુવાન હતા, જ્યારે રામકૃષ્ણ તદ્દન નિરક્ષર હતા. રામકૃષ્ણે કહ્યું, "ભલે, પુરવાર કરી બતાવ !"

વિવેકાનંદે ઘણી વાતો કરી. પોતાની પાસે હતા એ બધા પુરાવા રજૂ કર્યા. રામકૃષ્ણે બધું સાંભળ્યું અને અંતે કહ્યું, "પણ મારી આંતરસૂઝ કહે છે કે ઇશ્વર છે. મારી આંતરસૂઝ એટલે સર્વોપરિ સત્તા. તમે જે બોલ્યા એ દલીલો છે. તમારી આંતરસૂઝ શું કહે છે?"

વિવેકાનંદે કદી આ બાબતનો વિચાર સુધ્ધાં નહીં કરેલો. તમણે પોતાના ખભા ઉલાળ્યા. તેમણે પુસ્તકો વાંચ્યા હતા, દલીલો એકઠી કરી હતી, તરફી અને વિરોધી પુરાવાઓ એકત્ર કર્યા હતા અને આ પુરાવાઓને આધારે ઇશ્વર છે કે નહીં તે નક્કી કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેમણે પોતાની અંદર જોયું નહોતું. તેમણે પોતાની આંતરસૂઝને પૂછ્યું નહોતું.

બહુ મૂર્ખામીભર્યું કહેવાય, પણ સાશંક અને તાર્કિક માનસ મૂર્ખ જ હોય છે. રામકૃષ્ણે કહ્યું, "તમારી દલિલો સુંદર છે. તેને મેં માણી. પણ હું શું કરી શકું? મને ખબર છે. મારી આંતરસૂઝ કહે છે કે ઇશ્વર છે. જેમ કે મારી આંતરસૂઝ કહે છે કે હું સુખી છું, હું બિમાર છું, હું ઉદાસ છું, મારા પેટમાં ગરબડ છે, મને આજે ઠીક નથી. બિલકુલ એ જ રીતે મારી આંતરસૂઝ કહે છે કે ઇશ્વર છે. એમાં દલીલનો કોઇ પ્રશ્ન જ નથી."

રામકૃષ્ણે આગળ કહ્યું, "હું આ સાબિત નહીં કરી શકું, પણ તમે ઇચ્છો તો, હું તમને એ બતાવી શકું એમ છું." આ અગાઉ કોઇએ વિવેકાનંદને કહ્યું નહોતું કે ઇશ્વરના દર્શન કરાવી શકાય. તેઓ કંઇ કહે એ અગાઉ રામકૃષ્ણે કૂદકો માર્યો અને પોતાનો પગ વિવેકાનંદની છાતી પર મૂકી દીધો. કંઇક થયું, કોઇક શક્તિએ કુદકો માર્યો અને ત્રણ કલાક સુધી વિવેકાનંદ તંદ્રાવસ્થામાં રહ્યા. તેમણે આંખો ખોલી ત્યારે તેઓ સદંતર ભિન્ન વ્યક્તિ થઇ ગયા હતા.

રામકૃષ્ણે પૂછ્યું, "હવે તમારે શું કહેવું છે? ઇશ્વર છે કે નહીં? તમારી આંતરસૂઝ શું કહે છે હવે?"

વિવેકાનંદ એવી શાંત અને સ્થિર અવસ્થામાં હતા, જે અભૂતપૂર્વ હતી. અંદરથી તે એટલા ઉલ્લાસિત, એટલા સમૃધ્ધ થઇ ગયેલા. તેમણે નીચા નમીને રામકૃષ્ણના ચરણસ્પર્શ કરતાં કહ્યું, "જી હા, ઇશ્વર છે."

કોઇ વ્યક્તિ નહીં, પણ ક્ષેમકુશળની એવી ભાવના, એવી સમજણ કે હું આ જ વિશ્વનો છું અને સમગ્ર વિશ્વ મારું છે. હું કંઇ પરગ્રહવાસી કે બહારની વ્યક્તિ નથી. એવી સમજણ કે - 'આ સમસ્ત અને હું બન્ને ભિન્ન નથી.' આ અનુભૂતિ સંભવ બને.

તેમ થવા દેવાનો પ્રારંભ કરી દો! તેને શકય એટલી તકો આપો. બાહ્ય સત્તાધીશો કે બહારના અભિપ્રાયો પર આધાર ન રાખો. તમારી જાતને વધુ સ્વાધીન બનાવો. વધુ ને વધુ અનુભવો અને વિચારો ઓછું.

ગુલાબના ફૂલ પાસે જઇને જુઓ અને પોપટની માફક બોલી ન જાવ કે 'આ બહુ સુંદર છે.'. આ કેવળ અભિપ્રાય હોઇ શકે. તમારા બાળપણથી તમે સાંભળતા આવ્યાા છો કે, "ગુલાબનું ફૂલ બહુ સુંદર મહાન ફુલ છે." આથી ગુલાબનું ફૂલ જોતાંની સાથે જ તમે કમ્પ્યુટરની જેમ રટી જશો, 'આ બહુ સુંદર છે.' પણ તમને ખરેખર તેની અનુભૂતિ થઇ ? એ તમારી આંતરિક લાગણી છે ? જો એમ ન હોય તો આવું ન બોલો.

ચંદ્ર તરફ જોઇને તમારી આંતરસૂઝ ન હોય તો એમ ના કહો કે એ સુંદર છે. તમને નવાઇ લાગશે કે તમારા મગજમાં ઠાંસેલી નવ્વાણું ટકા બાબતો ઉછીની હોય છે. આ નવ્વાણુ ટકા નકામા કચરામાં એક ટકો આંતરસૂઝ ખોવાઇ જાય છે, ગરક થઇ જાય છે. એ જ્ઞાનને પડતું મૂકો. તમારી આંતરસૂઝને પુનઃપ્રાપ્ત કરો.

આંતરસૂઝ દ્વારા જ ઇશ્વરને ઓળખી શકાય.

કુલ છ ઇન્દ્રિયો હોય છે, જેમાંની પાંચ બાહ્ય હોય છે, જે તમને જગત વિશે કહે છે. આંખ કહે છે પ્રકાશ વિશે. આંખો વિના તમે પ્રકાશને ઓળખી ન શકયા હોત. કાન ધ્વનિ વિશે કહે છે. કાન વિના તમે ધ્વનિ વિશે કંઇ જ જાણી શકયા ન હોત. પણ છઠ્ઠી ઇન્દ્રિય છે એ આંતરિક છે, જે તમને તમારા વિશે તેમજ વસ્તુઓના અંતિમ સ્રોત વિશે કહે છે. આ ઇન્દ્રિયને શોધવી રહી.

ધ્યાન એટલે બીજું કંઇ નહીં પણ આંતરિક ઇન્દ્રિયની, આંતરસૂઝની શોધ.

વિશ્વમાં સૌથી મોટો ભય હોય તો એ છે લોકોના અભિપ્રાયનો. જે ક્ષણે તમારો ટોળાનો ડર નીકળી જાય કે તમે ઘેટું મટીને સિંહ બની જાવ છો. તમારા હૃદયમાં મુક્તિની ત્રાડ ઉઠે છે.

બુધ્ધે તેને ખરેખર સિંહની ત્રાડ તરીકે ઓળખાવી છે. મનુષ્ય જ્યારે સંપૂર્ણ શાંત અવસ્થામાં પહોંચી જાય ત્યારે તે સિંહની જેમ ગર્જના કરે છે. પહેલવહેલી વાર તેને ખ્યાલ આવે છે કે મુક્તિ શી ચીજ છે, કારણ કે હવે કોઇના અભિપ્રાયનો ડર નથી. લોકો શું કહે છે તેની પડેલી નથી. તેઓ તમને સાધુ કહે કે શેતાન એ અપ્રસ્તુત છે. તમારા એક અને એક માત્ર ન્યાયાધીશ છે ઇશ્વર. ઇશ્વર એટલે કોઇ વ્યક્તિ નહીં, પણ ઇશ્વર એટલે સમગ્ર બ્રહ્માંડ.

આમાં કોઇ વ્યક્તિની સન્મુખ થવાનો સવાલ નથી, બલ્કે તમારે વૃક્ષો, નદીઓ, પર્વતો, તારલાઓ- સમગ્ર બ્રહ્માંડની સન્મુખ થવાનું છે. આ છે આપણું બ્રહ્માંડ અને આપણે તેના હિસ્સારૂપ છીએ. તેનાથી ડરવાની કે કંઇ છૂપાવવાની જરૂર નથી. ખરેખર તો તમે પ્રયત્ન કરો છતાં કંઇ છૂપાવી નહીં શકો. સમસ્ત તેને જાણે છે. તમારા વિશે તમારા કરતાં સમગ્ર વધુ જાણે છે.

બીજો મુદ્દો વધુ મહત્વનો છેઃ ઇશ્વરે ચૂકાદો આપી દીધો છે. ભવિષ્યમાં કંઇ થવાનું નથી. થવાનું હતું એ થઇ ગયું છે. ઇશ્વરે તેનો નિર્ણય આપી દીધો છે. આથી ઇશ્વરના નિર્ણયનો ભય પણ લુપ્ત થઇ ગયો છે. કયામતના કોઇ દિવસનો સવાલ નથી. તમારે ધ્રુજવાની જરૂર નથી. 'જજમેન્ટ ડે' એટલે કે ચૂકાદાનો અંતિમ દિવસ તો પહેલે જ દિવસે હતો. જે ક્ષણે તેણે તમારું સર્જન કર્યું કે તેણે ચૂકાદો આપી દીધો હતો. એ તમને ઓળખે છે. તમે તેનું સર્જન છો. તમારી સાથે કંઇક ખોટું થાય તો જવાબદાર તે છે, નહીં કે તમે. તમે ફંટાઇ જશો તો જવાબદાર તે છે, નહીં કે તમે. તમે શી રીતે જવાબદાર હોઇ શકો? તમે કંઇ તમારું પોતાનું સર્જન નથી. તમે કંઇક ચીતરવા જાવ અને કંઇક ભૂલ થાય તો તમે એમ ન કહી શકો કે એમાં ચિત્રની ભૂલ છે. એમાં તો ચિતારો જ કારણભૂત હોય છે.

આથી ટોળાથી ડરવાની કશી જરૂર નથી કે નથી એવા કાલ્પનિક ઇશ્વરથી ડરવાની, જે તમને દુનિયાના આખરી દિને પૂછશે કે તેં શું કર્યું અને શું નહીં. તેણે ચૂકાદો આપી જ દીધો છે, એ એકદમ સૂચક છે. તમે મુકત છો. જે ક્ષણે તમે જાણી લો કે તમે મુકત છો, તે ક્ષણથી જીવનમાં એક અજબ ગતિશીલતા આરંભાય છે.

ભય બેડી સર્જે છે, જ્યારે મુક્તિ આપે છે તમને પાંખો.

કશાકથી મુક્તિ, કશાક માટે મુક્તિ

કશાકથી મુક્તિ પ્રાપ્ત કરવાનું કદાપિ વિચારશો નહીં. હંમેશા કશાકને માટે મુકત થવાનું વિચારો. આ બંને વચ્ચે જબરદસ્ત ફરક છે. 'કશાકથી નહીં,' પણ 'કશાક માટે' ની દૃષ્ટિએ વિચારો. ઇશ્વર માટે, સત્ય માટે મુકત થાવ, પણ એમ ન માનશો કે તમે ટોળાથી, ચર્ચથી, ફલાણાથી કે ઢીંકણાથી મુક્તિ ઇચ્છો છો. તમે તેનાથી કદાચ દૂર જઇ શકશો, પણ કદાપિ તેનાથી મુકત નહીં થઇ શકો. એમ કરવાથી અમુક પ્રકારનું દમન જ થશે.

ટોળાથી તમે શા માટે આટલા બીવો છો?... જો તેમાં આકર્ષણ હશે તો તમારો ભય તમારું આકર્ષણ દર્શાવશે. તમે જ્યાં પણ જશો ત્યાં ટોળાના પ્રભુત્વમાં જ રહેશો.

મારું કહેવું એ છે કે તેના તથ્યો તરફ જુઓ, ટોળાની દૃષ્ટિએ વિચારવાની કોઇ જરૂર નથી. તમારા પોતાના અસ્તિત્વની દૃષ્ટિએ વિચારો. તેને તો હમણાં જ પડતું મૂકી શકાય. સંઘર્ષ કરશો

તો તમે મુકત નહીં થઇ શકો. તમે તેને પડતું મૂકી શકો, કેમ કે સંઘર્ષ કરવાનો કોઇ અર્થ નથી.

તકલીફ ટોળામાં નહીં, તમારામાં છે. ટોળું તમને નથી ખેંચતું, તમે ખેંચાવ છો. તમે અન્ય કોઇના દ્વારા નહીં, પણ તમારા પોતાના અભાન મનની અવસ્થાને લઇને ખેંચાવ છો. હંમેશા યાદ રાખો કે કોઇના ઉપર જવાબદારી ન ઢોળો, કારણ કે એમ કરવાથી તમે તેનાથી કદી મુકત નહીં થાવ. અંદરથી તો એ તમારી જ જવાબદારી છે. કોઇ વ્યકિતએ ટોળાની આટલું વિરુધ્ધ શા માટે હોવું જોઇએ? આ જખમ તમારે શા માટે લઇને ફરવો જોઇએ ?

તમે સહકાર ન આપો ત્યાં સુધી ટોળું કંઇ કરી શકતું નથી. સવાલ તમારા સહકારનો છે. તમે અત્યારે જ આ સહકાર આપવાનું પડતું મૂકી શકો એમ છો, કશા કારણ વિના. તમે પ્રયત્નપૂર્વક એ કરશો તો તકલીફમાં મૂકાશો. માટે તેને તાત્કાલિક ધોરણે કરો. જો તમે જોઇ શકો કે તમે લડશો તો પરાજય નિશ્ચિત છે, તો એ આવેશની, સહજ સમજણની વાત છે. લડવામાં તમે ટોળા પર ભાર મૂકો છો.

લાખો લોકોને આમ જ થયું છે. કોઇક સ્ત્રીઓથી બચવા ઇચ્છે છે. ભારતમાં સદીઓથી અમુક લોકોએ આમ કર્યું છે. આમ કરવાથી તેઓ એમાં જ લીન થઇ જાય છે. તેઓ સેકસથી છૂટકારો મેળવવા ઇચ્છે છે, અને તેમનું સમગ્ર મન સેકસમય થઇ જાય છે. તેઓ સેકસ સિવાય કશાનો વિચાર કરી શકતા નથી. તેઓ ઉપવાસ કરે છે, ઉજાગરા કરે છે, પ્રાણાયામ અને યોગ જેવી એક હજાર ને એક બાબતો કરે છે - પણ વ્યર્થ. સેકસ સાથે તેઓ જેટલું વધુ ઝઘડે, તેટલા વધુ તેઓ તેની પર કેન્દ્રિત થતા જાય છે. પ્રમાણભાન ભૂલીને તે અત્યંત મહત્વનું બની જાય છે.

ખ્રિસ્તી મઠમાં આવું જ થતું રહ્યું છે. તેઓ એટલા દમિત અને ડરી ગયેલા થઇ ગયા છે. ટોળાથી તમે વધુ પડતા ડરશો તો તમને પણ આમ જ થશે.તમે સહકાર ન આપો ત્યાં સુધી ટોળું કંઇ નહીં કરી શકે. આથી પ્રશ્ન કેવળ તમારી સજાગતાનો છે. માટે સહકાર ન આપો.

આ છે મારું નિરીક્ષણ : તમને જે કંઇ થાય એ માટે તમે પોતે જ જવાબદાર છો. અન્ય કોઇ તમને કંઇ કરતું નથી. તમે એ થાય એમ ઇચ્છો છો, તેથી તે થાય છે. કોઇક તમારું શોષણ કરે છે, કેમ કે તમે ઇચ્છો છો. તેના માટે ચોક્કસ તપાસ હોવી જોઇએ. તમે તેને સુરક્ષા પણ કહી શકો. તમારાં નામ, લેબલ અલગ હોઇ શકે, પણ તમે કેદ થવા માટે તલસી રહ્યા છો, કારણ કે કેદમાં તદ્દન સલામતી હોય છે, અસલામતી ત્યાં હોતી જ નથી.

પણ કેદની દિવાલો સાથે ન ઝઘડો . અંદર ઝાંકો. સુરક્ષા માટેના તલસાટને અને ટોળું શી રીતે તમારો ઉપયોગ કરે છે એ શોધી કાઢો. ટોળા પાસેથી તમે કંઇક અપેક્ષા રાખતા જ હશો- માન્યતા, સન્માન, માન વગેરેની અપેક્ષા હશે. તમે તેમને પૂછશો તો તમારે વળતો વ્યવહાર કરવો પડશે. ત્યારે ટોળું કહેશે, “ભલે, અમે તમને માન આપીએ અને તમે અમને તમારી સ્વતંત્રતા

આપી દો.'' બહુ સીધોસાદો સોદો છે આ. પણ ટોળાએ તમારા માટે કંઇ કર્યું જ નથી. તમે જ તેના પાયામાં છો. માટે તમારો પોતાનો માર્ગ છોડીને બહાર આવી જાવ!

તમારો અસલી ચહેરો પામો

તમે જેવા છો એવા બની રહો, દુનિયાની લેશમાત્ર પરવા ન કરો. આથી તમે જબરદસ્ત હળવાશ અનુભવશો, તમારા દિલમાં પરમ શાંતિ અનુભવશો. આને જ 'ઝેન' લોકો 'અસલી ચહેરો' કહે છે- હળવા ફૂલ, તણાવમુક્ત, દંભરહિત, આડંબરથી મુક્ત અને તમારે શી રીતે વર્તવું જોઇએ એના શિષ્ટાચારથી મુક્ત હોવું.

યાદ રાખો કે - અસલી ચહેરો એ સુંદર કાવ્યમય અભિવ્યક્તિ છે, પણ એનો અર્થ એવો નથી કે તમારો ચહેરો અલગ હશે. આનો આ જ ચહેરો તેનો તણાવ મુક્ત કરશે, આનો આ જ ચહેરો હળવો થઇ જશે, આનો આ જ ચહેરો અનિર્ણિત થઇ જશે, આનો આ જ ચહેરો અન્યોને ઉતરતા નહીં ગણે. નવાં મૂલ્યો સાથેનો આનો આ જ ચહેરો તમારો બની રહેશે.

એક પ્રાચીન ઉક્તિ છે : ઘણા નાયકોમાં એવો પણ એક માણસ હોય છે. જેનામાં કાયર બનવાની હિંમત નથી.

તમે કાયર હો તો એમાં ખોટું શું છે? તમે કાયર છો તો બરાબર છે. તેમની પણ જરૂર હોય છે. નહીંતર તમને નાયકો ક્યાંથી મળશે? નાયકો સર્જવાની પૃષ્ઠભૂમિ માટે કાયરોની બરાબરની આવશ્યકતા છે.

તમે જેવા હો એવા જ બની રહો.

તકલીફ એ છે કે તમને અગાઉ કોઇએ જેવા છો એવા બની રહેવાનું જણાવ્યું નથી. દરેક જણ પોતાનું નાક ખૂંપાડીને કહે છે કે તમારે આવા બનવું જોઇએ કે તેવા બનવું જોઇએ. સીધી સાદી બાબતોમાં પણ આવું હોય છે.

મારી શાળામાં, હું નાનો હોવા છતાં મને એ ગમતું નહીં કે હું કેવો હોવો જોઇએ, એમ કોઇ કહે. શિક્ષકો મને રુશવત આપતા હોય એમ કહેતા, ''જો તું યોગ્ય રીતે વર્તીશ તો તું જીનિયસ બની શકીશ?''

હું કહેતો, 'ખાડામાં પડે જીનિયસ ! હું તો બસ, હું જ બનવા માંગુ છું.'' હું ટેબલ પર પગ રાખીને બેસતો અને દરેક શિક્ષકને તેનાથી ખરાબ લાગતું. તેઓ કહેતા, ''આવું કેવું વર્તન?''

હું કહેતો, 'ટેબલ તો મને કંઇ કહેતું નથી. જે છે એ મારી અને ટેબલની વચ્ચેનો મામલો છે, એમાં તમે આટલા ગુસ્સે શાથી થાવ છો? હું કંઇ તમારા માથે પગ મૂકતો નથી! મારી જેમ તમે

પણ શાંતિ રાખો. તમે જે કંઇ બકવાસ ભણાવી રહ્યા છો એને હું આ રીતે બેસીને સારી રીતે સમજી શકું છું.''

વર્ગની એક બાજુ સુંદર બારી હતી, જેની બહાર વૃક્ષો, પક્ષીઓ, કોયલ હતાં. મોટે ભાગે હું બારીની બહાર જોયા કરતો . શિક્ષક મારી પાસે આવીને કહેતા, ''તું શાળાએ આવે છે શા માટે?

હું કહેતો, 'મારા ઘરમાં આ રીતે આકાશમાં ઉઘડતી કોઇ બારી નથી. મારા ઘરની આસપાસ કોયલ કે અન્ય કોઇ પક્ષી નથી. મારું ઘર શહેરમાં, અન્ય મકાનોથી ઘેરાયેલું છે. ત્યાં એટલી ભીડ છે કે પક્ષીઓ આવતાં નથી. કોયલોને લાગતું નથી કે આ લોકોને પોતાનાં ગીતોનો લાભ આપવો જોઇએ.''

''માટે એ ભૂલી જાવ કે હું અહીં તમને સાંભળવા માટે આવું છું ! હું મારી ફી ચૂકવું છું. તમારે એટલું યાદ રાખવાનું છે કે તમે નોકર છો. હું નાપાસ થઇશ તો હું તમને ફરિયાદ નહીં કરું કે દુઃખી પણ નહીં થાઉં. પણ આખું વરસ હું બહારથી આવતા કોયલના અવાજ સાંભળવા છતાં એવો ડોળ કરું કે હું તમને સાંભળી રહ્યો છું, તો એ મારા દંભી જીવનનો આરંભ હશે. અને હું દંભી બનવા માંગતો નથી.''

દરેક બાબત શિક્ષકો અને પ્રાધ્યાપકો અમુક રીતે જ તમારી પાસે કરાવવા ઇચ્છતા હોય છે. એ દિવસોમાં અને કદાચ આજે પણ. મારી શાળામાં ટોપી પહેરવી ફરજિયાત હતી. મને ટોપી સામે કંઇ વાંધો ન હતો. યુનિવર્સિટી છોડ્યા પછી મેં એ પહેરવાનું શરૂ કર્યું છે, પણ એ અગાઉ હું ટોપી પહેરતો નહોતો. મારા વિશે ચિંતા કરતા એક શિક્ષકે કહેલું. 'તું આખી શાળાની શિસ્તને નુકસાન પહોંચાડી રહ્યો છે. ક્યાં છે તારી ટોપી?''

મેં કહ્યું, ''શાળામાં વર્તણુંકની આચારસંહિતા લાવો. તેમાં ક્યાંય ઉલ્લેખ છે ખરો કે દરેક છોકરાએ ટોપી પહેરવી? જો એમ ન હોય તો તમે મારા પર આચારસંહિતાની વિરુધ્ધની વાત લાદી રહ્યા છો.''

શિક્ષક મને શાળાના આચાર્ય પાસે લઇ ગયા. મેં આચાર્યને કહ્યું, ''હું ટોપી પહેરવા તૈયાર છું, પણ મને ક્યાંય લખેલું બતાવો કે ટોપી પહેરવી ફરજીયાત છે. જો ટોપી પહેરવી ફરજીયાત હશે તો હું શાળા છોડી પણ દઉં, પણ પહેલાં મને દેખાડો કે એવું ક્યાં લખેલું છે!''

આચારસંહિતામાં ક્યાંય લખેલું નહોતું. તેથી મેં કહ્યું, ''ટોપી પહેરવા માટેની કોઇ વાજબી દલીલો તમે મને જણાવી શકો? શું તે મારી બુધ્ધિમાં વૃધ્ધિ કરશે? શું તે મારા આયુષ્યમાં વધારો કરશે? મારી સમજણમાં, મારી તંદુરસ્તીમાં તેનાથી કંઇ ફેર પડશે?'' મેં વાત આગળ વધારતાં કહ્યું, ''મને ખ્યાલ છે ત્યાં સુધી ભારતમાં બંગાળ જ એવો પ્રાંત છે, જ્યાં ટોપીઓનો ઉપયોગ થતો નથી. અને છતાં દેશનો તે સર્વોચ્ચ બુધ્ધિમાન પ્રદેશ ગણાય છે. પંજાબમાં તેનાથી વિરુધ્ધ છે. ત્યાં ટોપીને બદલે લોકો પાઘડી પહેરે છે. અને આ પાઘડી એટલી મોટી હોય છે, જાણે કે તેમની

બુધ્ધિ છટકી જવાની હોય અને તેને બાંધી રાખી ન હોય ! અને છતાં પંજાબનો પ્રદેશ મૂર્ખોનો પ્રદેશ ગણાય છે."

આચાર્યે જણાવ્યું, "તારી વાતમાં કંઇક વજૂદ જણાય છે, પણ આ તો શાળાની શિસ્તનો મામલો છે. તું ટોપી પહેરવાનું બંધ કરીશ તો અન્યો પણ એમ કરશે."

મેં કહ્યું, "એમાં બીવાનું શું છે? આખી ઔપચારિકતા જ પડતી મૂકોને !"

સાવ અપ્રસ્તુત હોય એવી બાબતોમાં પણ લોકો તમને અલગ પડવા દેવા માંગતા નથી.

બાળપણમાં હું લાંબા વાળ રાખતો હતો. મારા પિતાજીની દુકાનમાં હું આવ-જા કરતો રહેતો, કારણ કે અમારું ઘર અને દુકાન જોડાયેલાં હતાં. ઘર હતું દુકાનની પાછળ અને ઘરમાં જવા માટે દુકાનમાં થઇને જવું પડતું. લોકો મને જોઇને પૂછતા, "આ કોની છોકરી છે?" મારા વાળ લાંબા હોવાને કારણે તેમને કલ્પના ન આવતી કે છોકરાને પણ લાંબા વાળ હોઇ શકે."

મારા પિતાજીને આ સાંભળીને બહુ શરમ અને સંકોચ થતો. તેઓ માંડ માંડ કહેતા, "એ મારો દીકરો છે."

લોકો પૂછતા, "તો પછી એણે લાંબા વાળ કેમ રાખ્યા છે?"

સામાન્યતઃ એમનો એવો સ્વભાવ નહોતો, પણ એક દિવસ તેઓ ગુસ્સે થઇ ગયા અને આવીને મારા વાળ કાપી નાંખ્યા. પોતાની દુકાનમાં કાપડ વેતરવા માટે જે કાતરનો ઉપયોગ કરતા હતા એ જ કાતર લાવીને તેમણે મારા વાળ કાપી નાંખ્યા. હું કંઇ બોલ્યો નહીં, તેથી તેમને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું, "તારે કંઇ કહેવાનું નથી?"

મેં કહ્યું, "હું એ મારી રીતે કહીશ."

"એનો શો મતલબ થાય?" તેમણે પૂછ્યું.

મેં કહ્યું, "તમને એ જોવા મળી જશે." હું અમારા ઘરની સામે આવેલી એક હજામની દુકાને ગયો. તેનો માલિક એક બૂઢો વાળંદ હતો, જે અફીણનો બંધાણી હતો. એ એક જ માણસ માટે મને માન હતું. હજામની દુકાનોની આખી કતાર હતી, પણ હું એ બૂઢાને ખૂબ ચાહતો. તે એક વિશિષ્ટ માણસ હતો. મને પણ તે ખૂબ ચાહતો. કલાકો સુધી અમે વાતો કર્યા કરતા.

તેને ત્યાં જઇને મેં કહ્યું, "મારું માથું મૂંડી નાખો." ભારતમાં માથું ત્યારે જ મૂંડાવવામાં આવે છે, જ્યારે પિતાજીનું મૃત્યુ થયું હોય. ક્ષણભર માટે પેલા અફીણીયાને ભાન આવ્યું અને મને પૂછયું, "કેમ ? શું થયું? તારા પિતાજી મૃત્યુ પામ્યા?"

મેં કહ્યું, ''એની ફિકર ન કરો. મેં કહ્યું એટલું જ કરો. તમારે એની સાથે કશી લેવાદેવા નથી. તમે મારું માથું સાવ મૂંડી નાંખો, બસ!''

આથી પેલા વાળંદે કહ્યું, ''ઠીક છે, મારે કશી લેવાદેવા નથી. તારા પિતાજી મૃત્યુ પામ્યા, તો પામ્યા.''

તેણે મારું માથું સાવ મૂંડી નાખ્યું. પછી હું ઘરે ગયો. દુકાનમાંથી હું પસાર થયો. મારા પિતાજીએ જોયું અને તેમના ગ્રાહકોએ પણ જોયું. તેઓ પૂછવા લાગ્યા, ''શું થયું? કોનો છોકરો છે આ? તેના પિતાજી મૃત્યુ પામ્યા છે?''

મારા પિતાજી કહે, ''એ મારો દીકરો છે અને હું હજી જીવતો છું! મને ખબર હતી કે એ કંઇક કરશે. તેણે મને સારો જવાબ આપ્યો.''

મેં કહ્યું, ''લોકો કોઇ પણ ઉંમરે મરતા હોય છે. તમે એમના વિશે ચિંતા કરો છો. પણ મારા વાળની તમને કંઇ પડી નથી.''

મારા પિતાજીએ મને કરેલી એ આખરી બાબત હતી, કારણ કે તેઓ જાણતા હતા કે મારો જવાબ ખતરનાક હશે. મેં તેમને કહેલું, ''આખી જફાની શરૂઆત તમે કરી. મારા વાળ લાંબા હતા, એમાં તમારે સંકોચ અનુભવવાની શી જરૂર હતી? તમે કહી શક્યા હોત કે એ મારી દીકરી છે. મને તેનો કંઇ જ વાંધો નહોતો. પણ તમે જે રીતે મારામાં દખલ કરી એ કરવા જેવી નહોતી. એ અત્યંત ક્રૂર અને હિંસક બાબત હતી. મને કંઇ પણ કહેવાને બદલે તમે મારા વાળ કાપવા મંડ્યા.''

કોઇ આગવું બની રહે એમ કોઇ ઇચ્છતું નથી. આ બધી યુક્તિઓ તમે એટલી ઉંડાણપૂર્વક શીખ્યા છો કે એ તમારી જ યુક્તિઓ લાગે. માટે શાંતિ રાખો. આવી બધી માન્યતાઓ ભૂલી જાવ. ઝાડ પરથી સૂકાં પત્તાં ખરે એમ તેને ખેરવી નાંખો. પ્લાસ્ટિકનાં ફૂલ અને પ્લાસ્ટિકનાં પાંદડાવાળા ઝાડ બનવાને બદલે એક પણ પાંદડા વિનાનું ઠૂંઠુ ઝાડ બની રહેવું બહેતર છે. પ્લાસ્ટિકના પાંદડાવાળું વૃક્ષ તો કદરૂપું લાગે છે.

અસલી ચહેરાનો મતલબ છે કે તમારા પર કોઇ જ નૈતિકતા, ધર્મ, સમાજ, માબાપ, શિક્ષકો, ધર્મગુરુઓ કે અન્ય કોઇનું વર્ચસ્વ કે પ્રભુત્વ નથી. તમારી આંતરસૂઝ મુજબ જીવન જીવવું. તમારામાં સંવેદનશીલતા છે. તમે તમારો અસલી ચહેરો મેળવી શકશો.



૫. જોખમપૂર્વક જીવવાનો આનંદ

હિંમતવાન લોકો કશી ગણતરી વિના આગળ ધપે છે. જોખમની તમામ તકો તેઓ સામે ચાલીને શોધે છે. તેમના જીવનની ફિલસૂફી વિમાકંપનીઓ જેવી નથી હોતી, એ તો હોય છે એક પર્વતારોહકની ફિલસૂફી જેવી, વિમાનચાલકની કે દરીયાખેડૂની ફિલસૂફી જેવી. તેઓ કેવળ બહાર આવેલો સમુદ્ર ખેડે છે એવું નથી, તેઓ તેમના અંતરનો પણ તાગ મેળવે છે. હિમાલય કે આલ્પ્સ જેવા પૃથ્વી પરના પર્વતો સર કરવા ઉપરાંત તેઓ આંતરિક ચઢાણ પણ સર કરે છે.

જોખમપૂર્વક જીવવું એટલે જ જીવવું , જીવી જવું. તમે જોખમપૂર્વક ન જીવો, તો તેને જીવ્યા ન કહેવાય. જીવન તો જોખમોમાં જ ખીલે છે, નહીં કે સલામતી કે સુરક્ષામાં. તે અસલામતીમાં જ ખીલી ઉઠે છે.

તમે સલામત બનતા જશો એમ સ્થિર ખાબોચિયા જેવા બની જશો. એમ થાય તો તમારી ઉર્જા પણ સ્થાયી થઇ જાય છે. તમે ડરવા માંડો છો. કારણકે અજાણ્યા તરફ, અપરિચીત તરફ શી રીતે જવું તેની કોઇને ખબર નથી હોતી. જોખમ શા માટે લેવું ? પરિચીત બાબત સલામત હોય છે. એ રીતે તમને પરિચીતતાનું વળગણ થવા માંડે છે. તમે તેનાથી ત્રાસી જાવ, કંટાળી જાવ અને દુઃખી દુઃખી થઇ જાવ છતાં તમે તેમાં જ સુવિધા અનુભવો છો. કેમ કે તે પરિચીત છે. અપરિચીત બાબત તમારામાં ધ્રુજારી ઉત્પન્ન કરાવે છે. અપરિચીત બાબતના વિચાર માત્રથી તમે અસલામતી મહેસૂસ કરવા માંડો છે.

વિશ્વમાં કેવળ બે જ પ્રકારના લોકો હોય છે. એક તો સુવિધાયુકત જીવન જીવવા ઇચ્છતા લોકો. તેઓ મૃત્યુ ઝંખે છે પણ તેમને કબર પણ સુવિધાયુકત જોઇએ છે. બીજા એવા લોકો છે, જેઓ ખરેખર જીવવા ઇચ્છે છે, તેઓ જોખમપૂર્વક જીવવાનું પસંદ કરે છે, કારણ કે જોખમ હોય ત્યારે જ તેમનું જીવન સમૃદ્ધ થતું લાગે છે.

તમે કદી પર્વતારોહણ કર્યું છે ? ચડાણ જેમ ઉંચું એમ તમે વધુ તાજગી અનુભવશો, યુવાની અનુભવશો. પડવાનો ભય જેટલો વધુ, ખીણ જેટલી વધુ ઉંડી એટલું વધુ જીવંતપણું અનુભવાશે. જીવન અને મરણ વચ્ચે તમે ઝોલાં ખાઇ રહ્યાં હશો ત્યારે આવી પરિસ્થિતિમાં વધુ જીવંતતા અનુભવશો. આમ થયા પછી કોઇ પ્રકારનો કંટાળો નહીં રહે. ભૂતકાળની કોઇ રજોટી બાઝેલી નહીં રહે કે ભવિષ્યની કોઇ આકાંક્ષા નહીં રહે. વર્તમાન ક્ષણ જ્યોત જેટલી તીવ્ર બની રહેશે. આટલું પૂરતું છે, તમે અહીં અને અત્યારે - વર્તમાનમાં - રહો છો, એ પૂરતું છે.

ચાહે એ ગ્લાઇડીંગ હોય, સ્કીઇંગ હોય કે સર્ફીંગ હોય, જીવનું જોખમ જેટલું વધુ એટલો આનંદ પણ વધુ. કેમ કે જીવનું જોખમ તમને જીવંત બનાવી દે છે. આથી જ લોકો ખતરનાક રમતો પ્રત્યે આકર્ષાય છે.

લોકો પર્વતારોહણ કરતા રહે છે. એડમન્ડ હિલેરીને કોઇકે પુછયું, "તમે શા માટે એવરેસ્ટ ચડવાનો પ્રયાસ કર્યો ?" હિલેરીએ કહેલું "કેમ કે એ ત્યાં છે એટલું પૂરતું છે. તે સતત એક પડકારરૂપ છે. એ કામ જોખમી હતું." ઘણા બધા લોકો મોતને ભેટયા હતા. સાઠ, સિત્તેર વરસો સુધી અનેક જૂથો ત્યાં જતા હતા. ત્યાં જવામાં મોત નિશ્ચિત હતું. છતાં લોકો ત્યાં જઇ રહ્યા હતા. એવું તે શું આકર્ષણ હતું એમાં ?

વધુ ને વધુ ઉંચે જવાથી, આગળ ને આગળ જવાથી, સ્થાયી અને સ્થિર જીવનથી છેટા જવાથી, ફરી એક વાર તમે સાહસિક અને ઉદ્દામ બની જાવ છો અને એ રીતે પ્રાણીજગતના હિસ્સારૂપ બની જાવ છો. ફરી એક વાર તમે સિંહ, વાઘ કે વહેતી નદી જેવા બની જાવ છો. આકાશમાં ઉડી રહેલા પંખીની જેમ તમે વધુ ને વધુ ઉંચે ઉડયે જાવ છો. એ દરેક ક્ષણ દરમ્યાન તમારું બેન્ક બેલેન્સ, પત્ની, પતિ, કુટુંબ, સમાજ, ચર્ચ, માન સન્માન વિ, બધું જ દૂર ને દૂર ધકેલાતું જાય છે. તમે એકાકી બની જાવ છો.

આ કારણથી જ લોકો રમતમાં વધુ ને વધુ જોડાતા જાય છે. પણ એમાંય ખાસ જોખમ નથી, કેમ કે તમે એક વાર તેની તાલિમ લઇને શીખી લો અને કૌશલ્ય મેળવી લો ત્યાર પછી તેમાં કેવળ ગણતરીપૂર્વકનું જોખમ જ બાકી રહે છે. પર્વતારોહણની તમને તાલિમ આપવામાં આવે તો તમે તમામ પ્રકારની સાવચેતી અગાઉથી રાખી શકો છો. અતિશય ઝડપથી હંકારવા બાબતે પણ એવું જ છે. તમે કલાકના સો માઇલની ઝડપે જઇ શકો છો. એ અત્યંત જોખમી અને રોમાંચક હોય છે, પણ એમાં તમે કૌશલ્ય પ્રાપ્ત કરી લો તો પછી તમારા માટે નહીં, પણ અન્યો માટે એ જોખમરૂપ બની રહે છે. તેમાં જોખમ હોય તો પણ તદ્દન નગણ્ય પ્રકારનું હોય છે. આ જોખમ કેવળ શારિરીક પ્રકારનું હોય છે.

હું તમને જોખમપૂર્વક જીવવાનું કહું ત્યારે તેમાં કેવળ શારિરીક જોખમનો સમાવેશ નથી થતો, પણ માનસિક તેમજ આધ્યાત્મિક જોખમની વાત પણ તેમાં આવી જાય છે. ધાર્મિકપણું એ આધ્યાત્મિક જોખમ છે. તે એટલી ઉંચાઇએ પહોંચી જાય છે કે જ્યાંથી પાછા વળવું મુશ્કેલ હોય. બુધ્ધે પ્રયોજેલો શબ્દ " અનાગમન " એ જ સૂચવે છે – કદી પરત નથી ફરતું તે. તે એ ઉંચાઇએ પહોંચે છે, જ્યાંથી પાછા વળવું શકય ન હોય. વ્યકિત તદ્દન ખોવાઇ જાય છે. તે કદી પાછી આવતી નથી.

જોખમપૂર્વક જીવવાનું હું કહું એનો મતલબ સામાન્ય રીતે સન્માનજનક હોય એવું જીવન જીવવાનો હરગીજ નથી. મતલબ કે તમે શહેરના મેયર હો કે પાલિકાના સભ્ય હો તો એ કંઇ જીવન નથી. તમે પ્રધાન હો, યા તમે કોઇ સારા વ્યવસાયમાં હો, સારું કમાતા હો અને તમારું બેન્ક બેલેન્સ કૂદકે ને ભૂસકે વધતું હોય, બધું બરાબર જઇ રહ્યું હોય એટલું પૂરતું નથી. બધું બરાબર જઇ રહ્યું હોય ત્યારે એટલું જ જુઓ કે તમે મૃતઃપ્રાય થઇ રહ્યા છો અને કંઇ જ થઇ રહ્યું નથી. લોકો કદાચ તમને ખૂબ માનપાન આપશે. તમારા મૃત્યુ પછી લાંબું જૂલુસ પણ નીકળશે. બસ, પૂરતું થઇ ગયું આટલું. અખબારોમાં તમારી તસવીરો પ્રસિધ્ધ થશે, તમારા વિશે તંત્રીલેખો લખાશે અને ત્યાર બાદ લોકો ભૂલી જશે તમને. તમે તમારું આખું જીવન કેવળ આટલા માટે જીવ્યા હતા ?

જરા જુઓ. તમારું જીવન સાવ તુચ્છ, ક્ષુલ્લક બાબતો ખાતર વેડફાઇ જતું હોય છે. આધ્યાત્મિક બનવાનો મતલબ છે કે આવી તુચ્છ બાબતોને વધુ પડતું મહત્વ ન આપવાની સમજણ હોવી . હું એમ નથી કહેતો કે તે સાવ અર્થહીન હોય છે. તે અર્થપૂર્ણ અવશ્ય હોય છે. પણ તમે ધારો છો એ હદે નહીં.

નાણાંની જરૂર પડે જ છે. એ જરૂરત છે. પણ કેવળ નાણાં જ ધ્યેય નથી કે હોઇ ન શકે. મકાનની જરૂર પણ અવશ્ય પડતી હોય છે. તે પણ જરૂરત છે. હું કઇ ત્યાગી નથી. તમારાં મકાનોને નષ્ટ કરીને તમને હિમાલયમાં ભગાડવા હું નથી માંગતો. મકાનની જરૂર અવશ્ય છે, પણ તે કેવળ તમારા માટે છે. આ વાત બરાબર સમજો.

લોકોને હું જોઉં છું તો લાગે છે કે બધું અવળસવળ થઇ ગયું છે. તેઓ એ રીતે જીવતા હોય છે કે જાણે મકાનને તેમની જરૂર હોય. તેઓ મકાન બાબતે કંઇ ને કંઇ કર્યા જ કરતા હોય છે અને અંતે મૃત્યુ પામે છે. ધબકતી, વહેતી જીંદગીની એક ક્ષણ સુધ્ધાં તેઓ કદી અનુભવતા નથી. તેઓ કેદ હોય છે કેવળ સલામતીમાં, પરિચીતતામાં, માન – સન્માનમાં.

આમાં તમને કંટાળો આવે તો એ સ્વાભાવિક છે. લોકો મારી પાસે આવીને કહે છે કે તેમને કંટાળો આવે છે. શું કરવું એ તેમને સમજાતું નથી. તેઓ એમ માનતા હોય છે કે કેવળ કોઇ

મંત્રનું રટણ કરીને તેઓ ફરીથી જીવંત બની શકશે. પણ એ કંઇ એટલું સહેલું નથી. તેમણે પોતાના જીવનની સમગ્ર રીત બદલવી પડશે.

પ્રેમ અવશ્ય કરો, પણ એવું ન માનશો કે આવતી કાલે તમને સ્ત્રી મળી રહેશે. અપેક્ષા જરાય ન રાખશો. સ્ત્રીને સાવ પત્નીની કક્ષાએ ઉતારી ન મુકશો. એમ થશે તો તમે જોખમપૂર્વક જીવી રહ્યા છો. પુરુષને કેવળ પતિની કક્ષાએ ન લાવી મૂકશો, કેમ કે પતિ હોવું એ તદ્દન કુરૂપ બાબત છે. તમારો પુરુષ તમારો પુરુષ બની રહે અને તમારી સ્ત્રી એ તમારી સ્ત્રી બની રહે એવું કરો. આવતીકાલને સુનિશ્ચિત, અનુમાન કરી શકાય એવી ન રાખશો. કશાની ધારણા ન બાંધી રાખશો અને છતાં ગમે તે બાબત માટે તૈયાર રહો. હું જોખમપૂર્વક જીવવાનું કહું છું તેનો મતલબ આ છે.

આપણે શું કરીએ છીએ ? એક સ્ત્રી સાથે આપણે પ્રેમમાં પડીએ છીએ અને આપણે ઉપડીએ છીએ એની સાથે લગ્ન કરવા માટે. હું એમ નથી કહેતો કે લગ્ન ન કરવા. એ ઔપચારિકતા છે. ઠીક છે. સમાજના સંતોષ ખાતર એ કરો, પણ મનમાં ઉંડે ઉંડેય એ સ્ત્રી માટે માલિકીભાવ ન રાખો. ક્ષણભર માટેય એમ ન કહેશો કે, "તું મારી છે." કેમ કે શી રીતે કોઇ વ્યક્તિ તમારી થઇ શકે? અને તમે એ સ્ત્રી પર માલિકીભાવ આચરશો, એટલે તે પણ તમારા પર માલિકીભાવ કરશે. ત્યાર પછી તમે બંને પ્રેમમાં રહેશો નહી. તમે એક બીજાને કચડતા રહેશો તેમજ પક્ષાઘાતગ્રસ્ત રહેશો.

પ્રેમ અવશ્ય કરો. પણ તમારા પ્રેમને લગ્નની કક્ષાએ નીચો ન લઇ જશો. કામ અવશ્ય કરો, એ જરૂરી છે, પણ કેવળ કામને જ તમારું જીવન ન બનાવો. તમારા જીવનનું કેન્દ્ર તો રમત જ હોવું જોઇએ. કામ પણ અંતે તો રમતલક્ષી જ હોવું જોઇએ. ઑફીસમાં, કારખાનામાં કે દુકાનમાં કામ કરો. પણ એ રમત માટેની તક મેળવવા માટે કરો. તમારા જીવનને સાવ સાધારણ પ્રકારના કામની દિનચર્યામાં ઢાળી ન દો. કેમ કે જીવનનું ધ્યેય રમત છે.

રમત એટલે પોતાની જાત માટે કંઇક કરવું તે. તમે ઘણી બધી ચીજોનો તેમના માટે જ આનંદ માણશો તો વધુ જીવંત બની શકશો. અલબત, તમારું જીવન સદાય જોખમમાં, ખતરામાં રહેશે, પણ જીવન તો એવું જ હોય. જોખમ તો તેના ભાગરૂપ હોય છે. ખરેખર તો જીવનનો બહેતર અથવા તો શ્રેષ્ઠ ભાગ જ આ જોખમ છે. જીવન તો પ્રત્યેક ક્ષણે જોખમ હોય છે. તમે કદાચ તેનાથી સભાન ન હો, એમ બને. તમે શ્વાસ લો અને ઉચ્છ્વાસ છોડો એમાં પણ જોખમ છે. ઉચ્છ્વાસ છોડતી વખતે પણ કોને ખબર હોય છે કે છોડેલો શ્વાસ પાછો આવશે કે નહીં ? તેની કોઇ ખાતરી હોતી નથી.

અમુક લોકોનો ધર્મ જ સુરક્ષા અને સલામતી હોય છે. તેઓ ઇશ્વર અંગે વાત કરે તો પણ એક સર્વસત્તાધીશ તરીકે તેનો ઉલ્લેખ કરે છે. ઇશ્વર વિશે તેઓ વાત કરે તો પણ એટલા માટે કે તેઓ ડરતા હોય છે. તેઓ પ્રાર્થના કે ધ્યાન કરે તો પણ ઇશ્વરની " ગુડ બુક " માં રહેવા માટે. તેઓ

વિચારે છે : “ઇશ્વર જો હશે તો તે જાણશે કે હું તેનો નિયમીત ભક્ત છું. હું એ બાબતનો પુરાવો આપી શકું એમ છું.” તેમની પ્રાર્થના પણ એક સાધન માત્ર હોય છે.

જોખમપૂર્વક જીવવાનો અર્થ છે જીંદગીને એ રીતે જીવી લેવી કે જાણે પ્રત્યેક ક્ષણ તેની અંતિમ ક્ષણ હોય. પ્રત્યેક ક્ષણનું એક આગવું મહત્વ હોય છે. તમે ડરતા નથી. તમે જાણો છો કે મૃત્યુ નિશ્ચિત છે. આ હકીકત તમે સ્વીકારો છો. મૃત્યુથી તમે કંઇ લપાતાછૂપાતા નથી. ખરેખર તો તમે સામે ચાલીને તેને ભેટવા જાવ છો. મૃત્યુ સાથેની મુલાકાતની એ ક્ષણોને તમે શારિરિક, માનસિક તેમજ આધ્યાત્મિક રીતે માણો છો.

જોખમપૂર્વક જીવવું એનો મારી દૃષ્ટીએ એ જ અર્થ થાય કે મૃત્યુ સાથેના સંપર્કની ક્ષણોને તમે માણો. મૃત્યુ જ્યારે વાસ્તવિકતા બની ચૂક્યું હોય ત્યારે આમ કરો.

હિંમતવાન લોકો સામે ચાલીને જોખમ વહોરતા હોય છે. તેઓ જોખમની તકો શોધતા રહેતા હોય છે. તેમના જીવનની ફિલસૂફી કંઇ વિમાકંપનીઓની ફિલસૂફી જેવી નથી હોતી. તેમના જીવનની ફિલસૂફી હોય છે એક પર્વતારોહક યા વિમાનચાલક કે દરિયાખેડૂ ની ફિલસૂફી જેવી. તેઓ ફક્ત બહારનો સમુદ્ર ખેડે છે એવું નથી, તેઓ અંતરનો પણ તાગ મેળવે છે. હિમાલય કે આલ્પ્સ જેવા પૃથ્વી પરના પર્વતો સર કરવા ઉપરાંત તેઓ આંતરિક ચઢાણ પણ સર કરે છે.

પણ એક વાત યાદ રાખો . કદીય જોખમ લેવાની કળાને વીસરશો નહીં. સદાય જોખમ લેવા માટે સક્ષમ બની રહો. જોખમ લેવાની તમને જ્યાં પણ તક મળે તમે તે ચૂકશો નહીં. એમ કરવાથી તમે કશું ગુમાવશો નહીં. સાચા અર્થમાં જીવંત રહેવાની એક માત્ર ખાતરી હોવી એટલે જ જોખમ.

તમે ગમે તે કરો, પણ જીવન રહસ્ય જ છે.

અમુક બાબતો સમજાવી શકવાથી પર હોય છે. આ હકીકત સ્વીકારવામાં મનને ઘણી મુશ્કેલી પડે છે. પ્રત્યેક બાબત સમજાવી જોઇએ એવો એક આગ્રહ મનને, દિમાગને હોય છે. તે સમજાવી શકાય એવી ન હોય તો, છેવટે કંઇ પણ બહાનું યા ખુલાસો આગળ ધરી દેવો. કોઇ પણ બાબત વણઉકેલી, કોયડા સ્વરૂપે રહેશે તો તે દિમાગને પરેશાન કર્યા કરશે.

ફિલસૂફી, ધર્મ, વિજ્ઞાન, ગણિત-વગેરે તમામના ઇતિહાસના મૂળમાં આ જ ખ્યાલ, આ જ ખુજલી કે સળવળાટ રહેલો છે. તમે તમારી જાતને અમુક રીતે ખંજવાળો કે અન્ય કોઇ તેને બીજી રીતે ખંજવાળે પણ આ ખુજલી કે સળવળાટ શેનો છે તે સમજવું રહ્યું. આપણું અસ્તિત્વ કંઇ ગૂઢ કે રહસ્યમય નથી એવી માન્યતા હોવાનો એ સળવળાટ છે. આપણા અસ્તિત્વ આડેથી ગૂઢતાનું આવરણ હટે તો જ મનને ચેન પડી શકે.

ઇશ્વર, પવિત્ર શેતાન વગેરેનું સર્જન કરીને ધર્મે આ જ કામ કર્યું છે. વિવિધ ધર્મોએ વિવિધ ચીજોનું સર્જન કર્યું છે. જેને ઢાંકી ન શકાય એવા ગાબડાને ઢાંકવાના તેમના આ માર્ગ છે. વાસ્તવમાં તેને ઢાંકવાનો પ્રયત્ન જેટલો વધુ કરતા જશો, તેટલું વધુ ને વધુ તે પોતાની હાજરી જાહેર કરશે. તેને આચ્છાદિત કરવાના તમારા પ્રયત્નો એ જ દર્શાવે છે કે કોઇક એ ગાબડું જોઇ જશે એનો તમને ડર છે.

મનની વિવિધ શાખાઓનો સમગ્ર ઇતિહાસ આ ગાબડાને ઢાંકવા માટે થીંગડા મારવાનું કામ કરતો આવ્યો છે. ગણિતમાં આ વિશેષ રીતે જોવા મળે છે, કેમ કે ગણિત દિમાગની જ રમત છે. ઇશ્વર એ વાસ્તવિકતા છે એમ માનતા ધર્મોપદેશકોની જેમ જ તેનું અસ્તિત્વ નથી એમ માનતા ગણિતજ્ઞો પણ છે. ઇશ્વર એક ખયાલ, વિચાર, કલ્પના માત્ર છે. ઘોડાઓ વિચારી શકતા હોત તો તેમનો ઇશ્વર ઘોડા સ્વરૂપે હોત. ઘોડાઓનો ઇશ્વર મનુષ્ય સ્વરૂપે કદાપિ ન હોત એ નિશ્ચિત છે, કેમ કે મનુષ્યે ઘોડાઓ પર એટલી ક્રુરતા આચરી છે કે મનુષ્યને તે ઇશ્વર તરીકે નહીં, પણ શેતાન તરીકે જ જુએ. મનુષ્યની વિવિધ જાતિઓને પોતાના આગવા ઇશ્વર છે, એમ પ્રત્યેક પ્રાણીઓના પણ અલાયદા ઇશ્વર હોત.

જીવન રહસ્યમય છે અને જ્યાં વાસ્તવિકતા કામ ન આવે ત્યાં પૂરક તરીકે વિચારો મૂકવામાં આવે છે. વિચારો થકી આ ખાલી જગા પૂરાય છે અને તમને કમ સે કમ એટલો સંતોષ થાય છે કે જીવનને સમજી શકાયું.

"સમજવું" માટે અંગ્રેજીમાં "અન્ડરસ્ટેન્ડ" શબ્દ છે. તેનો અર્થ કદી વિચાર્યો છે ? તેનો મતલબ છે "સ્ટેન્ડીંગ અન્ડર યુ" અર્થાત "તમારી નીચે રહેલું." કેવું વિચિત્ર કહેવાય કે આ શબ્દનો અર્થ તેના મૂળ અર્થ કરતાં કાળક્રમે સાવ બદલાઇ ગયો છે. "અન્ડરસ્ટેન્ડ" નો સાચો અર્થ છે - એવી કોઇ પણ બાબત જેને તમે તમારી હકૂમતમાં, તમારા પગ તળે, તમારી સત્તા તળે લાવી શકો, તમે તેના અધિપતિ હો.

જીવનને પણ લોકો આમ જ સમજે છે કે પોતાની એડી તળે જીવનને મૂકીને ઘોષિત કરી શકાય કે, અમે જ છીએ માસ્ટર. અમે ન સમજી શકીએ એવું કંઇ હવે બચ્યું જ નથી.

પણ આમ થવું સંભવ નથી. તમે ગમે તે કરો, પણ જીવન એક રહસ્ય છે અને રહસ્ય રહેવાનું જ.

પ્રત્યેક જગાએ, પ્રત્યેક વસ્તુની પેલે પાર કંઇક હોય છે. આપણે સૌ આ 'પેલે પાર' ની વસ્તુથી ઘેરાયેલા છીએ. એ 'પેલે પાર' એટલે ઇશ્વર, તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જ રહ્યું. તે અંદર જ છે, તે તેના વિના પણ છે. તે સદાય માટે ત્યાં છે. સાધારણપણે આપણાથી થાય છે એમ, આપણે તેને વીસરી જઇએ છીએ. કારણ કે આપણી પહોંચની પેલે પાર જોવું ખૂબ અસુવિધાજનક, પ્રતિકૂળ હોય છે. અગાધ ખીણમાં જોતાંની સાથે જ કોઇ ધ્રૂજવા માંડે,

બિમાર અનુભવવા માંડે એના જેવી વાત છે. ખીણ હોવાની સજાગતા કે સભાનતા આવતાની સાથે જ તમે ધ્રૂજવા લાગો છો. ખીણ તરફ કોઇ નજર નાંખતું નથી. આપણે અન્યત્ર ડાફોળીયાં મારીએ છીએ. વાસ્તવને આપણે અવગણીએ છીએ. વાસ્તવ ખીણ જેવું છે, કેમકે વાસ્તવમાં જબરદસ્ત ખાલીપો છે. તે અસીમ આકાશ છે. બુધ્ધ કહે છે: 'દૂરંગમ' અર્થાત પેલે પારને પ્રાપ્ત કરો. કદી સીમાઓમાં બંધાયેલા ન રહો. સીમાઓને હંમેશા ઓળંગતા રહો. તમારે જરૂર હોય તો સીમા બનાવો. પણ એટલું યાદ રાખો કે તમારે તેની બહાર નીકળવાનું છે. કદી કેદ ન રચો.

આપણે કેટલાય પ્રકારની કેદ રચીએ છીએ: સંબંધો, માન્યતા, ધર્મ... આ સઘળી કેદ છે. તેમાં લોકો સુખ અનુભવે છે, કારણ કે કેદમાં તોફાની પવન વાતો નથી હોતો. તેમાં રક્ષણની અનુભૂતિ થાય છે. અલબત્ત તે સુરક્ષા આભાસી હોય છે. કારણ કે મૃત્યુ આવીને તમને પેલે પાર ઢસડી જશે. માટે મૃત્યુ ત્રાટકીને તમને પેલે પાર ઢસડી જાય એ અગાઉ તમે પોતે જ પોતાની મેળે ત્યાં પહોંચી જાવ.

એક કથા જુઓ :

એક ઝેન સાધુ મરણશૈયા પર હતો. તેની ઉંમર નેવું વર્ષની હતી. અચાનક તેણે પોતાની આંખો ખોલી અને પૂછયું, ''મારા જોડા કયાં છે?''

તેમના શિષ્યે પૂછયું, ''તમારે કયાં જવું છે? તમે પાગલ થયા છો? તમે મરવા પડયા છો.. હજી થોડી વાર અગાઉ તો ડૉકટરે કહયું કે તમારા બચવાની કોઇ સંભાવના નથી.

સાધુ કહે, ''તેથીસ્તો હું મારાં પગરખાં માંગું છું. હું કબ્રસ્તાને જવા માગું છું. મારે ત્યાં ઢસડાઇને નથી જવું. હું મારી મેળે ચાલીને ત્યાં જઇશ અને મૃત્યુને ત્યાં જ ભેટીશ. તને તો ખબર છે કે હું કદી પરાધીન રહ્યો નથી. ચાર જણા ઉંચકીને મને લઇ જાય એ કેવું ખરાબ લાગે? ના, કદાપિ નહીં.''

એ સાધુ ચાલતા કબ્રસ્તાન ગયા. એટલું જ નહીં, તેમણે પોતે પોતાની કબર ખોદી, તેમાં સૂતા અને મૃત્યુ પામ્યા. અજાણ્યાને આવકારવાની, પોતાની મેળે કબ્રસ્તાને જવાની અને પરમને સત્કારવાની કેવી ગજબની હિંમત! આમ થાય તો મૃત્યુનું રૂપાંતર થઇ જાય છે અને તે મૃત્યુ રહેતું નથી.

આવા હિંમતવાન માણસો કદી મરતા નથી. મૃત્યુને તેઓ પરાજિત કરે છે. આવા હિંમતવાન લોકો મૃત્યુની પહોંચની બહાર નીકળી જાય છે. પોતાની મેળે જે પરમ પાસે જાય તેના માટે કદી તે મૃત્યુ જેવું હોતું જ નથી. એ પરમ તેના માટે આવકારરૂપ બની જાય છે. પરમને તમે

આવકારશો, તો તે પણ તમને આવકારશે. તમને તે સદાય પ્રતિસાદ આપશે.

જીવન સદાય અનિશ્ચિત હોય છે.

અહમ્ તમને દીવાલની જેમ ચોફેરથી ઘેરી લે છે. તમને તે પટાવી લે છે કે આ રીતે તમને ઘેરી લેવાથી તમારું તે રક્ષણ કરશે. અહમ્ દ્વારા થતી આ ફોસલામણી છે. તમને તે વારંવાર કહ્યા કરે છે "હું નહીં હોઉ તો તું અરક્ષિત થઇ જઇશ, તારા પર જોખમ વધી જશે અને કોઇ પણ તારા પર હુમલો કરી શકશે. માટે મને તારું રક્ષણ કરવા દે. તને ઘેરી લેવા દે."

અલબત ,અહમ્‌ને કારણે અમુક પ્રકારનું રક્ષણ મળે છે ખરું, પણ એ જ દિવાલ કેદ પણ બની જાય છે. તેમાં ચોક્કસ પ્રકારનું રક્ષણ મળી રહે છે. નહીંતર અહમ્‌ના કારણે પેદા થતી મુશ્કેલીઓ કોઇ સહન કરતું ન હોત. અહમ્ તમને દુશ્મનો સામે રક્ષણ આપે છે, તેમ મિત્રોથી પણ બચાવે છે.

બારણું બંધ કરીને તમે દુશ્મનથી બચવા સંતાઇ રહો – એના જેવી આ વાત છે. બારણું બંધ થયા પછી કોઇ મિત્ર આવે તો પણ એ પ્રવેશી શકતો નથી. તમે દુશ્મનથી વધુ પડતા બીતા હો, પણ મિત્ર પ્રવેશી નહીં શકે એ નિશ્ચિત છે. તમે મિત્રને માટે બારણું ખોલશો, તો દુશ્મનનું અંદર પ્રવેશી જવાનું જોખમ પણ વધી જશે.

આ બાબતે ગહનતાથી વિચારવું રહ્યું. કેમ કે જીવનની આ મોટામાં મોટી સમસ્યામાંની એક છે. બહુ ઓછા હિંમતવાન લોકો તેની સાથે સરખી રીતે કામ પાર પાડે છે. બાકીના કાયર બનીને સંતાઇ રહે છે. અને પોતાના જીવનને વેડફી નાંખે છે.

જીવન જોખમી છે. પણ મૃત્યુમાં કશું જોખમ નથી. મૃત્યુ પામ્યા પછી તમારા માટે કશી સમસ્યા જ નથી. તમને કોઇ મારી નાંખવાનું નથી, કારણ કે મૃત વ્યક્તિને કોઇ શી રીતે મારી શકે? કબરમાં પ્રવેશો અને અંત આણી દો. ત્યાર પછી નહીં રહે કોઇ બિમારી, નહીં રહે કોઇ ફિકર કે નહીં રહે કોઇ સમસ્યા. તમે તમામ સમસ્યાઓથી મુકત થઇ જશો.

તમે જીવતા હશો તો લાખો સમસ્યાઓ છે. માણસ જેટલો વધુ જીવંત એટલી તેની સમસ્યાઓ પણ વધુ. જો કે, આમ હોવામાં કશું ખોટું નથી, કારણ કે સમસ્યાઓ સાથે સંઘર્ષ કરીને, પડકારોનો મુકાબલો કરીને જ તમારો વિકાસ થાય છે.

અહમ્ એ તમારી આસપાસ રહેલી સૂક્ષ્મ દિવાલ છે.તમારી અંદર તે કોઇને પ્રવેશવા દેતો નથી. તમે તેને લઇને સુરક્ષિતપણું મહેસૂસ કરો છો, પણ આ સુરક્ષા મૃત્યુસમાન છે. બીજની અંદર રહેલા છોડની સુરક્ષા જેવી તે હોય છે. અંકુરણ પામતાં અગાઉ છોડને ડર હોય છે. કોને ખબર દુનિયા અત્યંત જોખમી અને ભયાનક હોય. જ્યારે છોડ અત્યંત ૠજુ હોય છે. બીજના આવરણની પછવાડે બધું સુરક્ષિત હોય છે.

માના ગર્ભમાં રહેલા બાળકનું પણ આવું જ હોય છે. એની અંદર તમામ ચીજો હોય છે. અને બાળકની બધી જરૂરિયાતો તેમાં તરત જ સંતોષાઇ જાય છે. તેમાં કોઇ પણ બાબતની ફિકર નથી હોતી કે નથી હોતો સંઘર્ષ, એમ ભવિષ્ય પણ નથી હોતું. બાળક સુખેથી અંદર રહે છે. તેની તમામ જરૂરિયાતો મા દ્વારા સંતોષાય છે.

પણ તમને સદાયને માટે માના ગર્ભમાં રહેવું ગમશે ખરું? તે અત્યંત રક્ષિત હોય છે. તમને પસંદગી કરવાનું કહેવામાં આવે તો તમે કાયમ માટે માના ગર્ભમાં રહેવું પસંદ કરો ખરા ? તે અત્યંત સુવિધાદાયી હોય છે. તેનાથી વધુ સુવિધાદાયી શું હોઇ શકે ? વિજ્ઞાનીઓ કહે છે કે માના ગર્ભથી વધુ સુવિધાદાયી હોય એવી પરિસ્થિતિનું નિર્માણ તેઓ હજી સુધી બહાર કરી શકયા નથી. સુવિધાની દષ્ટિએ માનો ગર્ભ એટલે બસ, આખરી ચીજ. તેમાં કશી ફિકર નથી, કોઇ સમસ્યા નથી કે કામ કરવાની આવશ્યકતા નથી. બસ, તેમાં હોય છે ફકત ને ફકત અસ્તિત્વ. બધું જ તેમાં આપોઆપ મળી રહે છે. જરૂર પડે કે વસ્તુ આવી જ ગઇ સમજો. અરે, શ્વાસ સુધ્ધાં લેવાની જરૂર નથી. માતા જ બાળક વતી શ્વાસ લે છે. ખોરાક લેવાની પણ ચિંતા નહીં કેમ કે માતા જ બાળક વતી ખોરાક લે છે.

આ બધું હોવા છતાં માના ગર્ભમાં જ રહેવાનું તમે પસંદ કરશો ? તે સુવિધાદાયક અવશ્ય છે, પણ તેમાં જીવન નથી. જીવન તો સદાય અનિશ્ચિતતામાં જ હોય છે. જીવન તો ગર્ભની બહાર હોય છે.

અંગ્રેજી શબ્દ " એક્સટસિ" (હર્ષોન્માદ) બહુ સૂચક શબ્દ છે. તેનો ખરો અર્થ છે આગ્રહપૂર્વક પ્રતિકાર અથવા મદદ કરવી. તમામ આવરણો, કવચો, અહમ, સુવિધાઓ તેમજ મૃત્યુસમાન દિવાલોથી બહાર આવી જવું એટલે "એક્સ્ટેટિક"(તન્મય) બનવું એટલે મુકત બનવું, વિહરતા બનવું, પ્રક્રિયા બનવું, એ હદે ભેદ્ય બનવું કે હવા આવીને તમારામાંથી પસાર થઇ શકે.

ઘણીવાર આપણે કહેતા હોઇએ છીએ કે - એ અનુભવ અત્યંત "આઉટસ્ટેન્ડીંગ" (ઉત્કૃષ્ટ) રહ્યો. **"એક્સટસિ" નો સાચો અર્થ** આ જ છે - "આઉટસ્ટેન્ડીંગ" (બહાર નીકળી આવવું.)

બીજનું કવચ તૂટે છે અને તેની અંદર રહેલો પ્રકાશ પ્રગટ થાય છે, બાળક જન્મે છે અને ગર્ભને તે ત્યજી દે છે. તમામ સુવિધા અને અનૂકુળતાઓને તે મૂકી દે છે. અને અજાણ્યા વિશ્વમાં પ્રવેશ કરે છે. આ જ છે "એક્સટસિ". ઇંડામાંથી નીકળેલું બચ્ચું આકાશ તરફ પ્રયાણ કરે તો તેને કહેવાય છે "એક્સટસિ."

અહમ્ ઇંડા જેવો હોય છે. તમારે તેની બહાર આવવું પડશે. "એક્સ્ટેટિક" (ઉન્માદયુકત) બનો! તમામ સુરક્ષા, કવચ અને રક્ષણોમાંથી બહાર આવી જાવ. ત્યાર પછી જ તમે આ બહોળા, અનંત વિશ્વને પામી શકશો. ત્યાર પછી જ તમે જીવી શકશો. ભરપૂર જીવી શકશો.

પણ ડર તમને પંગુ બનાવી દે છે. ગર્ભમાંથી બહાર આવતા અગાઉ બાળક પણ ખચકાટ અનુભવતું હશે કે બહાર નીકળવું કે નહીં. ટુ બી ઓર નોટ ટુ બી ? તે એક ડગલું આગળ અને એક ડગલું પાછળ ભરતું હશે. કદાચ તેને લઇને જ માતાના પેટમાં સખત દુઃખાવો થતો હશે. બાળક હજી ખચકાય છે. તે હજી ઉન્માદયુકત બનવા માટે સંપૂર્ણ તૈયાર નથી. ભૂતકાળ તેને પોતાની તરફ પાછું ખેંચે છે. જ્યારે ભવિષ્ય તેને બહાર બોલાવે છે. બાળક વિભાજીત થઇ જાય છે.

અનિર્ણાયકતાની આ દિવાલ છે. ભૂતકાળ સાથે, અહમ્ સાથે વળગી રહેવું. તમે દરેક સ્થળે તે લઇને ફરો છો. કોઇક દુર્લભ ક્ષણે તમે સજાગ અને સભાન હો ત્યારે તમે તેને જોઇ શકો છો. નહીંતર તો અત્યંત પારદર્શક હોવાં છતાં આ આવરણને તમે જોઇ નહીં શકો. કોઇ વ્યકિત પોતે બધી બાજુથી બંધ, બારી વિનાના કોચલામાં રહે છે. એ બાબત પ્રત્યે સભાન થયા વિના જીવનભર એ અવસ્થામાં રહી શકે છે. અને એક વાર નહીં, જન્મોજન્મ આમ થયા કરે છે. આ અવસ્થાને લીબનીત્ઝ "મોનેડ" (monad) કહે છે. જેમાં નથી હોતી બારી કે નથી હોતું બારણું. બસ, અંદરથી વાસેલું હોય છે, પણ તે પારદર્શક, કાચની દિવાલ હોય છે.

આ અહમને પડતો મૂકવો રહ્યો. હિંમત એકઠી કરીને તેને ભોંય પર પટકી દેવો રહ્યો. લોકો તેને લાખો રીતે પોષ્યા કરે છે. તેઓ જાણતા નથી કે આ રીતે તેઓ પોતાના નરકને પોષી રહ્યા છે.

શ્રીમતી કોક્રેન પોતાના મૃત પતિની શબપેટીની બાજુમાં ઉભાં હતાં. તેમનો દીકરો પણ ઉભેલો હતો. સૌ સ્વજનો એક પછી એક પસાર થતા હતા. અને આશ્વાસનના શબ્દો કહેતા હતા.

શ્રીમતી ક્રોયે કહ્યું, "હવે તો તેમને દર્દમાંથી મુક્તિ મળી ગઇ. તેઓ શેને કારણે મૃત્યુ પામ્યા?"

"બિચારા !" શ્રીમતી ક્રોક્રેને કહ્યું, "તેમને ગોનોરિયા થયેલો. "અન્ય એક સ્ત્રીએ લાશ તરફ જોઇને કહયું, "હવે તો તેઓ મુકત થઇ ગયા. એમના ચહેરા પર તદ્દન નિર્મળ હાસ્ય છે. તેમને શું થયેલું.?"

પેલી વિધવા સ્ત્રીએ કહ્યું, "એમને ગોનોરિયા થયેલો."

અચાનક તેમના પુત્રે માને બાજુ પર લઇ જઇને કહ્યું, "મા, પિતાજી વિશે અવી ભયાનક વાત ન કર. ખરેખર તેમનું મૃત્યુ ગોનોરિયાથી નહીં, પણ ડાયેરિયાથી થયેલું.

"હું જાણું છું, દીકરા !"માએ કહ્યું, "પણ આમ કહેવાથી આ બધાને લાગશે કે એ મરદની જેમ મર્યો. બાકી એ તો તદ્દન કાયર હતો."

અંત સમય સુધી લોકો આવી રમત રમ્યા કરતા હોય છે. અહમ્ તમને સાચા બનવા દેતો નથી, બલ્કે તમને તે ખોટા પડવા માટે દબાણ કરે છે. અહમ્ એટલે જૂઠાણું, પણ તે કોઇકે નક્કી કરવું પડે. તેને માટે જબરદસ્ત હિંમત જોઇએ કારણ કે તેમ કરવાથી અત્યાર સુધી તમે જેને પાળેલું પોષેલું તે સાવ ધ્વસ્ત થઇ જશે. કોઇક તો ત્યાં હશે જ, પણ એ વ્યક્તિ તમે નહીં હો, એટલું ચોક્કસ. તમારી અંદર એક તાજગીસભર, ભૂતકાળથી ખરડાયા વિનાનું અસ્તિત્વ ઉદ્દભવશે. ત્યાર પછી કોઇ દિવાલ નહીં રહે. તમે જ્યાં પણ હશો ત્યાંથી કોઇ પણ સીમા વિના અનંત સુધી જોઇ શકશો.

પોતાના પ્રિય બારમાં પ્રવેશેલા એક વૃધ્ધે જોયું તો કોઇ નવી બારમેઇડ (પરિચારિકા) આવેલી હતી. દર વખતે જોવા મળતી પરિચીત સુંદરીને સ્થાને કોઇક નવી યુવતી હતી. વૃદ્ધ મૂંઝાયો, પણ તેણે વિનયપૂર્વક કહ્યું કે તે તેણે જોયેલી સુંદરતમ સ્ત્રી હતી.

નવી બારમેઇડ જરા અભિમાની હતી. તેણે માથું ધુણાવીને જલદ પ્રત્યુત્તર આપતાં કહ્યું, ‘‘દિલગીર છું કે હું તમને વળતી શુભેચ્છા આપી શકી નથી.’’

‘‘ઓહ ડીયર’’ વૃધ્ધે શાંતિપૂર્વક કહ્યું, ‘‘વાંધો નહીં, પણ મારી જેમ તુંય જૂઠું બોલી શકતી હોત ને?’’

આપણી તમામ ઔપચારિકતાઓ એકબીજાના અહમને મદદ કરવાની કવાયત છે. તે જૂઠાણાં છે. તમે કોઇકને કંઇક કહો છો અને તે તમને વળતી શુભેચ્છા આપે છે. બેમાંથી એકેય સાચાં નથી. આપણે ઔપચારિકતાની, રીતભાતની, સભ્ય ચહેરામહોરાંની રમતો રમ્યા કરીએ છીએ.

આમ થશે તો તમારે દિવાલનો સામનો કરવો પડશે. ક્રમશઃ એ દિવાલ એટલી ઘટ્ટ થઇ જશે કે તમે કંઇ જોઇ નહીં શકો. રોજેરોજ દિવાલ જાડી થતી જશે. માટે રાહ ન જોશો. તમને લાગે કે તમારી આસપાસ દિવાલ રચાયેલી છે. તો તેને તોડી નાંખો. તેને ઠેકીને બહાર આવી જાવ. આમ કરવા માટે કેવળ એક વાર નિર્ણય લેવાની જ જરૂર છે, બસ. આવતીકાલથી તેને પોષશો નહીં. ફરી જ્યારે પણ તમને લાગે કે તમે તેને પોષી રહ્યા છો. તો અટકી જાવ. થોડા જ દિવસમાં તમે જોઇ શકશો કે તે મૃત થઇ ગઇ છે. કારણ એટલું જ કે તેને ટકી રહેવા માટે તમારા સતત સહારાની, તમારા પોષણની જરૂર હોય છે. તે ન મળે એટલે ખલાસ.

મૂળભૂત છે હિંમત, ન આરંભ, ન અંત

આમ તો ભયના ઘણા બધા પ્રકારો છે, પણ તે સઘળા એક જ વૃક્ષમાંથી ફૂટેલી શાખાઓ

સમાન છે. આ વૃક્ષનું નામ છે મોત. તમને કદાચ ખ્યાલ ન હોય કે અમુક ભય મોત સાથે સંકળાયેલો છે, પણ તમામ પ્રકારના ભય મૃત્યુ સાથે સંકળાયેલા હોય છે.

ભય તો ફકત પડછાયા સમાન છે. તમે દેવાળિયા થઇ જાવ એ કદાચ દેખીતું ન જણાય, પણ તમને નિર્ધન થઇને ખરાબ હાલતમાં મૃત્યુને ભેટવાનો ડર લાગે છે. લોકો એક રક્ષણ તરીકે નાણાં રાખે છે. જો કે, તેમને ખબર હોય છે કે મૃત્યુથી બચવાનો બીજો કોઇ રસ્તો નથી. આમ છતાં, કંઇક તો કરવું જ રહ્યું. કમ સે કમ એ તમને વ્યસ્ત રાખે છે. અને કશામાં વ્યસ્ત રહેવું એક પ્રકારની અભાનતા છે, દવાની અસર જેવું છે.

આથી જ જેમ આલ્કોહોલીક (દારૂડિયા) લોકો હોય છે એમ 'વર્કોહોલિક' (કામગરા) લોકો હોય છે. તેઓ સતત પોતાની જાતને કામમાં ડૂબાડેલી રાખે છે. તેઓ કામને છોડી શકતા નથી. તેમના માટે રજાઓ ભયજનક હોય છે. તેઓ શાંતિપૂર્વક બેસી શકતા નથી. સવારથી ત્રણ ત્રણ વાર વાંચી કાઢેલાં એનાં એ જ છાપાં તેઓ ફરીથી વાંચશે. તેઓ વ્યસ્ત રહેવા માંગે છે, કેમ કે તેને લઇને તેમની અને મૃત્યુની વચ્ચે એક આવરણ રહે છે. તેમને કેવળ મૃત્યુનો ભય હોય છે.

અન્ય તમામ ભય શાખાઓ સમાન છે એ હકીકતનું ભાન થવું સૂચક છે, કારણ કે તમે મૂળિયા વિશે જાણતા હો તો કંઇક થઇ શકે. મૃત્યુ જો મૂળભૂત અને પાયાનો ભય હોય તો એક જ બાબત તમને ભયવિહીન બનાવી શકે. અને એ બાબત છે તમારી અંદરનો મૃત્યુરહિત સભાનતાનો અનુભવ. ગહન ચિંતન સિવાય બીજું કંઇ જ તમને મૃત્યુ સામે રક્ષણ આપી નહીં શકે. ન પૈસો, ન સત્તા કે ન પ્રતિષ્ઠા. ચિંતન તમારી સમક્ષ એ રહસ્ય ખોલશે કે તમારો દેહ તેમજ તમારું મન મૃત્યુ પામશે, પણ તમે દેહ અને દિમાગથી પર છો. તમારું મૂળભૂત સત્વ, તમારો જીવનસ્રોત તમારી પહેલાં પણ અહીં હતો અને તમારા પછી પણ રહેશે. તેણે અનેક સ્વરૂપો બદલ્યાં છે, અનેક રૂપો લીધા છે. પણ તે કદી અદ્દશ્ય થયું નથી. આરંભ જેવું કંઇ હોય તો છેક આરંભથી જ તે અસ્તિત્વમાં છે. અને જો અંત જેવું કંઇક હશે તો છેક અંત સુધી તે અદશ્ય થવાનું નથી. કારણ કે હું આરંભ કે અંતમાં માનતો નથી.

અસ્તિત્વ એ આરંભવિહીન તેમજ અંતવિહીન છે. તે સદાયથી છે અને તમે પણ સદાયથી છો. તેનાં સ્વરૂપો ભિન્ન હોઇ શકે. એક જ જીવનમાં પણ તેના સ્વરૂપો ભિન્ન હોઇ શકે.

માતાના ગર્ભમાં પ્રવેશ્યાના સૌ પ્રથમ દિવસે તમે પ્રશ્નાર્થ ચિહનના ટપકાથી જરાય મોટા નહોતા. તમને તેની તસવીર બતાવવામાં આવે તો તમે પોતે ઓળખી ન શકો. હકીકતમાં એથીય આગળ જઇએ તો.....

બે જણા ચર્ચા કરી રહ્યા હતા કે કોને જૂની વાતો કેટલી વધુ યાદ છે ? કેટલે સુધી તેઓ યાદ કરી શકે છે ? એક જણને પોતે ત્રણ વરસનો હતો ત્યારની વાતો યાદ હતી. બીજો કહે, ''એમાં શું? મને તો બરાબર યાદ છે કે જ્યારે મારા પિતા અને માતા પીકનીક પર ગયા હતા. જતી વખતે હું મારા પિતાજીમાં હતો અને પાછા વળતી વખતે હું મારી માતામાં હતો.''

તમે તમારા પિતામાં હતા ત્યારે કેવા હતા એ ઓળખી શકશો? તમને તસવીર દેખાડવામાં આવે, તેને એ હદે મોટી કરવામાં આવે કે તમે નરી આંખે એ જોઇ શકો, છતાં તમે ઓળખી નહીં શકો. પણ અત્યારે તમારાંમાં ધબકી રહ્યું છે એ જ જીવનસત્વ, જીવનસ્રોત તમારામાં ત્યારે પણ હતું.

તમે રોજરોજ બદલાઇ રહ્યા છો. તમે જન્મ્યા અને ફકત એક દિવસના હતા તે પણ તમે ઓળખી નહીં શકો. તમે એ જોઇને કહેશો, ''અરે ! આ હું છું?'' બધું જ બદલાશે. તમે વૃધ્ધ થશો, જુવાની જતી રહેશે. બાળપણ તો કયારનું જતું રહ્યું છે. હવે મૃત્યુ આવશે. પણ તે કેવળ બાહ્યરૂપને આવશે, નહીં કે આંતરિક સત્વને. તમારા જીવન દરમ્યાન ફકત સ્વરૂપ જ બદલાતું રહ્યું છે.

તમારું સ્વરૂપ પ્રતિક્ષણ બદલાતું રહે છે. મૃત્યુ એ પરિવર્તન સિવાય બીજું કંઇ નથી, હા એ સહેજ મોટું, જરા-ઝડપી પ્રકારનું પરિવર્તન છે. બાળપણથી યુવાની...તમને ખ્યાલ પણ નથી આવતો કે બાળપણ કયારે ગયું અને તમે યુવાન બની ગયા. યુવાનીથી વૃધ્ધાવસ્થા...બધું એટલું ક્રમબધ્ધ થાય છે કે તમને ખ્યાલ નથી આવતો કે કઇ તારીખ, કયા દિવસે, કયા વરસે, યુવાની તમને છોડી ગઇ. આ પરિવર્તન ધીમું અને ક્રમબધ્ધ હોય છે.

મૃત્યુ એ એક શરીર, એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં લગાવાયેલો વિરાટ કૂદકો છે. પણ તે તમારો અંત નથી.

તમે કદી જન્મ્યા નહોતા કે નહોતા કદી મૃત્યુ પામ્યા.

તમે સદાયથી અહીં હતા. સ્વરૂપો આવે છે અને જાય છે. અને જીવનસરિતા વહેતી રહે છે. તમે આનો અનુભવ નહીં કરો, તો મૃત્યુનો ભય તમને છોડશે નહીં. ફકત ધ્યાન જ તમને મદદરૂપ થઇ શકશે.

હું આ કહી શકું, શાસ્ત્રો પણ આમ કહી શકે, પણ તેનાથી તમને કશી સહાય નહીં થાય. મનમાં શંકા રહેશે જ. કોને ખબર કે આ લોકો જૂઠું બોલતા હોય કે પછી પોતાની જાતને છેતરતા હોય. શંકા રહેશે તો ભય પણ રહેવાનો.

એક વાર પોતાની મેળે તમે જાણી લો કે જીવન શું છે, તો તમને મૃત્યુની બહુ પડેલી નહીં રહે.

તમે તેનાથી પર જઇ શકશો. તે તમારી સત્તા તેમજ અધિકારક્ષેત્રમાં જ છે. પણ તમારે મનથી મનવિહીનતાની સ્થિતિ સુધી પહોંચવા માટે સહેજ પ્રયત્ન કરવો પડશે.

બાળક જન્મે એ ક્ષણથી જીંદગી શરૂ થઇ એમ તમે માનો છો. પણ આ સાચું નથી. કોઇ વૃધ્ધ મૃત્યુ પામે ત્યારે તમે એમ માનો છો કે તેના જીવનનો અંત છે. પણ એમ નથી. જન્મ અને મૃત્યુ કરતાં જીવન કંઇક ગણું મોટું છે. જન્મ અને મૃત્યુ કંઇ જીવનના બે અંતિમો નથી. જીવન દરમ્યાન કેટલાય જન્મ અને કેટલાય મૃત્યુ થતા રહે છે. જીવનનો પોતાનો કોઇ આરંભ કે અંત નથી. જીવન અને અનંતતા સરખા છે. પણ તમે એમ આસાનીથી સમજી શકો એમ નથી કે જીવનનું પરિવર્તન મૃત્યુમાં શી રીતે થાય છે. અરે, એમ સ્વીકારવું પણ અશકય છે.

આ જગતમાં ઘણી બાબતો અકલ્પનીય છે. એમાંની એક તે એ કે તમે જીવનના મૃત્યુમાં થતા રૂપાંતરની કલ્પના ન કરી શકો. કયા બિંદુએ જીવન મટીને મૃત્યુ બની જાય છે? તમે કયાં દોરશો રેખા ? એ જ રીતે તમે જન્મ માટે પણ રેખા નક્કી નહીં કરી શકો. જીવન કયારથી શરૂ થાય છે ? બાળક જન્મે ત્યારથી કે તે ગર્ભમાં હોય ત્યારથી? ગર્ભમાં આવ્યા અગાઉ પણ માતાનો અંડકોષ તેમજ પિતાનું વીર્યબિંદુ જીવંત હોય છે, તે મૃત નથી હોતા, કારણ કે બે મૃત ચીજોનું મિલન કંઇ જીવનનું સર્જન ન કરી શકે. કયા બિંદુએ બાળક જન્મ્યું કહેવાય ? વિજ્ઞાન હજી એ નિર્ધારીત કરી શકયું નથી. તે નકકી કરવાનો કોઇ માર્ગ નથી, કારણ કે અંડકોષ તો માતા પોતાના જન્મકાળથી ધરાવે છે.

એક હકીકત સ્વીકારવી રહી કે તમારા અસ્તિત્વનો અડધો હિસ્સો તમારી માતામાં જીવંત હોય છે. અને તમારા જન્મથીય પહેલાં તે હોય છે. તમારા અસ્તિત્વનો અડધો હિસ્સો પિતા દ્વારા પ્રાપ્ત કરવાનો હોય છે. તે પણ જીવંત અવસ્થામાં પ્રાપ્ત થવો જોઇએ. શુક્રકોષો તમારા પિતાના શરીરમાંથી મુકત થાય ત્યારે તે જીવંત હોય છે, પણ તેમનું આયુષ્ય ઝાઝું હોતું નથી. તેમનું આયુષ્ય હોય છે, ફકત બે કલાકનું. બે કલાકમાં તેમણે અંડકોષ સાથે મિલન કરવાનું હોય છે. બે કલાકની અંદર તેઓ અંડકોષને ન મળે. અને અહીંતહીં ભટકયા કરે તો......

એક વાત નિશ્ચિત છે કે પ્રત્યેક શુક્રકોષને તેની આગવી લાક્ષણિકતા હોય છે. અમુક આળસુ હોય છે. બાકીનાં શુક્રકોષ અંડકોષ તરફ દોટ મૂકતા હોય ત્યારે આવા આળસુઓ જાણે મોર્નિંગ વોક લેવા નીકળ્યા હોય એમ ટહેલે છે. આ રીતે તેઓ કદી મંઝીલે પહોંચી નથી શકવાના, પણ તેઓ કરી શું શકે ? જન્મથી જ તેમનામાં આ લાક્ષણિકતા અસ્તિત્વ ધરાવે છે. તેઓ દોડી શકતા નથી. તેઓ મૃત્યુને ભેટવું વધુ પસંદ કરશે. અને તેમને ખ્યાલ સુધ્ધાં નહીં આવે કે શું થઇ રહ્યું છે.

અમુક કોષો ઓલિમ્પીકના દોડવીર જેવા હોય છે. તેઓ તરત જ ઝડપભેર દોડવાનું શરૂ કરી દે છે. આમાં જબરદસ્ત સ્પર્ધા હોય છે. કારણ કે માતાના એક અંડકોષ પાછળ અમુક સો શુક્રકોષોના

દોડવા પૂરતો આ પ્રશ્ન નથી. માતા પાસે અંડકોષોનો સંગ્રહ હોય છે. જે મર્યાદિત હોય છે. અને દર મહિને ફક્ત એક અંડકોષને તે મુક્ત કરે છે. આને કારણે સ્ત્રી માસિકધર્મમાં બેસે છે. ફક્ત એક જ અંડકોષને તે મુક્ત કરે છે. શુક્રકોષોના આખા ઝૂંડમાંથી, લાખો જીવંત કોષમાંથી કેવળ એક જ કોષનું મિલન થાય છે....આ જબરી ફિલસૂફીભરી સમસ્યા છે !

આમાં કંઇ છે નહીં. કેવળ જીવશાસ્ત્ર છે. કારણ કે સમસ્યા એ છે કે લાખોમાંથી કેવળ એક જ વ્યક્તિ જન્મી શકે એમ છે. માતાના અંડકોષને પામી ન શકેલા પેલા લાખો શુક્રકોષોનું શું? જન્મનિયંત્રણની તરફેણના હિંદુ પંડિતો, શંકરાચાર્ય તેમજ અન્ય વિદ્વાનોની અનેક દલીલોમાંની આ એક દલીલ છે.

દલીલબાજીમાં ભારત બહુ હોંશિયાર છે. પોપ જન્મનિયંત્રણ પર બોલ્યા કરશે. પણ એક પણ દલીલ નહીં કરે. ભારતીયોએ અમુક દલીલો બહુ વાજબી જણાતી કરી છે. આમાંની એક દલીલ આવી છે. બાળકોને પેદા થતાં કયા તબક્કે અટકાવવાં ? બે કે ત્રણ બાળક પછી ? તેઓ એમ કહે છે કે રવિન્દ્રનાથ ટાગોર તેમનાં માતાપિતાનું તેરમું સંતાન હતાં. કુટુંબનિયોજન હોત તો રવિન્દ્રનાથ જન્મ્યા ન હોત.

આ દલિલ આમ બરાબર લાગે, કેમ કે કુટુંબ નિયોજન એટલે બે અથવા બહુ બહુ તો ત્રણ બાળકો પછી અટકી જવું. એકાદું બાળક મરી જાય કે કંઇ થઇ જાય તો, ખોટું જોખમ ન લેવું. તમે પોતે અને તમારી પત્નીનું સ્થાન લેવા માટે તમે બે બાળક પેદા કરી શકો, જેથી વસ્તીવધારો ન થાય. પણ રવિન્દ્રનાથ તો તેમના માતાપિતાનું તેરમું સંતાન હતા. તેમનાં મા-બાપ એક ડઝન બાળકો પેદા કર્યા પછી પણ અટકી ગયા હોત તો રવિન્દ્રનાથ ગાડી ચૂકી ગયા હોત. આમ જુઓ તો આવા કેટલા રવિન્દ્રનાથ ગાડી ચૂકી જાય છે ?

હું એક શંકરાચાર્ય સાથે એક વાર ગોષ્ઠિ કરી રહ્યો હતો. મેં કહ્યું, ''બરોબર વાત છે. દલીલ ખાતર હું સ્વીકારી લઉં છું કે આ સાચું છે. આપણને રવિન્દ્રનાથ મળ્યા ન હોત. પણ એ ન મળે એમાં મને કંઇ વાંધો નથી. દેશ આખાના લોકો શાંતિથી રહી શકે. પૂરતું ભોજન પ્રાપ્ત કરી શકે, પૂરતાં વસ્ત્રો તેમજ અન્ય જરૂરિયાત પૂરી થઇ શકે, તો સામે રવિન્દ્રનાથ ગુમાવવા પોષાય એમ છે. એક રવિન્દ્રનાથ ટાગોર ગુમાવવા કંઇ બહુ મોટી વાત નથી. તમારે સંતુલન જોવું જોઇએ. ફક્ત એક રવિન્દ્રનાથને પેદા કરવા માટે લાખો લોકો ભૂખે મરે, મોતને ભેટે એ કેવું? તમારું એમ કહેવું છે કે પ્રત્યેક મા-બાપે તેર બાળકો પેદા કરવા જોઇએ? તો પછી ચૌદમાંનુ શું? પંદરમાનું શું ?

અને આવા નાના આંકડાને ભૂલી જાવ. પ્રત્યેક સંભોગ સમયે પુરુષ લાખો શુક્રકોષોને મુક્ત કરે છે. દરેક વખતે સંભોગ થાય અને બાળક રહેતું નથી. એ રીતે સંભોગની પ્રત્યેક પ્રક્રિયા દરમ્યાન લાખો લોકો અદૃશ્ય થઇ જાય છે. આપણને કદી ખ્યાલ આવતો નથી કે એમાં કેટલા નોબેલ પારિતોષિક

વિજેતાઓ હતા, કેટલા વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ હતા... એમાં તમામ પ્રકારના લોકો હોવા જ જોઇએ.

મારી ગણતરી આમ છે.: ચૌદ વરસની ઉંમરથી લઇને બેંતાલીસ વરસની ઉંમર સુધી જો પુરુષ સામાન્ય સંજોગોમાં સંભોગ કરે તો તે પૃથ્વીની કુલ વસ્તીની સંખ્યા જેટલા શુક્રાણુઓ મુકત કરશે. કેવળ એક જ માણસ આખી પૃથ્વી જેટલી, અરે, તેથીય વધુ સંખ્યામાં વસ્તી પેદા કરી શકે! પૃથ્વી પર આમેય વસ્તીવધારો છે. પેદા થયેલા આવા મનુષ્યો વિશિષ્ટ વ્યકિતત્વો હશે. તેમનામાં માનવીય સિવાયનો કોઇ ગુણ સામાન્ય નહીં હોય.

જીવનનો આરંભ ત્યાંથી પણ થતો નથી, બલ્કે તેથીય પહેલાં થાય છે.પણ તમારા માટે આ કેવળ એક પૂર્વસિધ્ધાન્ત છે, જયારે મારા માટે તે એક અનુભૂતિ છે. તમારા ભૂતકાળના મૃત્યુના બિંદુ થી જીવનનો પ્રારંભ થાય છે. તમારું મૃત્યુ થાય ત્યારે તમારા જીવનનું એક પ્રકરણ પુરું થાય છે. લોકોને એમ લાગે છે કે એ જ તમારું સમગ્ર જીવન હતું. એક પ્રકરણ પૂરું થાય છે, પણ પુસ્તક પુરું નથી થતું. પાનું ફેરવો એટલે બીજું પ્રકરણ શરૂ થશે.

મરણોન્મુખ વ્યકિતને પોતાનું હવે પછીનું જીવન દેખાય છે. આ બહુ જાણીતી હકીકત છે, કારણ કે પ્રકરણ પૂરું થતાં અગાઉ એમ થાય છે. કયારેક કોઇ વ્યકિત છેક છેડે જઇને પાછો આવે છે. જેમ કે, કોઇક વ્યકિત મૃત્યુના મોંમાં ધસી રહી હોય અને તે બચી જાય છે. તે ''કોમા''માં હોય છે. તેના શરીરમાંથી પાણી કાઢવાનું હોય છે. કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાના હોય છે. અને ઓચિંતો તે બચી જાય છે. તેનું પ્રકરણ પુરું થવાને આરે હતું. આવા લોકોએ બહુ રસપ્રદ તથ્યોનું બયાન કર્યું છે.

આમાનું એક એવું છે કે તેમને ખબર પડી કે પોતે જઇ રહ્યા છે. અને ખેલ ખતમ થઇ રહ્યો છે. ત્યારે તેમની સમક્ષ તેમનો આખો ભૂતકાળ પલકારામાં પસાર થઇ ગયો. જન્મથી લઇને તે ક્ષણ સુધીની સમગ્ર ઘટનાઓ ઝપાટાભેર નજર સમક્ષ આવી ગઇ. ઘડીના છઠ્ઠા ભાગમાં પોતાને શું થયું છે તે તેમણે જોયું, પોતાને જે યાદ હતું તે જોયું, એટલું જ નહીં પોતાને જે યાદ નહોતું એ પણ જોયું. પોતે જેની નોંધ સુધ્ધાં લીધી નહોતી એવી અને પોતાની સ્મૃતિમાં તે છે એવી સભાનતા વિનાની ઘણી બાબતો તેમણે જોઇ. અને આ આખી ફિલ્મ એટલી ઝડપથી, પલકારામાં પસાર થઇ ગઇ. તે આ રીતે ઘડીના છઠ્ઠા ભાગમાં જ પસાર થવી જોઇએ. કારણ કે વ્યકિત મરણને આરે છે. ફિલ્મોમાં જોઇએ એવો ત્રણ કલાકનો સમય છે નહીં.

તમે આખી ફિલ્મ જુઓ તો પણ મનુષ્યના જીવનની આખી કથાને નાની, બિનજરૂરી જણાતી વિગતો સાથે સાંકળી ન શકો. પણ તેની સમક્ષ બધું પસાર થઇ જાય છે. તે એક

નિશ્ચિત અને સૂચક ઘટના છે. પ્રકરણને સમાપ્ત કરતાં અગાઉ વ્યક્તિ પોતાના અનુભવો, અતૃપ્ત ઇચ્છાઓ, અપેક્ષાઓ, નિરાશાઓ,પીડા, આનંદ-આ સઘળું યાદ કરે છે.

બુધ્ધે તેના માટે એક શબ્દ પ્રયોજ્યો છે – 'તન્હા' તેનો શાબ્દિક અર્થ થાય છે ઇચ્છા, પણ સાંકેતિક રીતે તેનો અર્થ 'ઇચ્છાનું સમગ્ર જીવન' એમ થાય છે. તેમાં નિરાશા, તૃપ્તિ, સફળતા, નિષ્ફળતા વગેરે બધું જ હોય છે. પણ તે એક ચોક્કસ દાયરામાં થયેલું હોય છે. જેને આપણે ''ઇચ્છા'' કહીએ છીએ.

મૃત્યુ પામતા માણસે તે પોતે જાય એ અગાઉ આ બધું જ જોવું રહ્યું, કેમ કે તેનું શરીર જઇ રહ્યું છે. તેનું મન, તેનું દિમાગ તેની સાથે આવવાનું નથી. પણ તેના મનમાં પેદા થયેલી ઇચ્છા તેના આત્માને વળગી રહેશે અને આ જ ઇચ્છા તેનું ભાવિ નિર્ધારીત કરશે. જે પણ અતૃપ્ત રહ્યું હશે, તે પોતાના ધ્યેય તરફ આગળ વધશે.

તમારા જીવનનો આરંભ તો તમારા જન્મના કેટલાય સમય અગાઉ, તમારી માતાની સગર્ભાવસ્થા પહેલાં, તમારા પૂર્વજીવનના અંતમાં થઇ ચૂકયો હોય છે. એ અંત એટલે વર્તમાન જીવનનો પ્રારંભ. એક પ્રકરણ બંધ થાય છે અને બીજું ખૂલે છે. હવે આ નવું જીવન કેવુંક હશે એનો નવ્વાણુ ટકા આધાર તમારા મૃત્યુની આખરી ઘડી પર હોય છે. તમે જે એકઠું કર્યું છે, બીજની જેમ તમે તમારી સાથે જે લાવ્યા છો એ જ બીજ વૃક્ષ બનશે. તેને ફળો બેસશે, ફૂલો આવશે અથવા જે પણ તેને થાય એ. બીજને તમે વાંચી શકતા નથી. પણ તેમાં આખેઆખી બલ્યુ પ્રિન્ટ હોય છે.

એવી એક સંભાવના છે કે વિજ્ઞાન એક દિવસે બીજમાંનો આખો કાર્યક્રમ વાંચી શકે. તેના વૃક્ષને કેવી ડાળીઓ હશે, વૃક્ષનું આયુષ્ય કેટલું હશે. વૃક્ષને શું થવાનું છે વગેરે. તેમાં બલ્યુ પ્રિન્ટ મોજૂદ છે. પણ આપણને તેને ઉકેલવાની લિપિ આવડતી નથી. જે પણ વસ્તુ થવાની છે, તેની સંભાવના હાજર હોય છે.

આથી મૃત્યુના સમયે તમે જે કરો તેના પરથી તમારો જન્મ કેવો હશે તે નિશ્ચિત થાય છે. મોટાભાગના લોકો કશાકને વળગીને મૃત્યુ પામે છે. તેઓ મરવા ઇચ્છતા નથી. અને તેઓ આ શા માટે કરે છે એ સમજી શકાતું નથી. ફકત મૃત્યુની ક્ષણે તેમને ભાન થાય છે કે પોતે જીવ્યા નથી. જીવન એક સ્વપ્નની જેમ પસાર થઇ ગયું અને હવે મૃત્યુ આવી પહોંચ્યું છે. જીવવા માટેનો સમય હવે રહ્યો નથી. મૃત્યુ દ્વાર ખટખટાવે છે. જયારે જીવી લેવાનો સમય હતો ત્યારે તમે જીવવાને બદલે નકામી ચીજો પાછળ તેને વેડફી દીધો.

શતરંજ રમતા, પત્તા રમતા લોકોને હું પૂછું છું, 'તમે શું કરો છો ?' તેઓ કહે છે, 'બસ, સમય પસાર કરીએ છીએ.'

બાળપણથી મને આ અભિવ્યક્તિ જરાય પસંદ નથી. મારા દાદા શતરંજના મહાન ખેલાડી હતા. હું તેમને પૂછતો, 'તમે વૃધ્ધ થયા છતાં હજી સમય પસાર કરો છો. તમે જોઇ શકતા નથી કે સમય તમને કાપી રહ્યો છે ? તમે એમ કહ્યા કરો છો કે તમે સમય કાપી રહ્યા છો. તમને ખ્યાલ સુધ્ધાં નથી કે સમય શું છે, તે કયાં છે. તેને પકડીને મને બતાવો.'

સમય પસાર કરવો, સમય કાઢવો વગેરે જેવી અભિવ્યક્તિઓ એક પ્રકારનું આશ્વાસન છે. ખરેખર તો તમે પસાર થઇ રહ્યા છો, ક્ષણે ક્ષણે તમે નીકળી રહ્યા છો. અને તમે વિચારો છોકે સમય પસાર થઇ રહ્યો છે. જાણે કે તમે પોતે રહેવાના હો અને સમય પસાર થઇ જવાનો હોય. સમય તો ત્યાંનો ત્યાં જ હોય છે, તે પસાર થતો નથી. ખરેખર જે પસાર થતો નથી, એવા સમયને માપવા માટે મનુષ્યે ઘડિયાળોનું સર્જન કર્યું છે.

પંજાબમાં તમે હો તો કોઇને કદી ન પૂછશો કે કેટલા વાગ્યા ? કેમ કે જો તે વખતે બાર વાગ્યા હશે તો તમને માર પડશે. તમે જીવતા બચો તો એ ચમત્કાર જ ગણાશે. આમ હોવું ફિલસૂફીભર્યા કારણને લઇને છે- પણ ફિલસૂફી જયારે મૂર્ખોના હાથમાં આવી જાય ત્યારે આવું જ થાય છે.

શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકે એમ કહેલું કે સમાધિની ક્ષણ ઘડિયાળમાં બાર વાગ્યે ભેગા થઇ જતા બંને કાંટા જેવી છે. તેઓ બે ન રહેતાં એક બની જાય છે. આ રીતે તેઓ ઉદાહરણ આપીને સમજાવવા માંગતા હતા કે તમારા અસ્તિત્વનું દ્વૈત સમાધિની ક્ષણે ખતમ થાય છે. અને તમે અદ્વૈતને પામો છો. મૃત્યુમાં પણ આમ જ બને છે. તેમણે પછી સમજાવેલું કે મૃત્યુમાં પણ આમ જ બને છે. ફરી એક વાર અલગ અલગ રીતે ફરતા બે કાંટા ભેગા થઇને અટકી જાય છે અને એક બની જાય છે. તમે અસ્તિત્વ સાથે એકાકાર થઇ જાવ છો.

આથી પંજાબમાં બાર વાગ્યાનો સમય મૃત્યુના પ્રતીક જેવો ગણાય છે. તમે કોઇ સરદારજીને પૂછશો કે 'કેટલા વાગ્યા?' અને જો ખરેખર બાર વાગ્યા હશે તો તે તમને રીતસર ફટકારવા માંડશે. કેમ કે એનો અર્થ એ જ કે તમે ચીડવો છો અને તેનું મૃત્યુ ઇચ્છો છો.

કોઇ લાંબા ચહેરાવાળો, દુઃખિયારો જોવા મળશે તો પંજાબમાં લોકો કહેશે, "આના ચહેરા પર બાર વાગ્યા છે." બાર વાગે ત્યારે કાંટા ફેરવીને પાંચ મિનીટ આગળ સમય મૂકી દેતા સરદારો મેં જોયા છે. તેઓ કદી બારનો સમય નહીં રાખે. તેમને એમ લાગે છે કે તેમનું ઘડિયાળ તેમની જોડે રમત રમી રહ્યું છે. બાર વાગેલા જોઇને તેમને દુઃખ, ઉદાસી, મૃત્યુ જ યાદ આવે છે. નાનકે ખરેખર જે બાબત સમજાવવા માટે આ ઉદાહરણ આપેલું એ સમાધિને તો તેઓ સાવ ભૂલી જ ગયા છે.

જયારે કોઇ વ્યકિત મૃત્યુ પામે, તેના બાર વાગી જાય ત્યારે તે જીવનને વળગી રહે છે.

જીવનભર તે એમ માનતો રહ્યો છે કે સમય પસાર થઇ રહ્યો છે. પણ હવે તેને લાગે છે કે તે પોતે જઇ રહ્યો છે. કશાને વળગી રહેવાથી ફાયદો નહીં થાય. તે એટલો દુઃખી બની જાય છે અને એ દુઃખ એટલું અસહ્ય થઇ જાય છે કે મોટા ભાગના લોકો મૃત્યુ અગાઉ બેશુધ્ધ અવસ્થામાં આવી જાય છે. પરિણામે પોતાનું સમગ્ર જીવન તેઓ યાદ કરી શકતા નથી.

મૃત્યુ કશા વળગણ વિનાનું હોય, એક ઘડી પણ વધુ જીવવાની તમન્ના ન હોય તો તમે સભાનાવસ્થામાં મરી શકશો કેમ કે કુદરતે તમને બેશુધ્ધાવસ્થામાં લાવવાની કોઇ જરૂર જ નથી. તમે સભાનાવસ્થામાં મૃત્યુ પામી શકશો. તમારો સમગ્ર ભૂતકાળ તમે યાદ કરી શકશો. તમે જોઇ શકશો કે તમે જે કંઇ કરી રહ્યા હતા તે તદ્દન મૂર્ખામીભર્યું હતું.

ઇચ્છાઓ તૃપ્ત થઇ ગઇ છે - તમે શું મેળવ્યું ? ઇચ્છાઓ અતૃપ્ત રહી તો તમારે વેઠવું પડ્યું, પણ તે તૃપ્ત થયા પછી શું મેળવ્યું ? આ રમત બહુ વિચિત્ર છે, જેમાં સદાય તમારે ગુમાવવાનું છે. તમે જીતો કે હારો તેનાથી કશો ફરક પડતો નથી.

તમારા આનંદો કંઇ જ નહોતા, જાણે કે પાણી પર કરાયેલું લખાણ હતું, જ્યારે તમારાં દુઃખ ગ્રેનાઇટ પર કોતરાયેલા હતા. પાણી પરના એ લખાણો માટે તમે આટલું દુઃખ વેઠ્યું. જીવનની આ ઉંચાઇ પરથી, આ તબક્કામાં તમે તમારા જીવનની સમગ્ર ખીણને જુઓ તો જણાશે કે એ આનંદો સાવ રમકડાં જેવાં હતાં. સફળતાઓ પણ નિષ્ફળતા હતી. નિષ્ફળતાઓ તો, અલબત્ત, નિષ્ફળતા હતી જ. આનંદો પણ દુઃખને ઉત્તેજન આપનારા હતા.

તમારી ક્ષેમકુશળની ભાવના ફકત તમારા સ્વપ્નની નીપજ હતી. તમે ખાલી હાથે જઇ રહ્યા છો. આ આખું જીવન એક વિષચક્ર સમાન બની રહ્યું છે. એના એ જ ચક્રમાં, વર્તુળમાં તમે ગોળ ગોળ ફરી રહ્યા છો. તમે કયાંય પહોંચી શકયા નથી, કેમ કે વર્તુળમાં ઘૂમતા રહીને તમે શી રીતે કયાંય પહોંચી શકો ? વર્તુળમાં તમે ગમે તે સ્થાને હો, પણ કેન્દ્રનું અંતર એકસરખું જ રહેવાનું.

સફળતા મળી, નિષ્ફળતા મળી, આનંદ મળ્યો, દુઃખ મળ્યું, ઉદાસીનતા હતી અને ખુશી પણ હતી. વર્તુળમાં આ બધું જ થતું રહ્યું, પણ તમારા અસ્તિત્વનું કેન્દ્ર પ્રત્યેક સ્થાનેથી સમાન જ રહ્યું. તમે વર્તુળમાં હતા એ દરમ્યાન આ જોવું મુશ્કેલ હતું. કેમ કે તમે એમાં અત્યંત તલ્લીન હતા, તેના હિસ્સારૂપ હતા. પણ હવે બધું જ તમારા હાથમાંથી પડી ગયું છે. તમે ખાલી હાથે ઉભા છો.

પોતાની શ્રેષ્ઠ કૃતિ 'ધ પ્રોફેટ' માં ખલિલ જીબ્રાને એક વાકય લખ્યું છે. ખેતરમાં કામ કરનારા લોકો તરફ મહાન સંત અલ મુસ્તફા દોટી આવ્યા અને કહ્યું, "મારું જહાજ આવી

પહોંચ્યું છે. મારા જવાનો સમય થઇ ગયો છે. હું તો પાછું વળીને જોવા આવ્યો છું કે શું થયું અને શું ન થયું. જહાજમાં ચડતા અગાઉ મારું અહીંનું જીવન કેવું હતું એ જોવાની મને તીવ્ર ઇચ્છા છે."

મારે તમને જે વાકય યાદ કરાવવાનું છે તે આ. એ કહે છે, "હું તો સાગરને મળવા જતી સરિતા જેવો છું." પોતે જે જંગલો, પર્વતો અને લોકોને વટાવીને આવી છે તેના તરફ એક ક્ષણ નજર નાંખવા તે રોકાય છે. હજારો માઇલોની એ સમૃધ્ધ જીંદગી હોય છે અને હવે એક જ ક્ષણમાં બધું વિલીન થઇ જવાનું હોય છે. આથી સાગરમાં વિલીન થતા અગાઉ સરિતા એક નજર પાછળ નાંખે છે એમ હું પણ પાછળ જોવા માંગું છું.

પણ તમે ભૂતકાળને વળગેલા ન હો તો જ આમ પાછળ જોવું શકય બને. નહીંતર તેને ગુમાવવાનો તમને એટલો ડર હશે કે તેને જોવાનો, નિહાળવાનો તમારી પાસે સમય જ નહીં રહે. અને સમય હોય છે ઘડીના છઠ્ઠા ભાગ જેટલો. કોઇ મનુષ્ય સંપૂર્ણ સભાનાવસ્થામાં પોતે પસાર કરેલા સમયને, તેની નિરર્થકતાને અનુભવીને મૃત્યુ પામે તો તે તીક્ષ્ણ બુધ્ધિ સાથે જન્મ્યો હશે. સામાન્યપણે તે આવું કરતો નથી.

લોકો મને પૂછે છે, તમે બાળક હતા ત્યારે પણ તીક્ષ્ણ બુધ્ધિવાળા, હિંમતવાન હતા. અમે આ ઉંમરે પણ એવા નથી....આનું કારણ એ જ કે મારા ભૂતકાળમાં હું તમારાથી જુદી રીતે મૃત્યુ પામ્યો છું. આનાથી બહુ મોટો ફરક પડે છે. કેમ કે તમે જે રીતે મૃત્યુ પામો છો એ જ રીતે જન્મો છો. તમારું મૃત્યુ સિક્કાની એક બાજુ છે અને તમારો જન્મ પણ એ જ સિક્કાની બીજુ બાજુ છે.

સિક્કાની એક બાજુએ જો ગૂંચવણ, દુઃખ, વળગણ, વાસના વગેરે હોય તો એ સિક્કાની બીજી બાજુએ તમે તીવ્રતા, બુધ્ધિ, સ્પષ્ટતા, સભાનતાની અપેક્ષા ન રાખી શકો. તેમ હોવાની કશી ખાતરી નથી. તમે તેની અપેક્ષા જ ન રાખી શકો.

આથી જ તમને સમજાવવું ખૂબ સરળ છતાં અત્યંત કઠિન છે. કારણ કે મારા જીવનમાં શરૂઆતથી જ મેં હિંમતવાન કે બુધ્ધિવાન બનવા માટે કંઇ કર્યું જ નથી. તેમજ મેં તેનો કદી તીવ્રતા, હિંમત કે બુધ્ધિ તરીકે વિચાર જ કર્યો નથી.

મને બહુ મોડે મોડે ક્રમશઃ ખ્યાલ આવ્યો કે લોકો કેવા મૂર્ખ છે. એ તો પાછલા ગાળાનું મારું દર્શન હતું. પ્રારંભે મને ખબર નહોતી કે હું હિંમતવાન છું . હું માનતો હતો કે બધા સરખા હોવા જોઇએ. મને આગળ જતાં ખ્યાલ આવ્યો કે બધા સમાન હોતા નથી.

મોટો થતો ગયો એમ હું મારા પૂર્વજીવન અને મૃત્યુ બાબતે સભાન બન્યો. મને યાદ હતું કે

કેટલી સરળતાથી હું મૃત્યુ પામ્યો હતો. સરળતાથી નહીં, બલ્કે ઉત્સાહભેર હું મૃત્યુ પામ્યો હતો. મેં જોયેલી પરિચીત બાબતો કરતાં આગળની અપરિચીત બાબતો વિશે જાણવામાં મને વધુ રસ હતો. મેં કદી પાછું વાળીને જોયું જ નથી. મારા જીવનની આ જ પધ્ધતિ રહી છે. પાછું વાળીને જોવું નહીં. એમ કરવાનો કોઇ મતલબ નથી. તમે પાછા જઇ શકો એમ છો નહીં, પછી સમય શાથી વેડફવો ? હું સદાય આગળ જ જોઉં છું. મૃત્યુ વેળાએ પણ હું આગળ જ જોતો હતો. આને કારણે જ મને ખ્યાલ આવ્યો કે અન્ય લોકો જે કરતાં ખચકાય છે, તેવું મારે નથી. મારામાં એવી બ્રેક નથી.

અપરિચીતનો ભય આવી બ્રેક પૂરી પાડે છે. તમે ભૂતકાળને વળગી રહો છો અને અપરિચીત તરફ જતાં ડરો છો. તમે પરિચીતને વળગી રહો છો. એમ કરવું દુ:ખદ અથવા અરુચિકર હશે. છતાં તમે તેનાથી પરિચીત છો. તેની સાથે તમારે એક પ્રકારની મૈત્રી થઇ ગઇ છે.

તમને કદાચ આશ્ચર્ય થશે, પણ હજારો લોકો સાથેનો મારો આ અનુભવ છે. દુ:ખને તેઓ માત્ર એ કારણે વળગી રહે છે, કેમ કે તેની સાથે તેમને અમુક પ્રકારની મિત્રતા થઇ ગઇ છે. તેની સાથે તેઓ એટલા લાંબા સમયથી રહેતા આવ્યા છે કે તેના વિના રહેવું છૂટાછેડા લેવા સમાન લાગે છે.

લગ્ન અને છૂટાછેડા બાબતે પણ આવી જ પરિસ્થિતિ હોય છે. પુરુષ દિવસમાં કમ સે કમ બાર વખત છૂટાછેડા લેવા અંગે વિચારે છે, તેમ સ્ત્રી પણ વિચારે છે, છતાં બંને જણા ગાંડુ ગબડાવ્યે રાખે છે. તેઓ અપરિચીત પરિસ્થિતિ ઉદ્દભવવાના ડરથી સાથે રહેવાનું ચાલુ રાખે છે. આ પુરુષ ખરાબ છે એ વાત બરાબર, પણ બીજો પુરુષ કેવો હશે એ કોને ખબર ? તે કદાચ બદતર હોઇ શકે. એક માણસની બુરાઇથી, પ્રેમવિહીનતાથી તમે ટેવાઇ જાવ છો અને તેને તમે વેઠી શકો છો. તેને વેઠવાથી તમે પણ જાડી ચામડીના બની ગયા છો. નવો પુરુષ આવશે તો કોને ખબર તમારે નવેસરથી ઉઝરડા પાડવા પડશે. આથી જ લોકો પરિચીતને વળગી રહે છે.

મૃત્યુને દ્વારે હોય એવા લોકોને જુઓ. તેમની પીડા એ મૃત્યુ નથી. મૃત્યુને કોઇ પીડા કે દર્દ નથી. તે દર્દ વિહીન હોય છે. તે આનંદદાયક અને ગાઢ નિદ્રા સમાન હોય છે. તમને લાગે છે કે ગાઢ નિદ્રા પીડાયુકત હોય ? પણ લોકોને કંઇ મૃત્યુ, ગાઢ નિદ્રા અને આનંદ સાથે કશી લેવાદેવા હોતી નથી. તેમને ચિંતા હોય છે પરિચીત પરિસ્થિતિની પોતાના હાથમાંથી સરી જવાની. ભય એટલે એક જ બાબત : પરિચીતને ગુમાવવું અને અપરિચીતમાં પ્રવેશવું.

હિંમત એ ભયથી તદ્દન વિપરીત છે.

હંમેશા પરિચીત બાબતને પડતી મૂકવા તૈયાર રહો. પડતી મૂકવા કરતાંય વધુ તો એ કે તે પરિપકવ થાય ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. નવિન લાગે એ વસ્તુપર કૂદી પડો. તેનું નાવિન્ય, તેની તાજગી અત્યંત લોભામણી હોય છે. ત્યાર પછી હિંમત આવે છે.

મૃત્યુનો ભય નિશ્ચિતપણે સૌથી મોટો ભય છે અને તમારી હિંમતનો તે મોટામાં મોટો વિનાશક છે.

આથી હું કેવળ એક જ બાબત સૂચવી શકું. તમે કંઇ તમારા ભૂતકાળના મૃત્યુ તરફ પાછા જઇ શકો એમ નથી, પણ તમે એક વાતનો પ્રારંભ કરી શકોઃ કોઇ પણ પરિચીત પરિસ્થિતિ, બાબત કે અનુભવમાંથી અપરિચીત તરફ જવા સદાય તૈયાર રહો.

અપરિચીત બાબત પરિચીત કરતાં બદતર સાબિત થાય એ બહેતર છે. મુદ્દો એ નથી. પરિચીતમાંથી અપરિચીતમાં જવાથી તમારું થતું પરિવર્તન, એમ કરવાની તમારી તત્પરતા મહત્વની છે. તે અત્યંત મૂલ્યવાન છે. તમામ પ્રકારના અનુભવોમાં આ રીતે કરતા રહો. તમને તે મૃત્યુ માટે તૈયાર કરશે. કારણકે મૃત્યુ આવશે ત્યારે તમે અચાનક નક્કી નહીં કરી શકો કે "હું જીવનને ત્યજીને મૃત્યુને પસંદ કરું છું." આ નિર્ણયો એકાએક લેવાતા નથી.

તમારે એક એક ઇંચ કરીને, તૈયાર થઇને, ક્ષણે ક્ષણે જીવીને આગળ વધવું પડે છે. જેમ જેમ તમે અપરિચીતના સૌંદર્યથી પરિચીત થતા જશો તેમ તેમ તમારામાં એક નવા ગુણનો ઉદ્‌ભવ થતો જશે. તે હોય જ છે. પણ તેનો ઉપયોગ થયેલો હોતો નથી. મૃત્યુ આવે તે અગાઉ પરિચીતમાંથી અપરિચીતમાં જવાનું ચાલુ રાખો. હંમેશા યાદ રાખો કે જૂના કરતાં નવું બહેતર છે.

એમ કહેવાય છે કે જૂનું હોય એ બધું જ સોનું નથી હોતું. હું તો એમ કહું છું કે જૂનું હોય એ બધું સોનું હોય તો પણ એને ભૂલી જાવ. સોનું હોય કે ન હોય- તમે નવાને પસંદ કરો, એમાં કશો વાંધો નથી. મહત્વની છે તમારી પંસદગી : શીખવાની, અનુભવવાની, અંધારામાં જવાની પસંદગી. ધીમે ધીમે તમારી હિંમત તેનું કામ શરૂ કરી દેશે. બુધ્ધિની તીવ્રતા કંઇ હિંમતથી ભિન્ન નથી. એ એકસમગ્ર જૈવિકતા છે.

ભય સાથે કાયરતા હોય છે. પરિણામે મગજનું પછાતપણું તેમજ સાધારણપણું હોવું અનિવાર્ય છે. આ બધું ભેગું જ હોય છે. તે પરસ્પર સહાયરૂપ થાય છે. હિંમતની સાથે આવે છે તીવ્રતા, બુધ્ધિ, ખુલ્લાપણું, પૂર્વગ્રહરહિત માનસ, શીખવાની ક્ષમતા વગેરે.

બહુ સાદી કસરતથી શરૂઆત કરો : હંમેશા યાદ રાખો, જ્યાં પણ પસંદગી કરવાની હોય ત્યારે સદાય અપરિચીત, જોખમી અને ખતરનાક તેમજ અસલામત બાબતને જ પસંદ કરો. તમે ખોટમાં નહીં જાવ.

આમ થાય ત્યાર પછી મૃત્યુ તમારા માટે એક અનોખો, રહસ્યોદ્ઘાટન કરનારો અનુભવ બની રહેશે. અને તમારા નવા જન્મને એક સમજણ આપશે. કેવળ સમજણ નહીં, તે તમને એક ચોક્કસ પસંદગી પણ આપશે. સભાનતા હશે તો તમે અમુક પિતા, અમુક માતાને પસંદ કરી શકશો. સામાન્ય રીતે આ બધું અભાનપણે, આકસ્મિક રીતે થતું હોય છે. પણ સજાગતા સાથે મૃત્યુ પામતી વ્યક્તિ જન્મ પણ સજાગતા સાથે જ લેશે.

મારી માતાને તમે પૂછી શકો છો, કારણ કે તે અહીં છે. મારા જન્મ પછી ત્રણ દિવસ સુધી મેં જરાય દૂધ નહોતું લીધું. આથી સૌ ચિંતીત હતા. ડૉક્ટર પણ ચિંતીત હતા. કારણ કે દૂધ નહીં લે તો આ બાળક જીવી કેવી રીતે શકશે ? પણ તેમને મારી તકલીફનો જરાય અંદાજ નહોતો કે મારા માટે તેઓ શી મુંશ્કેલી સર્જી રહ્યા હતા. શકય તમામ રીતે તેઓ મને બળજબરી કરી રહ્યા હતા. હું તેમને સમજાવી શકું એમ નહોતો કે તેઓ પોતાની મેળે સમજી શકે એમ નહોતા.

મારા પૂર્વજીવનમાં, હું મૃત્યુ પામ્યો એ અગાઉ હું ઉપવાસ પર હતો. હું એકવીસ દિવસના ઉપવાસ પૂરા કરવા ઇચ્છતો હતો. પણ તે પૂરા થાય તેના ત્રણ દિવસ અગાઉ મારી હત્યા થઇ ગઇ. આ ત્રણ દિવસો મારી ચેતનામાં આ જન્મે પણ રહ્યા કે મારે મારા ઉપવાસ પૂરા કરવાના છે. હું ખરેખર જીદ્દી છું. નહીંતર લોકો કંઇ એક જીવનમાંથી બીજા જીવનમાં કશું લઇને જતા નથી. એક પ્રકરણ પુરું થયું એટલે બસ પુરું !

ત્રણ દિવસ સુધી તેઓ મારા મોંમા કંઇ મૂકવામાં ફાવ્યા નહીં. મેં સાવ ઇનકાર કરી દીધો. ત્રણ દિવસ પછી હું તદ્દન બરાબર થઇ ગયો હતો. આ જોઇને બધાને આશ્ચર્ય થયેલું: આ ત્રણ દિવસ સુધી કેમ ઇનકાર કરતો હતો ? નહોતી એને કોઇ બિમારી કે નહોતી કોઇ સમસ્યા. ત્રણ દિવસ પછી એ તદ્દન સામાન્ય થઇ ગયો. તેમના માટે આ રહસ્ય જ રહ્યું. આ બાબતો વિશે હું વાત કરવા નથી ઇચ્છતો, કેમ કે તમને એ બધું ઉપજાવેલું લાગશે. અને તેને વૈજ્ઞાનિક રીતે પુરવાર કરવાનો મારી પાસે કોઇ રસ્તો નથી. હું તમને કોઇ માન્યતા આપવા નથી ઇચ્છતો માટે તમારા મગજમાં જે માન્યતા ઉભી કરે તેનો છેદ ઉડાવતા જાવ.

તમે મને ચાહો છો, મારામાં તમને વિશ્વાસ છે, આથી હું જે કહું તેમાં તમે વિશ્વાસ કરશો. પણ ફરી ફરીને હું ભારપૂર્વક કહું છું કે તમારા ખુદના અનુભવ પર આધારિત ન હોય તેને કેવળ માન્યતાની રીતે જ જુઓ. એને તમારી ખુંદની માન્યતા ન બનાવો. કયારેક હું ઉદાહરણ આપું તો તે જરૂરતને વશ થઇને આપું છું. કેમ કે લોકો કહે છે, તમે તમારા બાળપણમાં આટલા તીવ્ર અને હિંમતવાન શી રીતે બની શકયા ?

મેં કંઇ કર્યું નથી. હું તો મારા પૂર્વજીવનમાં જે કરતો હતો એ જ મેં ચાલુ રાખ્યું છે.

તમારામાં હિંમત આવશે

આટલા સાદા સૂત્રથી શરૂઆત કરો : કદી અપરિચીતને ચૂકશો નહીં.

સદાય અપરિચીતને પસંદ કરો અને વગર વિચાર્યે આગળ વધો. તમારે સહન કરવું પડે તો પણ વાંધો નથી, કેમ કે તેની કિંમત ચૂકવવી પડતી હોય છે. તમે સદાય તેમાંથી વધુ વિકસીત થઇને, વધુ પરિપકવ તેમજ વધુ બુધ્ધિમાન થઇને બહાર આવશો.



૬. નિર્ભયતાની ખોજમાં

ધ્યાનની પધ્ધતિઓ તેમજ પ્રશ્નોના પ્રતિભાવો.

દરેક જણ ડરે છે.–અને ડરવું જ જોઈએ. જીવન છે જ એવું કે ડરવું પડે. નિર્ભય બની જતા લોકો કંઈ બહાદુર બનીને નિર્ભય નથી બની જતા. બહાદુર માણસે તો પોતાના ડરનું દમન કરી રાખ્યું હોય છે. ખરેખર તે કંઈ નિર્ભય હોતો નથી. પોતાના ડરનો સ્વીકાર કરીને માણસ નિર્ભય બને છે. એમાં બહાદુરીનો સવાલ નથી હોતો. એમાં કેવળ જીવનનાં તથ્યોને નિહાળવાનું અને આ ડર અથવા ભય પ્રાકૃતિક છે એનું ભાન કરવાનું હોય છે. માણસ ડરનો સ્વીકાર કરે છે !

પ્રશ્ન: ડર અને અપરાધભાવ બંને એક જ વસ્તુ છે ?

ડર અને અપરાધભાવ એક બાબત નથી. સ્વીકાર કર્યો હોય એવો ડર અથવા ભય મુક્તિ બની જાય છે. જયારે જે ડરનો ઈન્કાર કરાયો હોય, નિંદા કરાઈ હોય એ બની જાય છે અપરાધ. ભયને તમે પરિસ્થિતિના ભાગરૂપે સ્વીકારી લો તો.....

તે પરિસ્થિતિનો જ ભાગ છે. મનુષ્ય પણ સાવ નાનકડો હિસ્સો છે. સમગ્ર તો ખૂબ વિશાળ છે. મનુષ્ય ટીપાં જેવો છે અને સમસ્ત છે સાગર જેવું વિશાળ. આથી ધ્રુજારી અનુભવાય છે. '' હું આમાં ખોવાઈ જઈશ, મારી ઓળખ લુપ્ત થઈ જશે'' મૃત્યુનો આ જ ડર છે. તમામ ડર મૃત્યુના જ ડર હોય છે. અને મૃત્યુનો ડર હોય છે વિનાશનો ડર.

મનુષ્ય ડરે છે, ધ્રુજે છે એ સ્વભાવિક છે. તમે તેને સ્વીકારી લો, તમે કહો કે જીવન આવું જ છે, તમે તેને સમગ્રપણે સ્વીકારી લો, તો ધ્રુજારી તરત અટકી જશે. અને જે શકિત ભય બની રહી હતી તે ઉકેલાઈને મુક્તિ બની જશે. પછી તમને ખબર પડશે કે ટીપું સાગરમાં અલોપ થઈ જાય છે, છતાં તે ત્યાં હોય છે જ. હકીકતમાં તે પોતે જ સાગર બની જશે. આમ થાય ત્યારે મૃત્યુ નિર્વાણ બની જાય છે. અને પછી તમને તમારી જાતને ગુમાવવાનો ડર લાગતો નથી. પછી તમે ઈસુની આ ઉક્તિ સમજી શકો છો : ''તમે તમારું જીવન બચાવી લેશો તો તેને ગુમાવશો અને

તેને ગુમાવશો તો બચાવી લેશો''

મૃત્યુની પેલે પાર જવાનો એક માત્ર રસ્તો છે મૃત્યુનો સ્વીકાર કરવો. પછી તે અદૃશ્ય થઈ જશે. નિર્ભય બનવાનો એક માત્ર માર્ગ છે ભયના સ્વીકારનો. આમ થાય પછી ઉર્જા મુક્ત થાય છે, મુક્તિ બને છે. પણ તમે તેની ટીકા કરશો, તેને દબાવી દેશો, તમે ડરો છો એ હકીકત છૂપાવશો, તમે તમારી જાતને સજ્જ કરીને રક્ષણ કરશો અને રક્ષણાત્મક અભિગમ અપનાવશો, તો અપરાધભાવનો ઉદય થશે.

દમન કરવામાં આવેલી કોઈ પણ બાબત અપરાધભાવ સર્જે છે, કોઈ પણ બાબતને મંજૂરી આપવામાં ન આવે તો તે અપરાધ સર્જે છે, પ્રકૃતિની વિરુધ્ધની કોઈપણ વસ્તુ અપરાધ સર્જે છે. આમ થયા પછી તમને અપરાધભાવ થાય છે કે તમે અન્યો સમક્ષ તેમજ તમારી જાત સમક્ષ જૂઠું બોલી રહયા છો. આવી અવિશ્વસનીયતા એ જ છે અપરાધ.

તમે પૂછો છો : 'ડર અને અપરાધભાવ બંને એક જ બાબત છે ?' ના ડર એ અપરાધભાવ હોઈ શકે, છતાં ન પણ હોઈ શકે. ભયથી તમે શું કરો છો તેની પર તેનો આધાર છે. તમે તેનાથી કંઈક ખોટું કરશો તો તે અપરાધ બની જશે. તમે તેનો સ્વીકાર કરશો અને તે અંગે કંઈ કરશો નહિ, તો તે બની જશે મુક્તિ, તે બની જશે નિર્ભયતા. ખરેખર તો ભય અંગે કંઈ કરવાપણું જ નહીં!

તમારી જાતને એમ ન કહો કે તમે કુરૂપ, ખોટા અને પાપી છો. ટીકા ન કરો, તમે જેવા છો એવા છો. અપરાધી ન બનો, અપરાધભાવ ન અનુભવો. કંઈક ખોટુ હોય તો પણ તમે ખોટા નથી. એમ બને કે તમે ખોટી રીતે વર્ત્યા હો, પણ તમારું હોવું કંઈ તેને કારણે ખોટું નથી બની જતું. કોઈક કાર્ય કદાચ ખોટું હોઈ શકે, પણ જીવન સદાય સાચું જ હોય છે.

પ્રશ્ન : *મારી જાત બાબતે મેં નોંધ્યું છે કે હું હંમેશા અન્યાંને ઠસાવવાનો પ્રયત્ન કરું છું કે હું મહત્વપૂર્ણ અને શક્તિશાળી છું. આ બાબતનાં કારણો પર મેં ધ્યાન ધર્યું અને મને લાગ્યું કે એ ડર છે.*

અહમ્ સદાય ભયમાંથી આવતો હોય છે. ખરેખરા નિર્ભય માણસને અહમ્ હોતો નથી. અહમ્ એક પ્રકારનું રક્ષણ, એક પ્રકારનું બખ્તર છે. ડરતા હોવાને કારણે તમે તમારી આસપાસ એવી છાપ ઉભી કરો છો કે તમે આવા છો અને તેવા છો, બરાબર ? આમ કરવાથી કોઈ તમને હાનિ કરવાની હિંમત ન કરી શકે. નહીંતર મૂળભૂત રીતે એ ભય છે. સારું છે કે તમે તેમાં સાચી રીતે, ઉંડે નજર નાંખી છે. તમે એક વાર મૂળભૂત કારણ જોઈ લો, પછી બધું સરળ બની જતું હોય છે. નહીંતર લોકો અહમ્ સાથે ઝઘડ્યા કરતા હોય છે. અહમ્ કંઈ અસલી સમસ્યા નથી. તમે લડી રહયા હો છો લક્ષણ સાથે, નહીં કે અસલી રોગ સાથે. અસલી બિમારી છે ભય. ભય સાથે લડ્યા કરવાથી તમે અસલી નિશાન ચૂકી જશો, કારણ કે અહમ્ તમારો સાચો દુશ્મન છે જ નહીં. એ તો બનાવટી છે.

તમે જીતશો તો પણ તમે કંઈ જીત્યા નહીં હો, તમે જીતી નહીં શકો. ખરેખર દુશ્મન હોય તેને પરાજિત કરી શકાય, જેનું અસ્તિત્વ જ નથી એવા ખોટા શત્રુને પરાજિત ન કરી શકાય. એ ભ્રામક હોય છે. તમને કોઈક ઘા થયો હોય અને તેને છુપાવવા તમે તેના પર કોઈક ઘરેણું મૂકી દો, એના જેવી આ વાત છે.

એક વખત હું એક ફિલ્મસ્ટારના નિવાસે ઉતરેલો. તેણે ઘણા બધા લોકોને પોતાને ત્યાં આવીને મને મળવા માટે બોલાવેલા. એક ફિલ્મ અભિનેત્રી પણ આવેલી. તેણે મોટા પટ્ટાવાળું સુંદર ઘડિયાળ પહેરેલું. તેની બાજુમાં બેઠેલા કોઈકે પેલા ઘડિયાળ વિશે પૂછવાનું શરૂ કર્યું એટલે પેલી અભિનેત્રી ચિંતિત થઈ ગઈ. હું આ બધું જોઈ રહયો હતો. પેલો માણસ ઘડિયાળ જોવા માંગતો હતો. અને અભિનેત્રીની તે ઉતારવાની ઈચ્છા નહોતી. પણ પેલો માણસ મંડયો રહયો એટલે આખરે અભિનેત્રીએ તે ઉતારવું પડયું. ત્યારે મને ખ્યાલ આવ્યો કે તકલીફ શી હતી. અભિનેત્રીના કાંડા પર રકતપિત્તનો મોટો સફેદ ડાઘ હતો. સુંદર ઘડિયાળના એ પટ્ટા નીચે તેણે એ ડાઘને છુપાવી રાખેલો. હવે તે ખુલ્લી પડી ગઈ એટલે તેને પરસેવો વળી ગયો અને તે ખૂબ ગભરાઈ ગઈ.

અહમ્‌નું પણ આવું જ હોય છે. ડર હોય છે ખરો, પણ કોઈ તે દર્શાવવા નથી માંગતુ. કેમ કે તમે દેખાડશો કે તમે ડરી રહયા છો તો લોકો તમને વધુ ને વધુ ડરાવશે. એક વાર તેમને ખબર પડશે કે તમે ભયભીત છો,-તો દરેક જણ ડરાવવાનો પૂરો પ્રયત્ન કરશે. તમને પરેશાન કરવામાં તેઓ આનંદ અનુભવશે કે પોતાના કરતાંય નબળી કોઈ વ્યક્તિ છે ખરી. લોકોને એ વ્યક્તિને ફટકારવામાં, ઉછાળવામાં આનંદ આવતો હોય છે....

આથી દરેક ભયભીત માણસ પોતાના ભયની આસપાસ ઉંડે ઉંડે અહમ્‌નું સર્જન કરે છે અને અહમ્‌ના ફુગ્ગામાં વધુ ને વધુ હવા ભર્યા કરે છે. આ ફુગ્ગો ફૂલીને અતિશય મોટો થઈ જાય છે. એડોલ્ફ હિટલર, યુગાન્ડાના ઈદી અમીન જેવા લોકો ફૂલાઈ જાય છે. પછી તેઓ અન્યોને ડરાવવા માંડે છે. અન્યોને ડરાવવાનો પ્રયત્ન કરનાર કોઈ પણ માણસ સારી પેઠે જાણે છે કે તે પોતે અંદરથી ડરી રહયો છે. નહીંતર શા માટે તે અન્યોને ડરાવે ? એનો શો મતલબ ? પોતે ન ડરતો હોય તો બીજાને ડરાવવાની કોને પડી છે ?

ભયથી ભરપૂર લોકો અન્યોને ડરાવે છે, જેથી તેઓ પોતે સુખેથી રહી શકે. તેમને સારી રીતે જાણ છે કે તમે તેમને અડકી પણ શકવાના નથી, તેમની સરહદમાં તમે પગપેસારો કરવાના નથી.

તમે તો સારા દેખાવ છો, તમારી સાથે આમ જ બન્યું છે. માટે અહમ્ સાથે ન લડો. એને બદલે, ભયને નિહાળો અને તેનો સ્વીકાર કરવા પ્રયત્ન કરો. એ પ્રાકૃતિક છે, જીવનનો જ ભાગ છે. તેને છુપાવવાની કોઈ જરૂર નથી, તેમ તેનો દંભ કરવાની પણ જરૂર નથી. ભય હોય છે જ – તમામ મનુષ્યો ભયથી ભરપૂર હોય છે. તે માનવજાતનો જ હિસ્સો છે. તેનો સ્વીકાર કરો. જે ક્ષણે તમે

તેનો સ્વીકાર કરશો કે અહમ્ અદશ્ય થઈ જશે. કારણ કે પછી અહમ્‌ના ત્યાં હોવાનું કંઈ મહત્વ જ નથી. અહમ્ સાથે લડવાથી કંઈ થશે નહિ. એના કરતાં ભયનો સ્વીકાર કરવાથી તરત ફરક પડશે. તમને ત્યારે ખ્યાલ આવશે કે આ વિરાટ બ્રહ્માંડમાં આપણે કેટલા તુચ્છ છીએ. પછી ન ડરવાનું શી રીતે શકય બને ? આપણે ગમે તે ઘડીએ મટી જઈ શકીએ એમ છીએ. કંઈક નાનકડી વાત ખોટી રીતે થાય તો પણ આપણે મટી જઈ શકીએ. આથી ન ડરવાનું શી રીતે શકય બની શકે ? તમે સ્વીકારશો એટલે ક્રમશઃ ભય અદશ્ય થઈ જશે, કારણ કે પછી તે અપ્રસ્તુત બની જાય છે. તમે તેને સ્વીકારો છો, તમે તેને સ્વીકૃત ગણી લીધો છે, તેથી આમ થાય છે.

આથી તેને છૂપાવવા માટે કંઈ પેદા ન કરો. તમે તેની સામે કંઈ પેદા ન કરો તો તે ઓસરી જાય છે. હું એમ નથી કહેતો કે ડર નહીં રહે. હું એમ કહું છું કે તમને ડર નહીં લાગે. ડર કે ભય તો હશે જ, પણ તમને તે નહીં લાગે. સમજ્યા મારી વાત ? ડરવાનો અર્થ છે કે તમે ડરની ખિલાફ છો. તમે ઈચ્છતા નથી કે તે હોય, છતાં તેની હાજરી છે.

પણ તમે તેનો સ્વીકાર કરી લો... જેમ વૃક્ષો લીલાં હોય છે, એમ માનવજાત પણ ડરથી ભરપૂર છે. તો કરવું શું ? વૃક્ષો કંઈ પોતાનું હરિયાળાપણું છુપાવતાં નથી. પ્રત્યેક જણ મરણશીલ હોય છે. આનો સ્વીકાર કરો.

પ્રશ્ન : ***જયારે હું મારી જાત સાથે હોઉં છું ત્યારે મને લાગે છે કે અમુક રીતે હું જતું કરી શકું એમ છું, તેમજ લોકોને ચાહી શકું છું, પણ જેવો હું તેમની સાથે હોઉં ત્યારે એ વૃત્તિ પર પડદો પડી જાય છે.***

વાસ્તવિક લોકોને પ્રેમ કરવો મુશ્કેલ છે, કેમ કે વાસ્તવિક માણસ તમારી અપેક્ષાઓ પૂરી કરવાનો નથી. એમ કરવાનું તેનું વલણ જ નથી હોતું. તે અન્ય કોઈની અપેક્ષાઓ સંતોષવા માટે આવેલો નથી, તેને તેનું પોતાનું જીવન જીવવાનું હોયછે. તે જયારે પણ તમારી સંવેદના, લાગણીઓ કે તમારા અસ્તિત્વને અનૂકુળ ન હોય એ રીતે વર્તે તો મુશ્કેલી સર્જાય છે.

પ્રેમ વિશે વિચારવું બહુ સરળ છે. પણ પ્રેમ કરવો મુશ્કેલ છે. સમગ્ર વિશ્વને ચાહવું બહુ સરળ છે. ખરી તકલીફ કોઈ એક વ્યકિતને પ્રેમ કરવાની છે. ઈશ્વર કે માનવજાતને પ્રેમ કરવો બહુ સરળ છે. કોઈ અસલી માણસને તમે મળો ત્યારે જ અસલી સમસ્યા સર્જાય છે. તેને મળવું એટલે બહુ મોટા પરિવર્તન અને પડકારમાંથી પસાર થવું.

એ કંઈ તમારો ગુલામ બની રહેવાનો નથી કે નથી તમે તેના ગુલામ બની રહેવાના. અહીં જ સમસ્યાની શરૂઆત થાય છે. તમે તેના અથવા તે તમારો ગુલામ બની રહેવાના હો તો કોઈ મુશ્કેલી છે જ નહીં. તકલીફ એ કારણે થાય છે કે કોઈ ગુલામ બનવાનું નથી. કોઈ ગુલામ બની શકે પણ નહીં. દરેક જણ મુકત હોય છે. જીવન આખું મુકિતથી બનેલું છે. મનુષ્ય એટલે જ મુકિત.

માટે યાદ રાખો કે સમસ્યા અસલી છે, તેને અંગત રીતે તમારી સાથે કશી લેવાદેવા નથી. સમસ્યા છે પ્રેમની સમગ્ર ઘટનાની. તેને અંગત સમસ્યા ન બનાવી દો, નહીંતર તમે મુશ્કેલીમાં મૂકાઈ જશો. વત્તે ઓછે અંશે દરેકને આ જ સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. પ્રેમમાં મુશ્કેલી ન પડી હોય એવા એકં પણ માણસને હું હજી સુધી મળ્યો નથી. સમસ્યા પ્રેમની, પ્રેમના વિશ્વની છે.

સંબંધો તમને એવી પરિસ્થિતિમાં મૂકે છે કે સમસ્યાઓ ઉદ્દભવે છે અને આ પરિસ્થિતિમાંથી પસાર થવું સારું હોય છે. પૂર્વના લોકો તેમાં મુશ્કેલી પામીને છટકી જાય છે. તેમણે પોતાના પ્રેમનોં ઈન્કાર કરવા માંડયો છે. તેઓ પ્રેમવિહિન બની ગયા છે અને તેને તેઓ નિર્લેપભાવ કહે છે. ક્રમશઃ તેઓ મૃતઃપ્રાય બની ગયા છે. પૂર્વના દેશોમાંથી પ્રેમ લગભગ અદશ્ય થઈ ગયો છે અને કેવળ ધ્યાન રહી ગયું છે.

ધ્યાન એટલે તમારા એકાંતમાં પણ તમે સારું મહેસૂસ કરી રહયા હો તે. ધ્યાન એટલે તમે કેવળ તમારી જાત સાથે જ સંબંધ ધરાવો છો. તમારું વર્તુળ તમારામાં જ સમાપ્ત થઈ જાય છે, તેની બહાર તમે જતા નથી. અલબત્ત, તેમ કરવાથી તમારી નવ્વાણુ ટકા સમસ્યાઓ ઉકલી જાય છે, પણ બહુ ભારે કિંમતે. તમને હવે તકલીફ ઓછી પડશે. પૂર્વના માણસો ઓછા તાણયુકત, ઓછા ચિંતાતુર અને આંખો મીંચીને પોતાની જ ગુફામાં, રક્ષિત અવસ્થામાં હોય છે. પોતાની શકિતને તે પ્રવૃત્ત કરતો નથી. પોતાના અસ્તિત્વમાં તે શકિતના નાનકડા અંશને પ્રવૃત્ત કરે છે અને તે સુખી હોય છે. પણ તેનું સુખ કંઈક અંશે મૃત હોય છે. તેની ખુશી ઉલ્લાસસભર હોતી નથી, આનંદમય નથી હોતી.

બહુ બહુ તો એમ કહી શકાય કે એ દુઃખ નથી. બીજી રીતે એમ કહીએ કે તમે સ્વસ્થ છો, કારણ કે તમે બિમાર નથી. પણ સ્વસ્થ હોવું એ તંદુરસ્તી નથી. તંદુરસ્તીમાં કંઈક હકારાત્મક હોવું જોઈએ, તેની પોતાની ચમક હોવી જોઈએ. કેવળ રોગની અનુપસ્થિતિ ન ચાલે. એ રીતે જોઈએ તો શબ પણ તંદુરસ્ત છે, કારણ કે તેને કશી બિમારી નથી.

માટે પૂર્વમાં આપણે પ્રેમ વિના રહેવાનો, દુનિયાને ત્યાગવાનો પ્રયત્ન કર્યો છે. એનો અર્થ છે પ્રેમનો, સ્ત્રીનો અને પ્રેમ ખીલી શકે એવી તમામ સંભાવનાઓનો ત્યાગ કરવો. જૈન સાધુઓ, હિન્દુ સાધુઓ કે બૌધ્ધ સાધુઓને એકલા હોય ત્યારે સ્ત્રીઓ સાથે વાત કરવાની, તેમનો સ્પર્શ કરવાની કે તેમની રૂ-બ-રૂ થવાની પણ મનાઈ હોય છે. સ્ત્રીઓ તેમને કંઈક પૂછવા આવે તો આ સાધુઓએ આંખ ઢાળેલી રાખવી પડે છે. તેમણે પોતાના નાકના ટેરવા તરફ તાકી રહેવું પડે છે, જેથી ભૂલેચૂકેય તેઓ સ્ત્રીને જોઈ ન શકે. કોને ખબર, તારામૈત્રક રચાઈ ગયું તો.... પ્રેમના હાથમાં કોઈ પણ વ્યકિત લાચાર હોય છે.

આ સાધુઓ લોકોના ઘરોમાં રહેતા નથી તેમજ એક સ્થળે લાંબો સમય રહેતા નથી કારણ કે તેમ કરવાથી પ્રેમ બંધન સંભવી શકે છે. આથી તેઓ ફરતા રહે છે, ભ્રમણ કરતા રહે છે અને તમામ

પ્રકારના સંબંધોને ટાળતા રહે છે. તેમનામાં જડતાના અમુક ગુણો આવી જાય છે. તેઓ ખલેલરહિત, વિશ્વની બાબતથી ચલિત ન થનારા લોકો છે, પણ તેઓ સુખી કે ઉત્સવપ્રિય નથી હોતા.

પશ્ચિમમાં તેનાથી તદ્દન વિપરીત થયું છે. લોકોએ પ્રેમ થકી સુખ પામવાનો પ્રયત્ન કર્યો છે અને તેમણે ખાસ્સી તકલીફ ઉભી કરી છે. તેમણે પોતાની જાત સાથેનો સંપર્ક ગુમાવી દીધો છે.પોતાની જાતથી તેઓ એટલા દૂર ચાલી ગયા છે કે ત્યાંથી પાછા શી રીતે વળવું એ તેમને ખબર નથી. તેમને ખબર નથી કે તેમનો માર્ગ કયાં છે, પોતાનું ઘર કયાં છે. આથી તેઓ અર્થહીનતા, ઘરવિહીનતા અનુભવે છે. આથી તેઓ આ સ્ત્રી સાથે, પેલા પુરુષ સાથે- સજાતીય, વિજાતીય, સ્વજાતીય એવા તમામ પ્રકારના પ્રેમ સંબંધો માટેના પ્રયત્નો કરે છે. દરેક માર્ગે તેઓ પ્રયત્ન કરે છે અને ફરી એકવાર ખાલીપો અનુભવે છે. કારણ કે કેવળ પ્રેમ તમને સુખ આપી શકે, પણ તેમાં શાંતિ નહીં હોય. સુખ હોય અને શાંતિ ન હોય ત્યાં ફરી એક વાર કંઇક ખૂટતું જણાય છે.

તમે શાંતિ વિના સુખી હો ત્યારે તમારું સુખ ઉન્માદ જેવું, તાવ જેવું હોય છે. ઝાઝી ધમાલ, થોડા માટે. આવી ઉન્માદમય અવસ્થા તમારામાં તાણ પેદા કરશે અને તેમાંથી કંઇ નીપજશે નહીં. તમે દોડયા કરશો, પાછળ પડયા કરશો. એક દિવસ ખબર પડશે કે આખી કવાયત પાયાવિહીન હતી, કારણ કે તમે અન્યને પામવાનો પ્રયત્ન કરતા રહ્યા હતા અને હજી તમે તમારી જાતને પણ પામી શકયા નથી.

માટે બંને રસ્તા નિષ્ફળ ગયા છે. પૂર્વના લોકો નિષ્ફળ ગયા છે. કારણ કે તેમણે પ્રેમ વિના ધ્યાન કરવાનો પ્રયત્ન કર્યો છે. પશ્ચિમના લોકો નિષ્ફળ ગયા છે કારણ કે તેમણે ધ્યાન વિના પ્રેમ કરવાનો પ્રયત્ન કર્યો છે. મારો સમગ્ર પ્રયાસ તમને સમગ્ર આપવાનો છે- જેનો મતલબ છે ધ્યાન વત્તા પ્રેમ. એકલા તેમ જ અન્યો સાથે પણ માણસે સુખી રહેવું જોઇએ. અંદરથી તેમજ સંબંધોમાં પણ માણસે સુખી રહેવું જોઇએ. દરેકે અંદર તેમજ બહાર પણ સુંદર મકાન બનાવવું જોઇએ. તમારા ઘરની ચોફેર સુંદર બગીચો પણ હોવો જોઇએ તેમજ તમારો શયનખંડ પણ સુંદર હોવો જોઇએ. બગીચો કંઇ શયનખંડનો વિરોધી નથી, કે નથી શયનખંડ બગીચાનો વિરોધી.

આથી ધ્યાન એક આંતરિક છત્ર, આંતરિક તીર્થ હોવું જોઇએ. જ્યારે પણ તમને લાગે હવે બહારની દુનિયામાં બહુ થયું, ત્યારે તમે એ તીર્થમાં સરકી જઇ શકો. તમારા આંતરિક અસ્તિત્વમાં તમે સ્નાન કરી શકો. તમે તમારી જાતને નવયુવાન બનાવી શકો. પણ તમે લોકોને ચાહવા તેમજ સમસ્યાઓનો સામનો કરવા માટે સક્ષમ હોવા જોઇએ, કારણ કે જે શાંતિ સાવ નમાલી હોય અને સમસ્યાનો સામનો ન કરી શકે એમ હોય તો એ શાંતિ નથી, તેનો કંઇ મતલબ નથી.

સમસ્યાઓનો સામનો કરી શકે અને શાંત રહી શકે એવી શાંતિ ઇચ્છનીય છે.

આથી મારે તમને આ બે બાબતો કહેવાની છે. પહેલું તો એ કે ધ્યાન ધરવાનું શરૂ કરી દો, કારણ

કે તમારા અસ્તિત્વના નિકટતમ કેન્દ્ર પરથી જ પ્રારંભ કરવો સદાય સારી બાબત હોય છે, ખાસ કરીને ધ્યાનનો. પણ તેને વળગી ન રહેશો. ધ્યાન આગળ વધવું જોઇએ. તેના પર ફૂલો બેસવા જોઇએ, તે ખીલવું જોઇએ અને પ્રેમ બનવું જોઇએ.

ચિંતા ન કરશો, એને સમસ્યા ન બનાવશો. એ સમસ્યા છે જ નહીં. એ માનવીય છે, પ્રાકૃતિક છે. દરેક જણ ડરે છે. અને ડરવું જ જોઇએ. જીવન જ એવું છે કે ડરવું પડે. જીવન છે જ એવું કે ડરવું પડે. નિર્ભય બની જતા લોકો કંઈ બહાદુર બનીને નિર્ભય નથી બની જતા. બહાદુર માણસે તો પોતાના ડરનું દમન કરી રાખ્યું હોય છે. ખરેખર તે કંઈ નિર્ભય નથી હોતો, પોતાના ડરનો સ્વીકાર કરીને માણસ નિર્ભય બને છે. એમાં બહાદુરીનો સવાલ નથી હોતો. એમાં કેવળ જીવનનાં તથ્યોને નિહાળવાનું તેમજ આ ડર અથવા ભય પ્રાકૃતિક છે, એનું ભાન કરવાનું હોય છે. માણસ ડરનો સ્વીકાર કરે છે !

તમે તેનો ઈનકાર કરો ત્યારે સમસ્યા ઉભી થાય છે. તમને અત્યંત અહમ્‌વાદી આદર્શો શીખવવામાં આવ્યા છે કે : ''બહાદુર બનો.'' કેવું વાહિયાત ! તદ્દન મૂર્ખામીભર્યું ! કોઈ બુધ્ધિશાળી માણસ ડરને શી રીતે ટાળી શકે ? તમે મૂર્ખ હશો તો તમને કોઈ ડર નહીં હોય. એમ હશે તો બસ ડ્રાઈવર બસનું ભૂંગળું વગાડ્યે રાખશે અને તમે નિર્ભીક બનીને રોડની વચ્ચોવચ ઉભા હશો. અથવા તો આખલો તમારી તરફ ધસી આવશે અને તમે નિર્ભીક બનીને ઉભા રહેશો. પણ તમે મૂર્ખ છો ! બુધ્ધિમાન વ્યક્તિ રસ્તા પરથી કૂદીને હટી જશે.

તમે ડરથી બંધાઇ જશો અને બધે જ તમને ડર દેખાશે તો મુશ્કેલી છે. રસ્તા પર કોઈ હોય નહીં અને છતાં ડરીને તમે દોડવા લાગો તો તકલીફ છે. બાકી ભય તો પ્રાકૃતિક છે.

આથી હું જયારે તમને ભયથી મુક્ત થવાનું કહું એનો મતલબ એવો હરગીજ નથી કે જીવનમાં ભય નહીં રહે. તમને ભાન થશે કે તમારા નેવુ ટકા ભય કાલ્પનિક છે. દસ ટકા ભય સાચા છે અને તેને સ્વીકારવા રહયા. હું લોકોને બહાદુર નથી બનાવતો. હું તેમને વધુ જવાબદાર, સંવેદનશીલ, સભાન બનાવું છું અને તેમની સભાનતા પૂરતી છે. તેમને ખ્યાલ આવે છે કે પોતાના ભયનો તેઓ પગથિયાં તરીકે ઉપયોગ કરી શકે છે.માટે ચિંતિત ન થાવ, સમજ્યા ?

પ્રશ્ન : *હજી પણ મારી જાતને છતી કરતાં હું શા માટે ભડકું છું ?*

કોણ નથી ભડકતું ? પોતાની જાતને છતી કરવાથી ભય પેદા થાય છે. તે પ્રાકૃતિક છે,કારણ કે જાતને છતી કરવાનો મતલબ છે તમારા દિમાગમાં જે ગંદકી છે તેને છતી કરવી. જન્મોથી, સૈકાઓથી તમારા મગજમાં ખડકાયેલા કચરાને છતો કરવો. જાતને ખુલ્લી કરવી એટલે પોતાની મર્યાદાઓ, નબળાઈઓ, ખરાબીઓને ખુલ્લી કરવી. જાતને ખુલ્લી કરવી એટલે છેવટે પોતાની ભેદ્યતાને ખુલ્લી કરવી.. જાતને ખુલ્લી કરવી એટલે પોતાનું ખાલીપણું ખુલ્લુ કરવું.

મગજના આ તમામ કચરા અને ઘોંઘાટની પાછળ, તદ્દન ખાલીપણાનું પરિણામ હોય છે. ઈશ્વર વિના વ્યક્તિ પોકળ છે, ઈશ્વર વિના વ્યક્તિ તદ્દન ખાલી છે, તે કંઈ છે જ નહીં. વ્યક્તિ પોતાની આ નગ્નતા, આ ખાલીપણું, આ કુરૂપતા છુપાવવા ઈચ્છે છે. સુંદર ફૂલોથી, આવરણોથી તેને શણગારવામાં આવે છે. વ્યક્તિ પોતે ડોળ કરે છે કે પોતે કંઈક છે. આ કંઈ તમારી અંગત, એકલાની વાત નથી. આ વાત સાર્વત્રિક છે. દરેકને આવું થાય છે.

કોઇ પોતાની જાતને પુસ્તકની જેમ ખોલી શકે નહીં. તમને ડર ઘેરી વળશેઃ ''લોકો મારા વિશે શું ધારશે?'' બચપણથી જ તમને સુંદર મહોરાં પહેરવાનું શીખવવામાં આવે છે. સુંદર ચહેરાની કોઇ જરૂર નથી, ફક્ત સુંદર મહોરું પૂરતું છે. મહોરું સસ્તું છે. તમારા ચહેરાનું રૂપાંતરણ કરવું મુશ્કેલ છે, પણ ચહેરાને ચીતરવો બહુ સરળ છે.

તમારા ચહેરાને ઓચિંતો ઉઘાડો કરવાથી તમારા અસ્તિત્વમાં ઊંડે ઊંડે ધ્રૂજારી થશે. તમને થશેઃ લોકોને આ ગમશે? લોકો તેને સ્વીકારશે? હજીય લોકો મને ચાહશે, માનપાન આપશે? કોને ખબર? કારણ કે લોકોએ તમારા ચહેરાને ચાહ્યું છે, તમારા ચરિત્રને તેમણે માન આપ્યું છે, તમારા આભૂષણોની તેમણે સ્તુતિ કરી છે. હવે ડર લાગે છે કે : ''અચાનક હું નગ્ન બની જાઉં, તો પણ તેઓ મને ચાહશે, માન આપશે, કદર કરશે કે પછી તેઓ મારાથી ડરી ભાગી જશે? કદાચ તેઓ પીઠ ફેરવી લે અને હું એકલો પડી જાઉં.''

આથી લોકો દંભ કર્યે જાય છે. ભયને કારણે દંભ, કૃત્રિમતા ઉદ્ભવે છે. અસલી બનવા માટે વ્યક્તિએ નિર્ભય બનવાની જરૂર છે.

જીવનના મૂળભૂત નિયમોમાંનો એક આ છેઃ તમે જે કંઇ છુપાવો તે વધ્યે જાય છે. અને તમે જે છતું કરો તે જો ખોટું હોય તો અદશ્ય થઇ જાય છે, સૂરજની ગરમીથી તેનું બાષ્પીભવન થઇ જાય છે, અને જો તે સાચું હોય તો તેને પોષણ મળે છે. કંઇક છુપાવતાં આનાથી તદ્દન વિપરીત બને છે. સાચી વસ્તુ મરવા માંડે છે, કારણ કે તેને પોષણ મળતું નથી, તેને હવા, વરસાદ અને સૂર્યપ્રકાશ જોઇએ છે. તેને પ્રકૃતિનાં તમામ તત્વોની જરૂર હોય છે. તે સત્યની સાથે જ વિકસી શકે. સત્ય પર જ તે નભે છે. તેને તેનું પોષણ આપવાનું બંધ કરો અને તે નબળું ને નબળું થતું જશે. લોકો વાસ્તવિકતાને નબળી પાડીને ભૂખે મારે છે અને અવાસ્તવિકતાને તગડી કર્યે જાય છે.

તમારા અવાસ્તવિક ચહેરા જૂઠાણા પર નભે છે, તેથી તમારે વધુને વધુ જૂઠાણાં શોધતા રહેવું પડશે. એક જૂઠાણાંને ટકાવવા માટે તમારે બીજાં સો જૂઠાણાં ચલાવવા પડશે, કારણ કે એક જૂઠને તેનાથી વધુ મોટું જૂઠ જ ટકાવી શકે. આથી તમે વાસ્તવિકતાને ભ્રમ પાછળ સંતાડો ત્યારે તે મૃત્યુ પામવા માંડે છે અને અવાસ્તવિકતા વૃધ્ધિ પામે છે, તે વધુને વધુ તગડી બને છે. તમે તમારી જાતને ખુલ્લી કરશો તો અવાસ્તવિકતાનું મૃત્યુ થશે. તે કેવળ ગુપ્તતામાં,

અંધકારમાં, તમારી અભાનતાના બોગદાઓમાં જ રહી શકે. તમે તેને શુધ્ધિમાં લાવશો તો તેનું બાષ્પીભવન થવા લાગશે.

માનસપૃથક્કરણની સફળતાનું આ જ તો રહસ્ય છે. બહુ સાદું છતાં આ રહસ્ય સમગ્ર છે. તમારા અભાન મનમાં, તમારા અસ્તિત્વના અંધારા પ્રદેશમાં જે કંઇ છૂપાયેલુ છે તેને સભાન મનમાં લાવવામાં મનોચિકિત્સક મદદરૂપ થાય છે. એ તેને એવી સપાટી પર લાવે છે, જ્યાં તમે તેને જોઇ શકો, અન્યો તેને જોઇ શકે. અને પછી ચમત્કાર થાય છેઃ તમારા જોવા માત્રથી જ તેના મૃત્યુનો આરંભ થાય છે. તમે તેને કોઇની સાથે સાંકળી શકો, એક વ્યક્તિ આગળ પણ તે ખુલ્લી કરો તો તમારા જીવનમાં તે મોટાં પરિવર્તન લાવે છે. માનસપૃથક્કરણમાં તમે તમારી જાતને મનોચિકિત્સક સમક્ષ ખુલ્લી કરતા હો છો. પણ મનોચિકિત્સક સમક્ષ ખુલ્લા થવું મર્યાદિત હોય છે. અત્યંત ખાનગીપણે તમે કેવળ એક વ્યક્તિ સમક્ષ જાતને ખુલ્લી કરી છે અને એ શરતે કે તે તેને જાહેર નહીં કરે. મનોચિકિત્સક,ડોકટર કે ચિકિત્સકના વ્યવસાયનો,તેના સોગંદનામાનો જ આ હિસ્સો હોય છે કે તેને જે કહેવામાં આવે છે તે કોઈને કહેશે નહીં અને ગુપ્ત રાખશે. આથી બહુ મર્યાદિતપણે તમે ખુલ્લા પડો છો, છતાં તે મદદરૂપ થાય છે. આ તો એક વ્યવસાયિક પ્રકારે ખુલવાપણું છે. છતાં તે મદદરૂપ થાય છે. આમાં વરસો લાગે છે. આથી જ દિવસોમાં જે કરી શકાય તેને થતાં માનસપૃથક્કરણમાં વરસો લાગે છે. ચાર, પાંચ વરસ લાગી જાય છતાં માનસપૃથક્કરણ સંપૂર્ણ થતું નથી. હજી સુધી માનસપૃથક્કરણનો કોઈ કેસ સંપૂર્ણ થયો હોય, તેની પ્રક્રિયા સમાપ્ત થઈ હોય, એવો વિશ્વમાં કોઈ પણ કિસ્સો બન્યો નથી. તમારા મનોચિકિત્સકોનું પણ સંપૂર્ણ પણે માનસપૃથક્કરણ થયેલું હોતું નથી. કારણ કે આ રીતે ખૂલવું અત્યંત મર્યાદિત પ્રમાણમાં અને શરતી હોય છે. મનોચિકિત્સક તમને એ રીતે સાંભળે છે કે જાણે એ કંઈ સાંભળતો જ નથી. કેમ કે તે કોઈને આ કહેવાનો નથી. આમ છતાં તે મદદરૂપ થાય છે, હળવા થવામાં તે જબરદસ્ત સહાયરૂપ થાય છે.

તમે તમારી જાતને બિલકુલ નિષ્ઠાપૂર્વક ખુલ્લી કરો- ખાનગીમાં નહીં, કોઈ ડૉકટર સમક્ષ નહીં, પણ તમારા તમામ સંબંધોમાં આમ કરો. સંન્યાસમાં આવું જ હોય છે. તે સ્વમાનસપૃથક્કરણ છે. તે ચોવીસે કલાકનું માનસપૃથક્કરણ છે. તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં માનસપૃથક્કરણ હોય છે. પત્ની સાથે, મિત્ર સાથે, સગા સાથે, અજાણ્યા સાથે, બૉસ સાથે કે નોકર સાથે. ચોવીસે કલાક તમે સંબંધિત હો છો.

તમે તમારી જાતને ખુલ્લી કરતા રહેશો, તો પ્રારંભે એ બહુ જ ભયાવહ બની રહેશે, પણ બહુ જલ્દી તમે શક્તિ પ્રાપ્ત કરવા માંડશો. કારણ કે સત્ય એક વાર છતું થાય એટલે તે મજબૂત બને છે અને અસત્ય મૃત્યુ પામે છે. સત્ય મજબૂત બને એટલે તમે પણ મૂળગામી, કેન્દ્રગામી બનો છો. તમે આગવી વ્યક્તિ બનો છો, તમારું વ્યકિતપણું અદશ્ય થાય છે અને આગવાપણું દેખા દે છે.

વ્યક્તિત્વ નકામું છે, પણ આગવાપણું વાસ્તવિક છે. વ્યક્તિત્વ ભ્રામક છે, આગવાપણું તમારું સત્ય છે. વ્યક્તિત્વ બહારથી લાદવામાં આવે છે, એ મહોરું છે. આગવાપણું તમારી વાસ્તવિકતા છે - ઈશ્વરે તમને જે સ્વરૂપે ઘડયા હતા એ જ અસલી સ્વરૂપ છે. વ્યક્તિત્વ એ સામાજિક સંસ્કારિતા છે. જયારે આગવાપણું સાવ અણઘડ, ઉદ્દામ, મજબૂત અને જબરદસ્ત શકિતશાળી હોય છે.

પણ ભય પ્રાકૃતિક છે, કારણ કે બાળપણથી તમને ખોટું શીખવવામાં આવ્યું છે, અને તમે ખોટાથી એ હદે ટેવાઈ ગયા છો કે તેને પડતું મૂકવું તમને આત્મઘાત કરવા જેવું જણાય છે. ઓળખ ઉભી કરવાની કટોકટી સર્જાય તેને કારણે ભય પેદા થાય છે.

પચાસ, સાઠ વર્ષો સુધી તમે અમુક પ્રકારની વ્યક્તિ બની રહયા હતા. પ્રશ્નકર્તા સાઠે પહોંચ્યા જ હશે - સાઠ વર્ષથી તમે અમુક પ્રકારની વ્યક્તિ બની રહયા છો. હવે જીવનની આ આખરી અવસ્થામાં એ ઓળખને પડતી મૂકીને તમારી જાત વિશે નવેસરથી શીખવાની વાત ડરામણી લાગે છે. મૃત્યુ પ્રતિદિન નજીક આવી રહયું છે. શું આ કંઈ સમય છે નવું શીખવાનો ? તમે તે પૂરું કરી શકશો કે નહીં એ કોને ખબર ? કોણ જાણે ? તમે કદાચ જૂની ઓળખ ગુમાવી દો અને નવી ઓળખ પ્રાપ્ત કરવાનો સમય, શકિત કે હિંમત ન રહે તો? શું તમે કોઇ ઓળખ વિના મૃત્યુ પામશો? ઓળખ વિના જીવવું એક જાતનું ગાંડપણ છે, તમારું હૃદય ડૂબે છે, સંકોચાય છે. વ્યક્તિ વિચારે છે, ''થોડા વધુ દિવસ ખેંચી કાઢવામાં કંઈ વાંધો નથી. માટે એ જ પુરાણી, પરિચીત, સલામત અને અનૂકુળ ઓળખ સાથે જીવવું બહેતર છે.'' તમે તેમાં કુશળ બની ચૂકયા હો છો. તે એક જબરદસ્ત રોકાણ બની ગયું હોય છે. જીવનના સાઠ વરસો તમે એમાં રહયા છો. કેમેય કરીને તમે પોતે કોણ છો તેનો ખ્યાલ વિકસાવ્યો છે અને હવે હું તમને એ વિચાર પડતો મૂકવાનું કહી રહયો છું કે તમે એ છો નહીં.

તમારી જાતને જાણવા માટે કશા ખ્યાલની જરૂર નથી. ખરેખર તો, તમામ ખ્યાલો પડતા મૂકવા જોઈએ, તો જ તમે જાણી શકશો કે તમે કોણ છો.

ભય પ્રાકૃતિક છે. તેની ટીકા ન કરો. તે ખોટો છે એમ ન માનો. તે તો આ સમગ્ર સામજિક ઉછેરના ભાગરૂપ છે. આપણે તેને સ્વીકારવો રહયો અને તેની પેલે પાર જવું રહયું. તેની ટીકા કર્યા વિના આપણે તેની પેલે પાર જવું રહયું.

ધીમે ધીમે ખુલ્લા થાવ, આપણાથી કાબૂ ન રહી શકે એવા કૂદકા મારવાની જરૂર નથી. ધીમે ધીમે, તબક્કાવાર આગળ વધો, પણ બહુ જલ્દી તમે સત્યનો સ્વાદ જાણી જશો અને તમને આશ્ચર્ય થશે કે આગલા સાઠ વરસો સાવ નકામાં હતા. તમારી જૂની ઓળખ લુપ્ત થઈ જશે. તમે તદ્દન નવી ઓળખ પ્રાપ્ત કરશો. તે હકીકતમાં કોઈ ઓળખ નહી, પણ એક નવું દર્શન હશે, વસ્તુઓ જોવાનો

નવિન તરીકો હશે, એક નવો દૃષ્ટિકોણ હશે. તમે 'હું'ની પાછળ કશું લગાડીને કહી નહીં શકો. તમે એ શબ્દ એટલા માટે વાપરશો કે તે જરૂરી છે, પણ પ્રત્યેક સમયે તમને ખ્યાલ રહેશે કે તેનો કોઈ અર્થ નથી યા તેમાં કંઈ સત્વ નથી. 'હું'ની પછવાડે અનંત, અફાટ, દિવ્ય એવો સાગર છૂપાયેલો છે.

તમે અન્ય ઓળખ કદી પ્રાપ્ત જ નહીં કરો, તમારી જૂની ઓળખ ચાલી જશે અને સૌ પ્રથમ વાર તમારી જાતને તમે ઈશ્વરના સમુદ્રના એક તરંગ તરીકે અનુભવવા માંડશો. એ કંઈ ઓળખ નથી, કારણ કે તમે તેમાં છો નહીં. તમે અદૃશ્ય થઈ ગયા છો, ઈશ્વરે તમને ડૂબાડી દીધા છે.

તમે ખોટાને જોખમમાં મૂકી શકો, તો સત્ય તમારું થઈ શકે. આમ કરવું યોગ્ય છે, કારણ કે તમે ફક્ત ખોટાને જ જોખમમાં મૂકો છો અને સત્યની પ્રાપ્તિ કરો છો. તમે કશાને જોખમમાં મૂકતા નથી અને તમે બધુ જ પ્રાપ્ત કરો છો.

પ્રશ્ન : ***મને લાગે છે કે હું મારી જાતથી કંટાળી ગયો છું અને મને રસ રહયો નથી. આપણે જેવા છીએ એવા સ્વીકારવાનું તમે કહયું છે. હું જાણું છું કે મારામાં અંદરથી આનંદનું તત્વ કંઈક ખૂટે છે, માટે હું જીવનને સ્વીકારી શકતો નથી. શું કરવું મારે ?***

મેં એક નવિન પ્રકારના દર્દશામક વિશે સાંભળ્યું છે, જે તમને હળવા કરવાને બદલે તાણયુકત કરે છે.

અખતરો કરી જુઓ ! અખતરો કરી જુઓ, અખતરો કરી જુઓ અને અખતરો કરી જુઓ ! અમેરિકન બની જાવ – પણ ત્રણ વારથી વધુ વખત નહીં. અખતરો કરો, અખતરો કરો અને ફરીથી અખતરો કરો. પણ પછી થોભી જાવ, કારણ કે મૂરખ બનવાનો કોઈ અર્થ નથી.

તમે મને પૂછ્યું છે :

''મને લાગે છે કે હું મારી જાતથી કંટાળી ગયો છું....''

આ બહુ મોટી શોધ છે. ખરું કહું છું ! બહુ ઓછા લોકોને ખ્યાલ હોય છે કે તેઓ કંટાળી ગયા છે. તેઓ સાચેસાચ પૂરેપૂરા કંટાળી ગયા હોય છે. તેમના પોતાના સિવાય સૌ આ જાણતા હોય છે. પાતે કંટાળી ગયા છે એ જાણવું એ બહુ મહાન આરંભ છે. હવે તેમાં સમાવિષ્ટ અમુક બાબતો સમજવી રહી.

કેવળ મનુષ્ય જ એવું પ્રાણી છે, જે કંટાળો અનુભવી શકે. બહુ મોટો વિશેષાધિકાર છે આ. મનુષ્યોની ગરિમાનો આ હિસ્સો છે. તમે કોઈ ભેંસને કે ગધેડાને કંટાળતો જોયો છે ? તેઓ કંટાળતા નથી. કંટાળવાનો સીધો અર્થ એ થાય છે કે જે રીતે તમે જીવી રહયા છો એ રીત ખોટી છે. ''હું કંટાળી ગયો છું અને મારે કંઈક કરવું જોઈએ. કોઈ પરિવર્તનની જરૂર છે'' આવી સમજણ તો બહુ મોટા ઉત્સવ સમાન કહેવાય. તમે કંટાળેલા લાગતા હો તો એમાં કંઈ ખોટું છે એમ ન માનશો.

એ તો એક સારું ચિહ્ન, સારી શરૂઆત, શુભ શરૂઆત છે. પણ ત્યાં અટકી ન જશો.

વ્યક્તિ કંટાળો શાથી અનુભવે છે ? વ્યક્તિ કંટાળો અનુભવે છે. કારણ કે અન્યો દ્વારા તમને આપવામાં આવેલી મૃત પધ્ધતિઓમાં તે જીવી રહી છે. એ પધ્ધતિઓનો ત્યાગ કરો,તેમાંથી બહાર આવી જાવ ! તમારી મેળે જીવવાનું શરૂ કરો.

એમાં ધન, સત્તા કે પ્રતિષ્ઠાનો પ્રશ્ન નથી. પ્રશ્ન છે મૂળભૂત રીતે તમે શું કરવા ઈચ્છો છો. પરિણામની પરવા કર્યા વિના એમ કરો અને તમારો કંટાળો અદૃશ્ય થઈ જશે. તમે અન્યોના વિચારનું અનુસરણ કરતા હશો, તમે બધું 'સાચી' રીતે કરતા હશો, જે રીતે કરવું જોઈએ એ રીતે જ તમે કામ કરતા હશો. આ બધા કંટાળાના પાયાના પથ્થરો છે.

સમગ્ર માનવજાત કંટાળેલી છે, કારણ કે જે વ્યક્તિ સાધક હોવી જોઈએ તે ગણિતજ્ઞ છે,ગણિતજ્ઞ હોવું જોઈએ એ રાજકારણી છે અને કવિ હોવો જોઈએ એ માણસ ધંધાદારી છે. દરેક જણ અન્યત્ર છે, જ્યાં હોવું જોઈએ ત્યાં કોઈ નથી. માણસે જોખમ લેવું પડે. જોખમ લેવા તમે તૈયાર હો તો કંટાળો એક ક્ષણમાં અદૃશ્ય થઈ જાય. તમે પૂછ્યું છે : " મને લાગે છે કે મારી જાતથી હું કંટાળી ગયો છું...." તમે તમારી જાતથી કંટાળી ગયા છો, કારણ કે તમે તમારી જાત પ્રત્યે નિખાલસ નથી રહયા, તમારી જાત પ્રત્યે પ્રામાણિક નથી રહયા, તમારી જાતને તમે સન્માન નથી આપ્યું.

અને તમે કહો છો : " મને રસ રહયો નથી" રસને શી રીતે અનુભવવો ? રસ ત્યારે જ વહે જયારે તમે જે ઈચ્છો એ કરતા હો, ભલે ને તે ગમે તે હોય.

વિન્સેન્ટ વાન ગોગ ફકત ચિત્રો દોરવામાં જ આનંદ માણતો હતો. તેનું એક પણ ચિત્ર વેચાયું નહોતું. કોઈએ તેની પ્રશંસા કરી નહોતી. તે ભૂખ્યો હતો. તે મરી રહયો હતો. તેનો ભાઈ અત્યંત નાનકડી રકમ તેને આપતો જેથી તે કમસે કમ ટકી શકે- અઠવાડિયામાં ચાર દિવસ તો એ ઉપવાસ ખેંચતો અને ત્રણ જ દિવસ ખાતો. ચાર દિવસ તેણે ઉપવાસ કરવા પડતા કેમ કે એમ ન કરે તો તે કેનવાસ, રંગો અને પીંછીઓ કયાંથી લાવે ? આમ છતાં તે અત્યંત ખુશ હતો. તેનો રસ જીવંત હતો.

ફકત તેત્રીસની ઉંમરે તે મૃત્યુ પામ્યો. તેણે આપઘાત કર્યો હતો. પણ તમારા કહેવાતા જીવન કરતાં તેની આત્મહત્યા ઘણી બહેતર હતી, કારણ કે પોતે જે ચીતરવું હતું તે ચીતરી લીધા પછી જ તેણે આત્મહત્યા કરી હતી. તેની લાંબા સમયથી સૂર્યાસ્તનું ચિત્ર દોરવાની ઈચ્છા હતી. જે દિવસે તેણે એ ચિત્ર પુરું કર્યું એ દિવસે તેણે પત્રમાં લખ્યું : " મારું કામ સંપન્ન થયું છે. હું સંતુષ્ટ છું. બહું તૃપ્ત થઈને હું આ દુનિયાને છોડી રહયો છું." તેણે આપઘાત કર્યો, પણ

હું તેને આપઘાત નહીં કહું. તે સંપૂર્ણ જીવ્યો. જબરદસ્ત તીવ્રતાથી તેણે જીવનની જ્યોતિને બેય છેડેથી જલાવી.

તમે કદાચ સો વરસ જીવો છતાં તમારું જીવન સૂકા હાડકા જેવું, કેવળ હોવા પૂરતું હશે. તમે કહો છો. ''આપણે જેવા છીએ એવા સ્વીકારવાનું તમે કહ્યું છે. હું જાણું છું કે મારામાં અંદરથી આનંદનું તત્વ કંઈક ખૂટે છે. માટે હું જીવનને સ્વીકારી શકતો નથી.''

હું તમારી જાતને સ્વીકારવાનું કહું એનો અર્થ એ નથી કે હું તમારી જીવનપધ્ધતિને સ્વીકારવાનું કહું છું. - મારા કહેવાની ગેરસમજ ન કરશો. તમારી જાતને સ્વીકારવાનું હું કહું એનો મતલબ છે કે તમારી જાત સિવાય બધાનો ઈનકાર કરો. પણ તમે આનું અર્થઘટન તમારી રીતે કર્યું લાગે છે. આમ જ થતું હોય છે...

એક મંગળગ્રહવાસી પોતાની ઉડતી રકાબીમાં મેનહટનમાં ઉતર્યો. એ જ વખતે તેને એક પરપ્રાંતીય મળ્યો અને તેણે પૂછ્યું ''મિસ્ટર, મને એક ડાઈમ (નાણાંનું ચલણ) મળશે ?''

મંગળગ્રહવાસીએ પૂછ્યું, ''ડાઈમ એટલે શું ?''

પેલો પરપ્રાંતીય ઘડીક વિચારીને બોલ્યો, ''તારી વાત સાચી છે. મને કવાર્ટર (નાણાંનું અન્ય ચલણ) મળી શકશે ?''

તમે જે સમજ્યા છો એ મારું કહેવું નથી. તમારા પર જે લાદવામાં આવ્યું છે એ બધાનો ઈન્કાર કરી દો. તેને સ્વીકારવાનું હું નથી કહેતો. પેલે પારથી તમે જે લઈને આવ્યા છો એ તમારી અસલિયતનો તમે સ્વીકાર કરો. પછી તમને નહીં લાગે કે કંઈક ખૂટે છે. જે ક્ષણે તમે તમારી જાતનો બિનશરતી સ્વીકાર કરશો કે અચાનક આનંદનો સ્ફોટ થશે. તમારો રસ વહેવા માંડશે. જીવન ખરેખર ઉન્માદયુકત બની જશે.

એક યુવાન બેભાનાવસ્થામાં હતો, પણ તેના મિત્રોએ માની લીધું કે તે મૃત્યુ પામ્યો છે. પોતાને દફનાવી દેવામાં ન આવે એ માટે વેળાસર તેણે સંચાર દેખાડયો. તેને પૂછવામાં આવ્યું કે મૃત અવસ્થામાં તેને કેવું લાગતું હતું.

''મૃત !'' તેણે કહ્યું ''હું મૃત નહોતો. મને બધી ખબર પડતી હતી કે શું થઈ રહ્યું છે. મને એ પણ ખબર હતી કે હું મૃત નહોતો. કેમ કે મારા પગ ઠંડા થઈ ગયા હતા અને હું ભૂખ્યો થયો હતો.''

''પણ એને લીધે તને એવું શી રીતે લાગ્યું કે તું જીવતો છે ?'' એક જિજ્ઞાસુએ પૂછ્યું.

''મને એટલી ખબર પડી કે હું સ્વર્ગમાં હોઉં તો ભૂખ્યો ન હોઉં અને હું અન્ય જગાએ હોઉં તો મારા પગ ઠંડા ન હોત.''

તમે હજી મૃત્યુ પામ્યા નથી એ બાબતે કોઈ નિશ્ચિત થઈ શકે છે : તમે ભૂખ્યા છો, તમારા પગ ઠંડા છે. બસ, ઉભા થાવ અને થોડું દોડો !

એક નિરક્ષર અને અસભ્ય, ગરીબ માણસ કરોડપતિની દીકરીના પ્રેમમાં પડયો. પેલી છોકરીએ પોતાના ભવ્ય પ્રાસાદમાં તેને પોતાના માબાપને મળવા બોલાવ્યો. ભવ્ય રાચરચીલું, નોકરચાકર તેમજ અન્ય વૈભવી ચીજો જોઈને પેલો ગરીબ બિચારો ડરી ગયો, પણ ગમે એમ કરીને તેણે હળવા દેખાવાનું ચાલુ રાખ્યું. ભોજન સુધી આમ ચાલ્યું. જબરદસ્ત મોટા ભોજન ટેબલ પર ગોઠવાયા પછી તેણે લીધેલા વાઈનની અસરને કારણે તેણે જોરથી વાયુત્યાગ કર્યો.

છોકરીના પિતાએ ઉંચે જોયું અને પેલા ગરીબના પગ પાસે સૂતેલા કૂતરાને ઉદ્દેશીને ધમકીભર્યા સૂરે કહયું, ''રોવર !''

પેલા ગરીબ બિચારાને હાશ થઈ કે ચાલો, આ તો કૂતરાને નામે થયેલું ગણાઈ ગયું. થોડી વાર પછી ફરી એક વાર એટલા જ જોરથી તેણે આ ક્રિયાનું પુનરાવર્તન કર્યું.

યજમાને ફરીથી કુતરા તરફ જોયું અને વધુ મોટા અવાજે કહયું ''રોવર !'' થોડી મિનીટો પછી ત્રીજી વાર આની આ ક્રિયાનું પુનરાવર્તન થયું. પેલા ધનિકના ચહેરા પર ક્રોધથી કરચલીઓ પડી ગઈ. તે બરાડી ઉઠયો, ''રોવર ! તારા પર આ મળત્યાગ કરે એ પહેલા ઉઠ અહીંથી !''

હજીય સમય છે. અત્યાર સુધી જે કેદમાં રહયા છો એમાંથી બહાર નીકળી જાવ. એમાં થોડી હિંમતની જરૂર છે. જુગારી જેવી થોડી હિંમતની જરૂર છે. યાદ રાખો કે એમાં કંઈ ગુમાવવાનું નથી. તમારે તમારી જંજીરો ગુમાવવાની છે, તમારો કંટાળો ગુમાવવાનો છે, સતત કંઈક ખૂટી રહયું હોવાની ભાવના તમે ગુમાવી શકો છો. આ સિવાય બીજું ગુમાવવાનું છે શું ? ઘરેડમાંથી બહાર નીકળી જાવ અને તમારા ખુદના અસ્તિત્વનો સ્વીકાર કરો- મોઝીસ, ઈસુ, બુધ્ધ, મહાવીર, કૃષ્ણની સામે તમારી જાતનો સ્વીકાર કરો. તમારી જવાબદારી કંઈ બુધ્ધ, જરથુષ્ટ્ર, કબીર કે નાનક પ્રત્યે નથી. તમારી જવાબદારી છે કેવળ તમારી પોતાની તરફ.

જવાબદાર બનો-હું જયારે 'જવાબદાર' શબ્દ વાપરું છું ત્યારે તેનો અનર્થ ન થાય એટલું યાદ રાખજો. હું ફરજોની, જવાબદારીઓની વાત નથી કરતો, હું તેના શાબ્દિક અર્થમાં જ એ વાપરું છું. વાસ્તવિકતાનો પ્રતિભાવ આપો, જવાબદાર બનો.

તમે તદ્દન બેજવાબદાર જીંદગી જીવ્યા હશો. અન્યોએ તમારી પાસે અપેક્ષા રાખી હશે એ તમામ જવાબદારીઓ તમે પૂરી કરી હશે. આમાં ગુમાવવા જેવું શું છે ? તમે કંટાળી ગયા

છો. આ સારી પરિસ્થિતિ છે. તમે રસ ગુમાવી બેઠા છો. જેલની બહાર નીકળવા માટે તમારે આનાથી વધુ શું જોઈએ ? પાછું જોયા વિના તેની બહાર કૂદી પડો !

લોકો કહે છે : કૂદતાં પહેલાં બે વાર વિચાર કરો. હું કહું છું : પહેલા કૂદી પડો અને પછી બસ, જેટલું વિચારવું હોય એટલું વિચાર્યા કરો.

ખાલીપણાના ડર માટે ધ્યાન કરવું

રોજ રાત્રે સૂતા અગાઉ તમારી આંખો બંધ કરીને વીસ મિનીટ સુધી તમારા ખાલીપણામાં જવાનું યાદ રાખો. તેને સ્વીકારો, એ ત્યાં ભલે રહયો. ડર ઉદ્દભવે છે– એ પણ ભલે રહેતો ત્યાં. ડરથી , ભયથી ધ્રુજારી અનુભવો, પણ પેદા થયેલા આ અવકાશનો ઈનકાર ન કરશો. બે ત્રણ અઠવાડિયામાં જ તમે તેનું સૌંદર્ય, તેની શુભ અસરો અનુભવવા માંડશો. એક વાર તમે તેની શુભ અસરોને સ્પર્શી લેશો, ત્યાર પછી ડર આપમેળે અદશ્ય થઈ જશે.

જમીન પર ઘૂંટણિયે બેસો અથવા જે સ્થિતિ તમને અનૂકુળ લાગતી હોય એમાં બેસો. તમારું માથું આગળની તરફ ઝૂકશે એ ઝૂકવા દો. તમે બિલકુલ ગર્ભસ્થ શિશુની મુદ્રામાં આવી જશો, જે રીતે માના ગર્ભમાં બાળક ગોઠવાયેલું હોય છે. તમારું માથું તમારા ઘૂંટણોને અથવા તો જમીનને અડકશે. એને અડકવા દો. તમારા ખુદના ગર્ભમાં પ્રવેશો અને એમ જ રહો, કોઈ યુક્તિ-પ્રયુક્તિ,કોઈ પ્રયત્ન કે કશા મંત્ર વિના ત્યાં બેઠા રહો. જેવા છો એ સ્થિતિમાં અનૂકુલન સાધો. આ તમે કદી જાણ્યું નથી. તમારું મન આશંકિત હોય છે, કેમ કે તે તદ્દન ભિન્ન અને અપરિચીત પરિમાણમાંથી આવે છે. મન તેની સાથે અનૂકુલન સાધી શકતું નથી. આવી વસ્તુને આ અગાઉ તેણે જાણી જ હોતી નથી, આથી તે ગૂંચવાઈ જાય છે. તે આનું વર્ગીકરણ કરીને લેબલ લગાડવા ઈચ્છે છે.

પરિચિત છે તે મન છે અને અપરિચીત છે એ ઈશ્વર. અપરિચીત બાબત કદી પરિચીતનો હિસ્સો બની શકતી નથી. એકવાર તે પરિચીતનો હિસ્સો બની જાય ત્યાર પછી તે અપરિચીત ઈશ્વર રહેતો નથી. અપરિચીત એ પરિચય ન કેળવી શકાય એવું જ રહે છે.

તમે તેને જાણી લો તો પણ તે અપરિચીત રહે છે. એ રહસ્ય કદી ઉકેલાતું નથી. રહસ્ય મૂળભૂત રીતે જ ઉકેલી ના શકાય એવું હોય છે.

માટે રોજ રાત્રે એ અવકાશમાં ચાલ્યા જાવ. ત્યાં ભય હશે, ધ્રુજારી હશે, એનો પણ વાંધો નથી. ધીમે ધીમે ડર ઘટતો જશે અને આનંદ વધુને વધુ થતો જશે. ત્રણ સપ્તાહમાં તમને અચાનક આશિષનો ઉદય થતો, એવી ઉર્જાનો સ્ફોટ થતો, તમારા જીવનમાં આનંદનો ગુણ દેખાશે, જાણે કે રાત્રિ પૂરી થઈ છે અને ક્ષિતિજે સૂર્ય ડોકાઈ રહયો છે.

ભયની જૂની પદ્ધતિઓને વિલીન કરવા માટે ધ્યાન કરવું

પ્રશ્ન : *મને જોવા મળ્યું કે બાળક તરીકે મેં અપનાવેલી પધ્ધતિનું જ હું પુનરાવર્તન કરી રહયો છું. જયારે પણ મારા માતાપિતાએ મને ઠપકો આપ્યો કે મને નકારાત્મક લાગે એવું કહયું, ત્યારે હું બંધિયાર થઈ જતો, દોડી જતો અને મારી જાતને આશ્વાસન આપતો કે લોકો વિના હું ચલાવી શકું એમ છું. હું એકલો ચલાવી શકું એમ છું. હવે મને લાગવા માંડયું છે કે મારા મિત્રો સાથે પણ હું આ રીતે જ વર્તી રહયો છું.*

જડ બની ગયેલી આ એ જ જૂની આદત છે.આનાથી તદ્દન વિપરીત કરવાનો પ્રયત્ન કરો. તમને જયાં બંધિયાર થઈ જવાનું મન થાય ત્યાં ખૂલી જાવ. તમારે જવું હોય, તો જશો નહી. વાત નથી કરવી, તો વાત કરો. તમે દલીલ ન કરવા ઈચ્છતા હો તો એ બંધ કરવાને બદલે વધુને વધુ જોરશોરથી દલિલ કરવા માંડો.

ભય પેદા કરનારી પરિસ્થિતિ પેદા થાય ત્યારે બે વિકલ્પો હોય છે – કાં તમે તેની સાથે લડો, કાં પીછેહઠ કરો. પરંપરાગત દેશોમાં સામાન્યપણે બાળકો લડી શકતા નથી. અમેરિકામાં તો બાળકો એ હદે લડે છે કે માબાપે પીછેહઠ કરવી પડે. પણ પુરાણા, રૂઢિગત દેશોમાં કે કુટુંબોમાં, જ્યાં હજીય પરંપરાગત મૂલ્યો દ્દઢ છે, ત્યાં બાળક લડી શકતું નથી. આથી એક જ રસ્તો છે પોતાની જાતની અંદર વીંટળાઈ જઈને રક્ષણ અનુભવવાનો. તમે પીછેહઠની યુક્તિ શીખી લીધી છે.

હવે એક માત્ર સંભાવના એ છે કે જયારે પણ તમને લાગે કે તમે છટકવાનો પ્રયત્ન કરી રહયા છો, ત્યારે તમે ત્યાં જ ચીપકી રહો. જીદે ચડીને લડત આપો. એક મહિના સુધી વિપરીત રીતે કરવાનો પ્રયત્ન કરી જુઓ,ત્યાર પછી જોઈશું. એક વાર તમે વિપરીત પણ કરતા થઈ જશો એટલે તમે સમજી જશો કે બંને બાબતોને પડતી શી રીતે મૂકવી. બંનેને પડતી મૂકવી રહી, કારણકે તો જ માણસ નિર્ભય બની શકે. કારણ કે બંને બાબતો ખોટી છે. એક ખોટી બાબત તમારામાં એટલી ઉંડી ઉતરી ગઈ છે કે બીજી બાબત વડે તેનું સંતુલન જાળવવાની જરૂર છે.

માટે એક મહિના સુધી તમે અસલી યોધ્ધા બની રહો– કોઇ પણ બાબત માટે. તમને બહુ સારું લાગશે, ઘણું જ સારું લાગશે. કારણ કે જ્યારે પણ કોઇ છટકી જાય છે ત્યારે તેને બહુ ખરાબ, ઉતરતી કક્ષાની લાગણી થાય છે. પોતાની જાતને બંધિયાર કરી દેવી એ કાયરોની યુક્તિ છે. માટે બહાદુર બનો, સમજ્યા? પછી આપણે બંને બાબતોને પડતી મૂકીશું. કારણ કે બહાદુર બનવું એટલે પણ ઉંડે ઊંડે કાયર બનવું. બહાદુરી અને કાયરતા બંને અદશ્ય થઇ જાય ત્યારે જ વ્યક્તિ નિર્ભય બની શકે છે. તમે પ્રયત્ન કરી જુઓ !

વિશ્વાસ માટે ધ્યાન ધરવું

વિશ્વાસ કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તો તમારે પાછા જવું પડશે. તમારી સ્મૃતિમાં તમારે ઉંડે સુધી ખોદકામ કરવું પડશે. તમારે તમારા ભૂતકાળમાં જવું પડશે. ભૂતકાળની છાપ તમારા મગજ પરથી ભૂંસવી પડશે. તમારા ભૂતકાળના કચરાનો ઢગલો હશે તમારી પાસે, તેને ઠાલવી દો.

આમ કરવાની ચાવી આ રહી : તમે તેને સ્મૃતિ તરીકે નહી, પણ ફરીથી જીવંત કરવાની પ્રક્રિયા તરીકે ગણો. તેને ધ્યાનનો દરજ્જો આપો. રોજ રાત્રે એક કલાક માટે ભૂતકાળમાં જાવ. તમારા બાળપણમાં જે થયું એ બધું શોધી કાઢવાનો પ્રયત્ન કરો. જેટલા ઉંડા જઈ શકો એટલું બહેતર છે, કારણ કે થઈ ગયેલી ઘણી બાબતો આપણે છૂપાવીએ છીએ, પણ તેને આપણે સભાનતાની સપાટી સુધી આવવા દેતા નથી. તેને સપાટી પર આવવા દો. રોજે રોજ આમ કરવાથી તમે ઉંડા ને ઉંડા જતા હો એમ લાગશે. સૌથી પહેલાં તો તમને તમારી ચાર-પાંચ વર્ષની અવસ્થા યાદ આવશે. તેનાથી આગળ તમે જઈ નહીં શકો. અચાનક તમારે ચીનની દિવાલનો સામનો કરવો પડશે. પણ તમે આગળ વધ્યે જાવ. ક્રમશઃ તમે જોશે કે તમે વધુ ઉંડા જઈ રહયા છો : ત્રણ વર્ષ, બે વર્ષની અવસ્થા સુધી. લોકો પોતે ગર્ભમાંથી જન્મ્યા ત્યાં સુધી પહોંચી શકયા છે. અમુક લોકો ગર્ભાવસ્થાની સ્મૃતિ સુધી પણ પહોંચી શકયા છે. તો અમુક લોકો તેનાય પહેલાં, પોતે મૃત્યુ પામ્યા હતા એ જીવન સુધી પણ પહોંચ્યા છે.

તમે જન્મ્યા હતા એ અવસ્થા સુધી પણ પહોંચી શકો અને એ ક્ષણને ફરી જીવી શકો, તો તમને અત્યંત પીડા અને દુઃખ થશે. તમને જાણે ફરીથી જન્મી રહયા હો એવું લાગશે. પહેલીવાર ચીસ પાડી ઉઠતા બાળકની જેમ તમે ચીસ પાડી ઉઠશો. પહેલી વાર ગર્ભમાંથી બહાર આવતા બાળકની જેમ તમે પણ ગૂંગળામણ અનુવભશો, કારણ કે પહેલી વાર બહાર આવેલું બાળક થોડીક સેકન્ડ સુધી શ્વાસ લઈ શકતું નથી. તેને બહુ જ ગૂંગળામણ થતી હોય છે. પછી તે ચીસ પાડી ઉઠે છે અને શ્વાસ લેવાનું શરૂ કરે છે. તેનો શ્વસનમાર્ગ ચાલુ થાય છે, તેનાં ફેફસાં કાર્યરત્ થાય છે. તમારે એ અવસ્થા સુધી જવું પડે. ત્યાંથી તમે પાછા આવો. રોજ રાત્રે આ રીતે એ અવસ્થામાં જાવ અને પાછા આવો. આ રીતે ત્રણથી નવ મહિના જેટલો સમય જશે અને તમે વધુને વધુ હળવાશ અનુભવતા જશો. આની સમાંતરે વિશ્વાસ પણ પેદા થતો જશે. એકવાર ભૂતકાળ સા ફ થઈ જાય અને જે કંઈ થાય તે તમે જોઈ લીધું, પછી તમે તેનાથી મુકત થઈ જશો. આ છે ચાવી : તમારી સ્મૃતિમાંની કોઈ બાબત પ્રત્યે તમે સજાગ થશો તો તમે તેનાથી મુકત થઈ જશો. સજાગતા મુકિત અપાવે છે, જયારે અભાનતા બંધનમાં મૂકે છે. વિશ્વાસ ત્યારે જ શકય બની શકે.

ભયનું પ્રેમમાં રૂપાંતર કરવા માટે ધ્યાન ધરવું

ખુરશીમાં અથવા તો જે પણ મુદ્રામાં તમને આરામદાયક લાગે તેમાં તમે બેસી શકો. તમારા

ખોળામાં બંને હાથને જોડો, ડાબા હાથની નીચે જમણો હાથ મૂકો. મુદ્રા મહત્વની છે, કારણ કે જમણો હાથ ડાબા મગજ સાથે જોડાયેલો છે અને ભય હંમેશા ડાબા મગજમાં ઉદ્‌ભવે છે. હિંમત જમણી બાજુના મગજમાંથી ઉદ્‌ભવે છે.

ડાબું મગજ તર્કનું સ્થાન છે અને તર્ક કાયર હોય છે. આથી જ તમે કોઈ વ્યક્તિને બહાદુર તેમજ બુધ્ધિશાળી– એક સાથે નહીં જોઈ શકો. બહાદુર વ્યક્તિ હશે તો તે બુધ્ધિમાન નહીં હોય. તે બુધ્ધિહીન વ્યક્તિ હશે. એમ જ હોય. જમણુ મગજ અંતઃસ્ફુરણા ધરાવતું હોય છે... માટે આ પ્રતિકાત્મક છે. માત્ર પ્રતિકાત્મક જ નહી, તે ઉર્જાને એક નિશ્ચિત મુદ્રામાં, નિશ્ચિત સંબંધમાં જોતરે છે.

માટે ડાબા હાથની નીચે જમણો હાથ મૂકો અને બંને અંગૂઠાને જોડો. પછી હળવા થઈને તમારી આંખો બંધ કરો. તમારા નીચલા જડબાને થોડું હળવું કરો. પરાણે એમ કરવાની જરૂર નથી. ફક્ત હળવા થાવ, જેથી તમે મોં દ્વારા શ્વાસ લઈ શકો. નાક દ્વારા નહીં, પણ મોં દ્વારા શ્વાસ લો. તેનાથી બહુ હળવાશ લાગશે. તમે નાક દ્વારા શ્વાસ ન લેતા હો ત્યારે મગજની જૂની પધ્ધતિ કામ કરતી નથી. આ એક નવિન બાબત હોય છે. બહુ સરળતાથી એક નવી આદત, શ્વાસ લેવાની નવિન પધ્ધતિ અપનાવી શકાય છે.

બીજી વાત – તમે નાકથી શ્વાસ ન લો ત્યારે તે તમારા મગજને ઉત્તેજિત કરતું નથી. એ શ્વાસ મગજ સુધી પહોંચતો જ નથી. તે છાતીમાં પહોંચે છે. આમ ન થાય તો સતત ઉત્તેજના તેમજ એક પ્રકારની માલિશ થયા કરશે. આથી જ આપણા નસકોરામાં વારંવાર શ્વાસ બદલાયા કરે છે. એક તરફના નસકોરા દ્વારા શ્વાસ લેવાથી મગજની એક બાજુની માલિશ થાય છે અને બીજી બાજુના નસકોરા દ્વારા શ્વાસ લેવાથી મગજની બીજી તરફની ચંપી થાય છે. દર ચાલીસ મિનીટ તે બદલાય છે.

માટે આ જ મુદ્રામાં બેસી રહો, અને મોં વાટે શ્વાસ લીધા કરો. નાકમાં બે ભાગ હોય છે, મોંમાં એવું હોતું નથી. મોં વાટે શ્વાસ લો તો કોઈ ફેરફાર થતો નથી. એક કલાક સુધી તમે બેસશો તો પણ તમે આ રીતે જ શ્વાસ લીધા કરશો. એમાં કોઈ ફેરફાર નહીં થાય. તમે એકની એક જ અવસ્થામાં રહેશો. નાકથી શ્વાસ લો ત્યારે તમે એક જ અવસ્થામાં બેસી શકતા નથી. તમને જાણ થયા વિના અવસ્થા આપોઆપ બદલાય છે.

હળવાશની એક નવિન, તદ્દન શાંત અવસ્થા આને લઈને સર્જાશે. અને તમારી ઉર્જા એક નવા માર્ગે વહેવા માંડશે. ઓછામાં ઓછી ચાલીસ મિનીટ સુધી શાંતિપૂર્વક, કંઈ કર્યા વિના બેસી રહો. એક કલાક સુધી આમ કરી શકો તો તે ઘણું મદદરૂપ થઇ શકશે. માટે શક્ય હોય તો ચાલીસ મિનીટ બેસવાથી શરૂઆત કરીને ધીમે ધીમે સાઠ મિનીટ સુધી પહોંચો. રોજેરોજ આમ કરો.

દરમ્યાન એક પણ તક ચૂકશો નહીં. જે પણ તક સામે આવે, તેને ઝડપી લો, હંમેશા જીવનને, કાર્યને પસંદ કરો. કદી પાછીપાની ન કરો, પલાયનવૃત્તિ ન રાખો. તમારા માર્ગમાં આવતી દરેક તકનો કંઈક કરવામાં, સર્જનાત્મક બનાવવામાં આનંદ માણો.

અને આખરી સવાલ : ઈશ્વરનો ભય

પ્રશ્ન : *એક પૂર્વમાન્ય સિદ્ધાંત તરીકે પણ, આપણી પર નજર રાખી રહેલા અંગત ઈશ્વરનો ખ્યાલ જરાય ઉપયોગી નથી ? કેમ કે ઈશ્વરના ખ્યાલને પડતો મૂકવાના વિચારમાત્રથી મને સખત ડર લાગે છે.*

ઈશ્વરના ખ્યાલને પડતો મૂકવાના વિચારથી તમે કેમ ડરો છો ? ઈશ્વરનો ખ્યાલ નિશ્ચિતપણે કોઈ પણ રીતે તમને ડરવાથી રોકે છે. આથી જે ક્ષણે તમે આ ખ્યાલ પડતો મૂકો છો કે તમને ડર લાગવા માંડે છે. આ એક પ્રકારનું માનસિક રક્ષણ છે.

બાળક ડરતું જ રહેવાનું. માતાના ગર્ભમાં તે ડરતું નથી, હજી સુધી માના ગર્ભમાં રહેલા એવા કોઈ બાળક વિશે મેં સાંભળ્યું નથી કે જે ચર્ચમાં કે સીનેગોગમાં જવાનું વિચારતું હોય યા બાઈબલ, કુરાન કે ગીતા વાંચવાનું વિચારતું હોય કે ઈશ્વર છે કે નહીં તેનો વિચાર સુધ્ધાં કરતું હોય. હું કલ્પના કરી શકતો નથી કે માના ગર્ભમાં રહેલા કોઈ બાળકને દેવ, દાનવ, સ્વર્ગ કે નરકમાં કોઈ પણ જાતનો રસ હોય. શા માટે એમ હોય ? તે પોતે તો સ્વર્ગમાં જ છે. આનાથી વધુ સારું કંઈ હોઈ જ ન શકે.

તે અત્યંત હુંફાળા, આરામદાયક આવાસમાં સંપૂર્ણપણે રક્ષિત છે અને પોષક દ્રવ્યોમાં તરી રહ્યું છે. તમને નવાઈ લાગશે કે એ નવ મહિનાઓ દરમ્યાન બાળક નેવું વર્ષમાં ન વિકસી શકે એટલા પ્રમાણમાં વિકસે છે. નવ મહિનામાં એ એટલી લાંબી સફર તય કરે છે, સાવ નહીંવત્માંથી તે એક અસ્તિત્વ બને છે. નવ મહિનામાં તે ઉત્ક્રાંતિના લાખો વરસોમાંથી પસાર થાય છે. પહેલવહેલા જીવથી લઈને વર્તમાન અવસ્થાને તે પામે છે. તે તમામ તબક્કાઓમાંથી પસાર થાય છે.

અને તેનું જીવન સંપૂર્ણપણે સુરક્ષિત હોય છે. તેને નોકરીની જરૂર નથી, ભૂખે મરવાનો કે ભૂખનો ડર નથી. બધું જ માના શરીર દ્વારા થાય છે. આટલી સંપૂર્ણ સુરક્ષિત અવસ્થામાં નવ મહિના સુધી માના ગર્ભમાં રહેવાથી એવી સમસ્યા ખડી થાય છે, જેણે તમારા કહેવાતા ધર્મોનું સર્જન કર્યું છે.

બાળક જેવું માના ગર્ભમાંથી બહાર આવે કે સૌથી પહેલી તે ભયની લાગણી અનુભવે છે.

બહુ દેખીતું છે. તેનું ઘર, તેની સલામતી છિનવાઇ ગઈ હોય છે. તેની હૂંફ, તેનું વાતાવરણ, જેને તે પોતાના વિશ્વ તરીકે ઓળખતું હતું એ બધું સંપૂર્ણપણે જતું રહ્યું છે અને સાવ વિચિત્ર દુનિયામાં, ફેંકાઈ આવ્યો છે. આ દુનિયા વિશે તે કંઈ જ જાણતો નથી. તેણે શ્વાસ પણ પોતાની મેળે લેવાનો પ્રારંભ કરવાનો છે.

પોતે હવે પોતાની મેળે શ્વાસ લેવાના છે અને માના શ્વાસ હવે કામમાં આવવાના નથી – આ બાબતનું ભાન થતાં બાળકને જૂજ સેકન્ડ લાગે છે. તેને ભાનમાં લાવવા માટે ડૉક્ટર તેને ઉંધો લટકાવે છે અને તેના પૃષ્ઠભાગ પર જોરથી ટપલી મારે છે. કેવો પ્રારંભ ! અને કેવું સ્વાગત !

આ ટપલી પડયા પછી જ બાળક શ્વાસ લેવાનું શરૂ કરે છે. તમે કયારેય જોયું છે કે તમે ડરી ગયા હો ત્યારે તમારા શ્વાસની ગતિ બદલાઈ જાય છે ? અત્યાર સુધી તમે આ ન જોયું હોય તો હવે તમે જોઈ શકો છો. તમે જયારે પણ ડરી જશો કે તરત તમારા શ્વાસની ગતિ બદલાઈ જશે. પાછા તમે સામાન્ય બની જાવ, નિર્ભય થઈ જાવ કે તમારા શ્વાસની ગતિ લયબધ્ધ અને શાંત થઈ જશે. ઉંડા ધ્યાન દરમ્યાન કયારેક તમને અનુભૂતિ થશે કે તમારા શ્વાસ થંભી ગયા છે. તે થંભી જતા નથી, પણ થંભી જવાને આરે હોય છે.

બાળકના જીવનનો પ્રારંભ દરેક બાબતના ભયથી થાય છે. નવ મહિના સુધી તે અંધારામાં રહયું હોય છે. જયારે જે હોસ્પિટલમાં તે જન્મવાનું હોય છે ત્યાં તો આંખો આંજી નાંખનારી ટયુબલાઈટ ચારેકોર હશે. કદી મીણબત્તીનો પ્રકાશ પણ જોયો ન હોય એવા એ બાળકની આંખના રેટિના માટે તો આ વધુ પડતું છે. તેની આંખો માટે આ પ્રકાશ આંચકા સમાન છે.

ડૉક્ટરને થોડી સેકન્ડ પણ લાગતી નથી. માતા સાથે બાળકને જોડી રાખતું સલામતીની છેલ્લી આશા સમું જોડાણ તેઓ કાપી નાંખે છે. બિચારું નાનકડું બાળક ! તમને સારી પેઠે ખબર છે માનવબાળ કરતાં વધુ લાચાર અન્ય કોઈ પણ જાતિનું બાળ હોતું નથી.

આથી જ ઘોડાઓએ ઈશ્વરની માન્યતાની ખોજ કરી નથી. ઈશ્વરના ખ્યાલ વિશે હાથીઓએ કદી વિચાર કર્યો નથી. તેની જરૂર જ નથી. હાથીનું બચ્ચું જન્મતાંની સાથે જ ચાલવાનું, આજુબાજુ જોવાનું અને દુનિયા ખૂંદવાનું શરૂ કરી દે છે. વાસ્તવમાં માનવબાળની લાચારી પર એટલી બધી બાબતો નિર્ભર છે કે તમને નવાઈ લાગશે : તમારું કુટુંબ, તમારો સમાજ, તમારી સંસ્કૃતિ, તમારો ધર્મ, તમારી ફિલસૂફી– આ સઘળું માનવબાળની લાચારી પર નિર્ભર છે.

પ્રાણીઓમાં કુટુંબોનું અસ્તિત્વ હોતું નથી તેનું સીધુંસાદું કારણ એટલું કે બાળકને મા-બાપની જરૂર હોતી નથી. માણસે અમુક ચોક્કસ પધ્ધતિ નક્કી કરવી પડે છે. બાળકની સંભાળ રાખવા માટે મા-બાપે સાથે રહેવું પડે છે. તેમના પ્રેમનો આ અંજામ છે, તેમનું આ કૃત્ય છે. પ્રાણીઓના બચ્ચાની જેમ માનવબાળને એકલું મૂકી દેવાય તો તમે કલ્પી પણ ન શકો કે એ ટકી જાય : અશકય ! તે ખોરાક કયાંથી મેળવે ? કોને તે પૂછે ? શું પૂછે ?

તેનું આગમન જરા વહેલું થયું હોય છે ? અમુક જીવશાસ્ત્રીઓ એવું માને છે કેમાનવબાળ નિર્ધારીત સમય કરતાં વહેલું જન્મે છે. – નવ મહિના તેના માટે પૂરતા નથી. કારણ કે તે એટલું બધું લાચાર હોય છે. પણ માનવદેહ એવો છે કે માતા બાળકને નવ મહિનાથી વધુ લઈને ફરી શકે નહી, નહીંતર

તે મૃત્યુ પામે અને તેનું મૃત્ય એટલે બાળકનું પણ મૃત્યુ.

એવી ગણતરી મૂકાઈ છે કે બાળક માના ગર્ભમાં ઓછામાંઓછા ત્રણ વરસ સુધી રહે તો કદાચ જન્મ્યા પછી તેને માતા,પિતા, કુટુંબ, સમાજ, સંસ્કૃતિ, ઈશ્વર અને ધર્મગુરુની જરૂર ન રહે. આવી વિચિત્ર જૈવિક પરિસ્થિતિએ સમગ્ર માનવજાતના વર્તન, વિચાર, કુટુંબ અને સમાજના બંધારણને અસર કરી છે અને તેણે ભય પેદા કર્યો છે.

બાળકનો પ્રથમ અનુભવ ભયનો હોય છે અને માણસનો છેલ્લો અનુભવ પણ ભયનો હોય છે.

તમારે યાદ રાખવું જોઈએ કે બાળકની દષ્ટિએ જોતાં જન્મ પણ એક પ્રકારનું મૃત્યુ છે. તે એક નિશ્ચિત વિશ્વમાં રહેતો હતો, જે અત્યંત સંતોષકારક હતું. તેને કશાની જરૂર નહોતી. તેને કશું વધુ પ્રાપ્ત કરવાનો લોભ નહોતો. તે જીવવાનો, વિકસવાનો આનંદ માણી રહયો હોય છે અને અચાનક તે બહાર ફેંકાઈ જાય છે.

બાળક માટે આ અનુભૂતિ મૃત્યુની અનુભૂતિ હોય છે. તેના સમગ્ર વિશ્વનું, તેની સલામતીનું, તેના આરામદાયક નિવાસનું મૃત્યુ. વિજ્ઞાનીઓ કહે છે કે ગર્ભ જેટલું આરામદાયક નિવાસસ્થાન હજી સુધી આપણે સર્જી શકયા નથી. આપણે મથી રહયા છીએ– આપણા બનાવેલા તમામ ઘરો એવું આરામદાયક નિવાસસ્થાન બનાવવાના પ્રયત્નો હોય છે.

ગર્ભ જેવી જ અનુભૂતિ થઈ શકે તે માટે આપણે જળશૈયા (વોટરબેડ) પણ બનાવવાનો પ્રયત્ન કર્યાં છે. આપણે ગરમ પાણીવાળાં બાથટબ બનાવ્યાં છે, જેમાં પડી રહેવાથી ગર્ભમાંના બાળક જેવો કંઈક અંશે આભાસ થાય છે. ગરમ પાણીથી સ્નાન કરવાનું ખરેખર જાણતા હોય એવા લોકો તો પાણીમાં મીઠું પણ ઉમેરે છે, કારણ કે માના ગર્ભમાં ખારાશ હોય છે.– બિલકુલ દરિયાના પાણીમાં હોય છે એટલી. પણ બાથટબમાં કયાં સુધી રહી શકાય ? આપણી પાસે બંધ ટાંકીઓ છે, જે આપણે ગુમાવેલા માના ગર્ભની જ ખોજ છે.

સીગ્મંડ ફ્રોઈડ બહુ જ્ઞાની માણસ નહોતો – ખરેખર તો એ થોડો પાગલ, કોયલ જેવો માણસ હતો, પણ કોયલ કયારેક સુંદર ગીતો ગાય છે. તેની પાસે કયારેક બહુ સૂચક વિચારો હતા. જેમ કે, ફ્રોઈડના વિચાર મુજબ સ્ત્રીને પ્રેમ કરવા જતો પુરુષ એટલે બીજું કંઈ નહી, પણ ગર્ભમાં ફરી એક વાર પ્રવેશવાનો પ્રયાસ. આમાં કંઈક તથ્ય હોવું જોઈએ. આ માણસ પાગલ છે, આ વિચાર બહુ દૂર દૂરનો જણાય, પણ સિગ્મંડ ફ્રોઈડ જેવો માણસ પાગલ હોય તો પણ તેને ધ્યાનથી સાંભળવો રહયો.

મને લાગે છે કે આમાં કંઈક સત્ય રહેલું છે. ગર્ભની તલાશવાળી વાત કંઈક અંશે સાચી જણાય છે. જયાંથી તે આવ્યો છે... તે ગર્ભ સુધી પહોંચી શકવાનો નથી, એ વાત સાચી છે. પછી તેણે તમામ

વસ્તુઓનું સર્જન કર્યું. તેણે ગુફાઓ, મકાન, વિમાન બનાવ્યા. તમે વિમાનનું આંતરિક સુશોભન જુઓ. વિમાનના મુસાફરો ભવિષ્યમાં કયારેક મીઠાવાળા પાણીના ટબમાં તરતા જોવા મળે તો નવાઈ નહીં. વિમાન તમને બિલકુલ એના જેવી જ પરિસ્થિતિ ઉભી કરી આપશે, પણ એ સંતોષપ્રદ નહીં હોય.

બાળકને બીજા કશાની ખબર હોતી નથી. આપણે વધુ ને વધુ આરામદાયક બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. એક બટન દાબો અને એર હોસ્ટેસ હાજર. આપણે બને તેટલું સુવિધાદાયક બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ, છતાં ગર્ભમાં હોય છે એવી સુવિધા ઉભી કરી શકતા નથી. ત્યાં તો બટન દબાવવાની પણ જરૂર નથી. તમે ભૂખ્યા થાવ એ પહેલાં જ તમને ખવડાવવામાં આવે છે. હવાની તમને જરૂર પડે એ પહેલા જ તે પહોંચતી કરવામાં આવે છે. તમારી કશી જવાબદારી હોતી જ નથી.

આથી ગર્ભમાંથી બહાર આવતું બાળક જો અનુભૂતિ કરી શકતું હોય તો એ મૃત્યુની જ અનુભૂતિ કરતું હોવું જોઈએ. તેને જન્મ જેવું લાગતું નહીં હોય. એ તો આપણો ખ્યાલ છે. આપણા જેવા બહાર ઉભેલાનો આ ખ્યાલ છે. આપણે તેને જન્મ કહીએ છીએ.

અને બીજી વાર, એક દિવસે જીવનભરના પ્રયાસો પછી તે કંઈક બનાવે છે – નાનકડું મકાન, કુટુંબ, નાનકડું મિત્રવર્તુળ, થોડી હૂંફ, વિશ્વમાં એકાદો નાનકડો ખૂણો કે જ્યાં બેસીને તે હળવો થઈ શકે, પોતાની ઓળખ પામી શકે અને પોતે સ્વીકૃત થઈ શકે. બહુ મુશ્કેલ છે આ– જીવનભરના સંઘર્ષ પછી અચાનક તેને લાગે છે કે તે પોતે બહાર ફેંકાઈ ગયો છે.

ફરીથી ડોકટર આવે છે– આ એ જ વ્યકિત છે, જેણે તેને ટપલી મારી હતી. પણ ત્યારે એ શ્વાસ ચાલુ કરવા માટે મારવામાં આવેલી હતી. આ વખતે આપણે જાણીએ છીએ ત્યાં સુધી... હવે આપણે આ તરફ છીએ, આપણે બીજી બાજુ જાણતા નથી. બીજી બાજુને કલ્પના પર છોડી દેવાય છે. આથી જ સ્વર્ગ અને નરકની વિભાવના થઈ. અને દરેક પ્રકારની કલ્પના બેફામ બની ગઈ છે.

હવે આપણે આ તરફ છીએ અને આ માણસ મૃત્યુ પામી રહયો છે. આપણા માટે તે મૃત્યુ પામી રહયો છે. પણ કદાચ તે પુનર્જન્મ પામી રહયો હોય. પણ તે એટલું જ જાણે છે. તે પાછો વળી શકતો નથી અને આપણને કહી શકતો નથી કે ''ચિંતા ન કરશો. હું મૃત નથી. હું જીવંત છું'' છેલ્લી ઝલક મેળવવા માટે તે માના ગર્ભમાં સૂઈ શકતો નથી અને દરેકની વિદાય લઈ શકતો નથી કે હવે પાછો પણ વળી શકતો નથી, કે આંખો ખોલીને સૌની વિદાય લેતાં કહી શકતો નથી. ''ચિંતા ન કરો. હું મરતો નથી, હું પુનર્જન્મ પામું છું.''

પુનર્જન્મનો હિન્દુ ખ્યાલ બીજું કંઈ નહી, પણ સામાન્ય જન્મની મૂર્ત કલ્પના છે. ગર્ભ જો

વિચારી શકતો હોય તો તેના માટે બાળક મૃત છે. બાળક જો વિચારી શકતું હોય તો તે મરી રહયું છે. પણ તે જન્મે છે. એ મૃત્યુ નથી, જન્મ છે. હિન્દુઓએ મૃત્યુના આ જ વિચારને ઉપસાવ્યો છે. એક તરફથી જોતાં જણાય કે તે મૃત્યુ પામી રહયો છે, પણ બીજી બાજુ આપણી કલ્પના છે. આપણે ઇચ્છીએ એવી કલ્પના કરી શકીએ.

આ બીજી બાજુ પ્રત્યેક ધર્મ વિવિધ રીતે બનાવે છે, કારણ કે પ્રત્યેક સમાજ, પ્રત્યેક સંસ્કૃતિ વિવિધ ભૌગોલિક બાબતો પર, વિભિન્ન ઈતિહાસ પર આધારિત હોય છે. જેમ કે : તિબેટના લોકો એ સ્થાન ઠંડુ હશે એમ નહીં વિચારે- ઠંડા હોવાનો તેમને ડર હોય છે, ઠંડી વિશે તો વિચારવું જ અસંભવ છે. તિબેટના લોકો વિચારે છે કે મૃત વ્યક્તિ ગરમ, હૂંફાળી હશે અને સદાય હૂંફાળા રહેતા નવા વિશ્વમાં તે જશે.

આ સ્થાન ગરમ હોવાનું ભારતીયો વિચારી શકશે નહીં. ભારતમાં ગરમીના ચાર મહિના પણ વધુ પડતા લાગે છે, ત્યાં અનંતકાળ સુધી ગરમીમાં રહેવાનું થાય તો બફાઈ જવાય. વાતાનૂકૂલિતનો ખ્યાલ તેમને હતો નહીં, પણ જે રીતે હિન્દુઓએ પોતાના સ્વર્ગનું વર્ણન કર્યું છે એ લગભગ વાતાનૂકુલિત જેવું છે- જ્યાં ન ગરમી કે ન ઠંડી, એવી આહ્લાદક લહેરો વાતી હોય, જ્યાં સદાય વસંત ઋતુ હોય, ભારતીય વસંત-જેમાં સદાય ફૂલો ખીલેલાં હોય, પક્ષીઓ ગાતા હોય, બધું જીવંત હોય. શીતળ લહેરો વાતી હોય. આપણને શીતળ લહેરો વાતી હોવાનું વારંવાર યાદ અપાવવામાં આવે છે.

તમારા મન દ્વારા આ વિચાર ઉપસાવાય છે, નહિતર તિબેટીયન, ભારતીય કેમુસ્લિમ માટે કંઈ તે ભિન્ન ન હોઈ શકે. મુસ્લિમ કદી વિચારી ન શકે કે દુનિયા રણ હશે. અરબસ્તાનના રણમાં તેણે બહુ મુશ્કેલીઓ વેઠી હોય છે. તેના માટે બીજી દુનિયા એટલે બસ, રણદ્વીપ. બધે જ રણદ્વીપ. અમુક સો માઈલ પછી થોડાં વૃક્ષો અને થોડું પાણી મળે એવો નાનકડો રણદ્વીપ નહીં, પણ બધે જ રણદ્વીપ અને રણનું ક્યાંય નામોનિશાન નહીં.

આપણે કલ્પના કરીએ ખરા, પણ મરી રહેલા માણસ માટે તો તેણે પોતે એક વાર અનુભવેલી પ્રક્રિયાનું પુનરાવર્તન જ છે. એ તો બહુ જાણીતી હકીકત છે કે મૃત્યુના સમયે વ્યક્તિ બેભાન ન બની હોય અને શુધ્ધિમાં હોય તો તે પોતાના સમગ્ર જીવનચક્રને યાદ કરે છે. પોતે જન્મી ત્યારની પહેલવહેલી ક્ષણ સુધી તે પાછી જાય છે. એ બહુ સૂચક જણાય છે કે પોતે જયારે વિશ્વને છોડીને જઈ રહયા હોય ત્યારે જે કંઈ થયું તેના પર દૃષ્ટિપાત કરવો. થોડી જ સેકન્ડમાં, ફિલ્મોમાં બતાવાય છે એમ આખું કેલેન્ડર ફરી જાય છે.

કેલેન્ડર ફર્યે જાય છે, કેમ કે બે કલાકની ફિલ્મમાં ઘણા બધા વરસો આવરી લેવાનાં હોય છે. કેલેન્ડર તેની નિર્ધારીત ગતિએ ફરતું રહે તો તમારે સિનેમાગૃહમાં બે વરસ લગી બેસી રહેવું પડે.

એવું કોને પોષાય ? ના. કેલેન્ડર ફર્યા કરે છે, તારીખો ફટાફટ બદલાતી રહે છે. મૃત્યુના સમયે તો તે અતિશય ઝડપથી થાય છે. એક જ ક્ષણમાં, જીવન આખું ઝબકી જાય છે અને સૌથી પ્રથમ ક્ષણ આગળ થોભી જાય છે. આની આ જ પ્રક્રિયા ફરીફરીને થાય છે– જીવન આખું વર્તુળ પુરું કરે છે.

મારે તમને શા માટે આ યાદ કરાવવું પડે ? કેમ કે તમારો ઈશ્વર બીજો કોઈ નહીં, પણ તમારો પ્રથમ દિવસનો ભય છે, જે છેલ્લી ક્ષણ સુધી ચાલ્યા કરે છે અને વધુ ને વધુ મોટો થતો રહે છે. આથી જ કોઈ વ્યક્તિ યુવાન હોય ત્યારે તે નાસ્તિક હોય છે, તેને એવા રહેવું પોષાય છે, પણ વય વધવાની સાથે નાસ્તિક બની રહેવું થોડું મુશ્કેલ બને છે. જયારે તેનો અંતકાળ નજીક આવે, તેનો એક પગ કબરમાં લટકતો હોય અને તમે તેને પૂછો કે, '' હજીય તું નાસ્તિક છો ?'' તો તે કહેશે, '' હું તે વિશે પુનઃ વિચાર કરી રહયો છું.'' ડરને કારણે આમ થાય છે. શું થઈ જવાનું છે ? તેનું સમગ્ર વિશ્વ અદૃશ્ય થઈ રહયું છે.

તમે મને કહયું છે કે '' જે ઘડીએ હું ઈશ્વરનોખ્યાલ પડતો મૂકવાનું વિચારું છું કે ડર ઉભરી આવે છે.'' આ તો બહુ સીધું સાદું સૂચક છે કે ઈશ્વરના ખ્યાલના ખડક વડે તમે ભયને દબાવી રાખો છો. જે ઘડીએ તમે ખડક હટાવો કે ડર ઉછળી આવે છે.

જો ડર ઉભરી આવે તો એનો મતલબ એ છે કે તમારે તેનો સામનો કરવો પડશે, ઈશ્વરના ખ્યાલથી તેને ઢાંકી દેવાથી તમને કશી મદદ નહીં થાય. તમને ફરીથી વિશ્વાસ નહીં બેસે. તે નષ્ટ થઈ ચૂકયો છે. ઈશ્વરમાં તમને શ્રધ્ધા ન હોઈ શકે, કારણ કે શંકા એ વાસ્તવિકતા છે અને શ્રધ્ધા કાલ્પનિક છે. તથ્ય સમક્ષ કોઈપણ કલ્પના ઉભી ન રહી શકે. હવે, ઈશ્વર તમારા માટે એક પૂર્વ સિધ્ધાન્ત જ રહી જશે. તમારી પ્રાર્થના વ્યર્થ જશે. તમે જાણી શકશો કે એ ગૃહિત છે, તમે ભૂલી નહીં શકો કે એ ગૃહીત છે.

એક વાર તમે સત્યને સાંભળી લો તો તેને ભૂલવું મુશ્કેલ છે. સત્યના અનેક ગુણોમાં આ એક ગુણ છે કે તમારે તેને યાદ રાખવાની જરૂર નથી. જૂઠાણું સતત યાદ રાખવું જરૂરી છે, કદાચ તમે તે ભૂલી જઈ શકો. સત્યથી ટેવાયેલા માણસ કરતાં જૂઠથી ટેવાયેલા માણસની સ્મૃતિ બહેતર હોય એ જરૂરી છે, કારણ કે યાદ રાખવાની જરૂર નથી. પણ જો તમે જૂઠાણું કહેતા હો તો તમારે તેને સતત યાદ રાખવું પડશે, કારણ કે તમે એક વ્યકિતને એક જૂઠાણું, બીજી વ્યકિતને બીજું જૂઠાણું અને અન્ય વ્યકિતને કોઈક અન્ય જૂઠાણું કહયું હશે. કોને તમે શું કહયું એ તમારે મગજમાં ગોઠવીને સાચવી રાખવું પડે છે અને જયારે જૂઠાણા બાબતે સવાલ પેદા થાય ત્યારે તમારે ફરીથી જૂઠાણું બોલવું પડશે. આમ જૂઠાણાનો સિલસિલો ચાલશે. જૂઠાણું કુટુંબ નિયોજનમાં માનતું નથી.

સત્ય બ્રહ્મચારી હોય છે, તેને કોઈ બાળકો હોતા નથી, તે સાચેસાચ અપરિણીત હોય છે.

એક વાર તમે સમજી લો કે ધર્મગુરુઓ, રાજકારણીઓ, સત્તાલોલુપો, જ્ઞાનીઓ – ટૂંકમાં તમને

માનસિક ગુલામીમાં રાખવા ઈચ્છાનારાઓ દ્વારા સર્જવામાં આવેલા સિધ્ધાન્ત એ જ ઈશ્વર છે, નહી કે બીજુ કંઈ. તમારી ગુલામીમાં આ લોકોનાં હિત સમાયેલાં છે... આ સૌ તમને સદાય ભયભીત, ઉંડે ઉંડેથી ધ્રૂજતા રાખવા ઈચ્છે છે, કારણ કે તમે ભયભીત નહીં હો તો તમે ખતરનાક છો.

કાં તમે એવી વ્યકિત બની રહો જે કાયર, ભયભીત, સમર્પણ માટે તૈયાર, શરણાગતિ માટે તૈયાર હોય, જેને સ્વમાન કે ગૌરવ ન હોય, કાં તમે નિર્ભય બની રહો. તમે નિર્ભય બનશો તો તમે બંડખોર બનવાના. એને તમે ટાળી નહી શકો. કાં તમે શ્રધ્ધાના માણસ બની શકશો, કાં તમે બંડખોર પ્રકૃત્તિ ધરાવતા માણસ બનશો. આથી તમને બંડખોર ન બનવા દેવા ઈચ્છતા લોકો તમારા પર ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ, હિન્દુ જેવા ધર્મો તમારા માનસમાં ઠાંસી દેશે. તમારા પર તે લાદી દેશે. કારણ કે તમે બંડખોર બનશો તો તેમનાં હિત જોખમાશે. તમને તેઓ અંદરથી ધ્રૂજતા રાખે છે. એ જ તો એમની શકિત છે, સત્તા છે. આથી સત્તામાં રસ હોય એવી કોઈ પણ વ્યકિત, જેનું જીવન ફકત ને ફકત સત્તાલાલસામાં કેન્દ્રીત છે તેને ઈશ્વરનો આ સિધ્ધાંન્ત જબરદસ્ત ઉપયોગી છે.

તમે ઈશ્વરથી ડરતા હો તો તમારે તેના હુકમો અને આદેશો, તેના ધર્મગ્રંથો, તેમના પયગંબરો, તેમના અવતારોને અનુસરવા પડશે. અને તમે ઈશ્વરમાં માનતા હશો તો તેનાથી ડરવાના જ છો. તમારે ઈશ્વરને અને તેના એજન્ટોને અનુસરવા પડશે.

ખરેખર તો ઈશ્વરનું અસ્તિત્વ જ નથી, તેના એજન્ટો અસ્તિત્વ ધરાવે છે. બહુ વિચિત્ર વ્યવસાય છે. આ તમામ વ્યવસાયોમાં સૌથી વિચિત્ર વ્યવસાય હોય તો તે છે ધર્મનો. એમાં કોઈ બોસ નથી, સર્વેસર્વા નથી, પણ બધા વચેટિયાઓ છે. પ્રીસ્ટ, બીશપ, કાર્ડિનલ, પોપ, મસીહા, આખેઆખી વ્યવસ્થામાં બધા વચેટિયા છે અને તેમની ઉપર કોઈ નથી.

પણ ઈસુ પોતાનો અધિકાર અને સત્તા ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરે છે, જેના તેઓ એકમાત્ર પુત્ર છે. પોપ પોતાની સત્તા ઈસુ પાસેથી પ્રાપ્ત કરે છે. જેના તેઓ સાચા ખાતરીપૂર્વકના પ્રતિનિધિ છે. આ રીતે છેક છેવટના પ્રીસ્ટ સુધી ચાલ્યા કરે છે, પણ કયાંય ઈશ્વર છે નહી. એ તમારો ડર છે. તમે ઈશ્વરની શોધની વાત કરી, કારણ કે તમે એકલા રહી શકતા નથી. જીવનનો, તેની સુંદરતાનો, તેના આનંદનો, તેની પીડાનો, તેની વેદનાનો સામનો કરવા માટે તમે અક્ષમ છો. પોતાની મેળે, કોઈના રક્ષણ કે છત્ર વિના તમે તેની અનૂભૂતિ કરવા તૈયાર ન હતા. તમે ડરના માર્યા ઈશ્વર વિશે પૂછયું. ભોળવીને છેતરનારા તો બધે મળી રહેશે. તમે કહો અને તમારા માટે તેઓ કામ કરી આપશે.

તમને નિર્ભય બની રહેવામાં મદદરૂપ થનાર ઈશ્વરના આ ખ્યાલને તમારે પડતો મૂકવો પડશે. તમારે ભયમાંથી પસાર થવું પડશે અને તેનો માનવીય વાસ્તવિકતા તરીકે સ્વીકાર કરવો પડશે. તમારે

જરૂર છે ઉંડે સુધી જવાની. ભયની અંદર તમે જેટલા ઉંડે જશો એટલું ઓછું તેમાંથી કંઈ નીકળશે.

તમે ભયના સાવ તળિયે પહોંચશો તો તમે હસી પડશો કે ડરવા જેવું કંઈ છે જ નહિ.

અને ભય અદશ્ય થાય ત્યારે નિર્દોષતા હોય છે, અને આ નિર્દોષતા નૈતિકતાના સર્વોચ્ચ શિખર જેવી, ધાર્મિક વ્યકિતના અર્ક જેવી હોય છે.

આ નિર્દોષતા છે શકિત.

જો કોઈ ચમત્કાર હોય તો એ છે આ નિર્દોષતા.

નિર્દોષતામાંથી કંઈ પણ થઈ શકે, પણ તમે તેમાંથી ખ્રિસ્તી કે મુસ્લિમ નહીં બનો. નિર્દોષતા થકી તમે સાવ સાધારણ માનવ બનશો. એવા સાધારણ માનવ કે જે પોતાના સાધારણપણાને સ્વીકારે છે અને તેમાં આનંદપૂર્વક જીવે છે, સમગ્ર જીવન પ્રત્યે કૃતજ્ઞ છે, નહીં કે ઈશ્વર પ્રત્યે. કારણ કે ઈશ્વરનો વિચાર તમને અન્યો દ્વારા આપવામાં આવ્યો છે.

પણ જીવન એ કંઈ વિચાર નથી. એ તો તમારી ચોફેર છે, તમારી અંદર અને બહાર છે. તમે તદ્દન નિર્દોષ હો ત્યારે એક પ્રકારની ઉંડી કૃતજ્ઞતા ઉદ્દભવે છે. એને હું કૃતજ્ઞતા કહું છું, પ્રાર્થના નહીં, કારણ કે પ્રાર્થનામાં તો તમે કંઈક યાચના કરતા હો છો. કૃતજ્ઞતાની ભાવનામાં તમે કશું માંગવાને બદલે તમને જે મળ્યું છે તે બદલ આભાર વ્યકત કરો છો.

તમને ઘણું બધું આપવામાં આવ્યું છે. તમે તેને લાયક છો ખરા ? તમે તે જાતે પ્રાપ્ત કર્યું છે ? જીવન તમારા પર એટલું બધું વરસાવે છે કે વધુ માગણી કરવી બહુ બેઢંગી લાગે છે. તમે જે મેળવ્યું છે તે બદલ તમારે કૃતજ્ઞ હોવું જોઈએ. સૌથી સુંદર બાબત એ છે કે તમે કૃતજ્ઞ બનો ત્યારે જીવન તમારા પર વધુને વધુ વર્ષા કરે છે. એક ચક્ર રચાઈ જાય છે. જેટલું વધુ તમે મેળવો, એટલા વધુ કૃતજ્ઞ તમે બનો, તમે જેટલા વધુ કૃતજ્ઞ બનો, એટલું વધુ પ્રાપ્ત કરો.... આનો કોઈ અંત નથી. આ અનંત પ્રક્રિયા છે.

પણ યાદ રાખો : ઈશ્વરનો સિધ્ધાન્ત રહયો નથી. જે ઘડીએ તમે તેને સિધ્ધાન્ત કહયો કે ઈશ્વરનો ખ્યાલ ખરી પડે છે. તમે ડરતા હો કે ન ડરતા હો, તમે તેને પાછો લઈ શકો એમ નથી. એ સિધ્ધાન્ત ખતમ થઈ ગયો છે.

હવે જે માર્ગ બાકી રહયો એ છે તમારા ભયમાં ઉંડો ઉતરવાનો. શાંતિપૂર્વક તેમાં પ્રવેશો, જેથી તમે તેનું ઉંડાણ પામી શકો.

એક કથા જુઓ :

રાત્રે ચાલી રહેલો એક માણસ ખડક પરથી લપસી પડયો. તેને ખબર હતી કે ત્યાં ઉંડી ખાઈ હતી.

તેને ડર લાગ્યો કે તે હજારો ફીટ નીચે પડી જશે, આથી તેણે ખડક પાસેની એક ડાળખી પકડી લીધી. રાત્રે તેને તળિયા વિનાની ખીણ સિવાય કંઈ દેખાતું નહોતું. તેણે બૂમો પાડી પણ તેના પડઘા જ સંભળાતા. બૂમો સાંભળનારું કોઈ હતું નહી.

આખી રાત એ માણસે વેઠેલી યાતનાની કલ્પના કરી શકાય એમ છે. પ્રત્યેક ક્ષણે તેને મૃત્યુ દેખાતું. તેના હાથ ઠરી જતા, તે પકડ ગુમાવી બેસતો... અને સૂર્યોદય થતાં તેણે નીચે જોયું. જોતાં જ તે હસી પડ્યો. ક્યાંય ખીણ ન હતી. ફક્ત છ જ ઈંચ નીચે બીજો ખડક હતો. તે આખી રાત આરામ કરી શક્યો હોત, સારી રીતે ઉંઘી શક્યો હોત. કેમ કે ખડક ઘણો મોટો હતો. પણ તેની આખી રાત દુ;સ્વપ્ન સમાન બની રહી.

મારા ખુદના અનુભવ પરથી હું તમને કહી શકું કે : ભય છ ઈંચથી વધુ ઉંડો હોતો નથી. હવે એ તમારી પર છે કે તમે ડાળીને વળગી રહેવા માંગો છો અને એ રીતે તમારી જીદંગીને દુઃસ્વપ્નમાં પરિવર્તિત કરવા માંગો છો કે પછી તમને ડાળી છોડીને તમારા પોતાના પગ પર ઉભા રહેવું ગમશે?

ડરવા જેવું કંઈ છે જ નહીં.





- પરિશિષ્ટ -

ઓશો : એક પરિચય

ઓશોના અંગ્રેજી પુસ્તકોની યાદી

ઉપનિષદનાં પ્રકાશનો

આગામી પ્રકાશનો :

ઓશોની ઓરિજીનલ ઓડિયો સિરીઝ

ઓશોના પુસ્તકો; પ્રેક્ષકો સમક્ષ આપવામાં આવેલા પ્રવચનોનું લિપ્યાંતરણ છે. ઓશોના તમામ પ્રવચનો સમગ્ર પણે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યા છે એને તેનું મૂળ ઓડિયો રકોર્ડિંગ પણ પ્રાપ્ય છે. ઓડિયો રેકોર્ડિંગ અંગેની માહિતી અને સંપૂર્ણ લખાણનો અભિલેખ www.osho.com પર ઓશો પુસ્તકાલયમાં છે.

ઓશો - એક પરિચય

સત્યની વ્યક્તિગત શોધથી માંડીને જ્વલંત સામાજિક અને રાજનૈતીક પ્રશ્નો ઉપર ઓશોની નવી વિચારધારા તેમને દરેક શૃંખલાથી અલગ એક વિશિષ્ટ સ્થાને પ્રતિષ્ઠિત કરે છે. એ આંતરિક રૂપાંતરણના વિજ્ઞાનમાં સહભાગી ક્રાંતિકારી પર્યાય છે તથા ધ્યાનનો એવો અભિગમ છે જે સાંપ્રત જીવનની ગતિશીલતાને લક્ષ્યમાં રાખે છે.

ઓશો એક્ટિવ મેડિટેશન એવી રીતે બનાવાયાં છે કે શરીર તથા મનમાં એકત્રિત થયેલ તનાવ નિષ્કાસિત થઇ શકે જેને લીધે સ્થિરતા આવે તથા ધ્યાનની વિચાર રહિત દશાની અનુભૂતિ થાય.



ઓશોના મત પ્રમાણે એમનો ઉદ્દેશ એવી પરિસ્થિતિ નિષ્પન્ન કરવાનો છે જેમાં એક નવા – અભિનવ – મનુષ્યનો જન્મ થઇ શકે, જેને એમણે 'ઝોર્બા ધ બુદ્ધ' કહ્યો છે, જેના પગ જમીન પર હોય પરંતુ જેના હાથ તારાઓને સ્પર્શી શકે. ઓશોના પ્રત્યેક વિચારમાં એક ધારાની માફક વહેતું રહેતું એ જીવનદર્શન રહેલું છે, જે પૂર્વની કાલાતીત પ્રજ્ઞા તથા પશ્ચિમના વિજ્ઞાન અને ટેકનોલોજીની ઉચ્ચતમ સંભાવનાઓને સમન્વિત કરે છે. આ દ્રષ્ટિની સંભાવનાઓ એટલી વિશાળ છે કે જો તેને સમજી અને આપણાં જીવનમાં અમલી બનાવીએ તો માણસ જાતમાં ગુણાત્મક ક્રાંતિ લાવી શકાય.

એમનાં પુસ્તકો લખાયેલાં નથી પણ પાંત્રીસ વર્ષથી પણ વધારે સમય સુધી એમના દ્વારા અપાયેલાં તત્કાલ પ્રવચનોનાં ધ્વનિમુદ્રણથી અભિલિખિત છે. લંડનના 'સન્ડે ટાઇમ્સે' ઓશોને વીસમી સદીના એક હજાર નિર્માતાઓમાંના એક ગણાવ્યા છે. જ્યારે ભારતના 'સન્ડે મિડ-ડે'એ એમને ગાંધી, નેહરુ તથા બુદ્ધ સહિતની દસ વિભૂતિઓમાં સ્થાન આપ્યું છે, જેમણે ભારતનું ભાગ્ય બદલી નાખ્યું.

ઓશો ઈન્ટરનેશનલ મેડિટેશન રિસોર્ટ

ઓશો મેડિટેશન રિસોર્ટનું નિર્માણ એટલા માટે કરવામાં આવ્યું કે લોકો જીવવાની નવી કલાનો સીધો અનુભવ લઇ શકે-વધારે સભાનતાપૂર્વક, હાસ્ય તથા આરામ સાથે. પ્રસ્તુત રિસોર્ટ ભારતના મુંબઇ શહેરથી સો માઇલ દક્ષિણ-પૂર્વમાં પૂનાના કોરેગાંવ પાર્કમાં વૃક્ષોથી ભર્યા ભર્યા ચાલીસ એકર આવાસીય ક્ષેત્રમાં આવેલો છે. રિસોર્ટ અનેક દેશોમાંથી દર વર્ષે આવતા હજારો લોકોને માટે ભિન્ન ભિન્ન પ્રકારના કાર્યક્રમો પ્રસ્તુત કરે છે.

મેડિટેશન રિસોર્ટમાં મલ્ટિવર્સીટી કાર્યક્રમ; પ્રસિદ્ધ ઝેન ઉદ્યાન, ઓશો તીર્થની બાજુના પિરામિડ પરિસરમાં યોજાય છે. આ કાર્યક્રમ વ્યક્તિગત રૂપાંતરણ માટે તેમજ લોકોને જીવવાની અભિનવ કલા શીખવવાના ઉદ્દેશથી તૈયાર કરાયા છે-એક એવી જાગ્રત અવસ્થા, જેને તેઓ પોતાના દૈનિક જીવનમાં ઉતારી શકે. આત્મખોજ સત્ર, સેશન, કોર્સ તેમજ બીજી ધ્યાન પ્રક્રિયાઓ આખું વર્ષ ચાલે છે. શરીરને સ્વસ્થ રાખવા માટે, એક સુંદર વ્યવસ્થાની સગવડ છે જેમાં ઝેન પ્રક્રિયાની સાથે રમત તેમજ મનોરંજનનો અનુભવ લઇ શકાય છે.


મુખ્ય ધ્યાન સભાગારમાં સવારના છ વાગ્યાથી રાત્રીના અગિયાર વાગ્યા સુધી દરરોજ ગતિશીલ તથા સક્રિય ધ્યાન વિધિઓ થાય છે જેમાં રોજ સંધ્યા ધ્યાન પણ સમાવિષ્ટ છે. રાત્રે રિસોર્ટનું બહુ - સાંસ્કૃતિક જીવન પણ ખીલી ઊઠે છે-મિત્રોથી ભર્યા ખુલ્લા ગગનની નીચે ભોજન-સ્થળ અને પ્રાયઃસંગીત અને નૃત્યની સાથે. સ્વસ્થ અને શુદ્ધ પીવાના પાણી માટે રિસોર્ટની પોતાની વ્યવસ્થા છે અને અહીં પીરસાયેલા ભોજનમાં રિસોર્ટના પોતાના ફાર્મમાં ઉગાડેલાં શાકભાજીઓ ઉપયોગમાં લેવાય છે.

મેડિટેશન રિસોર્ટની ઑન લાઇન ટૂર, યાત્રા તેમજ કાર્યક્રમોની જાણકારી www.osho.com ઉપરથી પ્રાપ્ત કરી શકાય છે. આ જુદી જુદી ભાષાઓમાં સવિસ્તર આપેલી વેબ સાઇટ છે, જેમાં છે-એક ઑન લાઇન પત્રિકા, ઑડિયો તથા વિડિયો વેલકાસ્ટિંગ, ઓડિયો બુક કલબ, ઓશો પ્રવચનોના સંપૂર્ણ અંગ્રેજી તથા હિન્દી અભિલેખ દ્વારા વિકસિત કરેલાં સક્રિય ધ્યાનોની જાણકારી જે મોટે ભાગે વિડિયો પ્રદર્શનની સાથે છે.




વિશેષ માહિતી માટે સંપર્ક કરો :

ઓશો કૉમ્યૂન ઇન્ટરનેશનલ
૧૭, કોરેગાંવ પાર્ક, પુણે-૪૧૧૦૧૧ (મહારાષ્ટ્ર)
ફોન : ૦૨૯-૪૦૧૯૯૯૯; ફેક્સ : ૦૨૦-૪૦૧૯૯૯૦
E-mail : visitor@osho.net / website : www.osho.com











ઉપનિષદ પ્રકાશનો

(૧)	ધ્યાનસૂત્ર	૯૦/-
(૨)	નારી	૧૨૦/-
(૩)	હૃદયસૂત્ર	૧૫૦/-
(૪)	શોધ શોધ તું ભીતર શોધ	૧૨૦/-
(૫)	સમજણઃ શૂન્યતા	૧૨૦/-
(૬)	સમજણઃ કરૂણા	૧૨૦/-
(૭)	સમજણઃ પ્રેમવૃષ્ટિ	૧૫૦/-
(૮)	મુક્ત ગગનનું મસ્ત પંખી	૩૦૦/-
(૯)	યોગઃ માર્ગ	૧૪૦/-
(૧૦)	યોગઃ અભ્યાસ	૧૪૦/-
(૧૧)	ઝલક : બાળપણની	૨૫૦/-
(૧૨)	કથા : શાણપણની	૨૫૦/-
(૧૩)	કૃષ્ણ	૨૮૦/-
(૧૪)	સર્જનાત્મકતા	૧૨૦/-
(૧૫)	યોગઃ સમાધિ	૧૪૦/-
(૧૬)	સ્વવિકાસના છ સોપાન	૧૦૦/-
(૧૭)	આત્મીયતા	૧૨૦/-
(૧૮)	પ્રજ્ઞા	૧૨૦/-
(૧૯)	નમો અરિહંતાણમ્-મંત્ર	૧૪૦/-
(૨૦)	મુક્તિ	૧૨૦/-
(૨૧)	અમેરિકા પર દ્રષ્ટિપાત	૮૦/-
(૨૨)	અંતઃસ્ફુરણા	૧૨૦/-
(૨૩)	જીવન મૃત્યુની પાર	૪૦/-
(૨૪)	યોગઃ છલાંગ	૧૪૦/-
(૨૫)	ધર્મ	૧૪૦/-
(૨૬)	તંત્રદર્શન	૨૨૫/-
(૨૭)	તંત્રાનુભૂતિ	૨૨૫/-
(૨૮)	સાહસ	૧૨૦/-

અમારા આગામી પ્રકાશનો :

(૧)	ભક્તિ
(૨)	તાઓઃ અગમ્ય માર્ગ
(૩)	પરિપક્વતા


ઉપનિષદ ચેરિટેબલ ટ્રસ્ટ

'તથાતા', ૩૩/બી, નંદિગ્રામ સોસાયટી-૨, સિંધવાઈમાતા રોડ, પ્રતાપનગર,
વડોદરા-૩૯૦૦૦૪. ફોન : ૯૧-૨૬૫-૨૫૮૦૩૩૬/ ૨૬૩૮૨૬૯

E-mail:book@upnishad.org, Website:www.upnishad.org





રાત્રે ચાલી રહેલો એક માણસ ખડક પરથી લપસી પડ્યો. તેને ખબર હતી કે ત્યાં ઉંડી ખાઈ હતી. તેને ડર લાગ્યો કે તે હજારો ફીટ નીચે પડી જશે, આથી તેણે ખડક પાસેની એક ડાળખી પકડી લીધી. રાત્રે તેને તળિયા વિનાની ખીણ સિવાય કંઈ દેખાતું નહોતું. તેણે બૂમો પાડી પણ તેના પડઘા જ સંભળાતા. બૂમો સાંભળનારું કોઈ હતું નહી.

આખી રાત એ માણસે વેઠેલી યાતનાની કલ્પના કરી શકાય એમ છે. પ્રત્યેક ક્ષણે તેને મૃત્યુ દેખાતું. તેના હાથ ઠરી જતા, તે પકડ ગુમાવી બેસતો... અને સૂર્યોદય થતાં તેણે નીચે જોયું. જોતાં જ તે હસી પડ્યો. ક્યાંય ખીણ ન હતી. ફક્ત છ જ ઈંચ નીચે બીજો ખડક હતો. તે આખી રાત આરામ કરી શક્યો હોત, સારી રીતે ઉંઘી શક્યો હોત. કેમ કે ખડક ઘણો મોટો હતો. પણ તેની આખી રાત દુ;સ્વપ્ન સમાન બની રહી.

મારા ખુદના અનુભવ પરથી હું તમને કહી શકું કે : ભય છ ઈંચથી વધુ ઉંડો હોતો નથી. હવે એ તમારી પર છે કે તમે ડાળીને વળગી રહેવા માંગો છો અને એ રીતે તમારી જીદંગીને દુઃસ્વપ્નમાં પરિવર્તિત કરવા માંગો છો કે પછી તમને ડાળી છોડીને તમારા પોતાના પગ પર ઉભા રહેવું ગમશે?

ડરવા જેવું કંઈ છે જ નહીં.

-ઓશો



UPNISHAD
ઉપનિષદ ચેરિટેબલ ટ્રસ્ટ
www.upnishad.org
e-mail: book@upnishad.org

ISBN No. :978-81-904165-4-2



9 788190 416542

કિંમત - રૂા. ૧૨૦=૦૦

